# તુલસીક્યારો

## લેખક: ઝવેરચંદ મેઘાણી

## પ્રકરણ ૧: કોના પ્રારબ્ધનું?

સોમેશ્વર માસ્તરના મકાન પાસે લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. સોમેશ્વર માસ્તરની પચીશેક વર્ષની ભત્રીજી યમુના ગાંડી હતી. ઘરથી થોડે દૂર નળની ટાંકી પાસે ઊભી ઊભી લાંબા હાથ કરીને રોષેભર્યા અસ્પષ્ટ શબ્દો કાઢતી કાઢતી, કોઈ મવાલી પણ જાહેરમાં ઉચ્ચારવા હિંમત ન કરી શકે તેવી અશ્લીલ ગાળો કોણ જાણે અંતરીક્ષમાં કોને ભાંડી રહી હતી.

પચાસ વરસના સોમેશ્વર માસ્તર બહાર આવ્યા ને યમુનાને ફોસલાવા લાગ્યા; યમુના એ એને પણ અપશબ્દો કહ્યા. આખરે સોમેશ્વર માસ્તરના પચીસેક વર્ષના યુવાન પુત્ર પ્રોફેસર વીરસુતે એક સોટી સાથે દોટાદોટ આવીને ગાંડી યમુનાના શરીર પર ફટકા ખેંચવા માંડયા, ત્યારે પછી આડા હાથ દેતી, ચમકતી ને ડરતી યમુના રડતી રડતી ઘરની અંદર ચાલી ગઈ.

યમુનાને ઘરની અંદર લઈ જઈ એક ઓરડીમાં પૂરીને પણ વીરસુત જયારે મારવા ને ત્રાડ દેવા લાગ્યો ત્યારે એક દસેક વર્ષનો છોકરો ત્યાં ઊભો ઊભો કહેતો હતો: 'બાફોઈ, બોલો મા, બાફોઈ, ચુપ રહો તો બાપુ નહિ મારે. બાપુજી, હવે બાફોઈને ના મારો, એ કશું બોલતાં નથી, હો બાપુજી!'

'તું બહુ ડાહ્યલો ન થા, દેવુ!' વીરસુતે પોતાના એ પુત્રનું મોઢું તોડી લીધું.

સોમેશ્વર માસ્તર એ પોતાના ઓરડી તરફ ધીરે ધીરે આવી રહ્યા હતા, ત્યારે તેને તેના દીકરા વિરસુતે વઢી ને કહ્યું: 'તમે જ એને બહેકવા દીધી છે હું કહી કહીને થાક્યો કે એને ગાંડાની ઈસ્પિતાલમાં મૂકી આવવા દો, ત્યાં એ સાજી થશે, એનો ત્યાં જ વહેલો છૂટકો થશે. પણ તમે તો એને જ્યારે જ્યારે રજા ગાળવા આવીએ ત્યારે ત્યારે આ હૈયાહોળી છાતી પર અને છાતી પર ને છાતી પર રાખી છે'

'ભાઈ, મેં સારા માટે જ ગાંડાંની ઈસ્પિતાલની ના કહી છે, ત્યાં એ બાપડીનું પોતાનું કોણ?'

'ને અહીં ક્યાંય મોટર કે ટ્રેનમાં ચગદાઈ જશે તો?'

'તો તે તેના પ્રારબ્ધની વાત બનશે, પણ ભાઈ, આપણે દેખીપેખી ને એને કુટુંબમાંથી કાઢીએ તો એનો જીવ અંદરખાનેથી કકળી ઊઠશે'

'એને ગાંડા માણસને એવું શું ભાન હોય! તમે પણ કેવી..' વીરસુત હસ્યો.

'હું ઠીક કહું છું ભાઈ, જીવ કકળે.'

'તો હવે શું કરવું છે? કંઈ છૂટકો પતાવવો છે કે નહિ?'

'એક વાર હું જોઉં, એને ભેરવપુર લઈ જાઉં.'

'જ્યાં લઈ જતા હો ત્યાં લઈ જાવ.'

'તું આજ સુધી એ વહેમમાં પડવાની ના પડતો હતો ને?'

'હવે ના નહિ પાડું, ગમે તે ફકીર બાવા કે મેલડીના ભુવા પાસે લઈ જાવ, નીકર પછી હું ગાંડાની ઈસ્પિતાલે મૂકી આવીશ. હવે હું કોઈની શરમ નહિ રાખું. આપણી એ કઈ નજીકની સગી છે કે એને વેઠો છો? એની સગી બહેનો ને માશીઓ તો ભાવ પૂછતી નથી.'

'એમ ન વિચાર ભાઈ, કોને ખબર છે કે આપણે આ આખા કુટુંબમાંથી કોના પ્રારબ્ધનો દાણે ખાતા હશું!'

'આ વાત તમે મને ચોથી વાર સંભળાવી.'

'મન બહુ જ દુભાય છે ત્યારે જ એ વાત યાદ આવે છે, વીરસુત.'

'વારુ, હવે જે કરવું હોય તે પતાવો. નહિ તો મારે એ ગાંડીના પ્રારબ્ધનો દાણો મારા ઘરમાં નથી જોઈતો. હું ભલે ભૂખ્યો રહું.'

વળતા દિવસની ગાડીમાં સોમેશ્વર માસ્તર પોતાની ગાંડી ભત્રીજી યમુનાને લઈ જયારે ટ્રેનમાં બેઠા ત્યારે પેલો દસ વર્ષનો બાળક દેવુ તેમની સાથે ચાલ્યો હતો. એ બાળક સોમેશ્વર માસ્તરનો પૌત્ર અને પ્રો. વીરસુતનો પુત્ર થાય. એની પોતાની મા એને નાનો મૂકીને જ મરી ગયેલી એટલે એ દાદા પાસે જ ઊછરેલો. એને એના દાદા જોડે વિશેષ બનતી હતી. એના પિતાએ પણ જાણી જોઈને વળાવ્યો હતો. પિતા અમદાવાદમાં સાયન્સના પ્રોફેસર હતા. નવી સ્ત્રી પરણ્યા હતા. તેમને કલકત્તાની વિજ્ઞાનની પરિષદમાં નવાં પત્ની સહિત જવું હતું. આ બાળક એનું એક જ સંતાન હતો. એને ગળે વળગાડીને પ્રવાસ કરવામાં શી મઝા પડે?

ભૈરવપુર નામના એ વળગાડ કાઢવા માટે જાણીતા દેવમંદિરમાંથી ત્રીજા દિવસે રવિવારે જયારે દાદા અને પોત્ર દેવું ગાંડી યમુના ને લઈ પાછા વાળ્યા ત્યારે દેવું હેબતાઈ ગયો હતો. પોતે જેને બાફોઈ કહેતો હતો તે ગાંડી યમુના થાકી લોથ થઈ આગગાડીના પાટિયા પર શબની સ્થિતિમાં પડી હતી. એના ટૂંકાટૂંકા ઝંટિયામાંથી કેટલીય પુણીઓ ખેંચાઈ ગઈ હતી. એના કપાળની ચામડી વાળના જથ્થા નજીક સોઝી ગઈ હતી. ને એના ગાલ પર ઉગ્રાવેશી તમાચાનાં આંગળાં ઊઠી આવ્યાં હતાં. એ વારે વારે ચમકતી હતી.

'બાફોઈને એ મારતો'તો કોણ હેં દાદા?' દેવુ ભયભીત અવાજે પૂછવા લાગ્યો.

'ભૂવો.'

'એ ભૂવો હતો? એટલે શું?'

'ભૈરવનો પુજારી.'

'એ કાળો ને કદરૂપો હતો તે શાથી?'

'ભૂવા એવા જ હોય'

'પણ એને બાફોઈને ને ત્યાં બેઠેલી બીજી બાઈઓને અડબોતો કેમ મારી?'

'મારવાથી ભૂત જાય.'

'બાફોઈનું ભૂત તો ના ગયું. મને તો દાદા એમ લાગે છે કે જાણે એ ભૂવો જ બાફોઈને ચોંટ્યો છે. હવે જુવો ને, બાફોઈ ચમકી ચમકીને આમ તેમ જોયા જ કરે છે. મને એ ભૂવો ન ગમ્યો, એ મંદિર પણ બહુ બહુ ડરામણું લાગ્યું ને ત્યાં બેઠેલી બધી બાઈઓ પર આટલી બધી ચીસાચીસ ને રાડારાડ ને ડરધમકી તે શી?' ખરું જોતાં સોમેશ્વર માસ્તરની પાસે આ પ્રશ્નો ના ઉત્તર નહોતા. એમેણે કદી અગાઉ ભૈરવપુર જોયેલું નહિ.

ઘણા માણસો, પારસીઓ અને મુસલમાનો પણ પાતાના ગાંડા થઈ ગયેલ કુટુંબીઓને ભૈરવપુર લઈ જતાં, ને તેમાંનું કોણ આરામ મેળવીને આવ્યું તેની નજરે સાબિતી તો નહોતી દીઠી, પણ ફરતાં ગામોમાં અજાણ્યાં અજાણ્યાં લોકો એવી વાતો કરતાં કે ભૈરવપુરના ભૈરવ આગળ એકેય વળગાડ ઊભો રહેતો નથી. ફલાણાને આરામ થયો, ઢીંકણાનું ભૂત ભાગી ગયું. પેલા પારસીની છોકરીને વળગેલી વાઘરણ ચાલી ગઈ, અરે એને તો ભૂવાએ ચોટલે ઝાલી ઝાલી, લપડાકો મારી મારીને કાઢી, વગેરે ખાલી વાતો જ હવામાં તરતી આવતી હતી.

'આમ તે કોઈને સારું થાય હેં દાદા?' એ પ્રશ્ન પૂછનાર દેવુને સોમેશ્વર માસ્તર કશો જવાબ ન વાળી શક્યા. એને પોતાને પસ્તાવો પણ બહુ થયો, કે એને ઊંડા ઊતરીને કશી ખાત્રી કર્યા વગર યમુનાને ભૈરવપુર લઈ જઈ ઘાતકી માર ખવરાવ્યો યાદ કરતાં કરતાં એને પણ ભૂવા પ્રત્યે ઘૃણા જન્મી. આ માણસમાં શિવજીનો સંદેશ હોઈ જ કેમ શકે?

'આવી ક્રૂરતા ગાંડાં માણસો પર કરાય, હેં દાદા? મને તો દયા જ આવે છે' એવું બોલતો દેવુ હસવાનો પ્રયત્ન કરી રડવું રોકતો હતો. સૂતેલી યમુનાની નજીક પોતે "બાફોઈ, કેમ છે? હવે દુ:ખે છે? " એમ કહેતો ગાલ પંપાળવા નજીક ગયો ત્યાં યમુના ટ્રેનના પાટિયા પરથી ચમકી ઊઠી, બારી વાટે બહાર કૂદી પડવા દોડતી હતી. દાદાએ એને પાછી સુવારી ત્યારે એનો ચહેરો ખૂબ દયામણો લાગતો હતો.

દેવુ એ ભૈરવપુરના સોમવારની ધુણાવવાની ક્રિયાને વારંવાર યાદ કરતો કરતો પોતાની આંખો આડે હાથ ચાંપી દેતો હતો ને મનમાં મનમાં બોલતો 'ભયંકર! બહુ ભયંકર! દાદા! બહુ નિર્દય!’ ઘેર પાછા આવ્યા પછી સોમેશ્વર માસ્તર પોતાના પ્રોફેસર પુત્રથી શરમીંદા બન્યા. એણે દેવદેવલાં અને ભૂતપ્રેતના વહેમો પર સારી પેઠે મેંણાટોણાં સાંભળ્યાં. ને છેવટે એક દિવસ ગાંડાની ઈસ્પિતાલે યમુનાને મૂકી આવવા ડોસા કબૂલ થયા, પણ ધીમે ધીમે બબડ્યા જ કર્યું કે 'કોને ખબર છે, આપણે એના પ્રારબ્ધનો રોટલો ખાતા હશું તો!'

આ વાક્ય ફક્ત એક દેવુ જ સાંભળતો હતો. એને બીજું તો કાંઈ સમજાતું નહોતું, પણ 'રોટલો ખાવા'ની વાત બાળક તરીકે એને પરમ મહત્ત્વની લાગી.

'તમારે ત્યાં જોડે આવવાની જરૂર નથી. પાછા તમે ત્યાં પોચા પડી જશો.'

એટલું કહીને પ્રોફેસર વીરસુતે ખભે ખેસ નાખીને તૈયાર થયેલા પિતાને અટકાવ્યા ને યમુનાને પોતે હાકોટાવતો તેમ જ ધમકાવતો ગાડીમાં નાખીને લઈ ગયો. સરકસનાં ચોપાનીઆં જેમ ઘોડાગાડીમાંથી ફરફરાટ કરતાં વેરાતાં હોય છે તે રીતે આ ઘોડાગાડીમાંથી યમુનાના આપશબ્દો વેરાતા હતા. ગાંડીની ગાડી પાછળ લોકો પણ દોડતા હતા.

પ્રોફેસર વીરસુતની રજા પૂરી થઈ તે પૂર્વે જ એણે પિતાએ ભેગાં કરેલાં આ કુટુંબીઓની વેજામાંથી નાસી છૂટવા તથા પુત્રને પણ આ વાતાવરણમાંથી ઉઠાવી લેવા ઈચ્છા કરી. પણ પિતાએ પુત્ર પાસેથી દેવુને માગી લીધો.' શરીરે સુકલકડી છે. આંહી ભલે રહ્યો. અમે દાદો દીકરો જોડીદાર થઈને રહેશું. તારે કશી ચિંતા કરવી નહિ.'

'ઠીક તો રાખો.'

પ્રોફેસર વીરસુત અને એનાં પત્ની (દેવુનાં સગાં માતા નહિ પણ પ્રોફેસરનાં નવાં પત્ની) પોતાની કૉલેજના શહેર તરફ ઊપડી ગયાં.

અનુક્રમ⇨

## પ્રકરણ ૨: જબરી બા

'તારી બા બહુ જબરૂં માણસ હતાં.' દાદા દેવુને સાંજ સવાર એની બાના જબરાપણાનું સ્મરણ કરાવતા. પણ દેવુ એ 'જબરી' શબ્દના આધારે બેવડીઆ ને ઊંચા પડછંદ દેહવાળી કોઈક બાઈની કલ્પના કરતો. એવી બાના પુત્ર હોવું એને ગમતું નહિ.

'જબરી હતી તેમાં શું?' દેવેન્દ્ર ચિડાઈને મોં બગાડતો.

'એણે જ મને હંમેશાં કહાવ્યા કરેલું-'

'શું?'

'કે બાપુજી, કોને ખબર છે આપણે કોના પ્રારબ્ધનો રોટલો ખાતા હશું?'

'એટલે શું દાદાજી?'

'એટલે એમ કે આપણા ઘરમાં બાફોઈ યમુના ફોઈ છે. તારા બાપથી મોટેરા ભાઈ ગુજરી ગયા છે તેનાં વિધવા વહુ તારાં ભદ્રા ભાભુ છે. તેની નાની દીકરી અનસૂયાને બરડામાં હાડકું વધે છે. પછી બીજાં આપણાં ઘરમાં તારાં દાદીમા જે મરી ગયાં છે તેમના નાના ભાઈ એટલે તારા બાપુના મામા જ્યેષ્ઠારામ મામા છે. એ બાપડા આંધળા છે. હવે એ બધાં આપણી સાથે રહે છે, પણ એ તો કશું કમાઈ લાવતાં નથી. કમાય છે તો એકલા તારા બાપ ને બીજું આવે છે મારું પંદર રૂપિયા પેન્શન. પણ તારા બાપને એ ભણીને આવ્યા કે તૂર્ત મોટી નોકરી શાથી મળી ગઈ હશે? જાણે છે? ના, હું યે જાણતો નથી. પણ બીજા તો કૈંક તારા બાપની જોડેના રખડે છે. તો કોને ખબર છે કે આ આપણા ઘરનાં બધાંમાંથી કોના નસીબનું તારા બાપ નહિ રળતા હોય?'

'કહું દાદા? કહું, મને ખબર છે, કહું? એ... એ યમુના ફોઈના નસીબનું... ના, કહું દાદા, એ...એ જ્યેષ્ઠારામ મામાના નસીબનું. ના, ના, ના, રહો હું કહું, એ અનસૂયા બેનના... એ ના, ના, ના, દા દા! તમે તો સમજો નહિ ને? હવે ચોક્કસ ને ચોક્કસ કહી દઉં છું, હવે ફરવાનું નથી હે દાદા! અ... એ.. કહું? બધા કરતાં બધાના નસીબનું.'

'બસ, તારી બા એમ જ કહેતાં.'

'મારી જબરી બા ને?'

'હા.'

'જબરી બા મને નથી ગમતી.'

'પણ મને એ બા બહુ ગમતી.'

'તમારી પણ બા? લો......ઓ! હો-હો! હિ...હિ. દાદા તો છે ને કાંઈ? તમારી પણ બા?'

'હા મારી પણ બા. મારા વીશ જ રૂપિયાના પગારમાંથી એ આખા કુટુંબનું ચલાવતી, ખબર છે?'

'ને પોતે જબરી હતી તોય શું ઓછું જમતી? અરે મહિનામાં દસ તો ઉપવાસો કરતી. આખું ચોમાસું તો એકટાણાં જ કરતી.'

'તો પછી જીવતી શી રીતે?'

'જીવતી ન રહી તે એ જ કારણે ને? એ આજ જીવતી હોત તો યમુના ફોઈને ગાંડાની ઈસ્પિતાલે તારા બાપને તો શું, તારા બાપના બાપને પણ ન લઈ જવા દેત. સિંહણ હતી એ તો.'

'ઓ બાપ! જબરી અને પાછી સિંહણ?'

'તારા જેવી જ આંખો. બહુ દયાળુ હતી એ બા.'

'બા' બોલની, ડોસાના કંઠના તાર પર કશીક ધ્રૂજારી ઊઠી એવું દેવુને લાગ્યું. તેણે પડતી રાતની ભૂખરી પ્રભામાં ડોસાની આંખો પર દીઠાં - બે જળબિન્દુઓ.

દાદા અને દેવુ આથમતા દિવસના ગોધૂલિ-ટાણે ઘરની નાનકડી ઓસરીમાં બેઠાબેઠા આમ એક મૂવેલા સ્વજનની વાતો કરતા હતા ત્યારે આઘેથી તેમણે કોઈકના બિભત્સ બૂમબરાડા સાંભળ્યા; પસાર થતા રાહદારીમાંથી કોઈકે કહ્યું કે,'માસ્તર, તમારી જમનાને ઘરમાં લઈ લો.'

સોમેશ્વર માસ્તરે અને દેવુએ દોડાદોડ બહાર આવી આઘે ઉભેલી યમુનાને દેખી ધ્રાશકો અનુભવ્યો. એના શરીર પર પૂરાં કપડાં નહોતાં. એને આખે દેહે ચાલ્યા જતા લોહીના રેગડા ફાનસના અજવાળે રાતા તો ન દેખાયા પણ ભીના ને રેલાતા તો જણાયા.

'તેં-તેં-તેં-તારાં-તારાં છાજિયાં લઉં - તેં મને માર ખવરાવવા મોકલી'તી!' એમ બોલતી યમુના સોમેશ્વર દાદાને મારવા દોડી: 'હં-અં. તારે મારી માયાનો ખજીનો લઈ લેવો છે. હં-અં. તારે મને ત્યાં ઠાર રખાવવી હતી. હં-અં, મને બધીય ખબર છે-મારી માયા લેવી છે તારે-'

એને ફોસલાવવા જનાર સોમેશ્વર દાદાને એણે બે ચાર લપાટો ને ધુંબા મારી લીધા પછી દેવુ એની પાસે જઈને બોલ્યો: 'બાફોઈ, હશે બાફોઈ! ચાલો ઘરમાં.'

ને ગોવાળ પાછળ ગાય ચાલી આવે એમ યમુના ફોઈ દેવુની પાસે ઘરમાં પ્રવેશ કરી ગઈ. ત્યાં જતાં જ એ પોતાની નગ્નતાના ભાને છુપાઈ ગઈ. કપડાં એની પાસે ફેંકવામાં આવ્યાં તે પહેરીને અત્યંત શરમાળ પગલે યમુના નાની અપંગ છોકરી અનસૂયા પાસે આવી. બેસીને રમાડવા લાગી. રમાડ્યા પછી એણે પોતાની જાણે જ રસોડામાં જઈ ઢેબરાંનો લોટ બાંધી ઢેબરાં વણવા માંડ્યાં. જાણે એને કશોય રોગ નહોતો.

દેવુ રસોઈ કરતી યમુનાની પાસે જઈ બેઠો ને પૂછવા લાગ્યો: 'બાફોઈ, કોઈએ માર્યાં હતાં ત્યાં તમને?'

'બધા મારે.'

'કોણ મારે?'

'બધાય-ખાવા ન દ્યે.'

'શા માટે બાફોઈ? તમે કાંઈ તોફાન કર્યું હતું?'

'દેવને જોવો છે: અન્સુને જોવી છે: નથી ગમતું: અન્સુને અડવી છે: મારી-મારી-મારી-'

એમ કહેતી યમુના રડી પડી.

એના ત્રુટક ત્રુટક વાક્યોનો સળંગ અર્થ દેવુ સમજી શક્યો. યમુના ફોઈને દેવુ ને અનસૂયા બહુ વહાલાં હતાં. તેને મળવાનું વેન લીધું હશે તેથી માર-પીટ કરી હશે ઈસ્પિતાલવાળાઓએ.

'હેં દાદા!' દેવુ ગરમ પાણીના તપેલા જેવો ઊકળતો ને ખદખદતો સોમેશ્વર માસ્તર પાસે ગયો: 'હેં દાદાજી, એ ઈસ્પિતાલમાં શું ગાંડાંને લગાવે છે?' 'લગાવે' એ શબ્દ એ રૂવાબથી બોલ્યો.

'હા ભાઈ, બહુ માર મારે.'

'તો પછી તમે મને પહેલેથી કહ્યું કેમ નહિ? આપણે બાફોઈને ત્યાં મોકલત જ શા માટે?'

'ભાઈ, તારા બાપુની ઈચ્છા એને મૂકી આવવાની હતી.'

'પણ તમારે મને તો કહેવું હતું ને! મને એવી શી ખબર કે નિશાળોમાંય મારતા હોય છે તેવું મંદિરોમાંય મારતા હોય છે ને તેવું ઈસ્પિતાલોમાંય મારતા હોય છે! મને આવી શી ખબર! તમારે મને કહેવું તો હતું દાદાજી!'

દેવુના આ બધા બોલ બળબળતા હૃદયના હતા છતાં હસવું જ ઉપજાવી રહ્યા હતા. દેવુ પોતાની જાતને જે મહત્ત્વ-મોટાઈ આપી રહ્યો હતો તે ભારી રમૂજી હતી.

'તો હવે શું કરશું, દેવ? લે હવેથી તને પૂછીને જ પાણી પીવું, પછી છે કાંઈ?'

'કરવું શું બીજું! બાફોઈને ક્યાંય નથી મોકલવાં. આંહીં જ રાખીશું. હું ખરું કહું છું દાદાજી, તમે ખરું જ માનજો હો દાદાજી. કે કોને ખબર છે આપણે કોના પ્રારબ્ધનું ખાતા પીતા હશું! હું ખરું જ કહું છું.'

'ચાલ ચાલ હવે પાજી, એ તો મેં જ તને કહ્યું હતું.'

'તેની હું ક્યાં ના કહું છું? હું પણ તે જ કહું છું ને! હું કહું છું તે જ તમે કહો છો. તમે મને જે કહ્યું છે તે જ હું તમને કહું છું ને!'

છોકરો આમ બોલવામાં કશું જ પાજીપણું નહોતો કરતો તેની તો દાદાને ખાતરી હતી. પણ ભોળો છોકરો એવી ભ્રમણામાં પડ્યો હતો કે પોતે જ કેમ જાણે આ નવીન સત્ય શોધી કાઢ્યું હોય! દેવુની દાનત દાદાએ કહેલા સત્યને તફડાવી કાઢીને પોતાના ડહાપણરૂપે બરાડા મારવાની નહોતી, પણ દાદાના એ વાક્યે દેવુમાં એટલું તાદાત્મ્ય કરી નાખ્યું હતું કે એ વાક્ય દાદાએ કહ્યું છે એની જ દેવુને આત્મવિસ્મૃતિ થઈ હતી. પોતાની જ એ સ્વતંત્ર માન્યતા બની ગઈ હતી. આ માન્યતાએ દેવુને રંગી નાખ્યો હતો. એપૂરું સમજ્યા વિના જ માનતો થઈ ગયો હતો કે "કોને ખબર કોના પ્રારબ્ધનું ખાતા હશું."

અનુક્રમ⇨

## પ્રકરણ 3: ભદ્રા

**આ** છોકરાની દ્વારા એની માતા જ ફરીથી બોલતી લાગે છે." એવા એક મનોદ્ગાર સાથે ડોસા પોતાના આંગણાની કૂઈ પર નહાવા ગયા; દેવુ પણ સાથે નહાવામાં શામિલ થયો. નહાતાં નહાતાં ઠંડીનું ભાન ભુલાવી દેતા શ્લોકોનું રટણ ચાલતું હતું. દાદાના કંઠમાં હિન્દની તમામ જીવનદાત્રી નદીઓનાં એક પછી એક નામો છંદધારે વહેતાં હતાં. નાનો દેવુ એ શ્લોક-રટણમાં પોતાના કિશોર કંઠનો પંચમ સૂર મિલાવીને ઠંડી ઉરાડાતો હતો. સંગીતનો આસવ ગળામાં ઘૂંટાતો હતો, સાથોસાથ પોતે અનાયાસે ભૂગોળ પણ ભણતો હતો. દાદાની

ડોલમાંથી પોતાનાં મસ્તક પર રેડાંતા એ ઘર આંગણની કૂઈનાં નીરને ને આ રાષ્ટ્રવ્યાપી નદનદીઓનાં જળને કોઈક પ્રાણસંબંધ છે, કોઈક રહસ્યમય મિલનભોમ છે, કશીક ગુપ્ત એકાત્મતા છે, તેવા ધ્વનિ એના મગજમાં ઘૂમતા.

ઘરમાં હજુ દીવો નહોતો થયો. રસોડામાં બળતો ચૂલાનો તાપ બાજુના ઓરડામાં જ થોડું ઘણું અજવાળું ફેંકતો હતો તેનાથી સંતોષ માનતાં વિધવા ભદ્રા વહુ અનસૂયાના બરડામાં થતી વેદના પર હાથ પસારતાં એક પ્રભુપદ ગાન ગાઈ અનસૂના કાન વાટે વ્યાધિશમનની એ દિવ્ય દવા રેડતાં હતાં. ને પાછલી પરશાળે સોમેશ્વર માસ્તરના સાળા એટલે કે પ્રો. વીરસુતના આંધળા મામા જ્યેષ્ઠરામ હાથના હળવા હળવા તાળોટા પાડીને 'રઘુપતિ રામ રુદેમાં રે'જો રે' એ પદ ગાતા હતા. એમ કરવામાં કોઈને પ્રકાશની જરૂર નહોતી.

પહેલો દીવો હમેશાં ઘરમાં તુલસીના રોપ પાસે જ પેટાતો. સોમેશ્વર માસ્તર અથવા દેવુ જ સાંજનું સ્નાન કરીને પછી એ પેટાવતા. આજે જરા અસૂર થયું હતું તે તો યમુનાના આવવાને કારણે. પરંતુ ઘરમાં યમુનાના માર ખાઈને ભાગી આવવાથી કશો જ મોટો અકસ્માત બન્યો નહોતો. કોઈને ન લાગ્યું કે નવી કશી મૂંઝવણ આવી પડી છે. નાનાં મોટાં સૌ પોતપોતાનાં ઠરેલા કામકાજમાં મગ્ન હતાં. મોટા ફળીની બે ચાર પાડોશણો કુતૂહલવૃત્તિને દબાવી ન શકાયાથી ક્યારની આંટો મારી ગઈ હતી. એમને તમામને વિધવા ભદ્રાએ મીઠો પણ ટૂંકો જવાબ વાળી દીધો હતો કે, સારું થયું કે યમુનાબેન હેમખેમ પાછાં ઘેર આવ્યાં. મને તો નિરાંત વળી ગઈ. મારું તો કાળજું ફફડી હાલતું.'

'પણ ત્યારે મૂઈ' ફળીની પડોશણ કહેતી, 'તમારે જ આવડી બધી શી પડી છે જમનીની? એની બેન્યુંને ત્યાં મોકલી દોને.'

'મારા સસરા ના પાડે છે.'

'સોમેશર ભઈજીને તો પારકી પળોજણ કરવાના હેવા જ છે બાઈ!' સરસ્વતી ડોસીએ કહ્યું.

'ના મા, સંજ્યાટાણું છે. મારા સસરાનું વાંકું લગીરે બોલતાં ના, તમારે હાથે પગે લાગું શરશતી બૈજી!' એમ હસતે મોંયે બોલતી બોલતી વિધવા ભદ્રા પાડોશણનો પગ પકડી લઈને ચુપકિદી પળાવી શકેલી. 'મારી શોગાન, થોડી વાર ઊભાં રે'જો હો શરશતી બૈજી!' એમ બોલતી વિધવા ભદ્રા ઘરમાં દોડી જઈ, મગજની એક લાડુડી લાવીને એમને દેતી દેતી બોલી: 'લો, ઝટ તમારી વસુને ખવરાવો. હું તો મૂઈ હૈયાફૂટી, તે વીશરી જ જાત. પણ મારા સસરાએ સવારે ખરાવી ખરાવીને કીધેલું કે'વહુ, શરશતી ભાભીની વસુને ચોકસ દેજો હોંકે?'

સસરાની નિંદાને નાનકડી એક લાડુડીથી દબાવરાવી લેવાની ફોગટ આશા સેવતી વિધવા ભદ્રા તે વખતે તો "શરશતી બૈજી"ને વળામણાં દઈ દેતી, પણ કૂતરાની પૂછડી જેવી શરશતી બૈજીની જીભ વળતા દિવસના પ્રભાતે જ પાછા વાંકાં વેણ લઈને હાજર થતી. અરે પોતાની વસુને લાડુડી ખવરાવતાં ખવરાવતાં પણ એ બોલતાં કે'ગાંડીને અમસ્થી કંઈ નથી સાચવી. એના દરદાગીના દબાવેલા છે. હં-અં માડી!'

સવાર પડતું ત્યાં પાછાં એ જ સરસ્વતી ડોશી અર્ધો પૈસો લાવીને સોમેશ્વર માસ્તરને આપતાં: 'લ્યો ભૈ! શાક લેતા આવજો. જોડે બે તીરખી કોથમરીનીય લવજો હો ભૈ! અને એકાદ મરચુંય લાવજો.'

ફળી મોટું હતું. ઘણીખરી વિધવાઓ રહેતી. ઘણીખરી સાસરિયામાંથી રૂખ્સદ પામેલી હોઈ કાલાં ફોલીને નભતી. તે બધીને શાકપાંદડું લાવી દેનાર સોમશ્વર જ હતા. અને

સરસ્વતી ડોશીની હંમેશની ફરિયાદ હતી કે સોમેશ્વર રોયો પોતાના ઘરનું શાક તો પરબારૂં અમારામાંથી જ કાઢતો હશે!

આવા કચવાટની સોમેશ્વર માસ્તરને ખબર હતી, પણ પોતે એનું દુઃખ રાખતા નહોતા. કેમ કે એને લાગ્યા જ કરતું હતું કે, કોણ જાણે આ ફળીવાળાંમાંથી જ કોઈકના નસીબનું આપણે ખાતા હશું તો!' આમ સોમેશ્વર માસ્તરના સંસારનું ગાડું ચાલ્યા કરતું. ભાણા ખડખડ ઘરમાં બિલકુલ નહોતી થતી એમ પણ નહિ. ગાંડી યમુના અને પાછલી પરશાળે બેસી રહેતા મામા, એ બેઉ વચ્ચે ઘણીવાર ચકમક ઝરતો ત્યારે મામા કહી નાખતા કે'આવી છે મારાં ભાણેજડાંનો જીવ લેવા, તે ભરખી કરીને જ જશે.'

અર્ધ સમજમાં ને અર્ધ બેભાનમાં યમુના પણ ઘર ગજાવી મૂકતી કે 'મારી મૂડીમાયા લઈ લેવા સૌ ભેગાં થયાં છો કાં ને? હું તો નાગણી છું નાગણી!' ને પછી બિભત્સ ગાળો.

વિધવા વહુ ભદ્રા ઉપર વારંવાર એક જુદી જ ફરજ આવી પડતી. અમદાવાદ રહેતા પ્રો. વીરસુતનાં નવાં પત્નીને જ્યારે જ્યારે થોડી કે ઝાઝી માંદગી થઈ આવતી ત્યારે તાબડતોબ ભદ્રા ભાભીને મોકલવાનો તાર પિતા પર પહોંચતો. સોમેશ્વર માસ્તર ઘણુંય લખતા કે ભાઈ, નવી વહુને આંહી મોકલ, તો એમનું સચવાય તે સાથે સૌનું સચવાય. આ ગાંડીનું કાંઈ ઠેકાણું નહિ; રોટલા કરી આપે કે ન કરી આપે. મોટી વહુ વગર મુશ્કેલી પડે: મને તો કાંઈ નથી. હું તો હાથે રાંધી લઉં, પણ ઘરની સાચવણ વીંખાઈ જાય છે, નવી વહુ આંહી આવીને રહે તો હું ચીવટ રાખીને દવા કરાવી શકું, તેમ એને ઘરકામ કરવાનો થોડો વ્યાયામ પણ મળે. ઘર એનું છે, એટલે પોતે ઘરની સાચવણ પણ કરતાં થાય.

પણ વીરસુત જવાબ વાળતો કે'મારે નવીને પણ ત્યાં મૂકીને સંસ્કારહીન નથી બનાવવી. મારે એને એ ઘરની ધૂળ ઝાડવા-ઝાપટવાનું ભળાવવું નથી. એકને ગુમાવી છે તે ઘણું બધું છે. માટે મોકલવવાં હોય તો ભદ્રાને મોકલજો, નહિતર ઈસ્પિતાલે જ મૂકીશ.'

પિતા લખતા કે'મારો જીવ સહેજ સંકોડાય છે, કેમ કે ભદ્રા આખરે તો વિધવા છે. આંહી પગ ઢાંકીને બેસી રહી શકે, ત્યાં મોકળા સંસારમાં એના જીવનો મેળ ન મળે. વગેરે વગેરે.'

પુત્રનો ફળફળતો ઉત્તર આવતો:

'ફિકર રાખશો મા, હું નહિ એને પુનર્લગ્ન કરાવી દઉં. એ બ્હીક હોય તો ન મોકલતા.'

આખરે તો ભદ્રાને જ બે વાર જવું પડેલું. બે વાર જવાનું ખાસ કારણ એ હતું કે નવી વહુને ઉપરાઉપરી બે કસુવાવડો થઈ હતી.

ત્રીજી વાર ભદ્રાને જવાનું તેડું આવ્યું ત્યારે લખ્યું હતું કે ‘અનસુ માંદીને ત્યાં જો રાખી શકાય તો રાખીને એકલાં જ મોકલવાં. ભદ્રાના હાથ બે માંદાંની માવજત કરી શકે નહિ. ઊલટાનું બન્નેનું બગડે.'

અનુક્રમ⇨

## પ્રકરણ ૪: સસરો

**પ્રો**ફેસર પુત્રના આ કાગળની વાત ઘરમાં કોઈને કર્યા વગર માસ્તર સાહેબે ચુપચાપ માંદી અનસુને પોતાની સાથે હેળવવા માંડી. બધાં જ છોકરાં દાળીઆ રેવડી જેવા

ખાદ્ય પદાર્થથી જ રીઝી જાય છે એ વાત માંદલી અનસુએ ખોટી પાડી. દાદાજી પાસેથી ખાઉ ખાઉ લઈ કરીને એ પાછી માની સોડમાં જ ભરાઈ બેસતી. દાદાને મૂંઝવણ થતી હતી કે માથી દીકરીને નોખી પાડવાનો કયો કીમિયો કરવો? ધીરે ધીરે એને યાદ આવ્યું. બહુ જ નાનેથી મા વગરના થયેલા દેવુને તો દાદા સાથે પ્રીત બંધાતાં મુશ્કેલી નહોતી પડી, પણ પોતાના જ પુત્ર વીરસુતની બાલ્યાવસ્થા એને યાદ આવી. પોતે'રાધે ગોવીંદ રાધે, શેરા પૂરી ખાધે!' ગાતા, તાળોટા વગાડતા, વીરસુતની સન્મુખ નાચતા ને કુદતા હતા. અનસુ પાસે પણ એણે નાચ ગાન અને તાળોટા આદર્યા. મિઠાઈએ ન કરેલું કામ નૃત્યગીતે કર્યું. અનસુ માંદી માંદી પણ દાદાની સાથે નાચતી ને ગાતી થઈ, દાદાની સાથે જ સુવા લાગી. દાદા અનસુના સંપુર્ણ કેદી બન્યા તે પછી જ તેણે ભદ્રા વહુને પોતની પાસે બોલાવી મગાવ્યાં. બારણાની સ્હેજ આડશ લઈને ભદ્રા ઊભી રહી. સસરાની આંખો ભદ્રાને ભાળતી ત્યારે ત્યારે અચુક હમેંશા એક જ ઠેકાણે ચોંટી રહેતી. આજે પણ એ આંખો ત્યાં જ ચોંટી-ભદ્રાના માથા ઉપર.

ત્યાં એ આંખોને શું જોવાનું હતું?

મુંડાએલા માથા પરના નવા ઉગેલા કેશના સફેદ ઓઢણાની આરપાર અણીઓ કાઢતા હતા તેને જાણે કે સસરાની આંખો ગણતી હતી. એ કણીઓ સસરાની આંખોમાં ઘોંચાતી હતી. પુત્રવધુના વૈધવ્યનો વધુમાં વધુ કરૂણ એને એ કેશવિહોણો વેશ લાગતો હતો. તે સિવાય પોતે તપાસ લેતા ને સંતોષ પામતા કે વહુનો દેહ દૂબળો નથી પડ્યો: ને વહુના થોડા થોડા દેખાતાં હાથનાં આંગળાં એમને ખાત્રી કરાવતાં કે ભદ્રાને નખમાંય રોગ નથી.

એમણે વાત ઉચ્ચારી:-

'જુઓ છો ને, છોકરાં સાચવી જાણું છું કે નહિ હેં બેટા! જુવો, અનસુને મેં તમારી આગળથી પડાવી લીધી છે ને?'

જવાબમાં ભદ્રા ઘૂમટાની આડશે મંદ મંદ હસતી હસતી, એ ઘૂમટામાં છુપાએલા પોતાના ચહેરા સામે તાકી ઊભેલા દેવુને કહેતી હતી-

'દેવ! દાદાજીને કહે કે તમે એકલા સસરા જ ક્યાં છો? તમે તો સાક્ષાત સાસુજી પણ છો ને! અનસુને મારો હેડો છૂટ્યો એટલે હું તો શાંતિ પામી છું.'

તો પછી બચ્ચા, થોડા દિ' નાનુભાઈને ત્યાં એકલાં અમદાવાદ જઈ આવશો? નાની વહુ બિચારી મુંઝાતી લાગે છે. ભાઈનો તો કાગળ આવેલ કે ચિંતા કરશો મા, પણ મારો જીવ કેમ રહે? હું પંડે જ જાઉં એમ થયું, પણ મારા જવાથી વહુને શી સહાય મળે? એ કરતાં તો તમે જ જઈ આવો.'

ભદ્રાએ કશો ઉત્તર ન આપ્યો. દેવ તો ભદ્રા બાના ચહેરા સામે જ જોઈ રહેલો હતો. ભદ્રાની આંખોમાં સ્હેજ ચમકાટ ને ગાલો પર લાલ લાલ થોડો ધગધગાટ એણે જોયો ખરો, પણ એવા રંગભાવોનો અર્થ સમજવા જેટલી ઉમ્મરે હજુ દેવુ નહોતો પહોંચ્યો.

'તમને તમારી મરજી વિરુદ્ધ મારે લેશમાત્ર નથી મોકલવાં હો કે! વળી પાછાં કહેશો કે કીધું નહિ!' ડોસા ગર્વિષ્ઠ અવાજે બોલ્યા. વિધવા પુત્રવધુની માનસિક સ્વતંત્રતાનું પાલન કરવાનો પોરસ એ અવાજમાં રણકી રહ્યો.

'દાદાજી કહેતા હોય તો મને શો વાંધો છે?'

ભદ્રાએ દેવુને આમ કહ્યું ત્યારે એના બોલમાં યે આવો સન્માનદાયક સસરો હોવાનો પોરસ ગુંજ્યો.

'ના, એમ ન બોલો બચ્ચા. તમને ન ગમે ત્યારે સાઈ ઝાટકીને ના પાડી દેવાની તમને છૂટ છે. મારે કાંઈ તમે વધારાના નથી. ન જવાનું કાંઈ ખાસ કારણ હોય તો કહો તમ તમારે. બેલાશક કહો. હા, બેલાશક!"

ડોસાના મોંમાં જ્યારે 'બેલાશક' શબ્દ બોલાતો ત્યારે એની ડોક ઘૂમતા પારેવાની જેમ ફૂલાતી.

'કહેને દેવ, મારું મન હોય ન હોય એવો તો વિચાર જ દાદાજીએ નથી કરવાનો. મારું તો મન જ છે, જે દાદાજી કહે તે કરવાનું.'

'તો જઈ આવો દીકરા, પણ આમ જોવો, એક શર્તે. ઘરની દરદાગીનાની પેટીઓની ચાવી હું આંહી નથી સાચવવાનો. એ જોખમ મારી કેડ્યે ન રહે. માથાકૂટ કરાવવી નહિ આ વખતે. બધી જ ચાવીઓ ભેગાં લઈને જાવું હોય તો જાઓ. ને ઘી ગોળ ખાંડ પણ એકાદ મહિનો હાલે એટલાં કાઢી દઈને બાકીનાંને કબાટમાં મૂકી ચાવી સાથે લેતા જાવ. મારાથી એ બધી પંચાતમાં નહિ પહોંચાય. પોતાનું છે તેની સાચવણ પોતે જ રાખવી પડશે. ચાવીઓનો જૂડો મારાથી નહિ વેઠાય. હા, સાથે લઈને જાઓ, બેલાશક!'

દાદાને બોલે બોલે ભદ્રાબાના મુખ ઉપર ઊર્મિઓનાં જે મંડલો પુરાતાં હતાં, ભાવનાનાં કણેકણની જે ઢગલીઓ પડતી હતી, તેનું તો દેવુને એ ટાણે જંગી કોઈ પ્રદર્શન સાંપડી ગયું હતું. એની ડોક ઊંચે જોઈ જોઈ દુઃખવા આવી હતી તો પણ એની જીજ્ઞાસા ખૂટતી નહોતી.

ભદ્રાના રંડવાળ ચહેરા ઉપર ભાવોની ભરતી આવજા કરતી હતી. તેનું એક કારણ હતું. ત્રણેક વર્ષો પર ન્યુમોનીઆએ એકાએક સમળી ઝડપે તેમ ઝડપી લીધેલા સ્વામીની સાથે એનો મેળ બહુ મધુર હતો. સ્વામીની હયાતીમાં જે પ્રેમ અને સન્માન એ આ ઘરમાં પામી હતી તે કરતાં તો અદકેરાં સન્માન સસરાએ એને માટે કુટુંબમાં જમાવી દીધાં હતાં. ઘરેણાં તો માસ્તર સાહેબના ઘરમાં અલ્પ હતાં, પોતાના લગ્નટાણાનાં દાગીના જ વારંવાર ભંગાવી તેના રૂપાંતરમાંથી જ એમણે બે દીકરાનાં લગ્ન કર્યાં હતાં. તેમાં દેવુની બાએ ઘર ખર્ચમાં કોશીર (કરકસર) કરી કરી સસરાની આમદનીમાંથી જે બચત નીચોવેલી તેનું પણ થોડું સોનું રૂપું ઉમેરાયું હતું. દેવુની બાના પિયરના થોડા દરદાગીના તેમજ આણાંના વસ્ત્રોની જુદી પેટી રાખી હતી તેને તો માસ્તર સાહેબે વીરસૂતનો સ્પર્શ સુદ્ધાં થવા દીધો નહોતો, છતાં તે પેટીની ચાવી એમણે ભળાવી હતી ભદ્રા વહુને. ભળાવતી વેળા ભદ્રાની આનાકાનીની એમણે આ શબ્દોમાં ખબર લીધી હતી કે- "બેલાશક, તમારે જ ચાવી સાચવવી પડશે. ના કહેવા જેટલું અભિમાન ક્યાંથી કાઢ્યું? દેવુ શું તમારો નથી? દેવુનું છે તે શું તમારે લૂંટાવાને પીંખાવા દેવું છે!"

'પણ એમાંથી કાંઈ હેરફેર થાય તો-'

'એ પેટી કોક દિવસ ખાલીખમ માલૂમ પડશે તો પણ મારે કબૂલ છે. ચાવી તો તમારે જ સાચવવાની છે; બેલાશક તમારે.'

તે પછી સસરાની ને વિધવા પુત્રવધુનીની ખરી કસોટી તો વીરસુતના બીજા લગ્ન પછી થઈ હતી. લગ્ન તો પોતે અમદાવાદમાં જ પતાવ્યાં હતાં, પણ તે પછી એકાદ બે વાર એ નવી નવી પત્ની કંચનને લઈને પિતાને ઘેર આવ્યો હતો.

ચાવીઓનો પ્રશ્ન તે વખતે ઊગ્ર બન્યો હતો. પોતે કુટુંબનો એકનો એક રળનાર છતાં ઘરની ચાવીઓ પોતાની પત્નીને ન મળી શકે, નાની મોટી પ્રત્યેક ચીજ માટે વિધવા ભદ્રાભાભીને જ વિનંતિ કરવી પડે, એ વાત અસહ્ય હતી. એમાં વીરસુત પોતાનું ને પોતાનાં નવાં સુશિક્ષિત પત્નીનું અપમાન માનતો હતો. ખરેખર અવિશ્વાસ સમું કોઈ બીજું અપમાન નથી. પણ વરવધુ બન્ને આવા કોઈ અસંતોષે ધુંધવાતા હતાં તેની ભદ્રાને તો સરત જ નહોતી રહી. એ તો ઊલટાની દેર દેરાણી ઘેર આવ્યા બાદ બે ચાર જ દહાડે સસરાની પાસે કમાડની અરધ આડશે હાથ જોડ્યા જેવા કરીને ઊભી ઊભી દેવુની મારફત પરવાનગી માગતી હતી કે દે'વ, દાદાજીને કહે, જો મારા પર ક્રોધ ન કરે તો એક વાત માગવા આવી છું.'

'વાહવા! મઝાની વાત.' દાદાજીએ હાંસી કરી:' હું પણ ઘરમાં વાઘ દીપડો જ છું ખરોને, ઓટલે બેઠો બેઠો કેમ જાણે સૌના ઉપર ઘે-ઘે-ઘે-ઘે જ કરતો હોઉં! હું જ તમને પૂછું છું બાપ! કે ક્યે દહાડે મેં તમારા પર ક્રોધ કર્યો છે?'

'દેવ, દાદાજીને કહે, એવું કેમ પૂછો છો?'

'બેલાશક પૂછું છું વળી. બેલાશક! નહિતર તો પછી સીધું પૂછતાં શું ભાલાં વાગે છે?'

'તો કંચનગૌરીને મારે દાગીના પહેરાવવા છે.'

'કોના તમારા? ખબરદાર...'

'ના, મારા તો જુનવાણી ઘાટના છે. એમના ગળામાં નહિ ઓપે.'

'ત્યારે શું દેવુની બાના?'

'હા જ તો.'

'દેવની વહુ સિવાય કોઈથી એ પહેરાય કે?'

દાદાના આ એકદમ અજાણ્યા બોલથી ચમકેલો દેવુ ભદ્રાબાની સામે જોતો જોતો એવો તો ખસીઆણો પડેલો કે તે પછી જ્યારે જ્યારે દાદાજી જોડે ભદ્રાબાને વાતો કરાવવી હોય ત્યારે ત્યારે એ પહેલાં જ શર્ત ભદ્રાબા સાથે એ કરતો કે'વહૂ ફહૂ વાળું કશું ન બોલો તો હું આવું.'

ભદ્રાએ તૂર્ત જ સસરાને દબાવ્યા: 'પણ કંચનગૌરી દેવની બા જ છે ને!'

'છે છે, હું ક્યાં ના કહું છું? પણ-પણ-એમ કાંઈ...'

ચતુર સસરો તે દિવસ ગેંગેં ફેંફેં થઈ ગએલો. કારણ કે પોતાને આવતી વહૂ પ્રત્યે છૂપો કશોક અણગમો છે એવો એને પોતાના અંત:કરણ માટે અંદેશો પડેલો. એને બ્હીક જ લાગી ગયેલી કે આ વાત જો ક્યાંક કંચનગૌરીને કાને જશે તો અત્યારથી જ ઝેરી ઝાડનાં મૂળ ઘાલી જશે. એણે તૂર્ત જ ભદ્રાને કહ્યું: 'તો પછી એમાં પૂછવાની શું વાટ જોતાં હતાં? તમે સ્વતંત્ર છો, તમારી બાબતનાં તમે કુલમુખત્યાર છો. બેલાશક પહેરવા આપો. બેલાશક.'

જ્યારે ભદ્રાએ દેવનાં મુવેલાં બાની પેટી ઉઘાડી, તેમાંથી નાની મોટી દાબડીઓ ખુલ્લી કરી, દેરાણી કંચનને એ ઓરડામાં બોલાવ્યાં ને કહ્યું: 'બેસો, દેવને એની અડવી બા ગમતી નથી. આજથી બાને શણગારવી છે, બેસો જોઉં!'

પણ એ ઝીણા મોટા દાગીના ભદ્રાના હાથમાં ઠઠ્યા રહ્યા, દાબડીઓ ઉઘડતી હતી તે બંધ કરવાનુંય ભાન ભુલાયું, ભદ્રાને દેવ ત્યાં ને ત્યાંજ થીજી ગયાં, ચિત્રામણમાં આલેખાઈ

ગયાં. કેમ કે કંચન ગૌરી આટલું જ બોલીને ચાલતાં થયાં હતાં: 'મારું આ ઘરમાં શું છે? મારે દાન નથી લેવું. અડવી લાગીશ તો મઢાવશે જેને દાઝશે તે.'

આ તો એક આગલો પ્રસંગ અમને યાદ આવી ગયો એટલે કહી દીધો. મૂળ મુદ્દો તો ભદ્રાને અમદાવાદ મોકલવાની સસરાની આવડતનો હતો.

અનુક્રમ⇨

## પ્રકરણ ૫: દેરાણી

**બે** ત્રણ વખત દાદા અનસુને લઈને એક બે રાત બહાર ગામ પણ જઈ આવ્યા. અનસૂયા દાદા સાથે અને દેવ સાથે એકરસ થઈ ગઈ, ત્યારે દાદાએ ભદ્રા વહુને બોલાવી કહ્યું: 'મને તો આ ઇંતડી જેવી વળગી છે. મારું તો લોહી પી જાય છે.'

'તો અમારું કેટલું પીતી હશે?'

'તો હવે મારું જ ભલે પીવે ને તમે અમદાવાદ એકલાં આંટો મારી આવો, દીકરા.'

અનસુને છોડીને અમદાવાદ જતાં ભદ્રાને ઝાઝી વ્યાકુલતા નડી નહિ. અને દેવે જઈ અમદાવાદની ટિકિટ કઢાવી આપી. દાદા અનસુને લઈને નાચ કરતા ઘેરે રહ્યા.

'તુંયે હાલ ને, દેવ?' ભદાબાએ દેવુની સામે દૃષ્ટિ કરી તેમાં એક મા સિવાય બીજું કોઈ ન સમજી શકે તેવો, બાળકની એકલતા અનુભવતો ભાવ હતો.

'ત્યાં આવીને શું કરું?' દેવ પ્લેટફોર્મ પર જોડાની એડી દબાવીને લસરકો લઈ બીજી બાજુ ફરી ગયો. 'કાં તારાં બા જોડે જરી જીવ તો મેળવતો થા.'

દેવ વળી પાછો ફૂદડી ફરી ફરીને મોં સ્ટેશન બાજુ કરી ગયો ને બોલ્યો: 'એ તેડાવે તો ને?'

'માવતરના તેડાની તે વાટ જોવાય ગાંડા? સામેથી જઈને ખોળામાં પડીએ ને?'

'એક વાર ગયેલો, પણ...'

'પણ શું?'

'એમને ગમતું નો'તું'

'એમને એટલે કોને?'

'મારા બાપુને.'

હવે તો દેવ બૂટની એડી ઉપર ફૂદડી ફરતો હતો તે નકામું હતું. જવાબો જ એના રૂંધાતાં કંઠની જાણ દેતા હતા.

'મને જવા દે. હું એમને કહીને તને તેડવાનો તરત જ તાર કરાવીશ. કરાવ્યે જ રહું. જાણ છ ગાંડા? એમ તો એકબીજાના જીવ જુદા પડી જાય.'

ગાડીની વ્હીસલ વાગી. ભદ્રાબાએ ભલામણ દીધી: 'અનસુને સાચવજે હો, ભૈલા! એ એના પગમાં સાંકળ છે તે ક્યાંય એકલી રઝળવા જવા દેતો નહિ. ને બાફોઈનાં લૂગડાંને રસોઈ કરતાં કરતાં ક્યાંય ઝાળ ન લાગે તેની સરત રાખજે હો, ભૈલા! ને દાદાજીની પૂજાનો પૂજાપો રોજ તૈયાર કરવાનું ના ભૂલીશ હો. ભૈલા! ને મોટા મામા ને બાફોઈ લડે નહિ તે જોજે હો ભૈલા!' ગાડી યાર્ડની બહાર નીકળી ગઈ ત્યાં સુધી રાડો પાડી પાડીને ભલામણો કર્યે

જતું ભદ્રાબાનું મોં બીજા ઉતારૂઓને તેમજ પ્લેટફોર્મ પરનાં માણસોને પણ જોવા જેવું લાગ્યું. મુંડન કરાવેલી એ મુખાકૃતિ એના હજુય ન કરમાએલા યૌવનની ચાડી ખાતી હતી.

નાની અનસુ આખી વાટે યાદ આવતી હતી, પોતે જ પોતાના દિલને ઠપકો દેતી આવતી હતી, ને એટલેથી દિલ દબાતું નહોતું તેથી સાથેની સ્ત્રીઓ જોડે પણ મોટે સાદે વાતો કરી કરી મનનએ શરમાવતી હતી: 'સાચું કે'જો બા, છોકરીને ફૂલ પેઠે સાચવનાર સાસરો ઘેર બેઠો હોય પછી વળી મનને વળગણ શાની? છોકરી છોકરી કરી ક્યાંક લગી મરી રે'વું! એવો અભાગીઓ જીવ તે શા ખપનો! દૈવ જાણે, ઓંચીતા ક્યાંક જમનું તેડું આવે તો બહુ હેળવેલી છોકરીને કેવી વપત્ય પડે!'

અમદાવાદ સ્ટેશને સાંજના ચાર વાગે જ્યારે ગાડી પહોંચી ત્યારે એણે તો માનેલું કે હરવખતની માફક પ્રોફેસર દિયરના ઘરનો હિસાબ કિતાબ રાખનારો ને માલ થાલ લઈ આવનારો મહેતો જ તેડવા આવેલો હશે. તેને બદલે તો પ્લેટફોર્મ પરથી એક વાદળી રંગની સોનેરી કોર વાળી સાડી પહેરેલી, અને તે ઉપર ચડાવેલા સ્વેટરના ખિસ્સામાં હાથ નાખી ઉભેલી એક સ્ત્રીએ હાથ ઊંચો કર્યો. ભદ્રાએ એને થોડી મહેનતે જ ઓળખી. એ તો દેરાણી કંચનગૌરી જ છે ને શું!

હૈયામાં ઉમળકો આવ્યો.

આખા દિવસનું તલખેલું હૈયું પોતાની દેરાણીની ખુદની હાજરી જોઈ પ્રફુલ્લિત બન્યું.

પોતે જલદી જલદી નીચે ઊતરીને નાની ટ્રંક પણ ખેંચી લીધી.'તમે રહેવા દો. આ મજૂર છે ને.' કંચનગૌરીએ કહ્યું.

'ના રે ના, શો ભાર છે? હું ક્યાં દુબળી પડી જાઉં છું!'

'ચાલો ત્યારે.' કંચનગૌરી આગળ ચાલી. એનાં ચંપલ સ્ટેશનના પ્લેટફોર્મના પથ્થરો સાથે ચટાકા કર્યે જતાં હતાં. એના હાથ બન્ને ગજવામાં હતાં. માથેથી સરીને ખભે પડેલી મથરાવટીની સોનેરી કોર, સ્વેટરના કોલર ઉપર સરસ લાગતી હતી.

પાછળ પાછળ ચાલી આવતી ભદ્રા અજાયબીનો લહાવ લેતી હતી. કંચનગૌરી તો જબરાં થઈ ગયા લાગે છે ને શું? કેવાં ઠરેલાં ડગલાં ભરતાં હીંડ્યાં જાય છે! આ જુવાન છોકરાઓ તો જો! કંચનગૌરીને 'સાહેબજી! સાહેબજી!' કરતા ઊભા છે.'કોને લેવા?' એમ પૂછે છે ને હું કેવી ભોંઠી પડું છું! સારું છે કે કંચનગૌરી ફક્ત ટૂંકો જ જવાબ આપે છે: 'મહેમાનને.'

'હલ્લો! ગુડ એફ્ટરનૂન!' કરતી એક પારસી સ્ત્રી આવીને દેરાણીના હાથમાં હાથ મિલાવી હલાવે છે, અને માડી રે! એની જોડેનો પારસી ધણી પણ દેરાનીના હાથે હાથમાં દબાવી ધુણાવે છે. પરસ્પર કેવાં અંગ્રેજીમાં વાતો કરે છે! કંચનગૌરીને અંગ્રેજી પણ આવડી ગયું. દેરાણી મારી, જબરી થઈ ગઈ જણાય છે. અરેરે ઈશ્વર! એક જ ખોટ ને! એકેય જણ્યું જીવે નૈ ને.'

આવા ભાવો ભાવતી ભદ્રા જ્યારે કંચનગૌરીની પાછળ પાછળ સ્ટેશનની બહાર નીકળી ત્યારે તેણે જોયું કે શોફર એક બેબી-કાર હાંકીને પગથિયાં નજીક લઈ અવ્યો. શોફર ઊતરી ગયો. હાંકવાની જગ્યાએ કંચનગૌરી ગોઠવાઈ ગયાં ને તેમણે હાથમાં 'વ્હીલ' (મોટર-હાંકવાનું ચક્ર) લીધું. શોફર પાસે પાછલું બારણું બારણું ઊઘડાવી, જેઠાણીને અંદર બેસારી લીધાં ને પોતે આગલી બેઠક પર કંચનની બાજુમાં સંકોડાયા વગર બેસી ગયો, ત્યારે કંચનગૌરીએ મોટર હંકારી.

ભદ્રાને માટે તો આ આશ્ચર્યની ટોચ હતી. પોતાની દેરાણી આટલી પાવરધી થઈ ગઈ તેથી એને કોણ જાને કેમ પણ ઈર્ષ્યા કે દ્વેષ ઉપજવાને બદલે પોરસ અને વિસ્મય જ જન્મ્યાં. 'આઠ દસ મહિનામાં આટલું બધું શી રીતે શીખી લીધું હશે! આવડત ને હોંશીઆરી હોયા વિના આટલું બધું થઈ શકે જ નહિ ને. ન જ થઈ શકે. આ હું ગમે તેટલી મરી મથું તોય મને રાંડીમુંડીને મોટર હાંકતાં કે'દિયે આવડે!'

આ બધો ભદ્રાનો માનસિક વાર્તાલાપ હતો. ગામની બજાર ચીરીને મોટરને રમાડતી જતી કંચન અને વધુ ને વધુ અજબ લાગતી હતી.

બંગલામાં આવીને તૂર્ત જ ભદ્રાએ પોતાની ટ્રંક રસોડાની પાસેની એક ઓરડીમાં મૂકી દીધી. ને પોતે કંઈક શરમીંદુ કૃત્ય કરતી હોય તેવી ઉતાવળથી એણે ટાઢે પાણીએ નહાઈ લીધું. નહાઈ કરીને એ રસોડામાં પેઠી. એણે રાંધવું શરૂ કરી દીધું.

કંચનગૌરીએ આવીને એક આંટો માર્યો. એણે પૂછ્યું: 'તમે ઉતાવળ શા માટે કરો છો? તમારે માટે ચહા બનાવીને પીધી કે નહિ?'

'હવે અત્યારે કાંઈ નહિ બાપુ! સાંજ પડી ગઈ છે.'

'ના, એમ નહિ ચાલે. પહેલી ચા કરી લો.'

'તમે મારી જોડે પીવો તો બે કપ બનાવું. લો, છે કબૂલ?'

આખા દિ'નની ભૂખી ભદ્રાને ચહા પીવાની તલબ તો ઘણી સારી પેઠે લાગેલી, પણ એ ઘરની અંદર ચોર તરીકે કે નોકર તરીકે ચહા પીવા નહોતી ઈચ્છતી. 'પણ એવો આગ્રહ શું કરાવો છો?'

કંચનના આ શબ્દોમાં સ્હેજ કંટાળો હતો. આગ્રહને એ દંભી અથવા બનાવટી બિનજરૂરિયાત માનતી હશે? આગ્રહ કરીને, ખેંચતાણ કરી કરીને ખવરાવવું, પીવરાવવું, આકર્ષણ વધારવું, ઉપકાર કરવો ને ઉપકાર લેવો, એમાં ભદ્રાનું મન મઝા માનતું. એણે કહ્યું: 'લે બાઈ, આગ્રહ ન કરું તો મને એકલીને ચા કેમ ભાવે?'

'મને લપ છપ નથી ગમતી, ભાભીજી!'

'બસ, હવે તો મને ભાભીજી કહી દીધી ને, એટલે તો મારા હાથની ચા પીવી જ પડશે. એકાદ રકાબી જ પીજો ને! હું ક્યાં થોડા ઝાઝાની વાત કરું છું! લો, તમે તમારે બહાર મારા દેર પાસે બેસો. હું તમને તૈયાર કરીને બોલાવીશ.'

ભારી કાળજીથી એણે ચા તૈયાર કરી. એના હૃદયમાં એક જ વાર બોલાયેલા 'ભાભીજી' શબ્દે આશા અને હિંમત રેડ્યાં.

અનુક્રમ⇨

## પ્રકરણ ૬: ભાસ્કર

'એને હું મારામાંથી દઉં છું.'

'ના, મને તારામાંથી આપ. એને આ આખો કપ દે.' ભાસ્કરે ભદ્રાનો કપ પકડ્યો.

'પણ મારો કપ મેં બોટેલો છે.'

'માટે તો વિશેષ ચાલશે, ડાહીલી નહિ તો!'

શું તાલ મચેલ છે, પોતાની ચહા ઉપર કેવી ટીકા થાય છે, તે જાણવા ઉત્સુક વિધવા ભદ્રા અંગૂઠાભર બહાર નીકળી. ત્રીજી વાર એ પોતાના હૈયાને ટપારી ચૂકી હતી. એટલે હવે તો સાંભળવાનું સાંભળી લઈ પછી મનને ઠપકો દઈ દેવો, એ જ એને ગમી ગયું હતું.'

એણે કાનોકાન સાંભળ્યું કે કંચનની બોટેલી ચહાની કશી સુગ ન રાખનાર એ અવાજ પેલા એના એજ માનવીનો હતો. બાઈ માણસનું, અરે મુઈ, પોતાની નહિ ને પારકી બાઈ માણસનું બોટેલું તે કોઈ પીતું હશે! પોતાની સ્ત્રીનું બોટેલ તો કોઈક કોઈકને વળી મીઠું લાગતુંય હોય. આ મારા પંડના જ (પતિ) નો'તા એવા શોખીન! મારા મોંમાંથી મારૂં ચાવેલું પાન પરભારૂં પોતાના મોંમાં જ લેતા ખરા ને! એ તો ઠીક, છાનાંછપનાં અમે ગમે તે કરતાં ત્રીજાની નજરે થોડું ચડાવતાં!'

એ મીઠી સાંભરણનાં જૂનાં દ્વાર ઊઘડું ઊઘડું થઈ રહ્યાં હતાં. અંદરથી જાણે કોઈક જોર કરી ધકેલી રહેલ છે. ભદ્રાએ પોતાનું તમામ જોર તેની સામે વાપરીને એ સુહાગી સંસારની સ્મૃતિઓ પર બારણાં બંધ કરી દીધાં. બંધ કરવાનું તાળું માત્ર એનું એ જ જૂનું જ હતું: 'ના રે બૈ! રંડવાળ્યથી કંઈ એવું યાદ કરાતું હશે!'

'કેવી લાગે છે ભાસ્કરભાઈ?' બેઠકખાનામાં કંચન પૂછતી હતી. ‘લાગે છે તો સારી,' એ સત્તાધારી પુરુષ કહેતો હતો: 'પણ...'

'પણ શું?'

'હું મૂંઝવણ અનુભવી રહ્યો છું: કે ચહા સારી લાગે છે તે ખરેખરે જ સારી તૈયાર થઈ છે તેથી, કે તારી એંઠી થઈ છે તેથી?'

ભદ્રાના સરવા કાન પર આ વાક્ય ઝીલાયું ભલે, પણ એ બોલાતી વેળાના બોલનારના હાવભાવ આ ઉદ્ગાર બાબતમાં વધુ મહત્ત્વના હતા. એ હાવભાવ કશા જ હાવભાવથી રહિત હતા. ભાસ્કરભાઈ નામના એ સત્તાધારી પુરુષે ચહાના પ્યાલા ઉપર જ પોતાની દૃષ્ટિ આ વાક્ય બોલતી વખતે સ્થિર રાખી હતી.

કંચનની આંખો ભાસ્કરના બોલતા મોં સામે તેમજ બોલી લીધા પછીના મોં સામે બે મિનિટ સુધી ચોંટી રહી. ભાસ્કરે એની સામે પોતાની દૃષ્ટિ ઊંચકી જ નહિ. એણે તો વધુ કશું જ લક્ષ કંચન તરફ આપ્યા વગર વીરસુતની સાથે જ વાતનો ત્રાગ સાંધી દીધો: 'તારાથી માંદા પડાય જ કેમ? તારું શરીર તંદુરસ્ત રાખવાની જવાબદારી ફક્ત તારી પોતાની જાત પ્રત્યે જ નથી. કંચન પ્રત્યે એ જવાબદારી મુખ્ય છે. એ આવીને મારી પાસે રડે છે. તું બિમાર પડે છે એટલે એની પ્રગતિ પર છીણી જ મૂકાઈ જાય છે કે બીજું કંઈ? તારી સાથે એ પણ ઘરની કેદી ને એ પણ મનથી માંદી, રો રો જ કર્યા કરે. ઘરમાં તને તાવ ભર્યો ભાળે એટલે પોતે રાંધીનેય ન ખાય. બહાર વળી મને જ્યારે ખબર પડે ત્યારે હું થાળી પહોંચાડું.'

'ને એને પૂછો તો ખરા.' કંચન બોલી ઊઠી: 'એની ઊલટી કેવી ગંધાય છે? પાસે ઊભુંય રહી શકાય છે?' બોલતે બોલતે એ ગદ્ગદ થતી હતી. 'જેને ઉપાડવી પડે એને કેવું થતું હશે?'

'તું ઉપાડે છે?'

'ત્યારે કોણ ઉપાડે? કામવાળી બાઈ તો એકવાર ઉપાડવી પડી એટલે પગાર પણ લેવા ન રોકાઈ. 'કામ જાય ચૂલામાં,' એમ બીજી જોડે કહી મોકલાવ્યું.

'એ તો જુલમ.' ભાસ્કર ઊંડા વિચારમાં પડી ગયો.

'મેં બીજી કામવાળી બોલાવી આપી.' વીરસુતે વચ્ચે ફક્ત આટલું જ સ્પષ્ટીકરણ કર્યું: 'પછી શો જુલમ?'

'કામવાળી ન હોય તેને હું જુલમ નથી કહેતો વીરસુત! તું સમજી શકતો નથી એમ તો હું ન માનું, પણ મને એમ જ થયા કરે છે કે તું સમજવા માગતો નથી. મારા મત પ્રમાણે જુલમ તો તારી ઊલટી કંચનને ઉપાડાવી પડે તે છે.'

'તો પછી કોણ...' વીરસુત થોથરાયો. ભાસ્કરની નજર એને વીંધી રહી.

'આ તારો સંસ્કાર કે!' આટલું બોલ્યા પછી ભાસ્કરનાં ભવાં નીચાં ઢળી ગયાં. બીજાઓ ઉશ્કેરાય ત્યારે ભવાં ચઢાવે છે. ભાસ્કરનો ઉશ્કેરાટ ભવાં નીચે ઢાળતો. 'તું તારા મનથી શું ખરેખર એમ માને છે કે કંચન ચાકરડીથી પણ બદ ગુલામડી છે?'

'પણ હું ક્યાં એમ કહું છું?'

'તારી ઊલટી કંચને ચાટી જવી જોઈએ એટલું તું નથી કહેતો તે જ ઘણું છે!'

એમ બોલીને ભાસ્કર ખડાખડાટ હસ્યો. આવું સખ્ત હાસ્ય એ કોઈક જ વાર, જ્યારે ઘણો મોટો માનસિક આઘાત લાગે ત્યારે જ કરતો. 'ત્યારે શું કરવું?' એટલો નાનો પ્રશ્ન પૂછતાંય વીરસુતને બે વાર ખાંસી આવી.

'ભલો થઈને હવે એ પ્રશ્ન જ છોડ ને ભાઈ! તું મારી વાત નહિ જ સમજે.'

પોતે આ કોયડાનો ઉકેલ નથી આપી શકતો માટે વીરસુતને આમ ચૂપ કરવાની ભાસ્કારની આવડત હતી, એમ તો કોઈક બહુ વિચક્ષણ માણસ હોય તો જ કહી શકે. સામાન્યોને તો ભાસ્કરની મનોવેદનાનું જ આ મંથન ભાસે.

'ના, હું કાંઈ એમ નથી કહેતી કે મારે ઊલટી ઉપાડવી પડે છે તેનું મને દુઃખ છે.' તૂર્ત કંચન ભાસ્કરની વ્હાર કરવા દોડી આવતી લાગી: 'હું તો એમની જ માંદા પડવાની બેપરવાઈની વાત કરતી હતી. તમે નાહક આ પૉઈન્ટ કાઢ્યો ભાસ્કરભાઈ, કેમકે એમને તો મારા પર જ ઓછું આવશે. મારુ ભાગ્ય જ આવું છે, મને યશ જ નથી, કોઈ દિવસ નથી.'

'પણ મેં ક્યારે...'

વીરસુતે વળી ફરીવાર એ વાક્ય કાઢ્યું કે તૂર્ત ભાસ્કર બોલી ઉઠ્યો: 'બ...સ! જોયું ના! તું સાદી એવી વાતમાં પણ કેટલો છેડાઈ પડે છે! પેલી સીધું કહેવા લાગી, તો પણ તને વાંકું જ પડે છે.'

વળી ફરીવાર ભાસ્કરનું વ્યંગભર્યું હાસ્ય ખખડ્યું. ને એણે ટોપી હાથમાં લેતે લેતે કહ્યું: 'ઠીક ચાલશું ત્યારે, માફ કરજે ભાઈ, કંઈ વધુ ઘટુ કહેવાયું હોય તો.'

'પણ હું ક્યાં કહું છું...' વીરસુત લગભગ ચીસ પાડી ઊઠ્યો. 'જો, જો, જો, જોયું ને? - હા-હા-હા-હા-' કરતો ભાસ્કર ઘર બહાર નીકળતો નીકળતો, ઊભા થવા જતા વીરસુતને કહી ગયો: 'તારે લેવાય તેટલો આરામ જ લેવો. વિવેક શિષ્ટાચારનો ક્યાં આ સંબંધ છે? પોતે એવી ઝાઝી જંજાળો રાખીએ જ નહિ. પડે બધો શિષ્ટાચાર સાબરમતીમાં. તેમ છતાંય એ બધું સંભાળનારી તો આ છે ને!'

'એમ કહીને વિદાય દેવા મારે આવવું એમ માગી લો છો ને?' કંચન હસીને એની પાછળ પાછળ ચાલી ગઈ.

વીરસુત બેસી રહ્યો.

અનુક્રમ⇨

## પ્રકરણ ૭: જુગલ-જીવન

ભાસ્કરભાઈને તો કંચન ઘણે દૂર સુધી વળાવવા માટે પૂર્ણિમાની વહેલી ઊગેલી ચાંદનીમાં ને ચાંદનીમાં ચાલી ગઈ. પાછળથી વીરસુતે પોતાના ઓરડામાં સૂતે સૂતે સાદ કર્યા: 'કંચન! કંચન! ગૌરી! ઓ ગૌરી!'

ભદ્રાએ તે વખતે એકલું ધોતિયું જ ઓઢીને રસોડું માંડ્યું હતું. તેવા સ્વરૂપે એણે અંદર ન જતાં બહાર ઊભે ઊભે જ દિયરને જવાબ દીધો: 'એ હાલ ઘડી એમને સાકરું છું હોં ભૈ!'

'ક્યાં છે?'

'અહીં બહાર જ ગયાં હશે ભૈ, લો જલદી બોલાવી લાવું.'

'તમારી પાસે રસોડામાં નથી?'

'ન-હા-છે-હતાં-હજુ હમણાંજ-લ્યો સાકરું, ભૈ!' એવા ગોટા ભદ્રાએ ઝપાટાબંધ વાળી નાખ્યા.

'ભાભી, જરા ગરમ પાણી કરીને કોથળી ભરી આપજો તો!'

'એ લો ભૈ, હાલઘડી કરી આપું હો ભૈ. લો મારી દેરાણીને ય સાકરી લાવું છું હો ભૈ! વાર નહિ કરૂં હો ભૈ!'

ભદ્રાએ જલદી જલદી બહાર જઈને આઘે નજર નાખી, પણ દેરાણી દીઠામાં આવી નહિ. છતાં એણે ધીરા સાદ દીધા: 'ઓ કંચનગૌરી!'

વળી પોતે રસોડા તરફ દોડી ગઈ ને ઉકળતી ખીચડી એકદમ ઉતારી એણે પાણીની તપેલી મૂકી દીધી. પણ રબરની કોથળી ક્યાં હશે! કંચનગૌરી તો હજુ આવતાં નથી. દેરને પૂછીશ તો પાછા પૂછશે કે કંચનગૌરી ક્યાં ગયાં? આવી મૂંઝવણમાં ને મૂંઝવણમાં પડેલી એ બે ત્રણ વાર દરવાજા સુધી જઈ આવી.

કંચન પાછી આવી ત્યારે ભદ્રા પરભારી એને રસોડે લઈ ગઈ ને ત્યાંથી પાણીની તપેલી એના જ હાથમાં પકડાવીને કહ્યું: 'જાવ બાપુ, જલદી શેકની કોથળી મારા દેરને આપો. એને કશીક પીડા થતી લાગે છે. એ કણકણે છે. એને કહેજો હો, કે તમે પોતે જ રસોડે બેસી પાણી ગરમ કરતાં હતાં. કહેજો કે હું નહાવા બેસી ગઈ હતી. તમે બહાર ગયાં હતાં ઈમ ના કે'તાં હો ભૈશાબ! મારી શોગન.'

જેઠાણીનો કશોક વાંક થયો લાગે છે, ને મારે હાથે એ વાંક ઢંકાવવા માગે છે, એવા પ્રકારની માન્યતા લઈને કંચન ગરમ પાણી ઉપાડી ચાલી. એ અંદર દાખલ થઈ ત્યારે વીરસુત પડખું ફેરવી જઈને પેટ દબાવી રાખી સૂતો હતો. કંચને કોથળી ઉતારી, ભરી, પછી પલંગે જઈ કહ્યું: 'લો જોઉં, આ તરફ ફરો જોઉં! ક્યાં મૂકું? એકાએક પાછું શાથી દુઃખવા આવ્યું?'

મૂકતાં મૂકતાં કોથળીનું ગરમ પાણી વીરસુતના શરીર પર ઢોળાયું. એણે 'અરરર...' સીસકારો કર્યો. શું થયું તે ન સમજતી કંચન પણ ચમકી ઊઠી.

"ઢાંકણું તો બરાબર બંધ કરવું'તું!' વીરસુતથી વેદનાના માર્યા આટાલું બોલાઈ ગયું.

'પણ મને શી ખબર!' એટલું બોલતાં બોલતાં કંચન રડું રડું થઈ પડી. 'મેં તો બરાબર બંધ કર્યું હતું.'

'તો પછી કોણે મેં ઊઘાડી નાખ્યું?' વીરસુત મોટે અવાજે બોલી ઊઠ્યો. 'તારે તો જવાબ જ આપી દેવો સહેલ છે.'

'લો ત્યારે મૂંગી મરી રહું. અભાગ્ય છે મારી.'

કોથળી તો વીરસુતે જ પેટ પર ગોઠવી લીધી, દસેક મિનિટ એની આંખ મળી ગઈ પછી એ જાગ્યો ત્યારે કંચન ડ્રેસીંગ ટેબલ પર જઈ અરીસા સામે બેઠી બેઠી રડવું રોકવાનો પ્રયત્ન કરતી હોય એવો ભાસ વીરસુતને થયો.

ખરી રીતે તો એ રડવાનો પ્રયત્ન કરતી હતી.

વીરસુતે તૂર્ત એને બોલાવી: 'આંહીં આવ, ગાંડી!'

જવાબમાં ડુસકું સંભળાયું.

'મારા સમ જો ન આવે તો.'

'સમ શા માટે દો છો? તમે મને ક્યાં વહાલા છો?' રડતી રડતી કંચને આ જવાબ વાળ્યો.

'એવું તે હું કદી માનું? આંહીં આવ ને બાપુ! ભલી થઈને આવ ને! જે બોલી જવાયું તે ભુલી જા ને. જો મને દુઃખાવો પણ ઓછો થવા લાગ્યો છે. આંહી આવીને તું હાથ ફેરવે તો હમણાં જ મને મટી જાય.'

કંચને આંસુ લુછ્યાં, પતિ પાસે ગઈ. વીરસુતે એને પલંગ પર પોતાની નજીક બેસાડીને પંપાળતે પંપાળતે કહ્યું: 'હું શું એટલો બધો અબુધ છું કે તને મારા પર કેટલો પ્રેમ છે તે પણ ન સમજી શકું? તું મારે માટે કેટલું કેટલું કરે છે તે શું હું નથી જાણતો? મારે ભાસ્કર ભાઈનો ઠપકો સાંભળવો પડ્યો.'

'તમને તો પાછા એમ જ લાગવાનું કે આ બધું ભાસ્કરભાઈને મેં જ કહી દીધું હશે.' કંચનનું ગળું હજી ગદ્ગદિત હતું.

'મને એવું કશું લાગ્યું જ નથી. તારા સોગંદ ખાઈને કહું છું.'

'ચાલો, છોડો હવે એ વાત. તમને દુઃખવું તો બંધ પડી ગયું ને?'

'હવે તો કેમ ન પડે? તું મારા પ્રત્યે રાજી હો તો દુઃખાવો ટકે નહિ. કોથળીના શેકે એ થોડો મટે છે? એ તો મટ્યો તારા સ્નેહની વરાળે.'

'હાય મા!! હું તો ફાળ ખાઈ ગઈ હતી.'

'કેમ?'

'આપણે ભાસ્કરભાઈની જોડે પેલા પૂર્ણિમા-ઉત્સવમાં જવાનું છે એ રઝળી પડત ને!'

'ઓ હો! એ તો હું પણ સાવ ભુલી જ ગયેલો. આપણે જવું જ પડશે?'

'હા, મેં તો બધું નક્કી કરી નાખેલું છે. હમણાંય પાછા ભાસ્કરભાઈ સાથે પાકું કર્યું. તેઓ બધા તો આપણી વાટ પણ જોવાનાં છે.'

'તેં મને પૂછ્યું ય નહિ ભલા?'

'પરમ દિવસે જ નક્કી કરેલું ને?'

'અત્યારે મને પેટમાં દુઃખતું સ્હેજ મટ્યું છે. ત્યાં જઈએ ને વધી પડશે તો?'

'તો આપણે રસ્તામાં ડોક્ટરને ત્યાં થતા જઈએ. તમે એક ડોઝ પી લો. બીજા ડોઝ સાથે રાખીએ ને ગરમ પાણીની કોથળી પણ હું સાથે લઈ લઉં છું.'

આ બધું કંચન છેક સ્વાભાવિક રીતે જ બોલી ગઈ. પોતે જે બોલી તેનો શબ્દેશબ્દ એ સાચો જ માનતી હતી. પતિના પેટનો દુઃખાવો એ સત્ય વાત હતી: મિત્રોમાં જમવા જવું, એ પણ એટલી જ સત્ય વાત હતી: પેટના દુઃખાવા માટે 'ડોઝ' લેવાનો હજુ વખત છે એ પણ સત્ય વાત હતી. ન જઈએ તો કેટલા બધાં માણસો નિરાશ થાય, એ પણ સત્ય હતું.

'એ બધી માથાફૂટ કરવા કરતાં, મને તો એમ થાય છે કંચન, કે તું એકલી જ ન જઈ આવે?'

'તો પછી એમ જ કહો ને, કે તમને મારી સાથે આવવું આજે ગમતું નથી!' એમ કહીને કંચન પોતે કપડાં ઘરેણાં પહેરવા માટે જે કબાટ ઉઘાડી રહી હતી તે પાછો બીડવા લાગી.

'નહિ નહિ, તને એમ લાગતું હોય તો ચાલ, હું દુઃખતે પેટે પણ આવીશ.'

'મટી ગયું કહો છો, ને પાછા કહો છો કે દુઃખતે પેટે આવીશ! કેટલું જુદું જુદું બોલો છો તમે પણ!'

'ચાલ, એ પણ નહિ બોલું. હવે તું ભલી થઈને કપડાં પહેરી લે.'

તે પછી અરધાક કલાક સુધીની ઝીણી ઝીણી ફ્લખરણીએ ઓરડામાં જલતી જ રહી. પ્રત્યેક નાની મોટી વાત પર બેઉ જણાં વચ્ચે વાદાવાદી ચાલતી હતી. થોડી થોડી ઉગ્રતા સામસામાં 'અલ્ટીમેટમ': પછી પાછા 'વ્હાલી' 'વ્હાલા' 'દુઃખ લાગી ગયું!' 'હવે નહિ લગાડું' એવા ફુલદડા શા ઉદ્ગારો ગુંથાયે જતા હતા.

રસોડામાં એક નાનકડી તપેલીમાં ખીચડી રાંધતી બેઠેલી ભદ્રાએ આવું જુગલ-જીવન અગાઉ કદી જોયું કે સાંભળ્યું નહોતું. અગાઉ પોતે જ્યારે આવેલી ત્યારે આ ધમરોળ અદીઠા હતા. અને આ ભાસ્કર અહીં નહોતો. ત્યારે આ નવી નવાઈ શાથી થઈ? ચૂલે બેઠી બેઠી એ કાનની સરવાણીઓ આ દેર-દેરાણીના ઓરડા સાથે જ જોડી રહી હતી ને એનું મન પોતાની જાણે જ બોલતું હતું કે 'માડી રે! આ કરતાં તો ધણી-ધણીઆણી વચ્ચે મોટા ધડાકા બોલી જાય એ શું ખોટું! તેનું દુઃખ આ ઝીણી ઝીણી ખાખાવીંખી કરતાં તો ઓછું હોં, બઈ! આ રોજનું તો નહિ હોય ને!

'કાં ભાભીજી!' એમ બોલતી કંચન રસોડા તરફ આવતી હતી ત્યારે તેનો સ્વર એકદમ બદલી જઈ મધુરી ઘંટડી જેવો બન્યો હતો. એ રસોડે પહોંચે તે પૂર્વે તો એના વસ્ત્રોની અત્તર-સુગંધ ને એની વેણીનો પુષ્પપરિમલ ભદ્રા પાસે પહોંચી ગયાં. પુષ્પો અને અત્તરોએ ભદ્રાના કાનમાં ઉન્માદ મચાવી દીધો. ને એક પલમાં તો કંચન ત્યાં આવી ઊભી રહી ત્યારે ભદ્રાને સંભ્રમ થયો. વિસ્મય લાધ્યું, અહોભાવ ઉપજ્યો: અહોહો! આ તો રૂપરૂપની પૂતળી: આ તો આનંદની નિર્ઝરણી: આ ખરડાએલા ગાલ કેવા લીસા લપટ ને ગોરા ગોરા થઈ ગયા: આ કપડાંની છટા: આ ચોટલાનો ચાબુક: આ લળક લળક હીરા ને મોતી: આ ભરત ભરેલી પગની ચંપલ!

'વાહ ભૈ વાહ! વાહ રે બૈ!' એમ એ બોલી ઊઠી. એટલું જ નહિ પણ એણે તો કંચનના હાથના પંજા પોતાના પંજામાં લેવા હાથ લંબાવ્યા.

'ભાભીજી, અમે જઈએ?' કંચન દૂર હટી જઈને ચાલતી ચાલતી કહેવા લાગી.

આ તો જો મુઈ! મને આ સોત થઈને ત્રીજી વાર ભર્યે મોંયે 'ભાભીજી' કહી બોલાવી: આમ તો જો મુઈ! આ મારી જોડે કેવી વ્હાલભરી હસે છે: ને પાછી મને મોટેરી કરે છે, રજા માગે છે કે 'જઈએ?' વાહ રે વાહ!

એવી હર્ષોર્મિના કટોરા પર કટોરા પીતી ભદ્રાએ ઊભા થઈને કંચનના માથા પર હાથ પસવારતે પસવારતે કહ્યું: 'જાવ માડી! ખુશીથી જાવ. એય તમ તમારે રંગે ચંગે જમી કરીને ફરી હરીને આવજો. આજ પુનેમ છે એટલે ઉતાવળાં થઈને ઘેર ન આવતાં રે'જો. મારી કશી જ ચિંતા ન કરજો. હું કાંઈ મેમાન થોડી છું બૈ! જાવ, એઈ ને ઈશ્વર વાસુદેવ તમારૂં જોડું સદા સુખી રાખે. ને ઘરડાં બુઢ્ઢાં થાવ માડી! જાવ!'

અનુક્રમ⇨

## પ્રકરણ ૯: ભાસ્કરની શક્તિ

સૂર્યોદયનું વર્ણન કરી શકાય છે. સૂર્યાસ્તને પણ શબ્દચિત્રમાં ઉતારી શકાય છે. પણ માથા પર આવેલા મધ્યાહ્નના સૂર્યનું તેજ તેમ તેનો પ્રતાપ પ્રચંડ હોવા છતાં તેનું સ્વરૂપ આલેખવું વિકટ છે.

એવું જ કઠણ કામ ભાસ્કરની ઓળખાણ આપવાનું છે. ભાસ્કર કૉલેજમાં નહોતો છતાં કૉલેજના પ્રોફેસર વીરસુતનો પ્રાણસંબંધી બની શક્યો હતો. ભાસ્કર સ્ત્રી-શિક્ષણમાં ઊતર્યો નહોતો છતાં કન્યાઓનાં એકોએક છાત્રાલયોની ભોંય ભાસ્કરભાઈના પગતળિયાંથી ઘસાઈ ગઈ હતી. ભાસ્કરભાઈને બેંકમાં ખાતું નહોતું, મિલની મજૂરની પ્રવૃત્તિ નહોતી, સિનેમાની વાર્તા લખવાની નહોતી, છાપામાં લેખ પણ લખવાની આવડત નહોતી; છતાં ભાસ્કરભાઈને બેન્કના યુવાન નોકરો ઓળખતા, ને તેમના આવવાની અઠવાડિયામાં એક વાર તો રાહ જોતા. મિલ-પ્રવૃત્તિમાં પણ ભાસ્કરનો અનાદર, ભરચક કામ વચ્ચેય કોઈથી થઈ શકતો નહિ. સિનેમાના ઉદ્યોગમાં જવાની ભલામણો જુવાનોને ભાસ્કરભાઈ પાસેથી જડતી.

ભાસ્કર ભાષણો કરતો નહિ, છાપામાં અહેવાલો મોકલતો નહિ, જાહેર ધમપછાડાની કોઈ પણ પ્રવૃત્તિમાં એ પગ મૂકતો નહીં, છતાં એ સચરાચરમાં સર્વવ્યાપક જેવો કેમ હતો તે કોઈ પૂછશે. એ વ્યાપક એટલા માટે હતો કે એ મોતીઓમાં થઈને પરોવાયે જતા સોયદોરા સમાન હતો. મોતીડાંને મુકાબલે દોરો બહુ મામુલી વસ્તુ છે. છતાં એ સર્વ મોતીને પોતાના ઉપર એક વાર અવલંબન લેવરાવી સદાને માટે અધીન બનાવી દેનાર શક્તિ છે. ભાસ્કર એ દોરાની માફક અનેક યુવાનોનું પ્રેરણાબિન્દુ એટલા માટે હતો કે એ છૂપી શક્તિઓને ચીંથરે વીંટ્યા રત્નો સમાન જુવાનોને હાઈસ્કુલો, કોલેજો કે મજૂર ગુમાસ્તાઓની પ્રવૃત્તિ કરતી સંસ્થાઓમાંથી શોધી કાઢતો; ને ચીપીઆ વતી ઝવેરી હીરો ઉપાડે એમ પોતાની લાગવગના ચીપીઆમાં ઉપાડી લેતો.

કોઈને સ્કોલરશીપ અપાવતો, અટકેલો અભ્યાસ એ ફરી શરૂ કરાવતો, તો કોઈને નાહક બાપનાં નાણાં બરબાદ કરવાના ભણતરમાંથી ખેસવી લઈ છાપાંની અથવા મજૂરની ઓફિસમાં ગોઠવી દેતો. ગુમાસ્તાગીરી કરતો અમુક જુવાન તો ચિત્રકાર થવા લાયક છે એટલી ખબર એને કોણ જાણે ક્યાંથી પડી જતી, ને એ જાણ થયા પછી આઠ જ દિવસે એ જુવાન તમે કોઈક આર્ટીસ્ટની કલાશાળામાં રંગરેખાઓ દોરતો જોઈ લ્યો.

એટલું કરીને જ એ ન અટકી જતો. પોતાની નજરમાં બેસી ગયેલા યુવાનનો યોગ્ય માર્ગ કરાવી આપવા એ છેક ભાવનગર ને વડોદરાના મહારાજા સુધી, મહાસભાના પ્રધાનો સુધી, જાપાની અને અંગ્રેજ વેપારીઓની હિંદી પેઢીઓ સુધી પતવ્યવહારની ધારા ચલાવતો, જાતે મળવા જતો, કોઈ મિત્રની મોટર હડફેટે ચડી ગઈ તો ઠીક છે, નહિતર ખિસ્સામાં ટ્રામના પણ પૈસા ન હોય તેવી અનેક વારની સ્થિતિમાં અથાક પગલે ગાઉઓના અંતરો પગપાળો કાપતો, અમદાવાદ મુંબઈ અથવા વડોદરામાં ભટકતો, ગમે તેમ કરીને પણ પોતાના પ્રીતિપાત્ર યુવાનનોને એ વિકાસનો માર્ગ ઉઘાડી દેતો. એ જ એની સત્તા હતી ને એ જ એનું શાસન હતું. સંખ્યાબંધ યુવાનો એની અદબ કરતા, એનો ઠપકો સાંભળી રહેતા ને પોતાના સાંસારિક જીવનમાં એની ડખલ થતી તે સામે હરફ પણ ન ઉચ્ચારી શકતા તેવા પણ કેટલાક હતા.

વિશેષ પણ એક કારણ હતું.

યુવકો અને યુવતીઓ ઉપર ભાસ્કરની મજબૂત સત્તાનું સૌથી મોટું કારણ આ હતું: કુંવારાઓને એ પરણાવી આપતો. માબાપોએ કરી આપેલાં જૂનાં વેવિશાળોમાંથી એ જુવાનોને બહાર કઢાવી શકતો અને જૂના વખતનાં કજોડાં લગ્નથી ગળોગળ આવી રહેલા ત્રાસ ત્રાસ પોકારી ચૂકેલા ભાઈઓને એ વકીલો પાસે લઈ જઈ નવાં સંસ્કારી લગ્નો કરવાની કાયદેસર સલામતીઓ સૂઝાડતો.

સ્ત્રીઓની તેમ જ પુરુષ વિદ્યાર્થીઓનાં છાત્રાલયોમાં એ એટલા ખાતર જ જતો આવતો. કઈ વ્યક્તિ કયા ગુપ્ત સિતમો ભોગવી રહેલ છે તેની જાણ એને જલદી આવી જતી. છૂપાં આંસુઓનાં પાતાળ-તળ પારખનારો એ પાણીકળો હતો.

'તારા દિલમાં કશુંક મોટું દુઃખ છે. તું ભલે ને છુપાવી રાખે.' એટલા એના બોલ સાંભળ્યા પછી અને એ બોલતી વેળાના એના મૃદુમધુર ને સહાનુભૂતિભરપૂર મુખભાવ નિહાળ્યા પછી એની પાસે અંતર ન ખોલી નાખે તેવાં જડ યુવક કે યુવતી કોઈ ન જડે. પોપટની પેઠે પ્રત્યેક જણ પોતાની ગુપ્ત મનોવેદના ભાસ્કરભાઈ પાસે ધરી દેતાં; ને ભાસ્કર એ બધું સાંભળ્યા પછી જરીકે ગદ્ગદિત નહોતો બની જતો; કહેનારની દયા ખાવાના શબ્દો બોલવા નહોતો માંડતો, પણ દિલસોજી ભરપૂર નેત્રે પોતાની શુભ્ર દંતાવળ દેખાડતું સહેજ હાસ્ય કરીને કહેતો: 'બસ, એમાં રડવાનું શું છે? રસ્તો જ કાઢવો જોઈએ.' ને રસ્તો પોતે કાઢી આપ્યે જ જંપતો. કોઈ સુમનને એ કહેતો કે તારે માટે સુનીતા જ બંધ બેસતું પાત્ર છે; તો કોઈ ચંપકને એ કહેતો કે તું દેવયાની સાથે સુખી નહિ થઈ શકે, તારે માટે તો ચંદન જ લાયક છે. રમણને એ ચેતવતો કે તું પ્રમીલામાં શું મોહાયો છે? એ છોકરી તારા જેવા શાંત માણસને સાચવી નહિ શકે, તું હેરાન હેરાન થઈ જઈશ: તારે લાયક તો લીલા જ છે.

ભાસ્કરની આ મેળવણી એની શેહમાં આવેલા બધા જ યુવાનોને બુદ્ધિમાં તેમ જ અંતરમાં ઊતરતી કે કેમ તે તો નક્કી નથી કહી શકાતું; છતાં ભાસ્કરની પસંદગીનું ઉથાપન કોઈએ કર્યાનું અમને સાંભરતું નથી.

લગ્નની વાટાઘાટ ભાસ્કર જ કરી આવતો, તિથિ પણ બેઉની સગવડ વિચારીને ભાસ્કર જ નક્કી કરતો; 'સિવિલ મેરેજ' નોંધાવવા માટેની બધી જ પત્રવ્યવહાર વિધિ ભાસ્કરને શિરે રહેતી. પરણનાર યુવાનને અને યુવતીને તો એ છેલ્લી ઘડી સુધી કનડગત કરતો નહિ. તેઓ ગામમાં હોય કે જુદાં જુદાં પરગામ હોય, બેઉ લગ્નતિથિની આગલી સાંજે એકાએક ટ્રેનમાં ઊતરી પડે. કેમ જાણે કશું જ ધાંધલ કે ધમાલ છે જ નહિ એવા પ્રશાંત રોજિંદા વાતાવરણમાં બેઉ જણાં હાજર થઈ જાય, ને વળતા દિવસે ચોકસ કલાકે સરકારી તેમ જ ધાર્મિક ક્રિયાઓ ટૂંકસર વિધિથી પતાવીને કશું જ જાણે કે બન્યું નથી એટલું

હળવુંફૂલ હૈયું લઈને પરણનારાં સંસાર શરૂ કરી લે, કે પછી જરૂર પડે તો તે ને તે જ દિવસ રાતની ટ્રેનોમાં બેઉ પરણનારાં પોતપોતાનાં અલગ અલગ કાર્યસ્થાને પરગામ પહોંચી જઈ પૂર્વવત્ પ્રવૃત્તિ ચાલુ રાખે.

બનતું એવું કે ભાસ્કરે મેળવી આપેલાં આવાં યુવાન જોડાંમાં નબળો હમેશાં સ્ત્રીનો પક્ષ ગણીને ભાસ્કર તે પ્રત્યેકની કાયમ સાચવણ રાખતો. આ લગ્નો નવયુગી ગણાતાં, ને લગ્ન કરનાર છોકરીઓ પણ ઘણે ભાગે રળતી કમાતી થઈ ગયેલી જ હતી, છતાં તેના સ્ત્રીધનની રકમ તો ભાસ્કર છોકરાઓ પાસેથી છોડાવતો ને બેન્કમાં મુકાવતો. આવાં લગ્નો બંડખોર ને ક્રાંતિકારી હોવાથી ઘણે ભાગે તો છોકરો છોકરી બેઉનાં માવતરો એમાં ભાગ લેવાં આવતાં નહોતાં, તેથી ભાસ્કરની જવાબદારી વધતી હતી. છોકરાઓ પોતાની પત્નીઓને એમની ઈચ્છા વિરૂદ્ધ પાછાં મા બાપને ઘેર ન મોકલી આપે, અથવા છોકરાઓ પોતાનાં ભાઈબહેનો વગેરે સગાંને તેડાવી પત્નીઓ પર એ સૌની રસોઈ ઈત્યાદિ સરભરાનો બોજો ન ખડકે, તેની ભાસ્કર સતત તકેદારી રાખતો.

પરિણામે પતિ-પત્નીઓ વચ્ચે અણબનાવ, અબોલા કે ચણભણ થતી ત્યારે (બેશક ક્રાંતિકારી લગ્નમાં વિશેષ થાય જ.) બેઉનું ફરિયાદ કરવા ઠેકાણું ભાસ્કરભાઈ હતા; બેઉનો ન્યાય તોળનાર પણ ભાસ્કરભાઈ હતા. બેઉને સજા ભોગવાવનાર જેલર પણ ભાસ્કરભાઈ હતા.

આ બધું કરવામાં કેટલાક ઉપલક દૃષ્ટિથી જોનારાઓને વહેમ આવતો કે ભાસ્કર મેલો હતો, દંભી ને ઢોંગી હતો, પક્કો ને પ્રપંચી હતો. પણ એ ખરું નહોતું. ભાસ્કર પૂરેપૂરો પ્રમાણિક અને સહૃદયી હતો.

ભાસ્કરને અમદાવાદમાં આવ્યે છએક વર્ષો થયાં હતાં. પણ એનું ત્યાં કોઈ સગું નહોતું. એ ક્યાંઈક પરપ્રાંતોમાં રહીને આવ્યો હતો. વળી ધૂમકેતુ શી પ્રકૃતિનો હોઈ, વારંવાર બહાર ઊપડી જતો, મહિનાઓ સુધી એનો પત્તો ન લાગતો. એના કુટુંબસંસાર વિષેનો ભેદ કોઈ જાણતું નહિ; કોઈ પૂછતું પણ નહિ.

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૦: લગ્ન: જૂનું ને નવું

**ભાસ્કરની** આવી લગ્નદૃષ્ટિમાંથી જ ઊભો થયો હતો વીરસુત અને કંચનનો લગ્નસંસાર.

વીરસુતની પહેલી પત્ની ગામડિયણ હતી, અને લગ્ન પણ હાઈસ્કુલના ભણતર દરમિયાન થયેલાં. એક તો પત્ની ગામડાના સંસ્કારવાળી, તેમાં પાછું તેણે વીરસુતને લગ્ન પછી વહેલામાં વહેલી તકે બાળક આપ્યું. વીરસુત અમદાવાદ કૉલેજમાં ભણતો, સ્ત્રી અને બાળક પિતાને ઘેર સચવાતાં. રજાઓમાં વીરસુત ઘેર આવતાં ડરતો હતો. બીજું બાળક-ત્રીજું બાળક- માથે પડવાની ફાળ ખાતો એ થોડા દિવસ મુંબઈ, થોડા દિવસ છૂટક છૂટક મિત્રોને ગામ અને થોડા દિવસ પોતાને પિતૃગામ ગાળતો.

પિતાને ઘેર જતાં પહેલાં એ હંમેશાં એક શર્ત કરતો કે પિતાએ સ્ત્રીને બાળક સહિત એના પિયરમાં મોકલી દેવી, નહિ તો નહિ આવી શકાય. પિતા પોતે ભણેલા ગણેલા એટલે પુત્રનો ભય સમજી ગયા હતા. સમજીને પુત્રની ઈચ્છાને અનુસરતા, બેશક વીરસુત પોતાની

પત્ની પાસે સાસરે એકાદ આંટો જઈ આવતો. જૂની રૂઢિનાં સાસરાં જમાઈ-દીકરીને જુદું શયનગૃહ ન દઈ શકતાં એ પણ વીરસુતને માટે સલામતીની વાત હતી.

વીરસુતની આ પહેલી પત્ની એટલે આપણા દેવેન્દ્ર-દેવ-ની બા. ગામડાંની હાડલોહી લઈને આવેલી એવી નવયૌવનભરી સ્ત્રી ત્રણ જ વર્ષોમાં કેમ મરી ગઈ તેનું એક કારણ દેવેન્દ્રના દાદાજીના મોંમાંથી સહેજ સરી પડેલું આપણે સાંભળ્યું છે. વ્રતો ઉપવાસો પર એ જુવાન પુત્રવધૂ અતિશય ચાલી ગઈ હતી. આટલાં વ્રતો ઉપવાસો કરીને કંચન સરીખી કાયા ઘસતી એ દેરાણી ફક્ત એક ભદ્રાની પાસે જ એક દિવસ માંડ માંડ મોં ખોલી શકી હતી. એણે કહ્યું હતું કે 'જરાક વધુ ખવાઈ જાય છે, જરીક પેટ ભરાઈ જાય છે કે તુરત મને, ભાભીજી, કોણ જાણે શાથી શરીરે અતિશય લોહી ચડવા લાગે છે: ને પછી તમારા દેર રાત ને દા'ડો એવા યાદ આવ્યા કરે છે, કે ક્યાંય ગોઠતું નથી. ઊંઘું છું તો સ્વપ્નાંનો પાર રહેતો નથી. સ્વપ્નાં તો ભાભીજી, સારાંય હોય ને માઠાંય હોય. તમારા દેર પણ, ભાભીજી મને મુઈને પીલપાડા જેવી જોઈ ઝાંખાઝપટ થઈ ગયા'તા. એમણે તો કોણ જાણે કાંઈ સમજાય નહિ એ રીતે મને કહ્યુંય હતું કે હું ભણું છું ત્યાં સુધી તો શરીર કાબૂમાં રાખ! આ તે દા'ડાથી મને મુઈને વ્રત રહેવાં બહુ જ ગમી ગયાં છે.'

આમ ભૂખી રહેવાનું બહાનું ઊભું કરીને દેવની બા વીરસુતને વળતી જ વેકેશનમાં પોતાના શરીર પરનો કાબુ બતાવી ચિંતામુક્ત કરી શકેલી. તે પછીની વેકેશનમાં તો વીરસુતે એનાં વધુ ગળી ગયેલાં ગાત્રો તરફ જોઈ પોતે કૉલેજમાં વિક્રમોર્વશીય નાટક ભણતો હતો તેમાંથી પુરુરવા રાજાની તપસ્વિની પત્નીવાળો શ્લોક પણ સંભળાવ્યો. ચોથી વેકેશને એ જાણે પેલી હૃષ્ટપુષ્ટ ગામડિયણ પત્નીનો દેહ જ ન રહ્યો; ને કૉલેજ-કાળ પૂરો થવાને વાર નહોતી ત્યાં જ દેવની બાના એ ક્ષીણ શરીરનો કાળ પૂરો થઈ ચૂક્યો.

દરમિયાન તો વીરસુતની છાત્રાલયની ઓરડીમાં ભાસ્કરભાઈની આવજા ચાલુ થઈ ચૂકી હતી. વીરસુતની આંતરવેદનાના જાણભેદુ ભાસ્કરે જ વીરસુતને ભવિષ્યના Future Complications-ના નવા ગૂંચવાડા ન ઉમેરવા માટે માટે બ્રહ્મચર્ય પાળવાની ગાંઠ બંધાવેલી. ભાસ્કરે વીરસુતને ચેતાવી પણ રાખેલો, કે "ભાઈ, તારી 'કરીઅર'-તારી ઉજ્જવલ કારકીર્દી જો ચૂંથી ન નાખવી હોય તો આ જૂનાં ઢીંગલાં ઢીંગલીનાં લગ્નને તારે કોઈક દિવસ- જેમ બને તેમ જલદી- તિલાંજલિ આપવી જ જોશે; હું સમજું છું કે તારે હૃદયને વજ્રનું કરવું પડશે. તારાથી જો બની શકે તો તારી ગ્રામ્ય પત્નીને પણ પોતાના મનફાવતા અન્ય સ્થાને પરણવા તૈયાર કરવી પડશે. અને એ કામ તો પાછું સૌથી વધુ કઠિન છે. જૂના સંસ્કારની સ્ત્રીઓ, તેમાં પણ પાછી વાણિયા બ્રાહ્મણની પરજીવી-પરાશ્રયી-પોતે ન રળી શકતી પત્નીઓ એટલી બધી તો ગુલામ લાગણીવાળી બની ગઈ હોય છે, કે પતિ નવી સ્ત્રી લાવશે તેય સહી નહિ શકે, પતિ ઘરનો આશરો પણ છોડી નહિ શકે, નહિ પતિ સામે અદાલતમાં તકરાર કરી જીવાઈ મેળવી શકે, અને છેલ્લામાં છેલ્લું, નહિ પોતાના બાળકથી છૂટી પડી શકે. બીજી બાજુ એ આપઘાત સાવ સહેલાઈથી કરી શકશે, ને તું એને ફરી પરણવાની વાત કરીશ તો તો વાઘણ બની ઘૂરકશે- પણ ગામડાંમાં છૂપા સંબંધો રાખતાં નહિ અચકાય.'

ભણી ઊતરવા આવેલા વીરસુતને ભાસ્કરનો આ એકેએક શબ્દ સચોટ કલેજે ચોંટેલો. પોતે પત્નીના મદમસ્ત શરીર પર ટકોર કરેલી તે પણ આ છેલ્લી શંકાને લીધે જ. ને એણે પત્ની પાસે જઈ આ તમામ ચોખવટ કરી નાખવા બીસ્તર પણ બાંધી રાખેલું. મનમાં કડીબંધ દલીલો પણ ગોઠવી રાખેલી. સ્ત્રીએ શા માટે પોતાનો બગડેલો ભવ સુધારી લેવા પુરુષના જેટલી જ સ્વતંત્ર, નવી લગ્ન-પસંદગી કરવી, એ મુદ્દા પર પત્નીને એકાએક આઘાત ન લાગે તેવી સિફ્તથી સમજાવવા પોતે સુસજ્જ બનેલો. ત્યાં તો એને સ્ત્રીના

અવસાનના ખબર મળ્યા, ને તેને તે બાપડીના સદ્ગુણો યાદ આવ્યા. ગામડિયણ છતાં કહ્યું માનનારી હતી એ વાત એણે સ્નેહી મંડળમાં વારંવાર કહી. બ્રહ્મચર્ય પાળવાના મુદ્દા પર એણે જે સંસ્કાર બતાવ્યો તે તો ક્રાંતિકારી હતો એમ પણ એણે જે જેને કહી શકાય તેમને કહ્યું, અને એકદમ ખરખરો પતાવીને જેને વળતી જ ટ્રેનમાં પાછા ચાલ્યા જવું હોય તેવા માણસની માફક એણે ટૂંક સમયમાં જ સ્ત્રીના ગુણોનું સ્મરણ પતાવી દઈ નવા સંસ્કારી લગ્નસંસારની વાટ મોકળી નિહાળી હતી.

'હવે પતી ગયા પછી મને તાર કરીને તેડાવવાની શી જરૂર હતી?' આવો પ્રશ્ન વીરસુતે પોતાની પત્નીના અવસાન બાદ ઘેર પહોંચીને પિતાને કર્યો હતો.

'બીજું તો શું, આપણે સૌ સાથે હોઈએ તો દુઃખ વીસરીએ, તને અણધાર્યો આઘાત ન લાગે; ને આ દેવ નજર સામે રમતો હોય તો તારા મનને ખાલી ખાલી ન લાગે, તેટલા ખાતર.' માસ્તર સાહેબે માળાનો બેરખો ફેરવતે ફેરવતે સામે રમતાં પાંચ-છ વર્ષના દેવુની ઓશિયાળી આકૃતિ બતાવીને જવાબ દીધો હતો. પણ વીરસુત તો દેવુને પોતાની પ્રેમહીન, વ્યભિચારરૂપી લગ્નનું પાપ-ફળ માનતો એટલે એની સામેય જોયું નહિ.

થોડે જ દિવસે અમદાવાદથી ભાસ્કરનો તાર આવ્યો હતો: 'ફસાઈ જતાં પહેલાં અહીં ચાલ્યો આવ.'

પણ પિતાએ વીરસુતને છોડ્યો નહિ. 'હું એકલો પડીશ તો મારું દિલ મુંઝાશે' એમ કહીને રોક્યો હતો. પછી બારમો દિવસ થયો ત્યારે પિતાએ વીરસુતને પાસે બેસારી એકાંતે વાત કરી: 'જો ભાઈ, વહુ ગઈ તેનું દુઃખ તનેય હશે, મનેય છે. મારું તો સ્વાર્થનું દુઃખ છે કેમ કે એ મારા ઘરની લાજઆબરૂ સાચવતી હતી, સુલક્ષણી હતી, પણ તારું તો અંતઃકરણ જ સુનકાર થયું હશે એ હું સમજું છું. હવે એ સ્થિતિ કાંઈ કાયમ તો રાખી શકાવાની નથી. વહેલો કે મોડો એનો નિવેડો તો લાવવો જ પડશે.'

'એમ કેમ માની લ્યો છો તમે?' વીરસુત વચ્ચે બોલી પડ્યો હતો.

'નથી રહી શકાતું એ હું અનુભવે કહું છું. ભાન ભૂલી જવાય છે, કામકાજ સૂઝતાં નથી. પુરુષની એ પામરમાં પામર સ્થિતિ છે. માટે ગયેલાંને યાદ કરવાં ખરાં, પણ તેની વળગણ મનમાં રાખી મૂકી પુરુષાર્થને હણાવી ન નાખવો બેટા! વહેલું ને મોડું...'

'હજી એની ચિતા ઠરી નથી ત્યાં જ તમે એ તજવીજ કરવા લાગ્યા, બાપુ?'

વીરસુત આ બોલ્યો ત્યારે એને યાદ જ હતું કે અમદાવાદના છાત્રાલયમાં કેટલીએક કુમારીઓ સાથે પોતે તો પત્ની જીવતી હતી ત્યારથી જ તજવીજમાં પડ્યો હતો.

'મુશ્કેલી એ છે ભાઈ!' પિતાએ માળા ફેરવતે જ કહ્યું: 'સારી કન્યાઓનાં માવતર આપણી રાહ જોઈને ક્યાં સુધી ટટળે? ને વિવાહમાં તો સહેજ ટાણું ચૂક્યા પછી હંમેશને માટે પત્તો જ લાગવો મુશ્કેલ પડે છે. રહી જાય તે રહી જાય છે. આપણે સૌ મધ્યમ વર્ગના છીએ. ધંધાર્થીઓ છીએ, વ્યવસાયપરાયણ છીએ. માટે ભાઈ, જીવનની બાજી જેમ બને તેમ જલદી ગોઠવીને આગળ ચાલવા વગર આરોવારો નથી. બીજું તો પછી ગમે ત્યારે થાય, તું ફક્ત ઠેકાણાં નજરે જોઈ રાખ.'

'મારી વાતમાં તમે ચોળાચોળ કરશો નહિ!'

એમ કહીને વીરસુતે પોતાને માટે આવતાં બે પાંચ બહુ સારી કન્યાઓનાં કહેણ તરછોડ્યાં હતાં, ને પોતે અમદાવાદ ચાલ્યો ગયો હતો. ત્યાં એને જે આશ્વાસન જોતું હતું તે મળ્યું હતું. ત્યાં એણે હોસ્ટેલમાંથી નીકળી જઈ એમ. એ. નો અભ્યાસ જુદું મકાન રાખીને જ

કરવા માંડ્યો. અભ્યાસમાં સોબત આપવા માટે બે ચાર યુવતીઓ અવારનવાર આવી જતી, પોતે પણ તેમના છાત્રાલયમાં અથવા જેઓ ગામમાં જ રહેતાં તેમનાં માતાપિતાને ઘેર જતો આવતો થયો હતો. કોઈ કુમારી તેને પોતાની ન્યાતનાં સ્ત્રીમંડળોમાં ભાષણ દેવા નોતરી જતી તો કોઈ વળી મજૂર-લતામાં પોતે જે બાળવર્ગ ચલાવતી તેમાં ઈનામ વહેંચવા લઈ જતી.

તે સૌમાં કંચનનું સુવર્ણ વધુ ઝગારા મારતું. કંચનતો હરિજનવાસનાં બૈરાંને ભણવવાનો વર્ગ ચલાવતી. કંચનને આ સેવા જીવનમાં લગાવનાર ભાસ્કરભાઈ હતા. કંચનના માબાપ આફ્રિકાના જંગબારમાં રહેતાં અને દીકરીને અહીં રાખી ભણાવતાં રહેતાં. એનું વેવિશાળ તો નાનપણથી થયું હતું. પણ એનાં માબાપ નવા વિચારમાં ભળ્યાં, દીકરીને એમણે ભણાવવા માંડી, સાસરિયાંને એ ગમ્યું નહિ. ઉપરાઉપરી કહેવરાવ્યું કે પરણ્યા પછી ભલે ફાવે તેટલું ભણે, અત્યારે નહિ ભણવા દઈએ. પણ માવતરે હિંમત કરીને કંચનને મેટ્રીક કરાવી પછી અમદાવાદ ભણવા બેધડક મોકલી દીધી હતી. આને પરિણામે જૂનું સગપણ તૂટ્યું હતું. દરમ્યાન માબાપનું ત્યાં જંગબારમાં મૃત્યુ થયું એટલે કંચન સ્વતંત્ર બની હતી.

સગપણ તોડાવવામાં ભાસ્કરભાઈનો મોટો પાડ હતો. એણે કંચનની તેજસ્વી બુદ્ધિશક્તિ પારખી લીધી હતી. તે પછી એક વાર બસ-ખટારાના સ્ટેન્ડ પર ઊભાં ઊભાં બેઉ જણને ઠીક ઠીક એકાંત મળી ગયેલ. વાતનો પહેલો તાંતણો ખેંચતાં તો ભાસ્કરભાઈને સરસ આવડતું હતું. ને તાંતણો ખેંચ્યા પછી મુસાફરી પણ બેઉએ સાથે કરવા માંડી. પછી તો એ જ મોટર-બસ જ્યાં જ્યાં લઈ ગઈ ત્યાં ત્યાં બેઉ જોડે જ ગયેલાં ને આખી વાત જાણ્યા પછી ભાસ્કરે એનાં મા બાપ સાથે તેમ જ સાસરિયાં સાથે પત્રવ્યવહાર માંડી દીધો હતો. છ જ મહિનામાં વેવિશાળ ફોક થયું હતું.

પછી કંચનને માટે ભાસ્કરે ત્રણ ચાર જુવાનોને ચકાસ્યા હતા. એક પછી એક એ ત્રણે સાથે કંચન ઘાટા ઘાટા સંબંધમાં આવી ગઈ હતી, એક પછી એક એ ત્રણેની સાથે કંચનને વિચ્છેદ પણ ભાસ્કરે જ પડાવ્યો હતો. મનના ઠીક ઠીક મેળ મળી ગયા પછી આ ઉપરાઉપરી ત્રણ ઠેકાણેથી કંચનને હ્રદય ઊતરડવું પડ્યું હતું કારણ કે ભાસ્કરે એ પ્રત્યેક સંબંધ તોડ્યાનાં જોરદાર કારણો આપ્યાં હતાં-

'સુમન તને બેવફા છે, એ પેલી મનોરમા પાછળ દોડે છે.'

'જયંતિ તારા ને મારા સંબંધની ઈર્ષ્યા કરે છે કંચન! એ તો એક ઠેકાણે એટલે સુધી બોલી ગયો છે કે પરણી લીધા પછી જોઈ લઈશ, કે કેમ સંબંધ રાખે છે: ઘરમાં પૂરીને મારીશ!'

મઝમુદાર વિષે પણ કશીક એવી જ વાત કરેલી: 'એ છોકરો દારૂડિયો નીવડશે તો હું નવાઈ નહિ પામું કંચન.'

આ ત્રણેક સંબંધો ચૂંથાઈ રહ્યા, ત્યાં વીરસુત પણ વિજ્ઞાનમાં પહેલો વર્ગ મેળાવીને અમદાવાદની કૉલેજમાં પ્રોફેસર નિમાઈ ચૂક્યો. એટલે ભાસ્કરે કંચનના તોપખાનાને એ દિશામાં નિશાન લેવરાવ્યું. ને એ નિશાન પડતાં ઝાઝી વાર ન લાગી.

લગ્નની સાંજે ભાસ્કર વીરસુતને દૂર દૂર ફરવા તેડી ગયો હતો. કાંકરીઆ તળાવની પાળે બેઉ ફરી ફરી એક ઠેકાણે બેઠા હતા. ભાસ્કરે કહ્યું હતું: 'તું જાણે છે વીરસુત, કે મારા જીવનમાં હું કેવો વિનાશ કરીને તારા જીવનનો ફૂલબાગ રોપાવું છું? તું કેમ કરીને જાણી શકીશ? બીજું તો શું ભાઈ! પણ એને જતન કરીને જાળવજે. કોઈકના જ તકદીરમાં તેજ લખાયું હોય છે. સમજી લેજે કે તારા સંસારમાં એક શક્તિ પ્રવેશ કરે છે.'

વીરસુત કશું બોલી શક્યો નહોતો, એણે તો ભાસ્કરના પગ જ પકડી લીધા હતા.

જેનાં જેનાં લગ્ન-ચોગઠાં ભાસ્કરે ઘડી દીધાં હતાં, તે પ્રત્યેક પાસે લગ્નને ટાંકણે ભાસ્કર કાંઈક આજ ભાવનું બોલેલ. એવું બોલવામાં એ જુઠો પણ નહોતો. પોતે પર સાથે પરણાવેલી પ્રત્યેક કન્યાને પોતાના માટે જ વારંવાર ઝંખેલી. પોતાની સહચારી રૂપે કલ્પેલી, પણ પોતાની ઉમર પ્રમાણમાં મોટી થઈ ગઈ હતી એ કારણે એણે એ કન્યાઓ સાથે બાંધવા માંડેલો સ્નેહ પ્રણયનું રૂપ પામી શકતો નહોતો. છોકરીઓ એને વડીલ તરીકે સન્માનતી ખરી, પ્રેમી તરીકે કલ્પી ન શકતી; એટલું સમજી લઈ એ બીજા જુવાનોને લાભ અપાવતો. એટલે પોતે પ્રત્યેક જુવાનને જે કહેલું તે જુઠું નહોતું. પોતાનું જીવન વેરાન બનાવીને જ એ બીજાના સંસારમાં ફૂલબાગ રોપતો હતો.

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૧: દેવુનો કાગળ

બે વર્ષથી ઊગતો આવતો આ વીરસુત-કંચનનો જીવનબાગ કેવોક મ્હેકતો હતો તેની તો સુગંધ લઈને જ તે દિવસની રાતે ભદ્રા સુતી હતી.

કજિયાની રાત પૂરી થઈ હતી, પણ કજિયો શું હજી ચાલુ હતો? કજિયાનાં લાંબા મનામણાં એ પણ શું કજિયાનું જ બીજું સ્વરૂપ નથી? વહેલી ઊઠીને ન્હાઈ પરવારી દૂધ પાણી તૈયાર કરીને ભદ્રા ક્યારની બેઠી હતી. દેરદેરાણી બહાર આવીને તૂર્ત દાતણ-પાણીથી પરવારી લ્યે એટલા માટે આસનીઆં પથારી બે લોટા અને બે લીલાંછમ સીધાં દાતણ પણ તૈયાર રાખેલાં. દાતણ કરવા બેસે કે તૂર્ત ચહા પલાળવા પાણી ક્યારનું ચૂલે ખદખદતું રાખ્યું હતું.

દા'ડો ચડ્યો તોયે બેઉ સળવળતાં નથી. ઓરડો કેમ સુનકાર છે? માડી રે, કાંઈ સાહસનું કર્મ તો નહિ કરી બેઠા હોય ને બેઉ જણ?

ભદ્રાનો ધ્રાશકો વધતો ગયો. એનાં કલ્પના-ચક્ષુઓ સામે શબો દેખાયાં. એણે ધીરે ધીરે એક બે અવાજ કરી જોયા, પણ ઓરડાની શાન્તિ તૂટી નહિ. બ્હી ગયેલી ભદ્રાએ થોડીવાર વિચાર કર્યા પછી બંધ બારણાં તરફ પગલાં માંડ્યાં ને કાન પણ માંડ્યા. એટલેથી પણ પાકી ખબર ન પડી તેથી તેણે અંતરિક્ષમાં હાથ જોડ્યા ને કહ્યું:'હે ઈશ્વર! રંડવાળ્યનો અપરાધ માફ કરજો' એટલું કહીને એણે તરડમાં આંખો માંડી.

'હાશ! મારા બાપ! હવે શાંતિ થઈ.' એમ રટતી એ વળતી જ મિનિટે ઊંચા પગે ઓરડા બહાર નીકળી ગઈ ને કહેવા લાગી: 'રાતે ભયંકર લડાઈ લડેલાં અત્યારે પાછાં ગુલતાન છે, એકબીજાને મનાવી રહેલ છે. ઈશ્વર એને ક્ષેમકુશળ રાખો. મહાદેવ એમની સૌ આશા પૂરી કરો.'

પછી તો ભદ્રાએ ઈશ્વરની વિશેષ ક્ષમા માગવાની જરૂર ન જોઈ. વારંવાર એણે તરડમાંથી જોયું અને પ્રત્યેક વાર જોઈ કરી, પાછી હસતી હસતી એ રસોડામાં પેસી ગઈ.

સારી એવી વાર થઈ ત્યારે ભદ્રા કંટાળી: બાપ રે, આ મનામણાં તે કેટલાંક લાંબા ચાલતાં હશે! આ મનામણાં તો કજિયા કરતાંય સવાયાં! અમને તો એક ધોલ લગાવી દેતા, અમે રડી લેતાં, ને વળાતી જ ટંકે પાછું જાણે માફામાફી કરવા જેવું કશું સાંભરતુંય નહોતું.

આઠેક બજે પતિ પત્ની બહાર નીકળ્યાં. જેમતેમ દાતણ પતાવ્યું, લુછ લુછ ચા પીધી. પ્રોફેસરે હાથમાં રેકેટ લીધું ને પ્રોફેસરની પત્નીએ બહાર જવા મોટર કઢાવી. ત્યાં ટપાલીએ આવીને કાગળો દીધા. એક કવર પર કાચી હથોટીવાળા અક્ષરો હતા. ફોડીને કંચન વાંચવા લાગી. વાંચીને એણે ભદ્રાને કહ્યું,' ભાભીજી, આ તો તમારે ઘેરથી કાગળ છે. ઓહો! તમે તો અનસુને ઘેર મૂકીને આવેલ છો એ તો મને યાદ જ નહિ રહેલું. આ લ્યો કાગળ.'

'તમે જ વાંચી સંભળાવો ને મારી બેન કરું! મારા હાથ અજીઠા છે.' ભદ્રાએ રોટલીનો કણક બાંધતે બાંધતે કહ્યું.

કંચન મનમાં મનમાં તો કાગળ પૂરેપૂરો વાંચી ગઈ. પણ છેવટે એણે કહ્યું: ' આટલું લાંબુ લપસીંદર શું લખ્યું છે છોકરાએ? મારું તો માથું દુઃખવા આવ્યું. લ્યો, તમે જ વાંચી લેજો ભૈસાબ. મને એના અક્ષરો ઉકલતા નથી.'

એમ કહી કાગળને ઉઘાડો ને ઉઘાડો રસોડામાં ફેંક્યા જેવું કરીને કંચન મોટરમાં બહાર ચાલી ગઈ. તે પછી ભદ્રાએ રસોઈ પતાવીને કાગળ હાથમાં લીધો. પહેલાં તો એ ચોળાઈ ગયો હતો તેની સરખી ઘડી વાળી. પછી કવરમાં નાખ્યો. ને પછી પોતે કવર ખોલીને અંદરથી પહેલી જ વાર કાઢતી હોય એવા ભાવથી એણે કાગળ ઉઘાડી વાંચવા માંડ્યું:

'ગંગા સ્વરૂપ ભદ્રા ભાભુના ચરણમાં છોરુ દેવુના સાષ્ટાંગ દંડવતઃ તમે ચાલ્યાં તે પછી અનસુ આખો દિવસ રમી છે. ફક્ત એક જ વાર બા બા કરેલ છે. એને બરડામાં દુઃખાવો થતો હતો ત્યારે દાદા તેલ ચોળી દીધું છે. એનું માથું બા ફોઈએ મીંડલા લઈને ગૂંથી દીધું છે. તમે ઘેર નથી તેથી બા ફોઈ ડાહ્યાં થઈ ગયાં છે. અનસુ તમને યાદ કરે કે તુરત હું અનસુને ખાઉ ખાઉ આપું છું. દાદાજીએ કહ્યું કે દેવુ, આજે જ ભાભુ ગયાં તો પણ આજ ને આજ કાગળ લખી નાખ, કેમ કે ભાભુને ચિંતા થાય. ચિંતા કરશો નહિ, ને બા માંદા છે તે સાજાં થાય ત્યાં સુધી નિરાંતે રહેજો. બાને કાગળ લખવા કહેજો. ને ભાભુ, અનસુ મારી પાસે જ બેઠી છે. એણે આ કાગળમાં બાને કાગળ લખ્યો છે, આ લીટા એણે કર્યા છે. આ ડાઘા એના હાથના છે. દાદાજી આજે પાંચ વાર અનસુના ઘોડા થયા હતા. કાલે પાછો બીજો કાગળ લખશું. રોજે રોજ અનસુના ખબર લખશું. જીવ ઉચક રાખશો નહિ. દાદા ફરી ફરી લખાવે છે કે બાનું શરીર સારું થાય ત્યાં સુધી રોકાજો, બાને વાયડી ચીજ ખાવા દેશો નહિ, બાને ભજીઆં ખાવાં હોય તો મગની વાટી દાળનાં કરી દેજો, ચણાની દાળનાં નહિ. બાને શું થાય છે તે બાપુ નહિ લખે, શરમાશે, માટે તમે લખજો, દાદા દવા મોકલશે. બાને દાદાએ આશીર્વાદ લખાવ્યા છે, બાને બાફોઈએ સાંભર્યાં છે. અનસુ ઉંઘી ગઈ છે. ત્યાં બાપુજી શું કરે છે? ઘી ચોખ્ખું જોતું હોય તો દાદા મોકલે.

લી. દેવ

ભદ્રા જ્યારે આ કાગળનો અક્કેક અક્ષર બેસારતી હતી, ત્યારે મોટરમાં બેસીને ભાસ્કરને ઘેર જતી કંચન પણ આ કાગળનો અક્ષરે અક્ષર યાદ કરતી જતી હતી. એ જુઠ્ઠું બોલી હતી. એને એકેય અક્ષર ઉકેલ્યા વગરનો રહ્યો નહોતો. (કેમકે જૂના જમાનાની માસ્તરગીરી કરનાર દાદાજીએ દેવુને મોન્ટેસોરી પદ્ધતિની દયા પર છોડી ન મૂકતાં કોપીબુક વગેરે સારા અક્ષરો કઢાવવાની જૂની ગણાતી પદ્ધતિથી પૂરી તાલીમ આપી હતી.)

અને કાગળ વાંચ્યે કંચનનું માથું દુઃખવા આવ્યું હતું તે વાત પણ જુઠી હતી. એક નાનકડા કાગળની વાતમાં પોતે બે જુઠાણાં શામાટે બોલી હતી તે વિચાર એને અચાનક આવ્યો. એ કરતાંય વધુ ગંભીર જુઠાણાં તો પોતે કેટલીયે વાર બોલતી હતી. પણ બોલ્યા

પછી બીજી જ પળે એનો વિચાર-દોર પોતે કાપી નાખતી. દેવુના કાગળની બાબતમાં આમ ન થઈ શક્યું. પ્રથમ તો પોતે છૂપો ગર્વ અનુભવ્યો કે મારા માટે આટલાં બધાં લોકો કેવાં લટ્ટ થઈ રહ્યાં છે. થાય તો ખરાં જ ને! ન થાય તો જાય ક્યાં? ભૂંડી ગરીબીમાં સબડતાં હતાં તેમાંથી બહાર તો મારા ધણીએ કાઢ્યાં છે ને!

ધણીની કમાઈનું એ ગુમાન, એક પલમાં તો મગર પૂછડું મારીને પાણીમાં પેસી જાય તેમ કંચનના મન પર એક પ્રહાર લગાવીને શમી ગયું. કોની કમાઈ? ધણીની? ધણી કોનો? મારો ગર્વ કેટલો કંગાલ! એણે મને રાતમાં લપાટો મારી છે. એણે મને પ્રભાતે મનાવી પટાવી છે તે તો ભાસ્કરભાઈના ડરથી.

પતિની કમાણીનું અભિમાન ઊતરી ગયું, તેને સ્થાને જાગ્યું બીજું ગુમાન: એ બધાં લટ્ટ બને છે તે તો કેળવાએલી વહૂ દીકરાને વગર મહેનતે મળી ગઈ છે તેને લીધે. તેમને સૌને મારા શિક્ષિતપણાની શોભા જોઈએ છે. આગલી સ્ત્રીને કેમ હડધૂત કરી કરી મારી નાખી!

ને આ દેવુ તો સૌથી વધુ પક્કો લાગે છે. દસ વાર બા-બા-બા- લખ્યું છે. દુત્તો જણાય છે!

જેમ જેમ પોતે કાગળના આવા ઊલટા સુરો બેસારતી ગઈ તેમ તેમ કાગળ એના મન પર વધુ ને વધુ ચોંટતો ગયો. ભદ્રા સગી છોકરીને છોડીને આવી છે તે કાંઈ સ્વાર્થ વગર નથી આવી! જશે ત્યારે પાંચ સાડલા તો લેતી જ જશે ને! - એ રીતે જેઠાણીના ઉપકારને ધોઈ નાખવા પણ પોતે પ્રયત્ન કરી જોયો. છતાં તે સૌ જાણે પોતાની પાછળ પડ્યાં હતાં. સૌથી વધુ જોરાવર તો બનતો જતો હતો બા-બા-બા-બા- એ દેવુ નો બોલ.

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૨: નિર્વિકાર!

**ભાસ્કરની** મેડી નીચે ગાડી ઊભી રાખીને કંચને હોર્ન વગાડ્યું, ઉપરાઉપરી વગાડ્યું. બારીએ કોઈ ડોકાયું નહિ.

મોટરને ચાવી લગાવીને એ ઉપર ગઈ. તેટલામાં તો એને કૈંક વિચારો આવી ગયા; ઘરમાં નહિ હોય? ક્યાં ગયા હશે? લલિતાને ઘેર? કે માલતીને ઘેર? એ બેઉ તરફ મારા કરતાં વિશેષ લક્ષ કેમ આપે છે? એ બેઉ જણીઓ તો અત્યારે ઘરમાં એકલી હોય છે. જઈને કોણ જાણે શીયે વાતો કરતા હશે! મારી પણ વાતો કરતા હશે?

એ એક બે મિનિટોએ તો આ ભણેલી ગણેલી યુવતીના કલ્પના-ચકડોળને કેટલાંય ચક્કર ફેરવી એનાં અંતરમાં નાની શી એક નરક રચી આપી. અને એટલે સુધી મનને ઊકળાવી મૂક્યું કે ભાસ્કર ઘરમાં ન હોય તો એકદમ મારંમાર મોટરે લલિતાને ને માલતીને ઘેર જઈ પહોંચવા મન કુદાકુદ કરી રહ્યું.

પણ ભાસ્કર તો ઘરમાં જ ટેલતો હતો. એને દેખીને કંચને શ્વાસ હેઠો મુક્યો:

'હા......ય!'

'કેમ, હોર્ન બહુ વગાડવું પડ્યું?'

'સાંભળતા હતા ત્યારે કેમ મોં ન બતાવ્યું?' કંચનને સ્વરમાંથી આક્રંદ કાઢ્યું.

'જાણી બુઝીને.'

'કાંઈ દોષ?'

'હા જ તો, તારામાં મોટાઈ ન આવી જાય તે માટે જ જાણી બુઝીને.

'કેટલા ક્રૂર છો તમે!'

'તમારી સૌની વધુ પડતી કોમલતાને કાબૂમાં રાખવા જ તો.'

'કેમ અત્યાર સુધી ઘેર ન આવ્યા? ક્યાંઈ રખડવા ગયા હતા?'

'તારા ઘર સિવાયના ઘેરે જવું એટલે રખડવું એમ ને?'

'ના પણ મારા સોગંદ, સાચું ન કહો તો, ક્યાં ગયા હતા અત્યારમાં?'

ભાસ્કર ચપળ હતો. કંચનના અને બીજી છોકરીઓના અંતરમાં બળતા ઈર્ષ્યાગ્નિને ઓળખતો હતો. એણે જવાબ વાળ્યો: 'તને કહેવા હું બંધાએલો નથી, વીરસુત બંધાએલો છે.'

'એનું નામ ક્યાં લો છો પ્રભાતમાં?'

'કાં? અપશુકનિયાળ નામ છે?'

કંચને રાતની કથા રડતે રડતે વર્ણવવા માંડી. આખી વાતનો સાર આ હતો કે પરણવું હતું ત્યારે તો બણગાં ફૂંક્યાં કે તને તરતાં શીખવા લઈ જઈશ, તારે સાઈકલ અને ઘોડેસવારી શીખવી હોય તો શીખજે, તારે પુરુષ-પોશાક પહેરવો હોય તો મને શો વાંધો છે, તારા જીવનના મિત્રો, સ્ત્રી હોય કે પુરુષો, જે હો તે હો, તેની સાથે તારા સંબંધો તું તારે જેમ ઠીક પડે તેમ રાખી શકશે, હું કદી પણ વ્હેમ નહિ લાવું, ઈર્ષ્યા નહિ કરું; આવાં બણગાં આજે ક્યાંય અલોપ થઈ ગયાં છે. ને એ તો વાતવાતમાં વહેમાય છે. હું ક્યાં બોલું છું ને કોની સાથે કેમ બોલું છું એ તો ઠીક પણ સ્નેહીની સામે ક્યા પ્રકારની નજરે જોઉં છું તેનો પણ એ તો તુર્ત હિસાબ માગે છે.'

'તો પછી તું પણ સામે એવા જ સવાલો કાં નથી પૂછતી?'

'પૂછું છું જ તો.'

'બસ. એના માથાના થઈને રહેવું. થોડા નફ્ફટ થયા વગર કંઈ સંસાર નહિ ચાલે. તમારે સ્ત્રીઓએ શક્તિ બતાવવી જ જોઈએ.'

એમ કહેતો કહેતો ભાસ્કર પોતાનાં લમણાં દબાવ દબાવ કરતો હતો.

'કેમ એમ કરો છો?' કંચને પૂછ્યું.

'માથું દુઃખે છે. રાતે ઊંઘ સારી ન આવી, ને સવારે જરા વહેલો ઊઠી બહાર ગયો એટલે શરદી લાગી ગઈ છે.'

'તમે બેસો, ને કાં સુવો, લો હું કપાળે બામ અને માથે તેલ ઘસી દઉં.'

પોતાની સંબંધી સ્ત્રીઓ આગળ આવું કામ કરાવવાનો ભાસ્કરને કશો સંકોચ નહોતો તેમ ખાસ શોખ પણ નહોતો. એ સોફા પર બેઠો, ને કંચન એનાં લમણાં ને લલાટ પર માલીસ કરવા લાગી.

'બારણું બંધ કરી દઉં?' દાદર પાસેથી કોઈ જતાં આવતાં જોવે તો સુગાય તેમ ધારી કંચને કહ્યું.

'ના, બિલકુલ જરૂર નથી.' ભાસ્કરનો એ જવાબ ચોખ્ખોચટ હતો. પોતે જે આચરણ કરે છે તે સ્વાભાવિક સરલતાપૂર્વક જ કરે છે એવું સૌ લોકોને સ્પષ્ટ કરવાની એની ચીવટ હતી. વસ્તીવાળા મકાનમાં પોતે કોઈના વ્હેમ સંશયને પાત્ર બન્યા વગર એકલો રહી શકતો તેમાં આ કળા જ કારણભૂત હતી. માથું દબાવતો ને તેલ ઘસાવતો ભાસ્કર જરીકે વિહ્વળ નહોતો. એ સોફા પર સૂતો તેમાં પણ સ્વાભાવિકતા હતી. એનું લલાટ ઘસતી કંચન એના ઉપર ઝુકી રહી હતી ત્યારે પણ ભાસ્કરની સ્થિતિ સ્વાભાવિક જ હતી. પછી કંચન સોફાની કોર પર બેસી ગઈ, ને એણે ભાસ્કરનું માથું સગવડને ખાર ખોળામાં લીધું તો પણ ભાસ્કરની સમતામાં ફેર નહોતો પડ્યો. સૂતો સૂતો એ કંચનને એના પ્રશ્નોના જવાબ દેતો જતો હતો. એક જવાબ આ હતો-

'તને ન જ ફાવતું હોય તો છુટાછેડા લઈ લે. તમારું તો સીવીલ મેરેજ છે.'

'પછી ક્યાં જાઉં!'

'આવડી દુનિયા પડી છે. તું ભણેલી ગણેલી છે. નોકરી કરજે, ઈચ્છિત જીવન સ્વતંત્રપણે ગાળજે.'

કંચનને ગળે ઝટ ઝટ ઉતરી જાય તેવો આ શેરો નહોતો. નોકરી કરવાની કડાકૂટ, છેક આટલાં વર્ષે, પારકા રળનારના ખર્ચે મોજમજા માણવાની લાંબી ટેવ પડી ગયા પછી, થઈ જ શી રીતે શકે? સ્વતંત્ર જીવન જીવવા બેસું તો પછી મારું ઢાંકણ કોણ? આજે પરણીને બેઠી છું તો ફાવે ત્યાં ફરું છું, કોઈ ઊઘાડું નામ લઈ શકે છે? ને પછી તો સૌ આબરૂ ઉપર પાણા જ ફેંકે ને? એકાએક વિચાર-ત્રાગડો તૂટી ગયો. અધખુલ્લું બારણું ઊઘડ્યું ને વીરસુત દાખલ થયો. હાથમાં રેકેટ હતું, અને પગમાં ટેનીસ-જૂતા હતા તેથી જ દાદર પર અવાજ થયો નહોતો.

વીરસુતને જોતાં ભાસ્કરે તો જેમની તેમ સ્થિતિમાં પડ્યાં પડ્યાં જરીકે હાલ્યા ચાલ્યા વગર આંખો માંડીને કહ્યું: 'આવો.' એણે તો પોતાના હાથ કંચનનાં ઘૂંટણ ઉપર ઢળેલો હતો તે પણ હટાવ્યો નહિ.

એ સમતા કંચનમાં નહોતી. એણે સફાળા જ ભાસ્કરનું માથું નીચે સેરવી નાખ્યું. ભાસ્કરનાં લમણાં અને માથું ચોળવાની એની છૂટ સંકોચાઈ ગઈ. એણે દાબવું બંધ કર્યું નહિ છતાં પોતે કશુંક અનુચિત કામ કરી રહી હતી એવો ક્ષોભ અનુભવ્યો. એના હાથ ધીમા પડ્યા.

વીરસુત તો ખમચાઈ જ ગયો. એને પાછા દાદર ઊતરી જવા દિલ થયું. પોતે આવ્યો તે ન આવ્યો થઈ શકત તો રાજી થાત. એ ભાસ્કરના 'આવો' શબ્દનો ઉત્તર ન આપી શક્યો. ન તો એ ખુરશી પર બેસી શક્યો. બારી પાસે જઈને એ ઊભો રહ્યો. બારી વાટે બહાર જોઈ રહ્યો. જોતાં જોતાં એ વિચારતો હતો: મારું માથું કે મારું કપાળ તો આણે કદી જ દાબ્યું કે ચોળ્યું નથી. કહ્યા કરે કે હજુય પુરુષોને અમારી પાસેથી ગુલામી જ ખપે છે. કાં તો કહે કે મારા હાથની ગરમી તમને લાગી જશે!

ત્યારે આંહી આ સ્વસ્થતા ને આ સેવાપરાયણતા કેમ?

કદાચ એ શરીરસેવા જ હશે. નર્સો ડોક્ટરો શું નથી કરતાં?

પણ તો મારાથી ચોરી કેમ રાખી? મને દેખીને જ કાં માથું હેઠે ઉતાર્યું? એ ચોરી નહિ? નર્સો ડોક્ટરોના જેવી સ્વાભાવિકતા એમાં ક્યાં રહી? આટલું એ પૂરું વિચારી રહ્યો નથી ત્યાં તો ભાસ્કરે કહ્યું: 'લે ત્યારે કંચન, ભેગાભેગી મારા હાથનાં કાંડા પણ ચોળી દે. મને બધો જ થાક ઊતરી જશે. તું આટલું સરસ ચોળી જાણે છે ત્યારે તો શું! વીરસુત બડો ભાગ્યશાળી છે.'

વીરસુત કશું બોલી શક્યો નહિ. કંચન પણ એની સામે જોયા વગર જ તેલ લઈ ભાસ્કરના હાથ ચોળવા મંડી.

વીરસુતને એકાએક આ ક્રિયાથી ખટક લાગી હતી તે શું ભાસ્કર પામી ગયો હતો? ને તેથી જ શું એ ક્રિયાને સ્વાભાવિક નિર્વિકારી ક્રિયા તરીકે દેખાડવા આ ચાલાકી કરી રહ્યો હતો? કે ખરે જ શું ભાસ્કરનું મન આ માલેસી, આ ચંપી તેમ જ આ ખોળામાં માથું લેવાની ક્રિયામાં વિકારદૃષ્ટિએ જોતું જ નહોતું?

જાણવું કઠિન હતું. કળાનો અર્થ જ એ કે પોતાના કાર્યને કુદરતી, સ્વાભાવિક, નૈસર્ગિક કરી બતાવે. સાચી કલા જ એનું નામ કે જે કાગળ પર ચિતરેલા ઝાડને સરોવરને ધરતી પરનું જ ઝાડ કે સરોવર હોવા જેવી ભ્રાંતિ કરાવે. એમ જો ભાસ્કર કુશલ કલાકાર હોય તો એ આખી જ ક્રિયાને કુદરતી સારવારનું સ્વરૂપ કેમ ન આપી શકે?

વીરસુતની તાકાત નહોતી કે એ માલીસ અટકાવી શકે.

માલીસ પૂરું થઈ રહ્યું ત્યારે એણે કંચનને કહ્યું: 'ચાલો જઈએ.'

'તું તારે ગાડી લઈ જા, એને હું હમણાં મૂકી જાઉં છું.' ભાસ્કરે સૂતે સૂતે ઠંડે કલેજે જવાબ વાળ્યો.

'ના, અમે જોડે જ જઈશું.' વીરસુત માંડ માંડ બોલી શક્યો.

'જાણ્યું એ તો તું હિંદુ નારીનો પતિ છે તે!' ભાસ્કરે ટાઢા ડામ ચાંપવા માંડ્યા: 'પણ એનું કંઈ હાલતાં ને ચાલતાં પ્રદર્શન હોય?'

'નહિ, ચાલ કંચન.' એમ કહી વીરસુતે કંચનનું કાંડું પકડ્યું. કંચન છોડાવવા ગઈ, પણ વીરસુતે દાબ વધાર્યો. કંચને'ઓ મા!' કહી ભાસ્કર સામે જોયું. ભાસ્કરે હજુ પણ સૂતે સૂતે કહ્યું: 'હવે છોડે છે કે નહિ, બેવકૂફ?'

તમારે શું છે વચ્ચે આવવાનું?' વીરસુતે કાંડુ છોડ્યા વગર કહ્યું ને એણે કંચનનો હાથ ખેંચવો શરૂ રાખ્યો.

જાણે સ્નાન કરવા ઊઠતો હોય એવી શાંતિ ધરીને ભાસ્કર ઊભો થયો. એણે સીધા જઈને પહેલું તો બહાર જવાનું બારણું બંધ કરી દીધું ને પછી એ વીરસુત તરફ વળ્યો. એ રોષ કરતો ત્યારે ડોળા ન ફાડતો, પણ આંખો પર પોપચાં સવિશેષ ઢાંકી વાળતો. જાડાં જાડાં ભવાંવાળી અર્ધમીંચેલ આંખો સાથે, બે હાથ સ્હેજ પહોળાવી, ધીમા પ્રમાણબદ્ધ પગલે ચાલ્યા આવતા ભાસ્કરનો સીનો આસુરી બન્યો. એનાં મોંમાંથી હાં-હાં-હાં-હાં એવા ગાનનાં જે તાન નીકળતાં હતાં તેણે એની આકૃતિને વધુ ભયાનકતા પહેરાવી. એણે એટલો તો જલદીથી ધસારો કરી નાખ્યો કે વીરસુતને દૂર થવાની તક જ ન મળી.

એના હાથના તમાચા ને પગની પાટુઓ વીરસુત ઉપર જરીકે ઊંચો અવાજ થયા વગર જ વરસી રહી. 'લઈ જા-લે લઈ જા - હું જોઉં છું તું કેમ લઈ જાછ! હાં-હાં-હાં-હાં-' એ સંગીત સ્વરો પણ સાથોસાથ ચાલતા હતા. કેમ જાણે માણસ નહાતો હોય!

વીરસુત પહેલી હારનો વિદ્વાન હોઈ શરીરે કમજોર હતો.

'તું શા માટે ગભરાય છે હવે?' એ વીરસ્તુરને મારતો મારતો હેબતાઈ ગએલી કંચનને હિંમત આપતો હતો. કંચન કહેતી હતીઃ 'હવે રહેવા દો, હવે બસ કરો ને! હવે નહિ-ભૈ નહિ.'

'તું આંહી જ રહેજે કંચન.' એમ કહી ભાસ્કર લડથડતા વીરસુતને હાથ ઝાલી નીચે ઉતારી મોટરમાં નાખી મોટર સહિત ઘેરે મૂકી આવ્યો, ને પાછા આવી એણે કંચનને કહ્યું: ‘ચાલ'

'ક્યાં?'

'પહેલાં દાક્તરની પાસે, ને પછી પોલીસ-કચેરીએ.'

'કેમ?'

'એ ફરિયાદ કરે તે પૂર્વે જ આપણે પાણીઆડે પાળ બાંધીએ.'

કંચનને તો વિચાર કરવાનો સમય નહોતો. સમય હોત તો પણ શક્તિ ક્યાંથી કાઢે? બાવીસ વર્ષની છોકરી, ભણવામાં પ્રકાશેલી ને સેવામાં ઝળકી ઊઠેલી, એટલે વિવેકબુદ્ધિને તો એ બધા ઝળકાટમાં વિકસવાનો અવકાશ જ ક્યાં હતો? એ ઊઠી.

'તારી બંગડીઓના કટકા નીચે પડેલા છે તે લઈ લે. ને જોઉં તારું કાંડું?'

એમ કહી એણે કંચનનો હાથ ઝાલી કાંડા પર નજર કરીઃ 'હાં, આ રહ્યા ચોખ્ખા આંગળાંના આંકા. ને આ સોનાની બંગડી પણ વળી ગઈ છે ને શું! બસ પુરાવો ચોક્કસ છે. ચાલો.'

'પણ-' કંચન સહેજ આંચકો ખાતી હતી.

'તું સમજી નહિ, કંચન.' ભાસ્કરે આંખો ચમકાવીને કહ્યું: 'ભણેલા પતિઓની જુલ્મગારી ઉઘાડી પાડવાનો આ અવસર છે. તેઓનાં આ જંગલીપણાં તો ઘેર ચાલી રહેલ છે. તેનો ભવાડો કરવામાં પાપ નથી, ધર્મ છે, સેવા છે.'

એમ બોલી, એણે કંચનનું કાંડું કોમળ હાથે ઝાલ્યું, બેઉ બહર નીકળ્યાં.

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૩: તુલસી કરમાયાં

‘કાં દેવુ, તારા દાદા છે ને ઘરમાં?' સવારમાં જ એક જ્ઞાતિભાઈ આવે છે, ને દેવુને પૂછે છે.'

'ઠીક નથી, સૂઈ ગયા છે.' દેવુ જવાબ વાળતો વાળતો જુવે છે કે આ જ્ઞાતિભાઈ વરસને વચલે દા'ડે પણ ઘેર કદી ડોકાતા નથી હોતા!

'આ શું આવેલ છે અમદાવાદના છાપાંમાં-' લાકડી હલાવતા એ જ્ઞાતિજન સંજવારી કાઢતા દેવુને એની મરજી વિરુદ્ધ વાતોમાં ખેંચે છે.

'આ શું તારી બા ને તારા બાપુ વચ્ચે કોર્ટમાં કાંઈ કેસ ગયો છે?'

'મને ખબર નથી.' દેવુને બા, બાપુ અને કોર્ટમાં કજીયો, એટલા શબ્દો બિલાડીના નહોર જેવા લાગ્યા.

'તારા દાદાને કહે કહે, કે ઊંઘ શે આવે છે?'

એમ કહી એ એક જણ ચાલ્યો ગયો, બીજો આવ્યો, ત્રણ ચાર આવ્યા, પાછા ચાલ્યા ગયા. દાદાને તાવ હતો.'તાવ તો ચડે ને ભાઈ!' આવનારાઓ તાવનું કારણ સમજતા હતા તેટલું બસ નહોતું. તેમને એથી વિશેસ સંતોષ લેવો હતો. તેઓ પણ છત્રીઓ, લાકડીઓ અને શાકની ઝોળીઓ હલાવતા હલાવતા પાછા ગયા.

અંદરને ઓરડે સૂતેલા સોમેશ્વર માસ્તરની પથારી પાસે નીચે સવારનું છાપું દબાવેલું પડ્યું છે. બારણું બંધ કરીને એણે માથા પર ઓઢી લીધું છે. બીજી બાજુ ફરીને એ નવું છાપું વાંચે છે, બીજી વાર વાંચે છે, ત્રીજી વાર વાંચે છે. ચોખ્ખું અને મોટા અક્ષરે છપાએલું છે

**બંગડીઓના ટુકડે ટુકડા!**

**પ્રોફેસરે ઉઠીને મારેલો સુશિક્ષિતા પત્નીને માર. અમદાવાદનાં પ્રજાજનોમાં ફાટી નીકળેલો પુણ્યપ્રકોપ.**

નીચે ઝીણા અક્ષરોમાં વિગતો હતી. નામ, ઠામ ને ઠેકાણું હતાં. કંચનગૌરી નામનાં એ પતિપીડિત બહેનની વહારે વખતસર ધાનાર જાણીતા નારીરક્ષક શ્રી ભાસ્કર ઠાકોર'નું પણ નામ હતું.

સોમેશ્વર માસ્તર ફરી ફરી વાંચતા હતા. માથું ચક્કર ચક્કર ફરતું હતું તો પણ વાંચવું પૂરૂં થતું નહોતું, મારા જ પુત્ર વીરસુતની આ વાત છે કે બીજા કોઈ વીરસુતની? આ કંચનગૌરી નામ તો મારી પુત્રવધુનું. હે શિવ! આ છાપાંનું લખાણ કોઈએ સ્વપ્નમાં તો નથી લખ્યું ને? આ કોઈ જોડી કાઢેલી વાર્તા તો નથી ને?

ગાત્રોમાંથી લોહી જાણે પાણી પાણી બનીને નીતરી જતું હતું. પ્રભારે કોઈક એમને લાલ નિશાની કરીને છાપું આપી ગયું હતું, તેનાં મથાળાં વાંચીને જ પોતે ઓરડામાં પેસી ગયા હતા. ઓઢીને સૂઈ ગયા હતા. ઘડીક શરીર ગરમ થઈ ધગધગી જતું હતું ને ઘડીક સ્વેદ વળતાં હતાં. 'કોઈને મળવા બેસારીશ નહિ દેવુ,' એમ કહીને પોતે પુરાઈ ગયા હતા. વાંચી વાંચીને એ બનાવ સાથેના પોતાના સંબંધને ભૂંસી નાખવા કલ્પનામાં ઘણી મથામણ કરતા રહ્યા. પણ બનાવ એની ખોપરીમાં બાંકોરૂં પાડીને જાણે પાછળની બોચીમાંથી પેસતો હતો.

ઘરમાં એક ગાંડી હતી, એક યુવાન વિધવા હતી, એક અર્ધ આંધળો, અર્ધ અનાથ ને અર્ધલુચ્ચો સાળો હતો. ઉપરાંત એક નાની અપંગ પૌત્રી અત્યારે માબાપ વગરની થઈને જીવતી હતીએ. માથે સદાનો વિચ્છિન્ન અને બાપે લગભગ તિરસ્કારી ત્યજેલો એક પૌત્ર હતો. છતાં જે ડોસાને તુલસીનો એક લીલો ક્યારો સદાય મસ્તાન રાખતો હતો, તે ડોસાએ છાપામાં વાંચેલ બનાવ પછી તુલસી-ક્યારો કરમાઈ જતો કલ્પ્યો. પોતાનું મોં એને જગતમાં ન બતાવવા જેવું લાગ્યું. એણે કામળો વધુ ને વધુ લપેટી, કામળાની ચારે બાજુની કોર વધુ દબાવી લજ્જાના અંધકારને પોતાની આસપાસ વધુ ને વધુ ઘાટો બનાવ્યો.

સોમેશ્વર માસ્તરનાં ઘરમાં આ બનાવ એટલો તો નવીન હતો કે તુલસી-કયારાની મંજરીઓને પણ ખબર પડી જાય. પ્રભાતે રોજ મોં ધોઈને બે પાંદ મોંમાં મૂકવા ડોસા આવ્યા નહોતા. નવા કૂંડામાં વાવેલ અજમાના છોડને અને અરડૂશીના રોપને નવાં પાંદ ક્યાં ક્યાં ફૂટ્યાં છે તે દેવુને દેખાડવા ડોસા દાતણ કરતા કરતા ફરતા નહોતા તેથી આંગણાની માટી પણ જાણે કંઈક અમંગળ બનાવને કળી ગઈ હતી.

દેવુ તો કળી જ બેઠો હતો, છતાં તે પણ આ રોપાઓ અને આ માટી જેટલો જ મૂંગો બન્યો હતો. પણ મૂંગી નહોતી રહી શકી એક નાની અપંગ અનસુ. દેવુ એને દૂર લઈ જતો

હતો પણ એ દાદાના ઓરડાના દ્વાર પર પગ ઘસડતી આવતી હતી, બારણું ભભડાવતી હતી, ધીમા રૂદનભરપૂર અવાજે બોલાવતી હતી,'દાદા, ચાલો લમવા, દાદા છું થયું છે? દાદા માલી ચોપલવાની દવા પીઓ ને! છાલું થઈ જછે.'

અનસુને ખબર નહોતી કે ચોપડવાની દવામાં ઝેર હોય.

અનસુના આ શબ્દોએ દાદાને ચમકાવ્યા. અંધકારમાં ઊતરી ગયેલા માસ્તર તરફ નાની અનસુએ જાણે કે ખીણને ઊંચે કિનારે ઊભા રહી એક ઊગરવાનું દોરડું ફગાવ્યું: અનસુને ચોળવાની દવા! હા, હા, એ દવા જ ઠીક છે. આંહીં ઓરડામાં જ છે એ શીશી. એ પી લઉં તો આ નફ્ફટ, નિર્લજ્જ અને કલંકિત સ્થિતિમાંથી ઊગરી જઈશ. આ સ્થિતિ અસહ્ય છે. મારા પુત્રનું નામ ને મારી પુત્રવધૂનું નામ છાપામાં! એથી તો યમના ચોપડામાં બહેતર છે. મારા ઘરનાં બે જણાંનો કલહ સરકારી અદાલતમાં! એથી તો મારે માટે ઈશ્વરનો દરબાર જ ભલેરો છે. અનસુ રસ્તો બતાવે છે.

'દાદા! ઉઘાલો: દાદા, હું નહિ લોઉં: દાદા, અનછુ દવા પી જછે: દાદા, અનછુ તમાલી ડાઈ દીકલી છે: દાદા ન લીછાવ:' એ અવાજો ઓરડાના દ્વાર પર વધુ ને વધુ કરુણ બનતા ચાલ્યા.

'અનસુ!' દેવુ વારે વારે આવીને આ નાની બાલિકાને બારણા પરથી દૂર હટાવી જતો હતો. અને અનસુને કહેતો હતો:'અનસુ, તું બાફોઈ પાસે ડાહી થઈને બેસી રહીશ? તો હું બા ને તેડી આવું હાં કે? હું અમદાવાદ જઈ બાને લઈ આવું.'

'બા નૈ, દાદા જોઈએ: બા ને છું કલવી છે? દાદાને ઘોલા કલવા છે. દાદા આપો....' અનસુનું આક્રંદ ઓરડાની અંદર દાદાની અને ઝેરી દવાની શીશી વચ્ચે જાણે કે સ્વરોનો સેતુ બાંધતું હતું ને આ દેવ શું કહી રહ્યો છે? અમદાવાદ જઈ બાને લઈ આવવાનું? કોની બાને? અનસુની બાને? કે પોતાની સાવકી બાને? એને બા કહી શકાય? એ કોઈની બા થઈ શકે? એ સગા બાળકની બા નથી થઈ હજુ, તો એ દેવની બા શી રીતે બની શકશે? એ આંહીં આવશે? આ ઘરમાં પગ મૂકવા દેવાય એને?

કાન માંડીને માસ્તર બહાર થતી વાત સાંભળવા લાગ્યા: દેવ શું કહી રહ્યો છે? એ તો ગાંડીને કહે છે:'બાફોઈ, તમે ઘર સાચવશો? અનસુને રાખશો? તમે રસોઈ કરતાં કરતાં કપડું નહિ બાળો ને? તો હું અમદાવાદ જઈને બાને તેડી આવું હો બાફોઈ? જુવો બા ફોઈ, ગાડી હમણાં જ જાય છે.'

ડોસાએ આ શબ્દો સાંભળ્યા, એના શરીરમાં સ્ફૂર્તિ આવી. એણે કામળો દૂર કર્યો. ઊઠીને એણે બારણું ખોલ્યું. એના મોં ઉપર છેલ્લા એક જ પહોરમાં તો જાણે કાળ હળ ખેડી ગયો હતો!

અનસુની આંખોમાંથી આંસુ તો હજુ દડ દડ વહેતાં હતાં ત્યાં જ અનસુ દાદાજીના સામે પોતાના હાથ લંબાવતી હસી પડી. એને તેડીને દાદાએ દેવુને ઓરડામાં લીધો. પૂછ્યું: 'તું શું કહેતો હતો?' એના ગળામાં ડૂમો હતો.

'હું અમદાવાઅદ જઉં દાદા, મારે મારાં બાને મળવું છે.'

'તેં વાંચ્યું દેવ?'

'હા દાદા, મારે બાને મળવું છે. એક વાર મળવું છે.' બોલતો બોલતો એ પોતાનાં આંસુ અણછતાં રાખવા માટે ઊંચે છાપરા તરફ જોતો હતો.

'મળીને...?'

'કહીશ,'

'શું કહીશ?'

'કે ચાલો ઘેરે. દાદા બોલાવે છે.'

'મેં તો બોલાવેલ નથી. દેવલા, મેં તો તને તેડવા જવા કહ્યું નથી.'

'તો પણ-હું જૂઠું બોલીશ. મેં તુલસી-ક્યારે પગે લાગી જૂઠું બોલવાની રજા લીધી છે.'

'દેવુ!' દાદા ગુસ્સે થતા હતા કે રૂદન કરતા હતા તે નક્કી કરવું કઠિન હતું: 'તારે ત્યાં નથી જવું, ના, નહિ જવા દઉં. એ તને અપમાનશે. એ આપણી કોણ, કઈ સગી! એણે કોરટમાં.... મારાં આ પળીઆં તો જો દેવુ! એણે મારા આ પળીઆં તરફ પણ ન જોયું. એણે તારા બાપને... એને તું બા કહેવા જઈશ?'

'હા દાદા, મને એક વાર જવા દો, હું એમને કહીશ.' દેવુ બોલી શકતો નહોતો.

'પણ તું શું કહીશ?'

'કંઈક કહીશ, અત્યારે શું કહું કે શું કહીશ? જે કહેવાનું મોં પર આવશે તે કહીશ.'

'મારો દીકરો! શાબાસ! પણ નહિ, તને ક્યાંઈક... તને એ ક્યાંઈક...'

ડોસા કંઈક ભયંકર વાત કહેતા કહેતા રહી ગયા. પછી 'દેવ, મને જવા દે. તું ઘર સાચવ.'

'ના, મને જવા દો દાદા.'

'એકલો કેમ જવા દઉં?'ત્યાં તો પાછળની પરશાળેથી એક સ્વર આવ્યો: 'હું જ દેવુ જોડે જાઉં તો!'

એ સ્વર જાડો ન ભરડાયેલો હતો. બોલનાર પાછલી પરશાળમાં ઊભા ઊભા બારીમાં ડોકાતા હતા.

એ હતા અર્ધાઆંધળા જ્યેષ્ઠારામ: એણે આ ઘરની પરશાળમાં આસન જમાવ્યાને આજે બેક વર્ષ થઈ ગયાં હતાં. પણ કોઈ દિવસ એણે ઘરની કશી વાતમાં રસ લીધો નહોતો. એણે બેટંક થાળી ભરીને ભોજન, અને બાકીના વખતમાં બને તેટલી નીંદર વગર કશું જાણે કે જીવવા જેવું આ જગતમાં જાણ્યું નહોતું. એણે પાણીનો એક પ્યાલો પણ ઉપાડીને દૂર મૂક્યો નહોતો. ઘરનો ઘરાર-ધણી બનીને બેઠેલો એ દગડો, આંધળો, અને વખત આવ્યે કાળઝાળ વઢકણો માણસ આજ એકાએક જાણે મસાણમાંથી ઊઠીને બોલ્યો: 'હું જાઉં!'

એ ઘાંટો બિહામણો લાગ્યો. બુઢ્ઢા સોમેશ્વરને ચીડ ચડી. કોઈ દિવસ નહિ ને આજે જ એમનાથી જવાબ અપાઈ ગયો કે,'બેઓ, બેસો, સમજ્યા વગર શું કહો છો કે હું જાઉં.'

'ના; સમજીને પછી જ કહું છું. મને ખબર ન પડે ભલા? આ ઘરનું બે ટંક અનાજ ખાઉં છું તે શું હરામનું ખાઉં છું?'

સોમેશ્વરને આ જવાબે વિશેષ ચીડવ્યા. એણે ફરીથી કહ્યું:'બેસો બેસો છાનામાના.'

'તો ભલે.' એટલું કહીને જ એ પોતાના આસને બેસી ગયો. ને દાદાએ દેવને કહ્યું: 'ના દેવુ, તારે નથી જવું. તાર કરવા દે.'

તાર મોકલીને ફરી વાર ડોસાએ હૃદયમાં શૂળા ભોંકાતા અનુભવ્યા. એણે ફરી વાર કામળાની સોડ તાણી, એણે સારા સમચાર ન આવે ત્યાં સુધી અન્નનો ત્યાગ નિરધાર્યો. દરમિયાન દેવુ એ પાછલી પરશાળના નિવાસી આંધળા મામાને (પિતાના મામાને) દોરતો બહાર રવાના થઈ ગયો હતો. બેઉ જણા સ્ટેશન તરફ જતા હતા. પોતાને દોરવા પ્રયત્ન કરતા દેવુને મામા દૂર ગયા પછી કહેવા લાગ્યા: 'તું મારી ફિકર ન કર. હું ક્યાંય નહિ અથડાઈ પડું.'

'તમને દેખાતું નથી ને!'

'દેખવું હોય ત્યારે બધું જ દેખાય - જો પરોવવાં હોયને, તો મોતી યે પરોવી શકું, એવો મારો અંધાપો છે હોં દેવુ! એ પણ અંધાપાનો એક પ્રકાર છે હોં દેવુ! હે-હે-હે-હે-' એમ હસતો હસતો એ 'અંધ' એક નાના પથ્થરને પણ પોતાની ઠેશે ન આવવા દેતો સડેડાટ ચાલ્યે જતો હતો.

'અંધાપાનો એ પ્રકાર દેવુને તો સાચો લાગ્યો.

'અરે પણ ટિકિટના પૈસા!' દેવુએ એકાએક સ્ટેશને પહોંચી ધ્રાશકો અનુભવ્યો.

'ફિકર કર મા ભાઈ, તું તારે આ લે.' એમ કહી એ અંધ' મામાએ પોતાની કમ્મરે હાથ નાખ્યો. બહાર આવેલ એ હાથમાં સફેદ ચાંદીનાં પતીકાં હતાં.

સ્ટેશનેથી દેવુએ દાદાને સંદેશો મોકલ્યો: ‘અમે અમદાવાદ જઈએ છીએ. ફિકર કરશો નહિ. કપડાં મેં લીધાં નથી, ભાભુને કહીશ, કરાવી આપશે.’

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૪: બારણાં ઉઘાડ્યાં

**આંધળા** મામાજીએ સ્ટેશનની ટિકિટ-બારી પર ટિકિટો કઢાવી, તે અમદાવાદની નહોતી, નજીકના જ સ્ટેશનની હતી. એણે રૂપિયો વટાવી પૈસા પાછા ગણી લીધા ત્યારે એના અંધાપાએ દેવુને ચક્તિ કર્યો. એણે ગાડી-ડબાની ભીડાભીડ ભેદી બેઠક લીધી ત્યારે એની આંખો બે હોવાને બદલે જાણે ચાર બની ગઈ. એણે મીંચેલી આંખે જ બધું કામ લીધું. એના હાથ જ્યાં બૈરીઓ બેઠી હતી ત્યાં જ લાંબા થયા, અને 'મેર રે મેર મ'રા રોયા આંધળા!' એવું બોલતી સ્ત્રીઓ છેટે ખસી ગઈ.' હશે બાપા! આંધળો મુવો છું બેન!' એમ બોલી બોલી એણે સલામતીથી બેઠક મેળવી.

માર્ગમાં ટિકિટ તપાસનારો મળ્યો. આંધળા મામાજીએ ચડાપ ચડાપ ટિકિટો બતાવી. 'તમારે ક્યાં જવું છે સુરદાસજી?' એવું પૂછનાર ટિકિટ-એક્ઝામીનરને એણે તડાક તડાક જવાબ દીધો 'અમદાવાદ જ તો.'

'આ ટિકિટ અમદાવાદની નથી.'

'ન હોય કેમ સાહેબ? મેં રૂ. ચાર રોકડા આપ્યા છે.'

'એ તમે જાણો ને તમારા ગામનો ટિકિટ-માસ્તર જાણે. આ ટિકિટો તો ક્યારની પૂરી થઈ ગઈ.' રેલવે-નોકરના એટલા જ કહેવા સામે આંધળા મામાજીએ આખો ડબો ગજાવ્યો. એણે ભેંકડા તાણી તાણીને રડવા માંડ્યું. તેના આક્રંદે આખા ડબાની અનુકમ્પા જગાવી-

'મારા આંધળાના પૈસા ખાઈ ગયો! હું હવે ક્યાં જઈશ? હું ગરીબ બામણ છું. બેય આંખે અધારૂં ઘોર છે. મેં પંદર દા'ડા સુધી ભીખી ભીખીને પૈસો પૈસો ભેગો કર્યો હતો. આ મા વગરનો નાનો છોકરો.. હે પ્રભુ! જેણે મારા પૈસા ખાધા તેનું ભલું કરજે! હું ગરીબ બરામણ! હું શરાપ દેતો નથી. એનું સારું થજો. મારો જુવાન દીકરો અમદાવાદ મરણપથારીએ છે. હવે હું શું કરીશ? ક્યાં જઈશ?'

એ વિલાપથી તો દેવુ પણ રડવા જેવો થઈ ગયો. મામાજીને આવો વિલાપ કરી દયા જગાડવાની આવડત હતી તે તો દેવુ પણ જાણતો હતો. ઘરમાં કોઈ કોઈ આવા પ્રસંગો બની જતા, ત્યારે મામજી ગળું અને આંખો વહેતાં મૂકતા. એ વિલાપ કરવાની કળાએ જ મામાજીને માટે દેવુના ઘરમાં કાયમી સ્થાન કરાવેલું. એ જ વિલાપે આ મુસાફરોની અમદાવાદ સુધીની મફતીઆ મુસાફરી મોકળી કરી આપી.

'હોશિયારીથી કામ લેવું જોઈએ દેવુ! અ તો પારકો પરદેશ કહેવાય.' મામાજીએ દેવુના ડંખતા હ્રદયને દિલાસો દીધો.

દેવુ મામાજીની આંખો સામે તાકી રહેતો. એ આંખો અધબિડાયેલી જ રહી હતી. છતાં અમદાવાદની બજારમાં જાણે મામાજીને કપાળે નવી આંખો ઊઘડી હતી.

'છતે અંધાપે હું તારી સાથે શા માટે આવ્યો છું દેવુ, તું જાણે છે?' મામાજીએ વાત ચલાવી: 'તારા બાપને તું એક જ બચાવી શકશે એટલા માટે. અમે કોઈ આમાંથી રસ્તો નથી કાઢી શકવાના.' દેવુનું હૈયું અંદરથી હોંકારો કરી ઊઠ્યું. પોતે કઈ રીતે બાપના સત્યાનાશ પામતા જીવતરને ઉગારી શકશે તેની એને ગમ નહોતી પણ પોતે આવ્યો હતો તો કાંઈક કરી જ બતાવવા એટલી એને સાન હતી.

અંધા મામાજીએ દેવુના શરીરે હાથ ફેરવતાં દેવુના ગજવા પર એનો હાથ ગયો.

'અલ્યા, આ શું ભર્યું છે ગજવામાં?' એણે ચોંકીને દેવુને પૂછ્યું.

'પથરા' દેવુના અવાજમાં દબાયેલો મિજાજ હતો.

'શા માટે?'

દેવુએ જવાબ ન દીધો. પણ એની ઈચ્છા એના મનમાં વધુ વધુ ઘૂંટાતી હતી. એ મનમાં મનમાં કહેતો હતો: એ દુષ્ટા નવી બાને દૂરથી દેખું એટલી જ વાર છે. આ પથ્થરે પથ્થરે એનું કપાળ ફોડી નાખું. ને એને કાનોકાન ગાળો સંભળાવું કે'તું દુષ્ટા છે, તું નઠારી છે, તું મારી મુવેલી બાની જગ્યાએ કદી જ ન આવી શકે તેવી છે. અમારા દાદાજીના તુલસી-ક્યારાનાં પાંદ સૂકાય છે તેનું કારણ કે તું દુષ્ટા છે.' આટલી ગાળો દઈને હું દોડી જઈશ. એ મને પકડવા આવશે તે પહેલાં તો હું ઘરમાં પહોંચી જઈશ. અમારા ઘરનાં તુલસી કંઈ અમસ્થાં કરમાતાં હશે! દાદાએ જ છેલ્લા ચાર દિવસથી કહેલું કે દેવુ, તુલસીમા દુભાયાં છે. એ કાંઈ ખોટું ના હોય.

દેવુ અને અંધા મામાજી જ્યારે વીરસુતને ઘેર પહોંચ્યા ત્યારે ભદ્રાબા રસોડામાં બેસી માળા ફેરવતાં હતાં. એના મોં પર દુર્બળતા હતી. એણે ચાર દિવસથી અન્ન લીધું નહોતું. એ ફક્ત બેટંક ચહા પીને જ જીવતી હતી, એણે ઘરમાં ઘીનો દીવો અખંડ બળતો જ રાખ્યો હતો. પિતાના ઘરમાં દેવુ ચોરની જેમ પેઠો. અંધ મામાજી બહાર જ ઊભા રહ્યા. ભણેલો ગણેલો ભાણેજ, કૉલેજનો મોટો પ્રોફેસર, પોતાના જૂના, અંધા અને પરોપજીવી સગાને કેવાં આદરમાન દેશે તેની એને ધાસ્તી હતી. એણે દેવુને કહ્યું હતું કે તારા બાપુને પૂછી જોજે, મામા અંદર આવે? જો ના કહેશે તો હું કોઈ ધર્મશાળામાં ચાલ્યો જઈશ.

દેવુ એકલો પણ બીતો બીતો જ અંદર પેઠો. ભદ્રાબા એને દેખી દડ દડ આંસુડે રડવા લાગ્યાં. દેવ જાણે દસ બાર વર્ષે દેશાવરથી ઘેર પાછો વળતો હોય એવા ભાવથી એણે દુઃખડા લીધાં.

'દાદાજીને કેમ છે?' ભદ્રાએ પહેલા ખબર પોતાની પુત્રી અનસુના નહિ પણ સસરાના પૂછ્યા.

'ઠીક છે. ને અનસુ પણ સારી પેઠે છે. એ ક્યાં છે?' દેવુ એટલું પણ ન બોલી શક્યો કે'મારા પિતા ક્યાં છે.'

'તારા બાપુ આ અંદર સૂતા. તારાં બા આંહી નથી. એ તો એમના પિયરના કોઈ સગાંને ગામ ગયાં છે. હું આવી છું એટલે બે પાંચ દા'ડા વિસામો ખાવા મેં જ આગ્રહ કરીને મોકલેલ છે.'

ભદ્રાને ખબર નહોતી કે છાપાંનાં કાગળીઆં, એના જેવી ગામડિયણ બાઈની જેમ મોટાં નાનાં વચ્ચે ભેદ પાડ્યા વગર, અને નિસ્બત ધરવતાં ન ધરાવતાં લોકોની વચ્ચે કશો વિવેક કર્યા વગર, સૌને, સરખા નિખાલસ જે નિઃસંકોચ ભાવે જ અલક મલકના સમાચારો આપી વળે છે.

'ભદ્રા બા!' દેવુએ કહ્યું:'દીવા આગળ બેસીને જૂઠું બોલો છો? મને જલદી કહો, એ નઠારી નવી બા ક્યાં છે? હું અને મામાજી બેઉ એને જોઈ લઈશું.’

‘મામાજી?'

'હા, ઓ બહાર ઊભા. મારી સંગાથે આવેલ છે.'

થોડી ઘણી લાજ કાઢીને ભદ્રા બહાર ગઈ. એણે આ અંધ ડોસાને એક લાકડીભર ઊભેલો જોયો. એની બંધ આંખો આકાશ તરફ હતી. એ તો પગલાં પારખી ગયો. એણે ભદ્રાની બાજુએ જોયા વગર જ તૂર્ત પૂછ્યું:' કેમ છો બેટા? દેવુએ કજિયો કર્યો કે અમદાવાદ જોવા જવું છે. એટલે હું સાથે આવેલ છું.'

'દેવુ, કહે મામાજીને, અંદર આવે.'

ભદ્રા પોતાના દિયરની પ્રકૃતિથી બીતી બીતી પણ એ અંધ ડોસાને અંદર લઈ આવી. ડોસો એક પાછલો ખૂણો શોધીને લપાઈ બેસી ગયો. પૃથ્વીમાં પોતાને કૂતરાને લપાવા જેટલી પણ જગ્યા જડી જાય તો યે પૃથ્વીનો હરદમ ઉપકાર ગાયા કરે એવા પ્રકારના માનવીઓ આ વિશ્વમાં ઘણા છે. અંધા મામાજી અંદરખાનેથી એવો આભારભાવ અનુભવતા બેઠા. પોતે જોઈએ તેથી વિશેષ તો એક તસુ પણ જગ્યા નથી રોકતો ને, તેની તેણે સંકોડાઈને ખાતરી કરી લીધી.

પિતાના ઓરડામાં પ્રવેશવાની હિંમત દેવુ ન કરી શક્યો. બાપ પોતાને કોઈ છે જ નહિ, પુત્ર તરીકેનો એનો દાવો કુદરતે જ જાણે રદ્દ કરેલ છે, પોતાની મૂવેલી બા કશોક એવો ગુનો કરીને ચાલી ગઈ છે કે જેની શિક્ષા પોતાને પિતૃહીન બનીને ભોગવવાની છે, આવી આવી લાગણીએ દેવુના અણસમજુ હૃદયમાં પણ વાસ કરી લીધો હતો.

'આ લે દેવુ,' ભદ્રાએ કહ્યું:'તારા બાપુને જો તું આ ચાનો પ્યાલો પાઈ આવે ને, તો હું તને બહાદુર કહું.' ભદ્રાબાએ દેવુને ચહા કરીને દીધી.'બાપુજી!' વીરસુતના ખંડને બંધ બારણે દેવુનો સ્વર સંભળાયો.

વીરસુત તે વખતે થોકબંધ કાગળોમાંથી ઉતારા કરી રહ્યો હતો. એ કાગળો કંચનના લખેલા, જૂના વખતના હતા. એમાં કંચને જે પ્રેમના ઊભરા ઢોળ્યા હતા તે બે ઉપરાંત ત્રીજા

કોઈ માનવીની આંખે ન પડી શકે તેટલા પવિત્ર ગણાય. પણ એ જ કાગળો આવતી કાલે અદાલતમાં રજૂ થઈ અખબારોમાં પિરસાવાના હતા. પ્રેમના અનવધિ ઉમળકાના ઘૂંટડા ભરતે ભરતે વાંચેલા એના એ જ પ્રેમપત્રોની અંદરથી વીરસુત અત્યારે વૈર વાળવાના પુરાવા વીણતો હતો. એ વીણવામાં પોતે એટલો મશગૂલ હતો કે એના ખંડની બારીના વાછટીઆ પર બેસીએને ગાતા એક નાના પક્ષીને પણ એ દાંત ભીંસી ભીંસી વારંવાર ઉડાડતો હતો.

આ 'બાપુજી!' જેવો નવો બોલ પ્રથમ તો એને અસહ્ય લાગ્યો. 'બાપુજી' શબ્દ એણે પારખ્યો જ નહિ. ફક્ત કોઈક બોલે છે, ને એ બોલનાર જો ભદ્રા હોય તો એને સાંજની ગાડીમાં ઘેર ચાલ્યા જવા કહી દેવું જોઈએ, ને નોકર હોય તો કાલથી ન આવવા કહી દેવું જોઈએ, એમ વિચારી એણે ભડોભડ, ગુસ્સાના આવેશમાં બારણા ઉઘાડ્યાં.

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૫: 'સુકાઈ ગયા છો!'

'**શા માટે** પણ મારો જીવ...'

એટલું બોલતે વીરસુતે જ્યારે ભડોભડ બારણાં ખોલ્યા ત્યારે એણે દસ વર્ષના દેવુને દીઠો. કેમ જાણે રોજની વેળાએ આવ્યો હોય તેમ દેવુ બોલ્યો: 'બાપુજી, ચહા પી લો.'

પ્રોફેસર વીરસુતે પોતાની દૃષ્ટિ સામે દીઠું - પોતનું બાળક નહિ, પણ જાણે પોતાનું પાપ: કુદરતનો જાણે પોતાની ઉપર કટાક્ષ: પોતાની ગત પત્નીએ જાણે પકડાવેલો પત્થર સમો બોજો: કોઈક ત્રાહિત સત્તા જાણે પોતાના યૌવન પર આ અત્યાચાર કરી નાસી ગઈ છે!

જેને પોતે કદી ચાહી નહોતો શક્યો તે સ્ત્રીએ કેમ જાણે પોતાની આશાભરી યુવાવસ્થાનાં કિરણો શોષી લઈને એક અંગાર સળગાવી પોતાના જીવનમાં આપી દીધો હોય! આવડું બાળક મારે હોઈ જ કેમ શકે? હું અભ્યાસ કરતો હતો ત્યારે આ શિશુને આતારવા હક્ક જ શો હતો? હું શું આવડા છોકરાનો બાપ હોઈ શકું! દેવુની હાજરીનો એને સર્પદંશ લાગ્યો, મૂવેલી પત્ની એના જોબન સાથે કશીક છલભરી રમત કરી ગઈ હતી. એને પોતે કોઈ દિવસ ખોળામાં બેસાર્યો નહોતો, રમાડ્યો નહોતો, એક રમકડું પણ આણી દીધું નહોતું, વેકેશનમાં પિતા આવશે ને એકાદ ઝબલાનું કપડું, એકાદ ફૂટબોલ, એકાદ નાનું એરોપ્લેન લેતો આવશે એવી આશા સેવતી બેઠેલી પત્નીને મળતી વખતે વીરસુત યાદ કરી આપવાનું ચૂકતો નહિ કે 'આ તારી દેહલોલૂપતાનું પાપી વિષફળ છે વગેરે વગેરે.'

આવો છોકરો આવડો મોટો કેમ કરતાં થઈ ગયો! હજુય મોટો ને મોટો થતો કેમ જાય છે! જેમ જેમ એ વયમાં ને ઊંચાઈમાં વધે છે તેમ તેમ એ જાણે કે જગતની સમીપ મારી નાલાયકી અને મારી વધતી જતી ઉમ્મર પોકારી રહે છે. હું ક્યાં આનો બાપ બનવા જેવડો ઉમ્મરવાન આધેડ બની ગયો છું! હું તો હજુ યૌવનના ઊંબરમાં પગ મૂકી રહ્યો છું. મારી જોડીના જુવાનો તો હજુ પ્રણય કરી રહેલ છે!

ચહાનો પ્યાલો દેવુના હાથમાં થંભી રહ્યો છે ત્યાં તો આવા આવા વિચારોની, એના માથાના પોલાણમાં, કૈંક સૂસવાટીઓ બોલી ગઈ. એ ઉતાવળી જીભે કહેવા જતો હતો કે 'આંહીં મારી ચેષ્ટા જોવા આવેલ છો ને! તારી બાની શિખવણી મુજબ મારા પર વેર લેવા આવેલ છો ને!' પરંતુ એટલું બોલતા પહેલાં એની જીભને ઝાલી રાખનારૂં કોણ જાણે કેવુંયે

રાંકપણું એણે દેવુના ગોળ નાના ચહેરામાં દીઠું. એણે પ્યાલો દેવુના હાથમાંથી લીધો. કે તૂર્ત દેવુએ કહ્યું, 'બાપુ, અમે હમણાં જ આવ્યા, પણ હું તો દાદાજીથી નાસીને આવ્યો છું.'

'કેમ?'

'તમારી પાસે જલદી આવવાનું મન થયું. ને મામાજી મૂકવા આવ્યા.'

'ક્યાં છે?'

'ઓ રહ્યા, ગ્યાસલેટના ડબાવાળી ઓરડીમાં બેઠા છે. એ તમારાથી ડરે છે બાપુ! કોણ જાણે કેમ પણ એ ડરે છે.'

'તું નથી ડરતો?'

'હું ડરતો હતો. હવે નથી ડરતો.'

'કેમ?'

'કેમ કે તમે મારો ચહાનો પ્યાલો લીધો.'

દેવુનું બોલવું બાપને બીકથી ભરેલું જ ભાસ્યું. આ છોકરો હજુય ડરી રહ્યો છે, ડરે છે તેથી જ મને ફોસલાવે છે, ને મારી ખુશામત કરે છે. જે જુવાનને પત્નીએ તિરસ્કારી તરછોડી ધુતકરી પારકાને હાથે માર ખવરાવ્યો હતો, જે પ્રોફેસરને મિત્ર ગણાતા માનવીએ પોતાના જીવનના આંતર્ગરત સંસારમાં પણ તાબેદાર ગુલામ બનાવ્યો હતો, તેના તેજોવેધ ઉપર જાને આ છોકરાની ખુશામતે ટાઢા જળની ધારા રેડી.

પિતાએ ચહા પી લીધી ત્યાં સુધી બાળક નોકર જેવો બની ઊભો રહ્યો. પિતાના ઘરમાં પેસનાર બાળકને પિતાની ગૃહસામગ્રી ફેંદવાનો, દીવાલ પરની તસ્વીરો પલંગ પર ચડી ચડીને જોવાનો, તોડવાનો, ફોડવાનો ને શાહી કે ગુંદર ઢોળવાનો જન્મસિદ્ધ હક્ક હોય છે, એવા એક પણ હક્કનો ઉપયોગ કર્યા વગર દેવુ ઊભો રહ્યો એ પિતાને સારું લાગ્યું.

ચહાનો ખાલી પ્યાલો ઉઠાવીને દેવુ પિતાના મોં પર તાકતો જ ઊભો હતો.

'શું જોવે છે?' પિતાએ કડકાઈ બતાવવાનો દુર્લભ મોકો પોતાના સતત અપમાનિત જીવનમાં અત્યારે મેળવ્યો.

'તમે સુકાઈ ગયા છો. દાદાજી દેખે તો શું કહે?' એમ કહી બાળક બીજી બાજુ જોઈ ગયો.

'તમે સુકાઈ ગયા છો' એટલું જ વાક્યઃ વીરસુતની ખોપરીની કોઈ એક અંધારી અવાવરુ ગુફાનાં દ્વારને ધકેલીને અંદરની રજ ઉરાડતો, ઘણાં વર્ષો પૂર્વે મગજનાં ભોંયરામાં સુષુપ્ત પડેલો આ સુર કોનો સળવળી ઊઠ્યો? આ જ વાક્ય મને કોણ કહેતું હતું? કોઈક વારંવાર કહેતું ને એ સાંભળતી વારે સખત કંટાળો છૂટતો. સામો હું જવાબ વાળતો, 'તને તેની શી પડી છે!' - હા, હા, યાદ આવ્યું. દેવુની પરલોકે પળેલી બા જ એ બોલ બોલતી. રજાઓમાં જ્યારે જ્યારે નછૂટકે મળવા જવું પડતું, ત્યારે ત્યારે આ નાના છોકરાને મારા ખોળામાં મૂકવા પ્રયત્ન કરતી એ સ્ત્રીના હાથને અને હાથમાંના બાળકને હું તરછોડી નાખતો ને એ તરછોડવું ગળી જતી, કોઈને ખબર પણ ન પડી જાય તે આવડતથી એ અપમાનને પી જતી. પોતે જાણે પોતાની જાતને જ એ અપમાનનું ભાન ન થવા માટે બોલી ઊઠતી કે 'તમે સુકાઈ ગયા છો!'

આ છોકરોય શું એ દિવસોની અભાન સ્થિતિમાં સાંભળેલો પોતાની બાનો એ બોલ યાદદાસ્તમાં મઢી રાખી આજે ઉચ્ચારતો હતો!

પ્રોફેસરને આ બધું નહોતું ગમતું. દીકરો બોલે તે તો ગમતું હતું. પણ એના બોલવા પરથી જે ભૂતકાળ યાદ આવતો હતો તેની અકળામણ થતી હતી.

પણ આ છોકરો મારા પર શું શું વીતકો વીતી રહેલ છે તે જાણતો હશે! જાણતો ન હોય એમ બને નહિ. ભદ્રાભાભી. બધું જ જાણીને બેઠાં છે, એમણે પણ કહ્યું જ હશે ને.'

'ભદ્રાબાએ તને કાંઈ કહ્યું?' એણે પૂછ્યું.

'કહ્યું કે મારાં બા થોડા દિવસ માટે મારા મામાને ઘેર ગયાં છે.'

એટલું બોલી દેવુએ ફરી વાર મોં ફેરવી લીધું એના અનુચ્ચારણમાંથી જ બધી માહિતી બોલી રહી હતી. વીરસુતના મન પર તો એક જ અસર ઘુંટાયે ગઈ. ભદ્રા આટલા દિવસથી ઘરમાં હતી ને આટલી આટલી આબરૂહાનિની પરંપરાની તલેતલ સાક્ષી હતી છતાં એક પણ વાર એકાદ શબ્દ પણ એ સંબંધે એણે ઉચ્ચાર્યો નહોતો. છોકરો સર્વ વીતકોની જાણ લઈને આવેલ છે પણ એક ઈસારોયે કરતો નથી. આ લોકો મને મેંણાં ટોંણાં કેમ મારતાં નથી? મારો ત્યાગ કરીને કેમ ચાલ્યા જતાં નથી? એવું કાંઈક અવળું વેણ બોલત તો તો એમને ખખડાવી નાખી આંહીંથી હાંકી કાઢવાનું પણ એક કારણ મળી જાત! પણ વીરસુતના હાથમાં આ સ્વજનોએ એકેય હથિયાર આપ્યું નહિ.

એણે દેવુને કહ્યું, 'ભદ્રાબાએ ચહા પીધી?'

'ના.'

'તું પાજે. અને સાથે કશુંક ખવરાવજે. એમણે ત્રણ દિવસથી ઉપવાસો કર્યા છે.'

બોલાઈ તો ગયું, પણ પછી બીક લાગી, કે કદાચ દેવુ ઉપવાસનું કારણ પૂછશે. એવું કશું પૂછ્યા વગર દેવુ બહાર નીકળી ગયો.

એના ગયા પછી વીરસુત ફરી ટેબલ પર બેઠો. પણ એનું ચિત્ત ટેબલપરથી ચાલી નીકળ્યું હતું તે પાછું આવતું નહોતું.

'આવતી કાલે તો કેસ ચાલવાનો છે. એ દુષ્ટાનો અને એના રક્ષક ભાસ્કરનો પૂરેપૂરો ભવાડો કરવાનો છે. શહેરનો એક પક્ષ પોતાને પક્ષે પણ ઊભો રહેનાર છે. ત્રણચાર દંપતી-જીવન પર ભાસ્કરે શિરજોરી ચલાવી હતી તેઓ પોતપોતાની દાઝ એકઠી કરીને વીરસુતની સહાયે ઊભવાના છે. વકીલો પણ પોતની વહારે ધાનાર છે. અને કેટલાક ખાટસવાદીઆ લોકો પણ આ તમાશામાં રોનક પૂરવા વીરસુતના પક્ષે ઢોલકી વગાડવા લાગ્યા હતા. વીરસુતનો પુરાવો મજબૂત કરવા માટે એક વ્યક્તિ તો ઘરમાં જ બેઠી હતી, એ હતી ભદ્રા. ભદ્રાને અદાલતમાં તેડી જવાનું કાર્ય જરા કઠિન હતું. પણ દેવુ આવ્યો છે એટલે એમાં સરલતા થવાની આશા હતી.

આવી કડીઓ અંતરમાં ગોઠવતો વીરસુત પોતાના કટ્ટર નિશ્ચયની વધુ વધુ કદર કરી રહ્યો હતો, ત્યાં દેવુએ પાછા આવીને ખબર દીધા. 'બાપુ, ભદ્રાબાએ ચહા સાથે દશમી પણ ખાધી છે. તમે ચહા પીધી એટલે એણે પણ પીધી છે. એ કહે છે કે તમે ખાશો પીશો તો એ પણ ખાશે પીશે.'

'વારૂ.' એમ કહી વીરસુત ભદ્રાની પાસે અદાલતમાં આવવાની વાત મૂકવાનો સમય વિચારી રહ્યો.

સાંજનો સમય હતો. દેવુ બહાર નીકળી પડ્યો. એને વીણી વીણીને થોડા વધુ પથ્થરો-ગોળાકાર સુંદર પથ્થરો, ઘાટીલા, વજનદાર અને ઘા કરવામાં ફાવે તેવા સરખા પથ્થરો પોતાનાં બીજા ખિસ્સામાં પણ ભર્યા. પોતાનો ઘા કેટલે દૂર જઈ શકે છે ને પોતાની

તાક કેવીક ચોક્કસ છે એ નક્કી કરવા એણે ઝાડનાં પાંદડાં પર પથ્થરો ફેંકી પણ જોયા. ફેંકતો ફેંકતો એ વિશેષ દૂર ગયો. સારી પેઠે એકાંત મળતી ગઈ. આવી નિર્જનતામાં જો પેલી નઠારી નવી બા મળી જાય ને, તો તો મારું કામ પાકી જાય. એવી એવી કલ્પના એના નાનકડા માથાને ધગાવી રહી. એવામાં એણે એક સ્ત્રીઓનું ટોળું દીઠું. બીજી સ્ત્રીઓ એમાંની એક સ્ત્રીને પકડીને હાથ ખેંચી રહી હતી. સાથેબે ત્રણ પુરુષો પણ હતા. જે સ્ત્રીનો હાથ ખેંચાઈ રહ્યો હતો તે જાણે કે આગળ વધવા આનાકાની કરતી હતી. દેવુ જેમ નજીક પહોંચ્યો તેમ તો તેણે પેલી હાથ ખેંચનારીઓના સ્વર પણ સાંભળ્યા.

'ચાલ તું તારે. રસ્તો કાંઈ કોઈના બાપનો નથી, આ તો જાહેર રસ્તો, હિંમત કરીને નીકળ. શું કરી નાખવાનું છે કોઈ?'

'કરી તો શું નાખશે કોઈ!' પેલી સ્ત્રી જવાબ દેતી હતી.' પણ મને એ જગ્યા, એ ઘર, એ બધું જ હવે ખાવા ધાય છે.'

'ચાલ ચાલ, એની આંખોને ચગદતાં જ ચાલ્યાં જઈએ. એની છાતી પર થઈને ચાલીએ. અમસ્થાં કંઈ આપણે ઊંચા નહિ આવી શકવાનાં!'

બીજીએ કહ્યું: 'અમે તો એને શેમ શેમ પોકારવાનાં, ચાલ.'

એમ બોલતી સ્ત્રીઓ પેલી અચકાતી સ્ત્રીને લેતી આગળ વધી ને દેવુએ એ અચકાતી સ્ત્રીને ઓળખી. એ જ નવી બા! એના હાથ સળવળી ઊઠ્યા.

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૬: સસરાને દીઠા

**નવી** બાને ઓળખી-અને દેવુનો હાથ ઢીલો પડ્યો. પથ્થર એની હથેળીઆ પરસેવામાં રેબઝેબ બન્યો. ને પછી ધીરે ધીરે એ પથ્થર હાથમાંથી સરી પડી, પૃથ્વીને ખોળે ચાલ્યો ગયો.

આમ કેમ બન્યું? ખુન્નસ ક્યાં ગયું? દાઝ કેમ ટક્કર ઝીલી ન શકી?

દેવુએ દીઠી, પોતે કલ્પી હતી તેનાથી સાવ જુદી જ એ સ્ત્રીની મુખાકૃતિ: કલ્પી હતી, બહેકેલી, ફાટેલી, બેશરમ અને નફટાઈના રંગો ઉછાળતી મુખાકૃતિ; પ્રત્યક્ષ દીઠી વેદનાભરી, લજ્જાભરી, શોકાંત અને પરવશ નારી-પ્રતિમા; જાણે એ તો આકુલ અને દિશાશૂન્ય બની ગઈ હતી. સાથીદાર સ્ત્રીઓ એને આમ તેમ ખેંચતી હતી. સાથીદાર પુરુષો પણ એને આગળ થવા ધકાવી રહ્યા હતા. એની અનિચ્છાને સાથીદારો જોરદાર શબ્દોના ચાબુકો લગાવી ઉત્તેજીત કરતા હતા. એની દશા તળાવમાં માછલાંના ઠેલા ખાતા કોઈ નિર્જીવ લાકડાના ટુકડા જેવી, પવનની ધુમરીમાં ચક્કર ચક્કર ચકડોળે ચડેલા અજીઠ પડીઆ જેવી દેખાઈ. સાથીઓમાંથી એક પુરુષ ટોંણો મારી રહ્યો: 'ભણી ગણી, બંડખોરીનાં ભાષણો પણ કરતી હતી, આજે કોણ જાણે એ બધું ક્યાં ગયું?'

'સ્ત્રીઓ તો બસ બોલવે જ શૂરી હોય છે, કરી દેખાડવાનો મોકો મળે છે ત્યારે તો છાતી બેસી જ જાય છે. કાલે કોર્ટમાં ઊભીશ ત્યરે તારું શું થશે, હેં કંચન? યાદ રાખ, જો ત્યાં તારી જીભ થોથરાઈ છે ને તો...'

એ પુરુષે બાકી રહેલું વાક્ય શબ્દોથી નહિ પણ આંખોના ડોળાના ઘુરકાટ વડે જ પૂરું કર્યું. એના ડોળા આખા ટોળા પર પથરાઈ વળ્યા.

'એ તો ભાસ્કરભાઈ! એક બીજી સ્ત્રીએ કહ્યું: 'કોર્ટમાં તમારે એની જુબાની થાય ત્યારે સામે જ જોઈ ઊભવું પડશે. નહિતર એ કાંઈકને બદલે કાંઈક ભરડી મારશે.'

ટોળાની પાછળ પાછળ થોડે અંતરે ચાલ્યો જતો દેવુ આ વાર્તાલાપ સાંભળતો ઊકળતો હતો, કંપતો હતો, ફાળ ખાતો હતો, જાણે કોઈ રાક્ષસી માયાના ઓળા તળે પોતે ચાલ્યો જતો હતો.

ને એણે ઓળખ્યો-નવી બાના મદદગાર ને રક્ષણહાર એ સ્ત્રી-સન્માનના આદર્શધારી ભાસ્કરને. એ ભાસ્કરે પેલી સૂચના આપનાર સ્ત્રીનો બરડો થાબડ્યો તે પણ દેવુએ જોયું. પોતે આ દૃશ્યને અને આ વર્તનને જોવા ટેવાયેલો નહોતો. દેવુની અશક્ત લાગણીઓ જાણે કે તાતી તીણી સોટીઓ બનવા તલસી ઊઠી.

પિતાનું ઘર નજીક આવતું હતું. ટોળું'શેમ શેમ'ના શોર ધીરે ધીરે ઉઠાવતું હતું. એની વચ્ચે નવી બા અકળાતી અકળાતી નીચે જોઈ મ્લાન વદને ચાલતી હતી, ને એને પીઠ થાબળતો ભાસ્કર કહેતો હતો: "હિંમત રાખ, બહાદુર બન."

મકાન નજીક આવ્યું. કંચનએ મહામહેનતે ઊંચું માથું કરી મકાન તરફ જોયું. જોતાંની વાર એ ઝબકી. સૂર્યાસ્ત થઈ ગયો હતો. વીજળીના દીવા ઝળહળતા હતા. દીવાના એ ઝળહળાટમાં પતિના ઘરના બગીચાનાં ફૂલઝાડ વચ્ચે એણે એક પુરુષને ઊભેલ દીઠો. ઉંચી દેહ-કાઠી, ઉઘાડે શરીર જનોઈના સફેદ ત્રાગડા ઝૂલતા હતા. કપાળ પર ચાંદલો હતો. હાજ જોડી, પ્રશાંત મને ઊભો ઊભો, એ સાઠેક વર્ષનો પુરુષ ગંભીર સંધ્યાના કોઈ નિગૂઢ આત્માને નમતો હતો. 'શેમ શેમ' શબ્દોથી ચમક્યા કે ઝબક્યા વગર એનું મોં પ્રાર્થનામાં ભીંજાતું હતું.

એને દેખતાં જ કંચન થંભી. ટોળામાંથી પાછી ફરી. ઊતાવળે પગે એ નાસી છૂટી, એને શું થયું તેની સમજ ન પડતાં સૌ થોડી વાર થોભ્યાં, પછી બધાં પાંછાં કંચનને પકડવા દોડ્યાં, બૂમો પડતી હતી: 'બીકણ! બાયલી! નિર્માલ્ય!'

બધાં એ બોલતાં રહ્યાં, અને કંચને દોટ કાઢી. એ કઈ ગલી તરફ દોડી ગઈ તેની કોઈને જાણ નહોતી. બધાં ધીમાં પડ્યાં, ફક્ત ભાસ્કર ઉતાવળે કંચનની શોધમાં ચાલ્યો.

અરધી દોડતી ને અડધી ચાલતી એ નારી પાછળ પાછળ જોતી હતી. એને દોડતી દેખી દેવુ પણ ગલીમાં આગળ દોડ્યો ગયો હતો. ગલીને ખૂણે એક આસોપાલવના ઝાડ હેઠળ એ છાંયામાં ઊભો હતો. આસોપાલવની બાજુએ જ કોઈકના બંગલાના ચોગાનમાંથી 'રાતની રાણી'નાં પુષ્પો છૂપી સુગંધ છોડી રહ્યાં હતાં.

દેવુએ બાને દોડતી આવતી દીઠી. સીધે માર્ગે એ દોડી જશે ત્યારે પથ્થર લગાવવાનો લાગ મળશે એવી એને આશા હતી. ત્યાં તો કંચન પણ સીધો માર્ગ છોડી આસોપાલવની છાયા હેઠળ થાક ખાવા ઊભી રહી. દેવુ અને કંચન લગોલગ થઈ ગયાં. દેવુએ કંચનની છાતીને હાંફે હાંફે સ્પષ્ટ શબ્દો સાંભળ્યા: 'હાશ! હાશ! હે ભગવાન! આમાંથી છોડાવો!'

શામાંથી છૂટવા માગતી હતી આ યુવતી? પોતાને પ્રાપ્ત થયેલી સ્વતંત્રતામાંથી! પોતાને સાંપડેલી નૂતન યુગનાં પૂજકોની સહાનુભૂતિમાંથી! પુરુષના જુલ્મો ઉઘાડા પાડવાની પોતાને આવતી કાલે જ મળવાની તકમાંથી? શામાંથી?

હાંફતી હાંફતી એ ફરી વાર બોલી: 'ઓ મા!'

અને કોણ જાણે કેમ પણ દેવુના હાથમાંથી બીજો પથ્થર પણ નીચે પડી ગયો, ને એની જીભેથી શબ્દ છૂટી ગયો: 'બા!'

'બા!' એવા ઉચ્ચારણને ન ટેવાયેલી હોવા છતાં કંચન કોણ જાણે ક્યા ભાવથી, કયા કુતૂહલથી, કઈ દિલસોજીથી એ ઉચ્ચારણ કરનાર તરફ ફરી. ઘાટી વૃક્ષ-છાંયા જાણે કે કોઈ બારેક વર્ષના બાળકને ખોળામાં લપેટી રહી હતી. બેઉની વચ્ચે એક દૃષ્ટિ થઈ શકી નહિ, ને કંચન'કોણ છો અલ્યા!' એટલું પૂછવા જાય છે, ત્યાં તો એની પાછળ એના ખભા પર ભાસ્કરનો પહોળો પંજો જરા જોશથી પડ્યો.'બા' શબ્દ બોલનાર બાળકને કંચન પૂરો પારખે તે પૂર્વે તો એને આ પંજાના મૂંગા પછડાટથી ચોંકી પાછળ જોવું પડ્યું.

'અરે! અરે!' ભાસ્કરે માર્દવભીની વાણી કરી: 'આટલી ચમકે છે શાને વારૂ?'

બોલતે બોલતે ભાસ્કરનો હાથ કંચનના ખભા પરથી ચડીને એના માથા પર ફરવા લાગ્યો. એણ કહ્યું: 'તું ચમક ના. હું તારી સાથે જ છું. ચાલ, આપણે ફરીને જઈએ.'

'ના પણ...' કહેતે કંચને ભાસ્કરનો હાથ પોતાના શરીર પરથી હળવેથી દૂર કર્યો.

'વારૂ! કંઈ નહિ! કાંઈ નહિ કરૂં. નિર્ભય રહે. પણ મને કહે તો ખરી, તું કેમ પાછી નાઠી?' ભાસ્કર પાસે તો મૃદુતાનો પણ અખૂટ ખજાનો હતો.

'મારા-મારા-સસરા જેવા મેં દીઠા કોઈક.' કંચને સાડી સંકોરતે સંકોરતે કહ્યું.

'ક્યાં દીઠા? કોણ તારા સસરા!'

'બગીચામાં સંધ્યા કરતા ઊભેલા દીઠા.'

'ઓળખી કાઢ્યો?'

'ઓળખાઈ જાય તેવા છે. મને એની લજ્જા આવે છે, એ કાલે કોર્ટમાં હાજર રહેવાના હશે, શું થશે?'

'તો શું છે?'

'હું એમની સામે કેમ કરી ઊભી શકીશ?'

'ઘેલી! વેવલી! શી લાગણીવશતા! એ બાપડાની શી તાકાત છે કે કોર્ટમાં ઊભોય રહી શકે? હું એના કાનમાં કીડા ખરે તેવો મામલો મચાવીશ, જોજે તો ખરી! ચાલ હવે.'

એમ કહેતે કહેતે એણે ફરીથી કંચનના દેહ પર હાથ થાબડવા પ્રયત્ન કર્યો. પણ કંચન જાણે ત્યાં ઊભેલા આસોપાલવની છાંયાની જનશૂન્યતાથી પણ શરમાતી હોય તેમ એ હાથને દૂર ઠેલી ચાલી.

'આ શા ચાળા માંડ્યા છે?' અપમાન પામ્યા જેવો ભાસ્કર પોતાના સત્તાવાહી અવાજ પર ફરી પાછો આવતો થયો.

'પગે લાગું ભાઈસાબ, અત્યારે નહિ.' કંચન રગરગતી હતી.

'પણ આ તે શા લાગણીવેડા! હવે છેક આજે ઊઠીને! આટલા દિવસ તો...'

'છોડો મને બાપુ! પગે લાગું.' કહેતી કંચન જેમ જેમ, પેલા 'બા'શબ્દોચ્ચાર તરફ ચમકતી નજર નાખતી નાખતી દૂર નાસતી હતી, તેમ તેમ ભાસ્કર વધુ ને વધુ આક્રમણકારી બની રહ્યો હતો.

'હું તને કાંઈ નથી કરતો, જરાય સતાવવા નથી માગતો, આ તો સુંદર આસોપાલવની છાંયા છે, ને રાતની રાણી ક્યાંકથી મહેકે છે ને, એટલે તને બીધેલીને જરા શાંતિ મળે માટે...'

પણ એના શબ્દોમાં કે ઝાડની છાંયામાં કે રજનીગંધાની સૌરભમાં કંચનને ન જંપવા આપે તોવો એ ઉચ્ચાર જાણે કે પૃથ્વીના દુઃખિત હૃદયમાં બાકોરૂં પાડીને નીકળી ચૂક્યો હતો:'બા'

'બા' શબ્દ બોલનાર એ અજાણ્યું બાળક ત્યાંથી છેટે સરી ગયું હતું. બે દીવાલો જ્યાં મળતી હતી તેના ખૂણાને આઢેલીને લપાઈને ઊભું હતું જાણે એ કોઈ માતૃહીન ભિખારી બાળક હતું.

'તું ત્યાં શું જોઈ રહી છે?' ભાસ્કર કંચનને ઠપકો દેવા લાગ્યો.

'ચાલો હવે મારે જલદી 'આશ્રય-ધામ'માં પહોંચી જવું જોઈએ.' કંચને ઉતાવળ માંડી. પતિગૃહ ત્યજાવીને ભાસ્કરે કંચનને તે જ દિવસથી શહેરના 'આશ્રય-ધામ'માં મૂકી દીધી હતી. બંડ કરનારી, જુલ્મોમાં સપડાયેલી, અન્યાય સામે શિર ઊંચકીને નાસી છૂટનારી સ્ત્રીઓને માટે 'આશ્રય-ધામ' શરણાગતિનું સ્થાન હતું.

'આપણે થોડું ફરીને જઈએ.'

'મોડું થાય. નાહક ત્યાં સૌ વહેમાય.'

'ન જ વહેમાય. તું ક્યાં બીજા કોઈની સાથે છે? મારી સાથે છે ને! મારી સાથે આવનાર ઉપર જે વહેમાય તેની ખબર કેમ લેવી તે હું જાણું છું. ચાલ તું તારે.'

એમ કહીને કંચનના બરડા પર ફરી હાથ થાબડનાર ભાસ્કર હસ્યો. એ હાસ્યથી આસોપાલવના પાંદડા જાણે હલી ઊઠ્યાં, ને એ હાસ્યથી પેલો ખૂણામાં લપાયેલો છોકરો દેવુ સવિશેષ સંકોડાયો.

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૭: સમાધાન

**બેઉ** જણા ત્યાંથી સારી પેઠે દૂર નીકળી ગયાં ત્યારે ખૂણામાંથી નીકળીને દેવુ નાઠો. પાછળ કદાચ પેલો માણસ આવશે ને પકડી પાડશે એવી બીકે ફડક ફડક થતો એ માંડમાંડ રસ્તો પૂરો કરી શક્યો. આખે માર્ગે એના અંતરમાં ઊર્મિઓની ધુમાધુમ ચાલી. પણ બીજી બધી વાતોને વિસરાવે તેવો ભય એના અંતરમાં ઊઠ્યો. આ નવી બા શું કહેતી હતી? શું દાદા આવી પહોંચ્યા હશે? તો તો એ મને મારશે. એ તો ઠીક, પણ દાદા કાલે આ નવી બાને નફટાઈથી કોર્ટમાં ઊભેલી જોશે તો એમને શું થશે? આ ભાસ્કર એમની કેવી દશા કરશે? આ માણસ કોણ છે? એ નવી બા સાથે આમ કેમ વર્તન કરે છે? ને નવી બા શું દાદાને દેખી શરમાઈને નાઠાં? દાદા પ્રત્યે એને શું વહાલ છે? અદબ અને માન છે? હું જલદી જઈ દાદાને વાત તો કરૂં.

દેવુ ઘર પહોંચ્યો ત્યારે સાચોસાચ એણે દાદાને આવેલા દીઠા. પોતે જે ટ્રેનમાં આવ્યો તે પછીની બીજી જ ગાડીમાં દાદા રવાના થઈને ઉપવાસી મુખે મુસાફરી કરી આવ્યા હતા.

દેવુએ જઈને દાદા કશું બોલે તે પહેલાં જ કહ્યું: 'દાદાજી! મને હમણાં ન વઢતા. હમણાં મને એક વાત કરી લેવા દો. નહિ તો પછી એ વાત હું કરી નહિ શકું. દાદાજી! એ વાત મારે તમને એકલાને જ કહેવી છે.'

બાગમાં બેઠેલા એકલવાયા દાદાને દેવુ પર રોષ કરવાના હોશ જ નહોતા રહ્યા. એણે પોતાની સંધ્યા-પૂજામાં 'શેમ! શેમ!'ના તિરસ્કાર-સ્વરો સાંભળ્યા હતા. એનું મન પુત્રવધૂને એક વાર એકાંતે મળવાનું હતું. એના ઉપર તો એ આવીને ઊભા રહ્યા કે તૂર્ત વીરસુતનો રોષ તૂટી પડ્યો હતો. એ સૂનમૂન એકલા બેઠેલા પુરુષને દેવુએ પહેલો જ બોલ આ કહ્યો: 'દાદાજી, બાને ખબર પડી છે કે તમે આવેલ છો. બા શરમાયાં લાગે છે.'

દેવુની એ આખી અનુભવ કથા સાંભળતાં જ વૃદ્ધની આંખો ચાંદનીનાં કિરણોને ઝીલતી ચમકી ઊઠી.

ઝળકી ઊઠેલી આંખોને આ વૃદ્ધ બ્રાહ્મણે થોડી ઘણી મીંચી રાખી. એના મનમાંથી આર્તનાદ ઊઠ્યો. 'નિરબલ કે બલ રામ!' બિડાયેલી આંખોમાંથી અશ્રુધાર વહી.

દેવુએ પોતાના દાદાજીને રડતા એક જ વાર દીઠા હતા: પોતાની મુવેલી બાને યાદ કરતી વખત. આ પુરુષને વારંવાર આંસુ બગાડવાની આદત નહોતી. દુઃખોની આગથી એ નહોતા ઓગળતા. એને પિગળાવનાર એક જ તત્ત્વ હતું: પોતાની દીકરા-વહુઓનો પોતા પ્રત્યેનો પ્રેમભાવ.

આખી રાત એને નીંદર ન આવી. પાછલા પહોરના અજવાળીઆને લીધે કાગડા બોલ બોલ કરતા અને એ કાગારવ એને સવાર પડી ગયાનો વારંવાર વિભ્રમ કરાવતો. પોતાની પાસે સૂતેલા દેવુના શરીર પર એ વારંવાર હાથ ફેરવતા હતા અને બીજા ઓરડામાં સૂતેલી મોટી વહુ ભદ્રા ઊંઘમાં કશુંક લવતી હતી તે તરફ એ કાન માંડતો હતો. એ સ્વપ્ન-લવારીમાં ભદ્રા બોલતી હતી: ‘કંચન! મારી બેન! તમને શી ખબર, બાપુજીએ તો એક વાર તમારા જેઠના બરડામાં સીસમની લાકડીનો સોટો ખેંચી કાઢેલો. શા માટે, કહું? તમારા જેઠે મને મારા બાપ સમાણી ગાળ દીધેલી એ બાપુજીને કાને પડી ગઈ હતી તેથી. બાપુજી તો બાપુજી છે બેન! ચાલ પાછી ઘેરે. તારે તે શું મોટું દુઃખ છે. મને જોતી નથી? મારા માથાને મૂંડવાનો પહેલવેલો દા'ડો આવ્યો તે દિ' બાપુજીએ અન્નજળ નહોતાં લીધાં. નાની બાળ ઉમ્મરનું રાંડીરાંડપણું હું રમતાં રમતાં વેઠું છું તે તો બાપુજીના પ્રેમને બળે. નીકર તો બાઈ, હું તારા કરતાં ય વધુ પોચી છું - ગાભા જેવી છું.'

થોડી વાર લવતી રહી ગયેલી ભદ્રાએ ફરી પછું લવવા માંડ્યું.'ફડા...ક! ફડા...ક! ફડા...ક! હા-હા-હા-સીસમની ત્રણ લાકડીઓ ખેંચી કાઢી'તી બાપુજીએ તમારા બરડામાં: કેમ, યાદ છે ને વા'લા! ભૂલી શકો જ કેમ? હેં, ખરું કહો તો, મારી સોગન... ફરી વાર દઈ તો જુઓ મને ગાળ.'

વૃદ્ધ સસરો વધુ ન સાંભળી શક્યો. વિધવા પોતાના વિદેહી સ્વામીની સાથે સ્વપ્નમાં વાતો કરી રહી હતી. એ વાતો સાંભળવામાં પોતાને પોરસ ચડતો હતો. છાતી ગજ ગજ ફુલાતી હતી. છતાં એ વાતો પતિ પત્ની વચ્ચેની ખાનગી હતી. એ સાંભળ્યે પાતક લાગે. આવા નીતિશાસ્ત્રને જીવનમાં અનુસરતો સસરો પોતાની પથારી છોડીને બગીચામાં ટહેલી રહ્યો.

સૌ સૂતાં હતાં તે વખતની આકાશી એકાંતમાં ચાંદો જાણે ચુપકીદીથી રૂપાની પાટો ને પાટો ગાળતો હતો. ગાળી ગાળીને નભોમંડળમાં અઢળક ઢોળતો હતો. કૃપણને દિલાવર બનવા પ્રેરે તેવી ચાંદની હતી. ધુમાધુમ કરતી કાળી વાદળીઓ આ વૃદ્ધને ચંદ્રના ઘરની વિધવા અને ત્યક્તા પુત્રવધૂઓ શી દેખાતી હતી. સસરાને નેહે નીતરતી એ સૌ જાણે

ઘરકામ કરી રહી હતી. આવડા પ્રબલ આકાશી દૃશ્યે આ વૃદ્ધની નસોમાં નવું બળ પૂર્યું. એણે સ્નાન પતાવી, દેવુને જગાડી, પોતાની સાથે લઈ, વહેલા પ્રભાતે આશ્રય-ધામ શોધી કાઢ્યું. થોડા થોડા ભળભાંખળામાં બેઉ જણાએ આશ્રય-ધામને ચાર પાંચ ચક્કર લગાવ્યાં. પણ હજુ અંદર કશો અવર જવર નહોતો.

દાદા અને દેવુ બેઉ આશ્રય-ધામની દીવાલ પાસેની એક પીપર નીચે બેઠા બેઠા રાહ જોવા લાગ્યા.

'જોજે હો દેવુ!' દાદાએ ભલામણ કરી'બા નીકળે કે તૂર્ત તું મને બતાવજે હો. હું નહિ ઓળખી શકું. મેં તો એ બાપડીને પૂરી જોઈ પણ ક્યાં છે?'

પ્રભાત થયું ત્યારે પહેલવહેલો જ જે પુરુષ આશ્રય-ધામના દરવાજા પર આવી સાંકળ ખખડાવતો ઊભો તેને દૂરથી દેખીને દેવુનો દેહ ભયની કમ્પારી અનુભવતો અનુભવતો દાદાની નજીક સંકોડાયો.

'કેમ દેવુ? કેમ બીનો?' દાદાએ પૂછ્યું.

ત્યાં તો દરવાજો ઊઘડ્યો ને એ માણસ અંદર દાખલ થયો, તે દેખીને હિંમત અનુભવતા દેવુએ જવાબ દીધો: 'એ જ મેં કહ્યો હતો તે-પેલો.'

'કોણ પેલો?'

'જેને ભાસ્કર ભાસ્કર કહે છે તે.'

ભાસ્કરનું નામ સાંભળવું અને ભાસ્કરને નજરોનજર નિહાળવો, એ દેવુના દાદાને માટે સહેલું કામ નહોતું. પુત્રને કન્યા શોધી આપનાર અને પુત્રના સર્વ હિતના રક્ષક બનનાર આ માનવીનું નામ એનાથી અજાણ્યું નહોતું. પુત્રનો ઘર સંસાર પણ કોઈક ભાસ્કરભાઈ ચલાવી આપે છે, પુત્ર અને વહુ વચ્ચેના કજિયાટંટા ને વાંધા તકરારો પણ કોઈક ભાસ્કરભાઈ પતાવી આપે છે, એ સાંભળવાના અનેક પ્રસંગો પોતાને ગામ આવતા હતા. પુત્રને કોલેજમાં પ્રોફેસરપદ અપાવવા માટે પણ કૈંક રાત્રિઓના ઉજાગરા વેઠીને મુંબઈ વડોદરાની દોડાદોડી ભાસ્કરભાઈએ કરી હતી તે સાંભળ્યું હતું. પણ પુત્રના પિતાને એ બધા સમાચારો અતિ-અતિ વધુ પડતા સારા લાગ્યા હતા.

પુત્રના સંસારમાં લેવાઈ રહેલો આ રસ એ જૂના જમાનાના બાપુને વધુ પડતો લાગતો હતો. કોઈ અમદાવાદ જઈ આવેલું સ્વજન ઘણી વાર જ્યારે જ્યારે એને આવીને જાણ કરતું કે'ભાઈબંધીની તો બલિહારી છે ભાઈ! દુનિયામાં ભાઈબંધ શું નથી કરતો?' ત્યારે ત્યારે બુઢ્ઢા બાપને નાકે કશીક ન કળાય ને ન પરખાય તેવી ખાટી સોડમ આવતી હતી.

બેટા કે બેટીને, ભાઈને કે ભાઈબંધને ફક્ત પરણાવી ઘર ચાલુ કરાવી દેવા સુધીની જ વાતને સ્વધર્મની છેલ્લી સીમા સમજનાર આ જૂના જમાનાનો ભણેલો બ્રાહ્મણ તે પછીની તમામ વાતને પેશકદમી જ માનતો હતો. ભાસ્કર નામથી એણે પોતાની સન્મુખ બીજો એક બ્રાહ્મણ જોયો: બ્રાહ્મણ જ હોવો જોઈએ: એને પૂછવું જોઈએ, અલ્યા કહે તો વારુ, તારા મિત્રધર્મની સરહદ ક્યાં સુધી જઈને થંભે છે?

એટલો વિચાર કરે છે ત્યાં તો દરવાજાની બારી ફરી વાર ઊઘડી. પહેલી એક યુવતી નીકળી ને તેની પીઠે મજબૂત હાથનો ધક્કો દેતો એનો એ જ પુરુષ પાછો નીકળ્યો. દેવુ પોતાના દાદાને 'એ જ મારી બા' એટલું કહી શકે તે પૂર્વે તો એ આનાકાની કરતી યુવતીને ધકેલવા જેવી સ્થિતિ કરતો પુરુષ સામે ઊભેલી મોટર-કાર સુધી લઈ ગયો, બેઉને લઈને

કાર ઊપડી અને માત્ર ઊપડતી મોટરે એ સ્ત્રી, હજુય પ્રભાતના સહેજ સંક્રાંતિકાળમાં અર્ધઅદૃશ્ય રહેલા એવા બે જણાને પીપરની ઘટા હેઠે જોતી ગઈ.

તે પછી પાકી ખાતરી કરવા માટે પિતા બાળકને લઈ આશ્રય-ધામની ઓફિસે ગયા. પૂછ્યું: 'અમારે કંચનગૌરી મળવું છે.'

'શું થાય તમારે?'

'સગાંની દીકરી થાય.'

'બહાર ગયેલ છે.'

ઘણી લાંબી વેળા ત્યાં બેઠા પછી. પ્રભાતનાં અનેકવિધ ગૃહકાર્યોમાં મચી જવાના એ સમયે ત્યાં આશરો લઈ રહેલી પચાસેક નાની મોટી સ્ત્રીઓની પરસ્પર વાદાવાદ અને રીસ બબડાટ કરતી જોય પછી નિરાશ દાદા દસ વાગે બહાર નીકળ્યા અને ઘેર ગયા વગર બારોબાર અદાલતમાં પહોંચ્યા. ત્યાં એણે સાંભળ્યું કે ફરિયાદી બાઈ કંચનગૌરીના વકીલે, પોતાની અસીલની તબિયત એકાએક ગંભીર થઈ જવાથી ને તે કારણે તેને બહારગામ ચાલ્યા જવું પડેલું હોવાથી, અચોકસ મુદ્દતને માટે મુકર્દમો મુલતવી રાખવાની અરજી ન્યાયાધીશને કરી છે.

આ રસગંભીર મુકર્દમામાં હાજરી આપવા આવેલાં બસોક સ્ત્રીપુરુષ શ્રોતાઓ પાછાં વિખરાતાં હતાં. તેમનાં વદનો પર નિરાશા ને ખિન્નતા જ નહિ, પણ ચીડ અને ઠપકો પણ હતો. તેઓ અંદર અંદર વાતો કરતા હતાં કે-

'એકાએક તબિયત શાની લથડી ગઈ? વખતસર કોઈ દાક્તરને તો બતાવવું હતું!'

'આમાં તો નબળાઈ જ ગણવાની.'

'ભાસ્કરભાઈ કોઈને પૂછે નહિ, ગાછે નહિ, ને એને બહારગામ ઉપાડી જાય, એ તે કેવી વાત!'

આ સૌ માણસોની વાતો કરવાની છટામાંથી એક ભાવ તો સ્પષ્ટપણે ઉપસી આવતો હતો: કે સૌ કંચનના જીવનને પોતાનું આત્મીય માનતાં હતાં. સૌને કંચને આજે જાણે ફરેબ દીધો હતો. સૌએ પોતાના સમયની તેમજ સજાવટની બરબાદી બદ્દલ કંચનને જ દોષિત ગણી. સૌથી વધુ કષ્ટ તો જે જે નવી પ્રેક્ટીસ માંડનારા જુવાન ધારાશાસ્ત્રીઓ આ મુકર્દમામાં કંચનપક્ષે લડવા થનગની રહ્યા હતા તેમને થતું હતું.

એમ પણ વાત થઈ કે 'એનો સસરો આવેલો છે એવું જાણ્યા પછી એ હિંમત હારી ગઈ. ભાસ્કરભાઈએ તો એને ઉત્તેજિત કરવાની ઘણી મહેનત કરી, પણ એને હોશ આવ્યા જ નહિ.'

કોઈ બોલ્યું: 'એબ્સર્ડ.' કોઈએ કહ્યું: 'ચાઈલ્ડીશ.'

અદાલતના એ તમાશબીનોને ચીડવતી, વીરસુતની ગળોગળ દાઝને ધૂળ મેળવતી, અને એક વૃદ્ધ તેમ જ એક બાળકને અમદાવાદના ફૂટપાથ પર બાઘોલાં જેવી બનાવી મૂકતી, કંચન અને ભાસ્કર વાળી આગગાડી આગળ ને આગળ વધતી હતી. ગુજરાતનાં જોવા લાયક ગામો ઘૂમતી હતી.

'તને ભોળીને શી ખબર પડે?' ભાસ્કર એને સમજ આપતો હતો;' એ લોકો તારૂં અપહરણ કરીને તને પોતાના ગામની રજવાડી હદમાં ઘસડી જવા આવ્યા હતા, ને કાવત્રું ગોઠવતા હતા. તું ભલી અને નિર્દોષ છે એટલે તેમના વિષે ભલા વિચારો ધરાવે છે.'

આ શબ્દોથી કંચનને પોતાના અપરાધનો ભાર હળવો થયો હોય એવું લાગ્યું. પોતે ભલી અને નિર્દોષ હોવાનો ઠપકો કઈ સ્ત્રીને નથી ગમતો?

'તને ખબર છે?' ભાસ્કરે કહ્યું: 'હું ન આવી પહોંચ્યો હોત તો તને ઉપાડી જવા માટે એ ટોળી ત્યાં જ બેઠી હતી!'

સવારે આશ્રય-ધામેથી નીકળતી વેળા કંચને જે બે આકારો દીઠા હતા તેમને હવે તેણે ઓળખી પાડ્યા. એ બેઉ-એ સસરો ને એ પુત્ર- પોતાને ઉઠાવી અથવા ભોળવી જવા જ આવેલા હોવા જોઈએ.

'તેં તો ક્યાં નથી વાંચ્યા એ કિસ્સાઓ? જેમાં પોતાની ઈચ્છાથી આડે હાલનાર વહુવારૂઓનાં તો આ ગામડાંના સાસરૈયાં ખૂનો પણ કરાવી નાખે છે.'

એમ કહીને ભાસ્કરે પોતાની યાદદાસ્તમાંથી એક પછી એક બનાવો વર્ણવવા માંડ્યા. એ વર્ણન કોઈ પણ સ્ત્રીને કમ્પાયમાન કરી મૂકે તેવું હતું.

'આવી તમામ સિતમગીરીને તોડવા તું સાચી નારી બની જા. તારૂં સિંહણનું-સ્વરૂપ પ્રકાશ. તું વાઘેશ્વરી દેવી છે. તું સેંકડો કંગાલ સ્ત્રીઓની પ્રેરણામૂર્તિ બન. અબળાઓનાં બેડીબંધનો તૂટીને એનો એક સામટો ઢગલો એક દિવસે તારા ચરણો પાસે થશે. એવો દિવસ નિહાળવા મારાં નેત્રો તલસે છે. હું તો ફક્ત શિલ્પી છું. તારામાંથી આ ઘાટ ઘડવાના મારા કોડ છે.'

એમ બોલી બોલીને એણે એ સેકન્ડ ક્લાસના પ્રવસીશૂન્ય ડબામાં કંચનગૌરીની પીઠ પર થબડાટા કર્યા. થબડાટે થબડાટે કંચનનું ફરી પાછું ફુલાવું શરૂ થયું હતું. પોતે કાંઈક પરાક્રમ કરી દેખાડવાનું મંગળ નિર્માણ લઈને આવી છે એવું એને વારંવાર લાગવા માંડ્યું ને પોતાને ભાસ્કરભાઈ અપહરણ તેમ જ ગુપ્ત હત્યામાંથી બચાવી લાવેલ છે તેવી તેની ખાત્રી થઈ. પરંતુ વારંવાર પોતાના દિલને વિષે સસરાનો દુષ્ટ સંકલ્પ ઠસાવવા મથતી કંચન વારંવાર ફક્ત ચોંકી ઊઠતી હતી એક જ શબ્દના સ્વર-ભણકારાને લીધે: હજુય જાણે રેલગાડીનાં પૈડાંને બાઝી પડીને કોઈક બાળ બોલાવતું હતું: 'બા!'

એ ક્ષીણ શિશુ-બોલની સુંવાળી ગર્દનને ચીપતો ભાસ્કરનો સૂર ગાજતો હતો: 'વીરાંગના!'

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૮: પુત્રવધૂની શોધમાં

**થો**ડા દિવસે તમાશાની વૃત્તિ વિરમી ગઈ, શહેરી ઊભરો શમ્યો, મુકર્દમાની લડત માંડી વાળવામાં આવી, વીરસુત એની સ્ત્રીને ખોરાકી પોશાકી પૂરી પાડી ફાવે તે પ્રવૃત્તિમાં પડી જવા દેવા કબૂલ થઈ ગયો. પોતાને તો કંચન હવે ઘરમાં ધોળા ધર્મેય ન ખપે, પણ છૂટાછેડા મેળવવા માટે એણે પ્રયત્ન ન કરવો એ શર્તે જ એના પરનો મુકર્દમો પાછો ખેંચાયો.

પિતા, પુત્ર અને મામા થોડાક દિવસ રોકાયા, પણ વીરસુત તેમની હાજરીને સહી શકતો નહોતો. કેમ જાણે તેમને એહાજરી વીરસુતના છિન્નભિન્ન સંસાર પર દિવસરાત કોઈ છૂપો કટાક્ષ કરી રહી હોય! તેઓ વીરસુતથી ડરી સંકોડાઈને રહેતા, વીરસુત ઘરમાં આવે કે તૂર્ત ચૂપ થઈ બેસતા, પણ તેમના સવળા આચરણનીયે અવળી અસર પડતી,

'હેં દેવુ!' દાદાએ એક દિવસ વીરસુત કૉલેજમાં ચાલ્યો ગયો તે પછી ઈચ્છા દર્શાવી: 'બાપુ ભણાવે છે તે કૉલેજ તો જોઈએ! બધા એનું શિક્ષણ બહુ બહુ વખાણે છે, તો આપણે એના ક્લાસની બહાર કમ્પાઉન્ડમાં ઊભા ઊભા સાંભળીશું? હેં, જશું?' દેવુએ હા કહી. પિતાની ઈચ્છા સાંજે ઘેર આવી પુત્રને વખાણથી રીઝવવાની હતી.

દાદા ને દેવુ બેઉ જમ્યા પછી (વીરસુત જમી લેતો પછી જ તેઓ બેસતા) અંધ મામાથી ગુપ્તપણે રચેલા કાર્યક્રમ પ્રમાણે તૈયાર થઈને ચાલ્યા.

'ત્યારે જાનીજી! હું તો સૂઉં છું મારી ઓરડીમાં!' એમ બોલીને જ્યેષ્ઠારામ તો પોતાને સ્થાને (ગ્યાસલેટ અને પરચુરણ જૂના સામાનવાળી ઓરડીમાં) ચાલ્યો ગયો હતો.

દાદા ને દેવુ બહાર નીકળીને સડક પર પહોંચે છે ત્યાં તો જ્યેષ્ઠારામ તૈયાર થઈને હાથમાં લાકડી લઈ ઊભો છે!

'કાં! દવે! ક્યાં જાછ અત્યારે?' દાદાએ પૂછ્યું.

'આ... ઉંઘ તો આવી નહિ, એટલે એમ થયું કે લાવને ભાઈ ભણાવે છે એ શાળામાં જઈ આવું! તમે શીદ ભણી?'

'હવે રાખ રાખ પાજી!' સોમેશ્વર હસી પડ્યા. 'લે હાલ હવે હાલ.

'ના તમે તમારે જ્યાં જતા હો ત્યાં જજો ને! નાહકનો હું સાથે હઈશ તો શરમાવું પડશે!'

'હવે માબાપ! મૂંગો મર છ કોઈ રીતે?'

ત્રણે જણ ચાલ્યા. બીતા બીતા કૉલેજની ચોમેર મેદાનને આંટો મારી લીધો. પછી ચોર જેવે મીનીપગલે અંદર પેઠા, ને વીરસુત જ્યાં વર્ગ લેતો હતો તે જ ખંડની સામે આવીને ઊભા રહ્યા. 'ભાઈ'ની મધુર અધ્યાપનવાણી સાંભળીને બાપનો આત્મા કકળ્યો: આહા હા! આવા સરસ્વતી સંપન્નને શિરે આ દુઃખ! મારા પુત્રના મોંમાંથી વાગ્દેવી કેવી પ્રસન્નતાથી વહી રહી છે! આને માથે...!

પણ વીરસુતના અંતરમાં આ કુટુંબીજનોના દૃશ્યે ઊલટી જ લાગણી સળગાવી. એની વાગ્ધારા ખંડિત બની. એનો ચહેરો પડી ગયો. એની જ્ઞાનસમાધિમાં ભંગ પડ્યો.

આનું એક વધુ કારણ હતું: પોતાનાં આ કૉલેજનાં વ્યાખ્યાનો સાંભળવા બે વર્ષ પૂર્વે કંચન આવતી તે દિવસો યાદ આવતાં કારમો તફાવત કલ્પના પર ચડી બેઠો. કંચન અહીં બેસતી ત્યારે પોતે સોળે કળાએ ખીલી રહેતો. કંચનના સ્થાને આજે આ ત્રણ સગાં સાંભળે છે! વિડમ્બનાની અવધિ વળી ગઈ.

ઘેર આવીને એણે પિતાને કહ્યું: 'મારા દાઝેલા હૃદય પર શાને ડામ દઈ રહ્યા છો! આથી તો ઘેર જાઓ ને!'

'ભલે ભાઈ!' વૃદ્ધે પુત્રની ઈચ્છા ઝીલી લીધી. એણે પોતાની તૈયારી કરીને પછી પૂછ્યું: 'ભદ્રાને લેતો જાઉં કે અહીં રાખું?'

'લેતા જાઓ, ને આ ઘરને પણ દીવાસળી મૂકતા જાઓ! હું પણ મારો છૂટકારો ગોતી લઈશ. પછી તમને નિરાંત થશે.'

પિતાએ આ શબ્દો સાંભળ્યા ત્યારે તેની નજર સામે બે વીરસુત તરવરતા હતા. એક તો કૉલેજમાં બોલતો સરસ્વતીનો વરદાનધારી: ને બીજો આ બકવાદ કરનારો: બેમાંથી કયો સાચો? બેઉ સાચા: એક જ ખોળીઆમાં બેઉ વસનારા: બકવાદી વીરસુતનો કોઈક દિવસ

વિલય થઈ જશે, શારદાનો વરદાનધારી પ્રક્ટ થશે: એ આશાએ એણે કહ્યું: 'તો ભલે ભદ્રા આંહી રહેતી ભાઈ!'

એટલું જ કહીને વૃદ્ધે રજા લીધી. એને બીક લાગેલી કે મુંઝાએલો 'ભાઈ' કદાચ આપઘાત કરી બેસશે.

સ્ટેશને ગયા પછી સોમેશ્વરે અંધ સાળાને જુદો એકાંતે બોલાવી પૂછ્યું: 'જ્યેષ્ઠારામ! ઘેર જઈ શું મોં બતાવશું!'

'જાત્રા કરતા જવું છે?' જ્યેષ્ઠારામે આંખો બીડી રાખીને કહ્યું: 'તમારું મન જરા હળવું થશે. ને અંજળ હશે તો વહુને પણ ગોતી કઢાશે.'

'તારી મદદ છે?' વૃદ્ધનો કંઠ લાગણીવશ બન્યો. જવાબમાં જ્યેષ્ઠારામે પૂરેપુરી આંખો ખોલી. એ આંખોમાં અંધાપો નહોતો. પણ આંખનો, દુષ્ટ લાગે તેવો મિચકારો હતો.

'હે માળા દુષ્ટ!' ડોસા દેખીને હસી પડ્યા.

'લેવા દેવા વગરનું આંખોનું તેજ હું બગાડતો નથી. તેમાં દુષ્ટ શાનો?'

'ઠીક, ચાલ, દેવુને સાથે લેશું ને?'

'હા. હા.'

ત્રણે જણા ડાકોર વગેરે સ્થળોમાં થોડું ભટકી પછી એક ગામમાં આવ્યા. જ્યાં કંચનનો, આશ્રયધામની એક સંચાલિકા લેખે ભાસ્કરની સાથે પડાવ હતો.

અનુક્રમ⇨

## પ્રકરણ ૧૯: ડોળાયેલાં મન

**મુક્ત** બનેલી કંચનને સમાજપીડિત બહેનોની ઉદ્ધારક અને પ્રેરણામૂર્તિ બનાવવા-વીરાંગના બનાવવા માટે ભાસ્કર ગુજરાતનો પ્રવાસ કરાવતો હતો, ઠેકઠેકાણે ભાષણો અપાવતો હતો, સમારંભો વડે સ્વાગત ગોઠવાવતો હતો. ભાસ્કર અને કંચન જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં ઊગતા જુવાનો અને કવિતા કરતા કિશોરો એમની ફરતા વીંટળાતા રહ્યા.

પ્રત્યેક શહેરમાં યુવાનોના સમૂહ પૈકી પાંચ પંદર તો એવા હોય જ છે, કે જેઓ ઘરની માતાઓ; ભાભીઓ ને બહેનોમાંથી જીવનની અદ્ભૂતતાનો સ્પર્શ મેળવી શકતા નથી. એંશી વર્ષના બેવડ વળી ગએલા બરડા પર સાંઠીઓનો તોતીંગ ભારો ઉપાડી બજારમાં તેના વેચાણની અચોક્કસ મુદ્દત સુધી રાહ જોઈ ઊભતી ડોશીના પુરુષાર્થમાંથી તે યુવકોને રોમાંચક તત્ત્વ જડતું નથી; મરકીએ કેવળ દવાના અભાવે કોળીઓ કરી લીધેલા જુવાન ધણીને હાથે સ્મશાને દેન પાડી પાછળ રહેલાં પાંચ બાળકોની જીવાદોરી બનનારી-ત્રીશ વર્ષોનો અણિશુદ્ધ રંડાપો ખેંચનારી ગ્રામ્ય બામણીના માથાના મુંડામાંથી આ યુવકોને અલૌકિક વીરત્વની આસમાની સાંપડતી નથી.

એવા પાંચ દસ કે પંદર વીશ યુવાન કિશોરો, પોતપોતાની કવિતાપોથી, ઓટોગ્રાફ પોથી અને કેમેરાની ડબીઓ લઈ પ્રત્યેક ગામે આ વીરાંગના કંચનનો વિદ્યુતમય સહવાસ મેળવવા હાજર રહ્યા. તેમણે સભા સંમેલનો ગોઠવ્યાં, તેમણે કંચનના અંબોડા માટેની વેણી કે ચોટલા માટેનું ફૂમકું મેળવી આવવા શહેરોનાં સર્વ ચૌટં પગ તળે ખૂંદ્યાં. તેમને દોડી

દોડીને કંચનની તબિયત દરેક વાતે ઊઠાવી. કંચન તેમના પર ખીજાતી ત્યારે તેમણે આત્મવિસર્જનની જ ઊણપ કલ્પી હતી.

કંચન ખુશાલીમાં આવી જઈ તેમની પીઠ પર ધબો લગાવતી ત્યારે તેઓ બડભાગીપણું અનુભવતા. કંચન કોઈ પહાડ ચડવા કે ઝરણાને ટપી જવા તેમનો ટેકો લેતી તો તેઓ સાફલ્યનાં શિખર સર થયાં સમજતા. તેઓ આ ક્રાંતિકારી નારીને પોતાને ઘેર તેડી જતા ત્યારે એને મહેમાન ગણીને ચહા નાસ્તાની જહેમત ઉઠાવનારી અભણ ગૃહનારીઓ પ્રત્યે કંચન 'તમે લોકો' એવું વારંવાર સંબોધન કરી ભાતભાતની 'ક્રાંતિકારી' સલાહો આપવા મંડી જતી. કોઈ કોઈ ઘેરે એને ઘરનાં બૈરાં જોડે બેસવું પડતું તો એ થોડી જ વાર બેસી પાછી પુરુષોની બેઠકમાં ચાલી જતી ને કચવાતા સ્વરે બોલી ઊઠતી-

'એ લોકોની પાસે બેસીને તો કંટાળી જવાય છે. એ લોકો તો સાદી વાતોમાં પણ પૂછાપૂછ જ કરે છે. એ લોકો કદી સમજવાનાં જ નથી ને! એ લોકો સાથે વાત જ શા વિષયની કરવી!'

આમ પરિભ્રમણ ચાલવા લાગ્યું. પણ એ લાંબા પરિભ્રમણમાં ભાસ્કરને ન રૂચે તેવી કેટલીક વાતો પણ બનતી ગઈ. ભાસ્કર વિસ્મય પામતો હતો કે કંચન આ નવા નવા મળી જતા જુવાનો કિશોરો જોડે વધુ ને વધુ આનંદ કેમ અનુભવતી હતી, ભાસ્કરને આગળ અથવા પાછળ અન્ય લોકો સાથે વાતો કરતો રાખી પોતે આ જુવાનો કિશોરો જોડે કેમ ચાલતી હતી, એટલું જ નહિ પણ ભાસ્કરને 'અમે જરીક જઈ આવીએ' એટલું જ ફક્ત કહીને, અથવા કશું જ કહ્યા વગર છાનીમાની કંચન આ સ્થાનિક જુવાનો જોડે ફરવા જોવા કેમ નીકળી પડતી હતી; પોતાથી દૂર બેસતા યુવકોને ખુરસી સહિત પોતાની નજીક ખેંચી કેમ બેસારતી હતી; પોતે જે સોફા પર બેઠી હોય તે પર પોતાની બાજુમાં આ યુવકોને ખેંચી લેતી અથવા એ લોકો જે હીંડોળે બેઠા હોય તેની બાજુમાં જઈ પૂર્ણ બેપરવાઈથી કેમ બેસી જતી. આવે આવે તમામ પ્રસંગે ભાસ્કરને ઝંખવાણા પડી જઈ જુદા બેસવું પડતું.

પ્રથમ પ્રથમ તો ભાસ્કરે તકેદારી અને ચાલાકી રાખી રાખી આવા કઢંગા દેખાવો થતા અટકાવવા યત્ન કર્યો. પોતે ચોક્કસ અનુમાન બાંધીને કંચનનો આવો વર્તાવ રોકવા લાગ્યો; પણ પછી તો વાત પોતાના કાબૂ બહાર ચાલી જતી જોઈ પોતે મોંયે ચડી સલાહ સૂચના દેવા લાગ્યો. એના જવાબમાં કંચન ફક્ત એટલું જ પૂછતી: 'પણ એમાં શું થઈ ગયું? એમાં શો વાંધો છે?'

ભાસ્કર કક્ત એટલો જ ખુલાસો કરી શકતો: 'તું એમાં શું સમજે? એથી અસર ખરાબ થાય. જુવાનોનાં મન નબળાં પડે.'

'પણ મને તો એ સાવ સ્વાભાવિક લાગે છે!'

'તારી વાત જુદી છે. હું તો બીજાઓની વાત કરું છું'

થોડા દિવસ ગયા બાદ 'તારી વાત જુદી છે' એ વાક્ય પર છેકો લાગી ગયો ને ભાસ્કરે સૂચક તેમજ ગર્ભિત શૈલીએ કહેવા માંડ્યું: 'માનસિક અધોગતિ ક્યારે થાય તે કોણ કહી શકે છે?'

'પણ તમે જ કહેતા હતા કે એવા લાગણીવેડા વળી શા?'

'તે તો હું મારા સંબંધમાં કહેતો હતો. બધાં કાંઈ એટલા મનોનિગ્રહવાળા હોતા નથી.' અને આ ડહોળાએલા વાતાવરણનું એક પરિણામ એ આવ્યું કે ભાસ્કર અને કંચનને વીરનારી, ક્રાંતિકાર, બહાદુર ઈત્યાદિ જે બિરદો વડે જાહેરમાં બિરદાવતો હતો તે કરવાનું

તેણે બંધ પાડ્યું ને પ્રવાસમાં બેઉ વચ્ચે ઠંડાશ જન્મતી ગઈ. બીજાઓને મોંયે ભાસ્કર કંચનના સંસ્કારોની ખામીઓ પણ કથતો થયો.

એક દિવસ એક ગામે કંચન એને ઊંઘતો મૂકી ચાણોદ-કરનાળીના રેવા-ઘાટ પર રાત્રિની ચાંદનીમાં લટાર ખેલવા અન્ય નારીપૂજક યુવકો સાથે નીકળી પડેલી. પાછળથી ભાસ્કર જાગી ગએલો. કંચન પાછી આવી ત્યારે એણે પોતાનો ઊંડો કચવાટ જાહેર કર્યો ને એણે સાફ શબ્દોમાં સંભળાવી દીધું: 'આવું વર્તન મારાથી નહિ સાંખી શકાય. તું તો હદ બહાર સ્વતંત્રતા લેવા લાગી છે.'

થોડી વાર કંચન સ્તબ્ધ બની ઊભી. એ ખસીઆણી પડી ગઈ. સ્વતંત્રતા લેવી એટલે શું! હદ બહાર એટલે શું! આવું નહિ સાંખી શ્કાય એટલે શું! ત્યારે પોતે સ્વતંત્ર છે ને ભાસ્કર પોતાની સ્વાતંત્ર્યભાવનાનો પૂજક છે એ શું ભ્રમણા હતી!

'આમ હોય તો પછી મારે તને તારા કાકા પાસે જંગબાર મોકલી દેવી પડશે.'

ભાસ્કરનાં ભવાં આ બોલતી વખતે ભયંકર રીતે એની આંખોનો આકાર ફેરવી રહ્યા હતાં. આવી આંખો અગાઉ ક્યારે થઈ હતી? ક્યારે જોઈ હતી? કંચન યાદ કરવા લાગી: બે જ પલમાં એને યાદ આવ્યું. પોતાના પતિ વીરસુતને માર મારતી વેળા બસ આવી જ આંખો ભાસ્કરે ધારણ કરી હતી. યાદ આવતા વેંતે એ ધાક ખાઈ ગઈ. એનાથી ભાસ્કરની આંખો સામે ન જોઈ શકાયું. એ બીજી બાજુ જોઈ ગઈ.

અનુક્રમ⇨

## પ્રકરણ ૨૦: જગરબિલાડો

**એ** શું જોતી હતી?

આફ્રિકાનો કિનારો: અગાધ અને અનંત, કાળાં ભમ્મર સાગરજળને સામે પાર એનાં માબાપ બેઠાં નથી.

બનાવટી બહાદૂરી અને ચાવી ચડાવેલી બંડખોરી પર એ વિદેશવાસી મુવેલાં માવતરની સાંભરણે મોટો ઘા માર્યો. બનાવટી બહાદુરીના કોટ કાંગરા ખરવા લાગ્યા.

'આમ મારી સામે જો!' ભાસ્કર બોલ્યો કે તત્કાળ એ ચોંકી, હેબતાઈ, અને જૂની કહેતીમાં કહ્યું છે કે જગરબિલાડો ઊંદરના દર પર જઈને ચીસ નાખે ને જેમ ઊંદર આપોઆપ બહાર નીકળી પડે તે રીતે આ હાક ભેળા તો કંચને અનિચ્છાએ પણ આપોઆપ ભાસ્કરની સામે નેત્રો માંડ્યાં.

માંડતાં જ એનો ભય વધ્યો. જાણે આજ સુધીના પ્રેમાળ ભગિનીબાંધવ, સજાગ રક્ષપાલ, ઉદાર લાલનકાર અને સચિંત શિક્ષાદાતા ભાસ્કરભાઈનું આખું ખોળીઉં જ બદલાઈ જઈને તેને સ્થાને કોઈ બીજું જ ભીષણ માનવી આવી બેસી ગયું.'સાંભળ!' એ વિકૃતિ પામેલો ભાસ્કર ઊંડી ખાઈમાં ઊતરીને જાણે બોલતો હતો: 'કાં તો તારે કાકા પાસે જવું પડશે, ને કાં હું બતાવું તેમ વર્તવું પડશે.'

'કાકા પાસે મોકલી આપો.' કંચન બીતી બીતી માંડ આટલું બોલી શકી.

'એમ કાંઈ એકદમ મોકલાશે? ત્યાં લખું, ત્યાંથી જવાબ આવે, અને મારું મન ખાત્રી પામે, ત્યારે મોકલીશ.'

બોલતો બોલતો ભાસ્કર હસતો હતો. એવું હાસ્ય પણ આ બીજીવારનું હતું. જ્યારે એ વીરસુતને માર મારી મોટરમાં ઘાલી લઈ ગયો હતો ત્યારે આમ હસ્યો હતો.

આ મુખાકૃતિ જે દિવસે પતિની સામે ખેંચાઈ હતી તે દિવસ વધુ ને વધુ યાદ આવ્યો. તે દિવસ પોતે ભયભીત થઈ હતી છતાં અંદરથી પ્રસન્નતા પામી હતી. તે દિવસનું સ્મરણ ન સહેવાયું. ફરી વાર એ આ મેડીની બારી તરફ નજર ફેરવી ગઈ.

એકાએક એ નજરમાં નવી લાગણી છવાઈ ગઈ. આફ્રિકાના અફાટ અનંત દરિયાવ-પટની કલ્પના ન આવી, પણ જ્યાં પોતે એ કલ્પના-દૃશ્ય ખડું કરતી જતી હતી તે જ સ્થાને, તળાવની પાળે વડલાની છાંયે, એણે ત્રણ જણા બેઠેલા દીઠા. એક વૃદ્ધ, એક અંધ અને એક કિશોર.

ત્રણેને પોતે ક્યાંઈક જોયા હતાં શું? તાજેતરમાં જ જોયા હતા કે વર્ષો પૂર્વે જોયા હતા! જરીક ઝાંખી થઈ હતી, વિશેષ કાંઈ યાદ આવતું નહોતું. પણ તેઓ બન્ને બેઠા બેઠા આંહી આ બારી તરફ કેમ જોઈ રહ્યા હતા! ને હવે નજર પાછી કેમ સંકેલી લે છે? નીચે કેમ જોઈ જાય છે? ગુસપુસ ગુસપુસ કેમ કરતા દેખાય છે? પાછા છૂપી રીતે કાં બારી સામે તાકે છે?

તળાવનો આરો દૂર હતો. વડલાની છાંય વિશેષ આવરતી હતી. ત્રણે આકૃતિઓનાં મોઢાં સ્પષ્ટ ઉકેલી શકાતાં નહોતાં. પણ ત્યાં જોઈ રહેવાનું કુતુહલ વધતું હતું. ત્યાં જોવું ગમતું હતું. આ મેડીના ઓરડામાં જે ઊકળાટ અને અગ્નિરસનો ધગધગાટ ચાલુ થયો હતો તેમાંથી બચાવનારું એ બારી વાટેનું, તળાવ-આરા પરનું દૃશ્ય હતું.

'આમ તો જો જરા!' ભાસ્કરનો સ્વર સહેજ નરમ પડ્યો હતો:'તને મારામાંથી સર્વ સંતુષ્ટતા કેમ મળી રહેતી નથી? હું કાંઈ તને સતાવતો નથી. હું તો તને મારાથી શક્ય તેટલી યશસ્વિની ને મોટી બનાવી રહ્યો છું. બદલામાં હું તારી લાગણીની મીઠાશ ને ભીનાશ માગું છું - ને તું તો મને તરછોડે છે.'

'તમે મારા વડીલ છો, મારા રક્ષક છો.' કંચન મહામહેનતે બોલી.

'પણ હું તારો સમવયસ્ક નથી શું? હું શું ઉમ્મરમાં એટલો બધો ઘરડો થઈ ગયો છું?'

આવું બોલનાર ભાસ્કરને પોતાની ઉમ્મરનું ભાન નહોતું રહ્યું. એ પૂરાં ચાલીસ-બેતાલીસ વર્ષો ખાઈ ગયો હતો ને યુવાન સ્ત્રીઓનો એ રક્ષક બની શક્યો હતો તે પણ એની પાકટ અને પીઢ વયને કારણે.

આજે જુવાનો અને કિશોરોનો મધપૂડો બની રહેલી કંચને એને એક બાજુ તારવ્યો એટલે જ એકાએક એને પોતાની ઉમ્મરનું ભાન થયું, ભાન થયું કે પોતે આકર્ષક કે મોહક નહોતો. યાદ આવ્યું કે પોતે તો મુરબ્બી વડીલ મોટાભાઈનું સ્થાન અને માન ભોગવતો હતો. ધિક્કાર છૂટ્યો એ માનનીય સ્થિતિ પર. વ્હેમ આવ્યો કે પોતાના મુરબ્બીપણાની ઓથ લઈને આ તો દગલબાજી ખેલાતી હતી ને નમૂછીઆ છોકરા એના રક્ષણનો મુલાયમ લહાવો લેતા હતા.

કેમકે ભાસ્કરની એક આબરૂ તો આ હતી: પોતાને સોંપાયેલ સ્ત્રીનો એ શુદ્ધ બાંધવ હતો. એની આંખોમાં કદી મેલ હોઈ શકે નહિ. અરે એટલી હદ સુધી એની સહાય ને સોબત સહીસલામત ગણાતી, કે ભાસ્કર જાણે પુરુષ ખોળિયું પહેરીને દુનિયામાં આવેલ સ્ત્રી જ છે. ઘણા એને ભાસ્કર બહેન કહીને પણ બોલાવતા, તેમાં મશ્કરી નહોતી, સાચી માન્યતા હતી. ચાહે તેટલી એકાંતમાં પણ ભાસ્કર સાથેની સ્ત્રી સુરક્ષિત મનાતી.

એવી પ્રતિષ્ઠાના કોચલામાંથી ભાસ્કરનો પ્રાણ, ઈયળનાં ખોખામાંથી પાંખો ફફડાવીને પતંગિયું ઊડે તેમ ફફડાટ કરતો બહાર આવ્યો. વીરસુતના પંજામાંથી કંચનગૌરીને પોતે જે બહાદુરીથી છોડાવી લાવ્યો, તે બહાદુરીનો મર્મસ્વર છેક આજે બોલ્યો: કંચન મારી બને તે માટે.

સાંજ પડી હતી. ગામના કુમારો ને યુવકો કંચનને ફેરવવા લઈ જવા આવ્યા. ફરવા આવવા કજિયા કરતી ઘરની બહેનોને આ યુવકોએ હમેશાં કહેલું કે'વગડામાં ને ડુંગરામાં શું જોવાનું ને ફરવાનું બળ્યું છે!' કંચનને માટે તેમણે ગામની સીમમાં પચીસેક 'બ્યુટી સ્પોટ્સ' - સુંદરતાનાં સ્થાનો નક્કી કરી રાખ્યાં હતાં. ભાંગેલી દેરી અને દટાયેલી તળાવડી પણ કંચનને બતાવવા માટે મહત્ત્વનાં બન્યાં હતાં.

કંચન પ્રાચીન સ્થાનોમાં જરીકે સમજ નહોતી ધરાવતી. મીનલદેવીએ બંધાવેલી વાવ વિષે જુવાનો વાત કરતા હતા ત્યારે મીનલ કર્ણદેવની રાણી કે સિદ્ધરાજની, એટલું કંચનને યાદ નહોતું. અમૂક તલાવડી મીનલદેવીએ કયા સંજોગોમાં બંધાવી એની વાતને કંચન પાસે કોણ વધુ રસભરી રીતે મૂકી શકે છે તેની આ યુવાનો વચ્ચે સરસાઈ ચાલી રહેતી ત્યારે કંચન એ વાતના દોરને, પોતાની પડી ગએલી'હેર-પીન'ની શોધે જવાની વાત વડે તોડી નાખતી.

એવી કંચનને કદમે ઝૂકવા આવેલા આ જુવાનોને ભાસ્કરે બહાર આવી તે દિવસે મક્કમ સ્વરે કહી દીધું:'આજે એનું શરીર સારું નથી, ચક્કર આવે છે. નહિ આવી શકે.'

અંદર આવી તેણે કંચનને કહ્યું, 'બારીમાંથી જોવાનું નથી. ને શણગાર ઉતારી નાખ.'

માથામાં ગુલાબના મોટા ફૂલ જેવડા પહોળા બબે અંબોડા લઈને તેની અંદર જે વીશ-પચીશ ઝીણાં મોટાં વાનાં-ચગદાં, ચીપીઆ, વેણી, ફૂમકું વગેરે- કંચને ઘાલેલ હતાં તે તમામ એક પછી એક બહાર નીકળીને ભોંય પર ઢગલો થયાં હતાં, ને ભાસ્કર ખુરસી પર બેઠો બેઠો એનાં જાડાં ભવાંની છાજલી હલાવતો હલાવતો, આ શણગારની પોતે મેળવેલી ખુવારીને કોણ જાણે કેવા યે આનંદે જોતો હતો.

'આંહી જ રહેવાનું. હું આવું છું.' જાડાં ભવાંને ઝીણી આંખો ઉપર વધુ ઢળતાં મૂકીને ભાસ્કરે, શણગાર ઉતારી રહેલી કંચનને કહ્યું.

કંચનના મનમાં'ના, નહિ રહું' એવો ધગધગતો જવાબ હતો. પણ એ શબ્દો હોઠે આવીને બદલી ગયા, ટૂંકું ને ટચ રૂપાન્તર પામ્યા:'હો.'

ભાસ્કરનાં ચંપલો એ સંધ્યાનાં અંધારામાં ચટાક ચટાક દૂર ગયાં, વિલય પામ્યાં, તે પછી કંચને દાંત ભીંસ્યા, દિલની કમજોરીને ભીંસી ઢંઢોળી મનને પૂછી જોયું: 'કેમ એટલુંય ન બોલી શકી! ભાષણો તો ઘણાં કરે છે!'

અરધા જ કલાકે ભાસ્કર પાછો આવ્યો ત્યારે તેના હાથમાં એક લીલા પાંદડાનો પડીઓ હતો. ખોલીને એણે અંદરથી એક સુંદર ફૂલવેણી કાઢી, ને પ્રસન્ન સ્વરે કંચનને કહ્યું: 'હું બાંધી આપું? કે તું તારી જાણે જ બાંધીશ? કહે જોઉં દીકરી!'

એ શબ્દોમાં ને એ મોં ઉપર, એક જ ભાવની રાગિણી હતી. ભાસ્કરના ચહેરામાં કશી ભયાનક વિકલતા નહોતી. એ દયામણી દૃષ્ટિએ જોતોજોતો, વેણીને કંચન સામે લટકાવી ઊભો.

કંચને વેણી લઈને પોતાના અંબોડા ફરતી વીંટાળી.

'ચાલો હવે, ચંદ્ર ઉગ્યો છે. થોડું ફરીએ. તળાવની પાળે પાળે જ આંટો મારીએ.'

તળાવની પાળ એટલે એ ગામનાં નરનારીઓ ને બાળકોનું રોજ સાંજનું મેળાસ્થાન. કંચન એટલું તો સમજી જ શકી કે ભાસ્કર પોતાને કોઈ એકાંત-સ્થાને લઈ જવા નહોતો માગતો. એને દિલ નહોતુ, એને પેલા છોકરાઓ સાથે ન જવા દીધી તે અપમાન સાલતું હતું, છતાં એની જીભ પર'ના' જેટલો એકાદ અક્ષર પણ ન ચડી શક્યો. પાળેલા પશું જેવી એ ભાસ્કરની પાછળ પાછળ ચાલી. બન્ને ઉતારાની બહાર પહોંચ્યાં ત્યારે ભાસ્કરે એક વાર પાછળ જોયું.

'તો તો પછી મારી આણેલી વેણીની શી મહત્તા!' આ શબ્દો ભાસ્કર પાછળ જોયા વગર જ બોલ્યો. કંચન સમજી ગઈ. એણે માથે સાડી ઓઢી હતી. ભાસ્કરની ઉમેદ સાડીને એવી તરેહથી ગોઠવવાની હતી કે માથું ઢંકાયેલું પણ કહેવાય ને વેણી પણ સૌને દેખાય. સાડીની કોર અંબોડા ઉપર સરી ગઈ ને ચાંદની રાતમાં ફરતાં ગામલોકો વચ્ચે થઈને આવી સુંદર, સુગંધીમય, સલુકાઈભરી ને ભાર્યા સમી આજ્ઞાંકિત સ્ત્રીની સાથે લટારો લેવાનો ભાસ્કરે લહાવ લીધો. એ કહું બોલતો નહોતો, કશી આછલકાઈ કરતો નહોતો, કંચનની સાથે પણ વાતો કરતો નહોતો. એ જાણે કે સમાધિસ્થ હતો, અધમીંચી એની આંખોની પાંપણો નીચે જો કોઈ જોઈ શક્યું હોત, તો કહી શકત કે ભાસ્કર અત્યારે કશોક ઉદ્રેક અનુભવી રહ્યો છે; સંસાર-વનની કોઈક અણફળી આરઝૂની સંતૃપ્તિમાં લહેરાયો જાય છે; એની ગરદન પોતાની જમણી બાજુએ ચાલી વાતી કંચન તરફ સહેજ ઝૂકેલી છે, એની આંખોનાં અધબીડ્યાં પોપચાં જરી જરી ઊંચાં થઈને બાજુએ ચાલતી કંચનનો વેણી-વીંટ્યો અંબોડો જોઈ વળે છે.

તળાવને ફરતાં ચક્કર પછી ચક્કર લાગે જતાં હતાં. ભાસ્કરના મોંમાં વાચા નહોતી. કંચનને અડકી, ઘસાઈને ચાલવાનો પણ એનો ભાવ નહોતો. જગતની આંખને એ ફક્ત એટલું જ બતાવવા માગતો હતો, કે જોઈલે, મને પણ સ્ત્રી સ્નેહ જડ્યો છે. હું સ્ત્રીઓનો રક્ષણહાર, શાણો બાંધવજન, પીઢ સલાહકાર અને વડીલ જ માત્ર નથી. હું તેમનો સખા પણ થઈ શકું છું, હું એને શણગારી શકું છું. મને મદનીનું મૂલ્ય કરતાં આવડે છે, ચાંદનીને હું પુષ્પે ને પ્રેમે મઢી શકું છું.

ચક્કર મારતાં મારતાં એક ઠેકાણે કંચન ઝબકી. એણે શરીર કોડી, એકદમ માથા પર ઓઢી લીધું. ને એ સહેજ ભાસ્કરની પછવાડે રહી ગઈ.

ભાસ્કરની આંખોએ પાંપણોની છાજલી નીચે જોયું કે પડખે ચાલી આવતી વેણી અદ્રશ્ય બની છે. એણે પાછા ઉતારા તરફ જવાનો રસ્તો લીધો. કંચને છેક ઉતારે આવ્યા પછી પૂછ્યું: ‘વેણીને કેમ ઢાંકી દેવી પડી? કોનાથી ચમકી? પેલા છોકરાઓથી?'

'ના, સહેજ અમસ્થું.'

તે પછી રાત્રિ કેવી જશે તેના ગભરાટમાં કંચને કપડાં બદલવાનું ને ખાવાપીવાનું પતાવ્યું. પણ ભાસ્કરની એકેય ચેષ્ટામાં વિકલતા દીઠી નહિ. પોતાને સ્થાને એ જ્યારે રોજના કરતાં વિશેષ શીતળ સ્વસ્થતાથી સૂવા જતો હતો, ત્યારે એણે કંચનને એટલું જ કહ્યું: 'વેણીને અંદર રાખતી નહિ. બહાર ફેંકી જ દેજે! લોકો કહે છે આંહીં સાપનો ભારી ડર છે. ફૂલો પર એ ન હોય ત્યાંથી આવી ચડે છે.'

અનુક્રમ⇨

## પ્રકરણ ૨૧: કોણ કાવતરાખોર?

**ધર્મશાળાના** શિવાલયને ઓટલે એ બે જણા બેઠા હતા, દેવુના દાદા સોમેશ્વર માસ્તર અને અંધ મામો જ્યેષ્ટારામ. બાજુમાં દેવુ ઊંઘતો હતો. એ ઊંઘતા દેહ ઉપર, પાસે ઊભેલો ઊંચો તુલસી-છોડ પોતાની મંજરીઓનો વીંઝણો ઢોળતો હતો.

'જ્યેષ્ટારામ !' સોમેશ્વર પોતાના સાળાને પૂછતા હતા: 'કેમ લાગે છે? તને શું સૂઝે છે? આ તલમાં તે તેલ હોઈ શકે? સળી ગયા છે આ તલ તો.'

'સળ્યું ધાન ફેંકી દેવાય, કેમ કે એ કામ ન આવે. સળ્યાં માનવીને કાંઈ ફેંકી દેવાય બાપા?' અંધો ડોસે બફારામાં બફાઈ ગયેલ બરડાને ઉઘાડો કરી, ચાંદનીમાં છબછબાવી, જનોઈ ને બે હાથે બરડા પર ઘસી ખજવાળતો ખજવાળતો કહેતો હતો.

'પણ ભાઈ,' સોમેશ્વર માસ્તર પણ ઉઘાડે શરીરે, ફક્ત એક ફાળીઆભેર, તુલસી છોડનાં પાંદ તોડી તોડી મોંમાં મૂકતાં કહેતા હતા: 'આ તો મદોન્મત્ત! ફરતી'તી કેવી ઉઘાડે માથે! ને પડખે ઓલ્યો દારૂડીઓ.'

'તમે પૂરેપૂરૂં જોયું નથી લાગતું.'

'હવે તું આંધળો મને શું કહેતો 'તો.'

જે દેખતા હોય ને, એ જરૂર હોય તેથી વધારે જોવા મંડે. એટલે મુદ્દાની વાત જોવી રહી જાય ને ન જોવાનાં જોયા કરે. અમે આંધળાં, એટલે જોવા જોગું જ જોઈએ.'

'શું જોયું?'

'એણે આપણને દેખી અદબ કરી. ને એ ઝબકી ગઈ.'

'બી ગઈ હશે?'

'ના, એળખીને શરમાઈ ગઈ હશે. મારી વાત એક જ છે. ઉપરનું ફોતરૂં સળ્યું છે, દાણો હજી આબાદ છે.'

'એટલે શું?'

'એ આપણું માણસ છે, ને આપણે પાછું હાથ કરવું છે. ગોવાળ એક ગાડરનાં બચ્ચાંની પણ ગોત કરવી છોડતો નથી. તો આ તો જીવતું માનવી છે.'

બોલતો બોલતો એ અંધ જ્યેષ્ટારામ જનોઈને બરડા પર વધુ ને વધુ લજ્જતથી ઘસી રહ્યો હતો. ખજવાળ આવતી હતી. જનોઈના ત્રાગડા જોરથી ઘસાતા તે મીઠું લાગતું હતું.

તુલસીનો છોડ વાયુમાં હલતો હલતો, દેવુના દેહ પર સૂકી મંજરીઓનો છંટકાવ કરી રહ્યો હતો. નિર્મળ જલ અને વગડાઉ ફૂલ, એ બેઉના મિશ્રણમાંથી નીપજતી જે એક અનિવાર્ય અને નિર્ભેળ ખુશબો એકલા ફક્ત શિવ-મંદિરમાંથી જ ઊઠે છે, તે આ રાત્રિ-પ્રહરની વિકટ વાતોમાં કશુંક સરલપણું પૂરતી હતી.

'આપણે આ મુરખાઈ શીદ કરવી જ્યેષ્ઠારામ?'

'કાં?'

'તને ખબર નથી, પણ મારા ઉપર પાંચ છ કાગળો આવી પડ્યા છે. બ્રાહ્મણોના ઘરમાં દીકરીઓ ઊભરાઈ રહી છે, કોઈને પોતાની ભત્રીજી તો કોઈને પોતાની ભાણેજ, તો વળી કોઈને પોતાની સાળીની છોકરી ઠેકાણે પાડવી છે, એક માથે બીજી દેવા દસ જણા તૈયાર છે. મને ઘેર તેડાવે છે.'

'મન થાય છે?'

'મન તો આ ઊખડેલને દેખીદેખી એમ થાય છે કે-'

'કે?'

'એને દેખાડી દઉં કે મારા દીકરાનું ભર્યું ભાદર્યું ઘર મસાણ નહિ બની શકે.'

'હં.'

'કેમ હં કહીને જ અટકી ગયો? તારી બેન પ્રેતલોકમાંથી મને શું કહેતી હશે! કે એકના એક પુત્રનુંય ઘર ન બંધાવી શક્યા?'

'સોમેશ્વરજી, મારી મરેલી બેનને યાદ કરો છો પણ તમારા ઘરની જીવતી 'ગાંડી'ને કેમ ભૂલી જાઓ છો? ઠેઠ સીંગાપુરથી એ રઝળતી પાછી આવી, કેમ કે એના ધણીએ એક માથે બીજી આણી.'

'આ ઊખડેલ ક્યાં એમ પાછી આવવાની હતી?'

'પાછી આવશે. પાછી આવ્યા વગર છૂટકો નથી. સોમેશ્વરજી, મારું વેણ છે. મારી આંધળી આંખો ભવિષ્યમાં ભાળે છે કે આ કંચન, એક દિ' પાછી આવશે. તે દિ' તમારે વેઠ્યા વગર છૂટકો નથી.'

'મારું પગરખે. કાઢું ખડકી બહાર.'

'નહિ કાઢી શકો. ને તે દિ' એક નહિ પણ બેનાં આંસુ લૂછવાં પડશે.'

'કેમ ભાઈ?'

'ત્યારે શું આ બબ્બે સંસારનું સત્યાનાશ કરનારો હીજડો...'

'હં...હં.'

'સચું કહું છું: હીજડો: વીરસુત મારો ભાણેજ છે છતાં સાત વાર હીજડો. એના સંસારને તો પારકા જ માણવાના છે. ભણેલી ને સુધરેલી પોતાને કબજે ન રાખી શક્યા એટલે હવે પાછી એને ગામડાની ગાય ઘેરે આણવી છે.'

'હોય. ભાઈ જ્યેષ્ટારામ! આપણે તો માવતર. જીવવું ત્યાં લગી છોકરાંના વ્યવહાર ખેંચવા જ રહ્યા ને.'

'પણ આનો વિચાર કર્યો?' જ્યેષ્ઠારામે ઊંઘતા દેવુ તરફ આંગળી ચીંધી.

'કાં?'

'એ તે કેટલીકને 'બા' 'બા' કહેતો ફરશે?'

વાત પૂરી તો નહોતી થઈ, પણ અધૂરા મુકાયેલા ત્રાગ જેવીએ એ જાણે કે હવામાં ઊડતી રહી. ને બેઉ ડોસા સૂતેલા દેવુને જગડીને અંદર પોતાના ઉતારામાં લઈ ગયા.

ડોસાઓને સરત નહોતી કે ગઈ રાત્રિના વાર્તાલાપનો ઉત્તરાર્ધ જ્યારે ચાલતો હતો ત્યારે દેવુ જાગી જઈને સાંભળી ગયો હતો. જ્યેષ્ટારામ મામાના છેલ્લા બોલ એને કાને રમતા હતા: 'આ દેવુ તે કેટલીકને 'બા' 'બા' કહેતો ફરશે?' એ એક જ વિચારને દેવુએ ભૂખ્યા પ્રાણીની પેઠે ઝડપી લીધો. ને એણે આજે તો કંચન બાને મોઢામોઢ જઈ મળવા નિશ્ચય કર્યો. એણે નવી બા જેમાં રહેતી હતી તે ઉતરામાં એકદમ પ્રવેશવાની તો, પેલા વિકરાળ માણસની હાજરીને કારણે હિંમત ન કરી. એ કલાકો સુધી નવી બાના મુકામની બહાર છુપાઈ રહ્યો. પણ એ કલાકો એળે ગયા. આજે કંચન બા પણ બહાર ન નીકળી. પેલો વિકરાળ માણસ પણ મુકામમાંથી બહાર ન ખસ્યો.

થાકેલા દેવુએ છેક સાંજે પોતાનું જીગર મજબૂત કરીને જીભને ટેરવે આણી મૂક્યું. પછી પોતે એ મુકામની અંદર ધસી ગયો. એણે કંચન બાને એક ખાટલા પર પડેલી જોઈ. પેલો પણ એની સામે ખુરસી પર બેઠો બેઠો કશુંક વાંચતો હતો. દેવુએ ઊંબરમાં ઊભા રહીને પોતાની કશી જ પિછાન આપ્યા વગર, ધ્યાન છે ક નહિ તે જોયા તપાસ્યા વગર એકીશ્વાસે મોટા અવાજે કહી નાખ્યું: 'જ્યેષ્ઠારામ મામા જૂઠું નથી કહેતા, દેવુએ હજુ કેટલીકને 'બા' 'બા' કરતા રહેવાનું છે?'

એટલા બોલને અંતે આવતાં તો દેવુનો શ્વાસ ગદ્ગદિત બની ફાટી ગયો, અને એક જ ક્ષણને માટે એની આંખો કંચનની જોડે એક નજર થઈ શકી. પેલો વિકરાળ માણસ ભાસ્કર ચોપડીમાંથી માથું ઊંચકીને પૂરું જુએ સમજે તે પૂર્વે તો દેવુ પાછો નાસી ગયો.

નાસી જતા છોકરા દેવુને પકડવા ભાસ્કર જે ચપળતાથી ઊઠ્યો ને દોડ્યો, તે એના અખાડેબાજ પૂર્વજીવનનો પુરાવો હતો. નજરે જોનારને ભાસ્કર ઠંડો અને મંદગતિ લાગતો. ઉતાવળ એનાં રૂંવાડામાં જ જાણે નહોતી. પણ એ ઠંડાશ અને મંદતાની અંદર ઝંઝાવાતના જેવો વેગ હતો, નિશ્ચય હતો. એક કંચન જ આ વાત બરાબર જાણતી હતી. એનાથી ભાસ્કરની પાછળ બૂમ પડાઈ ગઈ: 'ન જાઓ! ન દોડો! એને મારશો નહિ, બીવરાવશો નહિ!'

હાંફળી ફાંફળી એ બારીએ ડોકાઈ ઊભી રહી ત્યારે લાંબે માર્ગેથી નીચે ઊતરવા દોડેલા દેવુને ભાસ્કરે દીવાલ પરથી ઊતરી જઈ ઝાલી લીધો હતો: 'ચાલ ચાલ ઉપર.' એમ એ દેવુને કહેતો હતો: 'ડર ના, હું તને નહિ મારું. ખાવાનું આપીશ.'

ઊંચી બારીએથી કંચને આખરે દેવુને ઓળખ્યો: પોતાનો સાવકો પુત્ર. તે દિવસ રાતે અમદાવાદમાં જેણે 'બા' કહી બોલાવેલી હતી તે જ આ.

થોડી વાર થયું કે ભાસ્કર એને ન મારે, ન ડરાવે તો ભાસ્કરના ચરણોમાં પડું. થોડી વારે થયું કે આ છોકરો પોતાનો કાળ હતો, શત્રુ હતો.

ભાસ્કર એને ઉપર તેડી લાવતો હતો ત્યારે કંચન સામે જ ઊભી હતી. દેવુ કંચનની સામે મીટ માંડી શકતો નહોતો. એણે જાણે કે આ સ્ત્રીને 'બા' કહી બોલાવવાનો મહાપરાધ કર્યો હતો. એ નીચું ઘાલી ઉપર ચડતો હતો. ભસ્કરે એનું કાંડું દેખીતી રીતે તો સાદું સીધું ઝાલ્યું હતું, પણ એ કાંડાને મરડીને જે વળ ચડાવેલા હતા તે અદૃશ્ય હતા.

'બેસ.' ભાસ્કરે એને પોતાની પાસે બેસાડીને પૂછ્યું: 'કોણ છો તું?'

'દેવુ.'

'કોનો દીકરો?'

'દેવુએ ન કહ્યું કે વીરસુતનો: ન કહ્યું કે દાદાનો: એણે તો સામે બેઠેલી કંચન તરફ બેઉ નેત્રો માંડીને બોલ્યા વગર જ જાણે કે પાંપણના પલકારા રૂપી શબ્દો સંભળાવ્યા: 'આનો.'

'આંહીં કોની સાથે આવેલ છો?'

એ બધા પ્રશ્નોના જવાબમાં દેવુએ ડળક ડળક થતે ડોળે આખી કથા કહી દીધી: દાદાજી મારી આ બાને ઘેરે લઈ જવા આવેલ છે. મારા પિતા ફરી લગ્ન કરવા માગે છે. દાદાજી કહે છે કે બા જો ઘેરે આવે તો નહિ સતાવીએ. અમારી જોડે સાચવશું. અમદાવાદ ન રહેવું હોય તો ન રહે.

આ બધું કહેતે કહેતે દેવુ કોઈની સામે જોવાની હિંમત નહોતો કરી શકતો. ફક્ત એ પીઠ ફેરવીને બેઠેલી કંચન સામે તિરછી ને ભયગ્રસ્ત નજર કરી રહ્યો હતો. મોં જેનું નહોતું દેખાતું તેનો ફક્ત બરડો જ દેખી વધુ વાકર્ષણ થતું હતું. સ્ત્રીના ચહેરા કરતાં સ્ત્રીનો પીઠ-ભાગ વધુ ભાવભરપુર હોય છે તેમ દેવુની આંખો કહેતી હતી. ચહેરા ચહેરામાં જુદાપણું હોય હે, બરડો સમાનતાનું પ્રતીક છે. નાના બાળકને નિશાળમાં લસરવાનું જે પાટિયું હોય છે તેની સૌ પહેલી કલ્પના કોઈક બાલપ્રેમી શિક્ષણકારને જનેતાના બરડા પરથી જ ઊપજી હોવી જોઈએ. લાખો કરોડો શિશુઓને લસરવાનું સ્થાન બરડો: માના બરડા ઉપર ચડીને ખભા પર થઈ ગલોટિયું ખાવાની નીસરણી બરડો: માનો બરડો!

શહેરની એક વ્યાયામ-સંસ્થાના ઉત્સવમાં પ્રમુખપદ શોભાવવા જવાની તૈયારી કરી બેઠેલી એ કંચનબાના અબરડા પર ઢંકાયેલો આછો સાળુ દેવુની ભયભરી તિરછી આંખોને શું શું બતાવી રહ્યો હતો? અધઢાંકી ફૂલવેણી: પાતળી ગર્દન ફરતી સાદી હાથીદાંતના પારાની માળા, કાનની બૂટે લળક લળક ઝૂલતા એરીંગ, આછા રંગનું પોલકું ને પોલકા ઉપર અંબોડાની નીચેથી સીધી નિર્ઝરતી કોઈ રંગ-ત્રિવેણી સમી, પેલી હાથીદાંતની માળાની પાછલી રેશમી દોરી: દોરીને છેડેય ફૂમકું. ને ઓહ ! તે પછી નજર નીચે ઊતરી ને નિહાળી રહી સ્ત્રીદેહનો ભર્યો ભર્યો પાછલો કટિપ્રદેશ.

આવી જો બા ઘરમાં હોય! આવી ભલેને નવી બા હોય, છતાં 'દેવુ, તારે ખાવું છે ભાઈ?' એમ કહીને સુકો રોટલો અને છાશ પણ પીરસતી હોય, તો ખાવાનું કેવું ભાવે? અવી બાને ખોળે તો ખેલવા જેવડો હું નથી રહ્યો, છતાં એને ખોળે રમનારું એક નાનું ભાંડું હોય તો એને 'મોટાભાઈ ! મોટાભાઈ!' કહેતાં તો શીખવી શકાયને. આવી બા ભલે ને નવી હોય તો પણ મારી માંદગીને વખતે પથારી પાસે બેસવાની કાંઈ ના પાડે? પાણીનો ઘૂંટડો ભરાવવાની કાંઈ ના પાડે?

આવા ભવો- અમે મૂકેલ છે તેટલા સ્પષ્ટ હશે કે કેમ તે અમે નથી કહી શકતા - એ દેવુના દિલની ડાળે ડાળે વાંદરાની જેમ કુદાકુદ કરતા હતા, અને દેવુની પાસેથી બધી વાત કઢાવી લઈ ને ભાસ્કર એને કહેતો હતો: 'વારૂ છોકરા ! જા હવે. ને તારા દાદાને તેડીને અત્યારે વ્યાયામમંદિરની સભામાં આવજો ત્યાં તમને તમારી બાનો મેળાપ કરાવી દઈશ હાં કે? જા.'

દેવુ જવા ઊઠ્યો. ત્યારે ભાસ્કરના આંખોના રંગોની ધુમાધુમ એને ભાસ્કરના શબ્દોની અંદર રહેલી મૃદુતાથી જુદેરા પ્રકારની જ લાગી; એ આંખો દેખી દેવુ વધુ ભયભીત બન્યો, પણ શબ્દોનું માર્દવ એને વિભ્રમ કરાવતું રહ્યું.

મૂંગી મૂંગી નજરે એણે નવી બા પ્રત્યે એક વાર જોવાની કાકલૂદી કરી. પણ કંચને પીઠ ફેરવી નહિ. 'જા બાપુ જા હવે.' એ ભાસ્કરનો બોલ ફરી સંભળાયો. દેવુના પગની પડઘીઓ વિરમી ગઈ ત્યાં સુધી એ ઓરડામાં બોલાસ બંધ રહ્યો. પહેલો ધ્વનિ એ ખંડમાં

પીઠ ફેરવીને બેઠેલી કંચનના ઊંડા એક નિઃશ્વાસનો હતો: બીજા સુર એ મેડીની બારી સામે જ ઊભેલા જાંબુડાના ઝાડની એક કૂણામાં કૂણી ડાળખીએ બેસી ઝૂલતી ટચૂકડી ફૂલચકલીના ચીંચકારાનો હતો. ને ત્રીજો સૂર ભાસ્કરનો હતો. ભાસ્કરે કહ્યું: 'કેટલા બડા કાવતરાખોર લોકો?'

એટલું સાંભળતાં જ કંચનનો સ્થિર બની રહેલો દેહ સળવળ્યો. કોઈએ જાણે કે ઊંડા વેદના-કૂપમાં પડી ગયેલીને માટે ઉપરથી સીડી સરતી મૂકી.

'હા-હા-હા-' ભાસ્કર બોલતો જ ગયો: 'પેલાને-તારાને ફરી પરણવું છે. એને ખબર છે કે એનું ને તારું સિવિલ મેરેજ છે. એક હયાત છતાં બીજી કરી શકાય નહિ. ને કોર્ટે ચડી લગ્ન રદ્દ કરાવી શકાય નહિ; આ મૂંઝવણમાંથી માર્ગ કાઢવા બાપને બહાર કાઢેલ છે, બાપડા બુઢ્ઢા બાપને.'

'શો માર્ગ?' કંચન કુતૂહલથી તેની સામે ફરી.

'તું જ વિચારને, કયો માર્ગ કાઢે તો ફરી પરણી શકાય તારા વીરસુતથી? તું મારું કહેવું નહોતી માનતી, ખરું? પણ મને તો ખાતરી હતી કે પાતાળમાંથી પણ તારો પીછો લેવા એ લોકો આવશે.'

'પણ મને લઈ જવાથી શું મારી સંમતિ મેળાવ્યે ફરી વાર પરણી શકે?'

'સિવિલ મેરેજમાં સ્ત્રીની સંમતિ પણ ન ચાલે કંચન.'

'ત્યારે?'

'હમણાં નહિ કહું. હમણાં તો ચાલ. જો આ લોકો ગાડી લઈ તેડવા પણ આવી પહોંચ્યા. ત્યાં સભામાં હું સ્ફોટ કરીશ. અત્યારે તો ચાલ બચ્ચા!'

એમ કહીને એણે ઊભા થઈ કંચનના મોંએ કપાળે વહાલભેર પંજો ફેરવી લીધો.

અનુક્રમ⇨

## પ્રકરણ ૨૨: જનતા ને જોગમાયા

**એટલામાં** તો ગામના વ્યાયામ-મંદિરના ઉત્સાહી સંચાલક પોતાના મંદિરના મેળાવડાની અધિષ્ઠાત્રી 'દેવીજી'ને સભાસ્થાને તેડી જવા હાજર થયા. ને તેમણે આવીને પહેલું જ આ કહ્યું: 'અમારા વાર્ષિક ઉત્સવનાં પહેલાં જ સ્ત્રીઅધ્યક્ષ તમે હોવાથી, ગામલોકોનાં તો ટોળાં વળ્યાં છે. સ્ત્રીઓ તો ક્યાંય માતી નથી. જાગૃતિનું અદ્ભૂત મોજું આજે શહેરમાં આવી ગયું છે. આ ગામ પચીસ વર્ષ પછાત હતું તે આજે સૌ ગામોની જોડાજોડ આવી ગયું છે,'

આવા આવા ઉત્સાહભરપુર શબ્દો શ્વાસપુર ફેંકી રહેલા ગામના અખાડા-સંચાલકો કંચનના નારીદેહની જાણે કે મનોજ-પુષ્પોથી પૂજા કરતા હતા.

'બહેન પણ આવા મેળાવડાનું જ પ્રમુખ સ્થાન લે છે.' ભાસ્કર બોલ્યો: 'કેમ કે એને તો મર્દાનગીનો આદર્શ ઊભો કરવો છે.'

ભાસ્કરના આ શબ્દો કંચનના લેબાસ, પોષાક અને સૌંદર્ય ફરતી ફ્રેમ રૂપ હતા, પણ તેડવા આવેલાઓ ફ્રેમની પરવા કર્યા વગર, હજુ તો ભૂખ્યા ડાંસ જેવા, મૂળ તસ્વીરને, કંચનની દેહ-છટાને જ જોવામાંથી નવરા નહોતા થતા. તેઓને કંચનના દર્શનમાત્રથી

મેળાવડાની સોળ આના ફતેહની ખાતરી થઈ ચૂકી હતી. 'અમારે પણ આ પછાત ગામના લોકોને, ખાસ કરીને સ્ત્રીઓને સ્વાધીન નારીનો આદર્શ બતાવવો હતો, તે ઉમેદ આજે પૂરી થશે.' તેડવા આવેલાઓ પૈકીનો બીજો અંદરખાનેથી પાણી પાણી બનીને બોલી રહ્યો.

પછી સૌ ગાડીમાં બેઠા ત્યારે કંચનની સામેની બેઠક પર બેસવા માટે સંચાલકો પૈકીના બે જણાઓમાં ઘડીભર તો ગુપ્ત એક બાજી રમાઈ ગઈ. પેલો કહે, હું નહિ. બીજો કહે, નહિ, હું નહિ.

'અરે શું હું નહિ હું નહિ કરો છો?' એમ બોલીને કંચને એ બેમાંથી એક બડભાગીને હાથ ઝાલી પોતાની સામે ખેંચી લીધો. પછી સાફળા જ તેને કાંઈક યાદ આવતાં બાજુમાં બેઠેલ ભાસ્કર સામે જોયું. પણ ભાસ્કર જાણે જાણતો જ ન હોય તેમ બીજી દિશામાં જોઈ બેઠો હતો.

ગાડી સભાસ્થાન પર આવી પહોંચી ત્યારે 'ઢરરર...ઢમ! ઢમ: ઢમ: ઢમ: ટી-કી ટી-કી ટી-કી-ઢમ:' એવા સ્વરે વ્યાયામ-બેન્ડે સલામી આપી. પ્રવેશ-દ્વારથી મંચ સુધી યુવાનોએ લાઠીઓની કમાનવાળો માર્ગ રચી દીધો: ને શ્રોતાઓમાં અગાઉ જઈ કોઈએ કહ્યું: 'દેવીજી આવે છે: શાંતિ રાખો.'

લાઠીઓની કમાનો વચ્ચે થઈ ને કંચન ગૌરવયુક્ત ગતિએ રંગમંચ તરફ ચાલી ત્યારે પ્રેક્ષકો એને તાકી તાકીને જોઈ રહ્યા. 'આહાહા! એની તાકાત તો જુઓ.'

'દુઃખી બહુ થઈ લાગે છે બાપડી!'

'સિંહણ જેવી છે ને?'

'જુઓ ક્યાં આ શક્તિ ભવાની, ને ક્યાં આપણાં કચકી ગયેલાં સડેલાં બૈરાં! જુઓ ને બધી ભાવઠ્યો આ બેઠી.'

'મારી સાળીયું વરસોવરસ છોકરાં જણવા સિવાય બીજો ધંધો જાણતી નથી.'

એવા ચિત્રવિચિત્ર ગણગણાટ વિરમી ગયા, અને રંગમંચ પર ફૂલોના ઢગલે ઢગલા ખડક્યા હોય એવા એક અગ્રણી-વૃંદ વચ્ચીથી સંસ્થાના 'મંત્રીજી' ઊઠ્યા, તેમણે પોતાની કાવ્યમય બાનીમાં 'નૂતન ભારતનાં યુગપૂજક સંતાનો!' એવા શબ્દો વડે શ્રોતાઓ પ્રત્યે સંબોધન કરીને ઓળખાણ આપી: 'આજ પધારેલાં આ દેવીશ્રીનો પરિચય તો હું આપને શું આપું? એ એક વીર-નારી છે. સ્વાધીનતાની મૂર્તિ છે વગેરે વગેરે.'

તાં તો એક ગામના ગૃહસ્થ, નૂતન યુગના સંસ્કારમૂર્તિ બનવા પ્રયત્ન કરતા કરતા વચ્ચે બોલી ઊઠ્યા: 'આપણાં ગામની બાયડીઓને કહીએ કે જુઓ આમ જુઓ આંખ્યો ઊઘાડો!'

એ શબ્દોએ સભાને હાસ્યરસની એક જબરી લહરી પૂરી પાડી, ને કંચન પણ ગાફલ બનીને ખડખડ હસવા લાગી, ત્યાં તો એની નજીક બેઠેલા ભાસ્કરે એની સામે ડોળા ફાડી એને એના સ્થાને યોગ્ય ગૌરવમાં પુનઃપ્રતિષ્ઠિત કરી દીધી.

પછી વ્યાયામ વીરોના ખેલો થવા લાગ્યા, ને દરેક વ્યાયામ-વીર આગળ આવીને શરૂમાં તેમ જ અંતમાં કંચન તરફ જે 'નમસ્તે'નો અભિનય કરતો હતો તેનો ઉન્માદ કંચનના ફાટફાટ થતા કલેજાને ફુલાવી ઢોલ કરતો હતો.

ને એ વખતે સભામંડપની છેલ્લી બે ચાર હારોમાંથી બે ડોસાઓ ને એક બાલક ઊંચા થઈ આ દૃશ્ય જોતા હતા. એક ડોસો હસતો હતો, બીજો ડોસો કોણ જાણે લજ્જાની કે

પછી કોણ જાણે આનંદની ઊર્મિથી વારંવાર ડુસ્કાં ખાતો હતો ને છોકરો તો ગોઠણભેર થઈ થઈ આભા જેવો આ તમાશાને જોતો હતો.

કોઈ ન સાંભળે, અથવા સાંભળે. તો પણ ન સમજે, તેવી આવડતથી બેઉ ડોસા પરસ્પર વાતો કરી લેતા હતા:

'હા, હા, જ્યેષ્ઠારામ, હવે આશા નથી. આપણા ઘરમાં હવે શેં સમાય?'

'જોઈને તો ન્યાલ થઈ લો.'

'પણ હું શું જોઉં? અરે દીકરી-દીકરી-દીકરી-'

'જોજો સાદ ન ફાટી જાય.'

'આ હા હા! હજારો લોકોની દેવી, મારા ઘરમાં શેં સામે?'

એવી વાતોના ક્ષુદ્ર ગણગણાટ પર મેઘ-ગર્જના છવરાઈ જાય તેવો ભાસ્કરનો ભાષણરવ ગૂંજી ઊઠ્યો: 'શ્રોતાજનો, તમે જાણો છો, તમારી સૌની માતાઓ બહેનોની સ્વાધીનતા પ્રાપ્ત કરવા આ'દેવી'એ શું શું સહ્યું છે? એના ચહેરા પર દુઃખના હળ હાલેલાં છે, એના આ ચાસ જુઓ છો? ને હું તમને કહું છું ત્યારે ધ્રાશકો પડશે, તમારી છાતી બેસી જશે કે આજે, અત્યારે, આ જ ક્ષણે, આ સભામંડપની અંદર જ એક સ્થળે આ તમારી 'દેવી'નું કાસળ કાઢી નાખવાનું કાવતરું ચાલી રહ્યું છે.'

એ થંભ્યો, સભાવૃંદ ખળભળ્યું, ખુદ 'દેવી'નો ચહેરો પણ ચોંકી ઊઠ્યો, ચહેરે ચહેરા એકબીજાની સામે ફર્યા, આંખે આંખને પગ આવ્યા, પ્રત્યેક આંખ શોધવા લાગી કાવતરાંખોરોની જમાતને.

'એ કાસળ કાઢી નાખરાઓ,' ભાસ્કરનો અવાજ એરણ પર ઘણના પ્રહાર સમો પડ્યો, 'ચેતી જાય, આંહીંથી ચાલ્યા જાય, નહિતર આખું કાવતરૂં બહાર પડી જશે ને તેમના હાથમાં હાથકડીઓ પડશે.'

થોડી ઘણી ખામોશ ધરીને પછી એ બીજા મુદ્દાઓની ચર્ચામાં આગળ વધ્યો. થોડી વાર ઊંચા નીચા થઈ ને જોવા માંડેલા શ્રોતાઓ ભાસ્કરના શબ્દ પ્રભાવમાં ફરી લુપ્ત થયા. અને શ્રોતા સમૂહને એક છેવાડે ખૂણેથી બે બુઢ્ઢાઓ, એક બાળકને હાથ વડે લપેટતા, ધ્રૂજતા, વિમાસતા, ધીરે ધીરે સરી જઈને બહાર નીકળી ગયા.

ભાસ્કરની ધમકી તેમને ઉદ્દેશીને હતી એ તો સમજી શક્યા હતા. તેમનો સૌથી મોટો ભય દેવુનો જીવ જોખમાઈ જવાનો હતો. ઉતારે જઈને દેવુને પૂછતાં તેણે પોતાની તે સાંજની, ભાસ્કર સાથેની મુલાકાતનું પૂરું વર્ણન કર્યું. તે સાંભળી બેઉ બુઢ્ઢાના શ્વાસ હાંફી ગયા. છોકરો કોઈ રાક્ષસની ગુફામાંથી હેમખેમ પાછો આવ્યો લાગ્યો. તેમણે બેઉએ મસલત કરી. ભય લાગ્યો કે વહુને લેવા આવતાં ક્યાંઈક છોકરો ખોઈ બેસશું. તેઓએ રાતની ગાડીમાં લાગુ પડી આ ખુવારીનો માર્ગ છોડ્યો.

રસ્તામાં દેવુના દાદા સુનકારની સાક્ષાત્ મૂર્તિ બનીને બેસી રહ્યા.'પહેલી જ વાર હું હાર્યો આ જિંદગીમાં, જ્યેષ્ઠારામ! પહેલી વાર - અને છેલ્લી વાર!' એટલું જ એકાદ વાર બોલ્યા. એ એક જ ઉદ્ગાર અંતરમાં ભારી કરીને પોતે પાછા પોતાના વતનમાં સમાઈ ગયા. ગામના સ્ટેશને ધોળા દિવસની ટ્રેનમાં ન ઊતરવું પડે તે માટે રસ્તે એક ગાડી છોડી દીધી, ને મધરાતે પોતાને ગામ ઊતરી ઘરમાં પેસી ગયા. ને જ્યેષ્ઠારામે પણ પાછો પોતાનો અસલી અંધાપો ધારણ કરી લઈ પછવાડેની પરશાળમાં પોતાનું એકલ સ્થાન સંભાળી લીધું. દાદા પોતાનો થીગડાં મારેલો જૂનો કામળો ઓઢીને વહેલી પરોડે બેઠા છે, ત્યાં કોઈકના

શબ્દો સંભળાયા: 'અનસુ રડતી નથી: અનસુ ઊંઘે છે: ને તુલસી-ક્યારો લીલો છે-લીલો છમ છે, રોજ દીવો કરતી'તી-કરતી'તી.'

ઓરડાની બહાર ઊભી રહીને બોલતી એ ગાંડી ભત્રિજી યમુના હતી. ઘણા દિવસે ઘેર આવતા ડોસા, વહુને ગુમાવી બેઠાના વલોપાતમાં એ ગાંડીને ભૂલી ગયા હતા. છોકરી અનસુ જાણે એના જગતમાંથી જ ભૂંસાઈ ગઈ હતી. યમુનાએ અનસુને ચૂલામાં બાળી હશે કે ક્યાંક કૂવામાં ફેંકી દીધી હશે, એવી બીક વચ્ચે વચ્ચે લાગેલી, પણ પછી તો વહુને હાથ કરવા જતાં યમુના, અનસુ અને ઘરબારનું ભાન રહ્યું નહોતું.

વહેલી પરોડનાં પંખીના ચિંચિંકાર વચ્ચે ગાંડીનો અવાજ કાને પડ્યો. તુલસી-ક્યારો લીલો છે એ સમાચાર ગાંડીએ શા સારું આપ્યા? તુલસી-ક્યારો સુકાયો નથી એટલે શું નવી વહુ પાછી મળવાની આશા રહી છે એમ સમજવું? વહેમી અને શ્રદ્ધાળુ દિલનો કુટુંબપતિ આવા સાદા સમાચારને પણ સાંકેતિક વાણીમાં ઘટાવતો બેસી રહ્યો.

'બેટા!' એણે કામળામાં લપેટાયેલું મોં સહેજ ઊંચું કરીને કહ્યું: 'તુળસી-ક્યારો તેં લીલો રાખ્યો એ જ બતાવે છે કે તારું ડહાપણ લીલું છે, તું ગાંડી નથી.'

'હું ગાંડી નથી. પૂછી જોજો અનસુને. ગાંડી નથી. ગાંડી તો કંચનભાભી. ગાંડી! ગાંડી! ખબર છે. તુલસી-ક્યારે આવી નથી. અનસુને રમાડી નથી. ગાંડી! બાપા, ગાંડી થઈ ગઈ ભાભી.' એમ બોલતી બોલતી યમુના રડી પડી; 'ગાંડી ભાભી.'

ઘરમાં પુરાઈને બેઠેલી આ ગાંડી આશ્રિતાના રુદનમાં કૌટુમ્બિક જીવનની ભૂખના સ્વરો હતો.કંચનને એ આજે ક્યાંય જુએ તો ઓળખી પણ ન શકે; એક વાર લગ્ન પછી કંચન જ્યારે ઘેર આવેલી ત્યારે જ એણે સહેજ જોયેલી; ત્યારે તો યમુના પૂર્ણ ગાંડપણના સપાટામાં પડેલી હતી; તે છતાં જરીક જોયેલી નવી ભાભી કંચનને એણે આજે પોતાના અશ્રુજળના પરદાની આરપાર ઊભેલી નિહાળી; રડતી રડતી ગાંડી એને ઠપકો આપતી હતી: 'ગાંડી ભાભી! ભાભી ગાંડી!!'

'તું ના રડતી બાઈ!' થીગડાં મારેલ કામળામાં પોતાનું મોં ફરી વાર લઈ જઈને વૃદ્ધ માંડ માંડ બોલ્યા: 'તું શાંતિ ધર.'

'તુલસી-ક્યારે એક વાર પણ ન આવી ગાંડી ભાભી! તુલસી મા સુખદુઃખ સાંભળત. તુલસી મા ધીરજ આપત.' કહી કહીને યમુના વિશેષ ધ્રુશકાં ભરવા લાગી.

'ચાલ બચ્ચા, આપણે તુલસી-ક્યારે જઈએ; ચાલ, દીવામાં ઘી ને વાટ લેતી આવ.'

પ્રભાતના તેજતિમિરના સંધિકાળે, નાના એવા તુલસી છોડને નમન કરતો, મોટા દેહવાળો ડોસો ઊભો રહ્યો, ગાંડી યમુના ઘીના ચેતાવેલા દીવાને પોતાના બે હાથની છાજલી વચ્ચે ઢાંકીને લઈ આવતી હતી ત્યારે ડોસો નિહાળતો રહ્યો- એ છાજલીમાંથી યમુનાના મોં પર લીંપાતું દીવાનું કંકુવરણું તેજ. યમુનાની આંખોમાં ભરેલી સજળતા પણ સ્પષ્ટ દેખાતી હતી. યમુનાના તાજા રોયેલા મોં પર એક ગુપ્ત ગર્વ તરવરતો હતો કે પોતે તુલસી-ક્યારાને સુકાવા નથી દીધો, અને અનસુને રડવા નથી દીધી.

'તુલસી-મા!' વૃદ્ધે હાથ જોડ્યા. 'તમે મારી યમુનાને ડાહી કરી પણ મને તો ક્યાંક ગાંડો નહિ કરી મૂકો ને!'

‘તુલસી મા એવું નહિ કરે, કદી ન કરે.' યમુના હસીને બોલતી હતી.

'તું મારા માટે પ્રાર્થના કરીશ, યમુના?'

'સૌને માટે - ગાંડી ભાભીને માટે ય.'

ને પછી એ તુલસી-વૃક્ષની સામે હાથ જોડી ઘણું ઘણું બબડી.

અનસુ ઊઠીને બહાર આવી. હવે એ ચાલી પણ શકતી હતી. એણે દાદાને દીઠા: 'દાદા, ઘોલો ઘોલો!' એ એક જ એની માગણી હતી. વૃદ્ધ માસ્તરે બેના ચાર પગ કરી જૂનું પશુત્વ ધારણ કર્યું ત્યારે પછી અનસુને પરવા જ ન રહી કે કંચન કાકી કોણ છે, એનું શું થયું છે, ને પોતાની સગી બા ભદ્રા પણ કેમ ગેરહાજર છે.

અનુક્રમ⇨

## પ્રકરણ ૨૩: દિયરની દુ:ખભાગી

**ભદ્રા** હજુ દિયર પાસે અમદાવાદ જ હતી. એની એક આંખમાં અનસુ તરવરતી હતી, બીજી આંખમાં દિયરજીની દુઃખમૂર્તિ હતી. જણ્યું તો જીવશે જીવવું હશે તો, પણ આ કુટુંબની રોટલી રળનાર પુરુષ જો ભાંગી પડશે તો અમને જ ખોટ બેસશે, એવું ચિંતવતી ભદ્રા વીરસુતને સાચવીને બેઠી હતી. એને રોજ રોજ ફેરવી ફેરવીને ફરસાણ ઈત્યાદિ ખવરાવતી.

એને પૂછ્યા વગર જ પોતે એની ખાવા પીવાની ઈચ્છા કળી લેતી, સારું સારું કાંઈક શાકપાંદડું અને ઢોકળું પત્રવેલીઉં પોતે કરતી ત્યારે નાની અનસુ યાદ આવી જતી, આંખો ભરાઈ જતી, પણ બીજી જ ક્ષણે આંખો લૂછીને એકલી એકલી બોલી લેતી: 'ઈમાં શું રોઈ પડાવાનું હતું બૈ? આ બાપડા દેરને બાયડી જેવી બાયડી ચાલી ગઈ તેના જોવો તો તારો દુઃખ-ડુંગરો નથી ને રાંડી? રાંડેલી અસ્ત્રી તો બધું જ વેઠે, એ તો જોરદાર જાત વદે, પણ રાંડ્યો નર સહી શકે બૈ! ઈ તો ધન છે સસરાજીને, કે રાંડ્યા કેડે એકલે હાથે અડીખમ જેવા રહી છોકરા બે મોટા કર્યા, પરણાવ્યા પશટાવ્યા, ને વળી મારા જેવી મૂંડીને પણ પાળે છે. બાકી આ બાપડા દેરની કાંઈ તાગાદ છે, બૈ? રાત બધી પથારીમાં લોચે છે, નિસાપા નાખે છે, સ્વપ્નમાં લવે છે, હું કાંઈ નૈ સાંભળતી હોઉં એ બધું? મને થોડી ઊંઘ આવે બૈ! એકલવાયાં એકલવાયાં અસ્ત્રી વગરના ઘરમાં રેવું ને રાતે ઊંઘવું એ થોડું ઠીક કહેવાય? કોને ખબર છે બૈ, બેમાંથી કોનું હૈયું વહેલું હારી બેસે ને કોણ ખોટ ખાઈ બેસે. પછી આ આને દોષ દે ને આ આને માથે આળ ચડાવે એ કંઈ ચાલે? માટે ચેતતા રે'વું બૈ! બૈરાવિહોણું ઘર છે. ને પોચા હૈયાનો પુરુષ છે. કોઈનો દોષ ના કાઢીએ, આપણે પંડ્યે જ આપણાં વસ્તર સંકોડીને રહીએ બૈ.'

પત્નીને હારી બેઠેલો વીરસુત પોતાની ભોજાઈનો આ છૂપો ભય થોડેક અંશે તો પારખી શક્યો હતો. શરૂ શરૂમાં તો કેટલાક દિવસ એ પોતાના સંસારના આ સત્યાનાશ ઉપર ટટ્ટાર ને પડકાર કરતો રહ્યો. રેશમનાં સૂટ, ઊંચાં ચામડાંના બૂટ, જુદી જુદી જાતની હેટ, ટોપી, સાફા વગેરે શોખની માત્રા ઊંચી ચડી. ને કંચન ગઈ તો તેના નામ પર ઝાડુ મારવાનો તોર તેણે થોડા દિવસ બતાવ્યો ખરો. એના સ્નેહીજનો હતા તેઓ તેમ જ ભાસ્કરના વિરોધીઓ હતા તેઓ, એને ઘેર આવતા જતા પણ રહ્યા. ને એ સર્વને ભોજાઈના અથાક શ્રમને જોરે પોતે ચહા પૂરી ને ભજિયાં મુરબ્બો ખવરાવતો પણ રહ્યો. પણ રફતે રફતે સ્નેહીજનોનો અવરજવર ઓછો થયો, કેમ કે એક તો વીરસુત આખો સમય પોતાનો ને કંચનનો જ વિષય લઈ પીંજણ કરવા બેસતો, ને બીજું એ સૌને પૂછતો, ફરી લગ્નનું પાત્ર શોધી આપશો?

વકીલ મિત્રોએ એને ચેતાવ્યો;'તારું તો સીવીલ મેરેજ હતું. એક સ્ત્રી હયાત છે ત્યાં સુધી ફરી પરણાય જ નહિ. મીસ્ટ્રેસ રાખવી હોય તો રાખી લે. પણ ચેતજે, પેલાં લોકોના હાથમાં પુરાવો ન પડી જાય.'

આ માહિતી કાંઈ નવી નહોતી, છતાં પોતે કોણ જાણે શાથી આત્મવિસ્તૃત થઈ ગયો હતો, એ વિસ્મૃતિ પર આ ખબર એક વજ્રપાત શા નીવડ્યા અને તે પછી તો એને કંચનનું કોઈ અકસ્માતથી મૃત્યુ જ સતત વાંછ્યા કર્યું.

'કંઈ પરવા નહિ.' એ થોડીક કળ વળી ગયા પછી વિચારતો: 'સ્વતંત્ર જીવનમાંથી ઊલટાનું વધુ સુખ મળી રહેશે.'

એવું સુખ મેળવવાના માર્ગો પોતાને મળતા રહે છે એવું પોતે માનતો હતો. મિત્રો પોતાની પત્નીઓ સાથે એની જોડે એને ખર્ચે સિનેમામાં આવતા થયા, ને ત્યાં મિત્રપત્નીઓ તેમ જ પતિના આ મિત્રની વચ્ચે બેસતી થઈ. થોડા દિવસોમાં જ આ વાતની જાહેર વગોવણી ચાલુ થઈ એટલે મિત્રો ને મિત્રપત્નીઓ એને આવો સમાગમ લાભ આપતા અટકી પડ્યા. પ્રણય કરવાના પરાક્રમ માટે એ ઘણીવાર નીકળતો થયો, પણ એ પરાક્રમ માટે ખપતું જીગર એની પાસે કદી જ સંઘરાયું. નફટાઈ એનામાં ન જ આવી શકી. છતાં પોતે નાહકનો એવો દેખાવો કરી સારા વર્ગમાં પણ અળખામણો બન્યો.

નહિ પૂરા નફ્ફટ, ને નહિ પૂરા સંયમી એવા પુરુષની જે દશા થાય છે તે વીરસુતની બની.

બહારના જગતનાં આવાં બધાં જ સાહસોમાં એના હાથ હેઠા પડ્યા ત્યારે એ ઘેર આવીને વિચાર કરવા બેઠો. સ્ત્રી મળવી દુર્લભ છે. મિત્રપત્નીઓનાં મલકાતાં મોઢાં અને એ મોઢાંમાંથી ટપકતી દિલસોજી મારી સ્ત્રી બાબતની ભૂખને ભુલાવવાને બદલે વધુ પ્રદીપ્ત કરે છે. ને હું જો વધુ અગ્રસર બનું તો તેનાથી સૌ ભડકે છે. આટલા બધા પવિત્ર રહી ગયેલા જગત પર એને તિરસ્કાર છૂટ્યો.

એક વાર મોટર લઈને સીમમાં ફરવા ગયેલો. ઘાસની ભારી લઈ શહેર તરફ વળતી મજૂર સ્ત્રીને એણે કહી જોયું: 'બાઈ બેસી જાઓ આ મોટરમાં, ને ભારી પણ અંદર ગોઠવી દ્યો. તમને શહેર સુધી પહોંચાડી દઉં.'

'ના રે મારા ભાઈ! તું તારે મોટર ફેરવ્ય ને ! ઠેકડી શીદ કરછ?'

એમ કહેતો એ ભારાવાળી છોકરી પોતાની પાછળ ચાલ્યા આવતા મેલાદાટ મજૂરની રાહ જોઈ થંભી જતી, ને વીરસુત પાછળ ફરી ફરી જોઈ શકેલો કે બેઉ જણાં ગુલતાનમાં ચાલ્યાં આવતાં હતાં, છોકરી પોતાના ચીંથરેહાલ સાથીની અસભ્ય ચેષ્ટાઓમાંથી પણ રોનક ખેંચતી જંગલ ગજાવતી આવતી હતી.

એકલવાયાપણાની અવધિ આવી રહી. વીરસુત ઘેર આવ્યો. ભાભી વાટ જોઈ ઊંબરમાં બેઠી બેઠી કામવાળી બાઈ સાથે વાતો કરતી હતી.

એનો કંઠસ્વર દિયરની ગેરહાજરીમાં વણદબાયો ને લહેરકાદાર રહેલો. વાતો કરતાં એ જાણે ધરાતી જ નહિ. કામવાળી બાઈ જોડે પણ એ અલકમલકની અને ખાસ કરીને પોતાના સસરાની વાતો હાંક્યે જતી.

ભાભીનો સ્વર જાણે પહેલી જ વાર પોતે શ્રવણે ધર્યો એવું ધીમેધીમે મોટર લઈ આવતા વીરસુતને લાગ્યું. એ સ્વર આટલો બધો કંઠભરપૂર અને નિરોગી હતો શું? ભાભીને પોતે અગાઉ કદી બોલતી કેમ સાંભળી નહોતી? ભાભી કોઈ કોઈ વાર રસોડામાં બેઠી બેઠી પૂછતી: 'ભાઈ તમને મારી રસોઈ ભાવે તો છે ને, બાપા?' ત્યારે એણે જવાબો વાળેલા કે 'બધું જ ભાવે; લાવોને બાપુ.' આ જવાબો કઠોર હતા તેની વીરસુતને અત્યારે સાન આવી. ભદ્રા ભાભીનો કંઠ પોતે કાન દઈને સાંભળ્યો નહિ હોય, નહિતર કંઈ નહિ તો એ કંઠસ્વરોનું ફરી ફરી શ્રવણપાન કરવા માટે ય પોતે કાંઈક બોલ્યો હોત ને!

જમવા બેઠો ત્યારે 'ચાલો ભાભી! આજ તો હું બહુ જ ભૂખ્યો છું. પીરસો તો!; એવા મીઠા કંઠે પોતે બોલ્યો.

એને એકાએક ભાન થયું કે પોતે જેને શોધી રહેલ છે તે તો આંહી ઘરમાં જ છે.

વીરસુતનો ચડેલો ચહેરો તે સાંજથી ગોળ હસમુખો બની ગયો, જમતાં જમતાં એણે રસોઈના વખાણ કરવા માંડ્યા, પોતાના ઓરડામાં ટેબલ પર ખાવાનું મગાવી લેનારો પ્રોફેસર રસોડાની સામે પરસાળમાં જ પાટલો ઢળાવતો થયો. ને ભાભી પોતાને જમતા પહેલાં નહાઈ લેવાનું કહી જાય તેનો સ્વીકાર કરી લઈ, પોતે બપોર પછી નહાવાની પોતાની વર્ષોની આદત બદલાવી નાખી.

'ભાઈ!' થોડા દિવસ પછી ભાભી એના ખંડ પાસે આવીને કપાળઢક સાડી રાખી કહેવા લાગ્યાં: 'તમારી ચાવીઓ મૂકતા જશો?'

ચાવીઓ ભાભી શા માટે માગે છે તેનું કારણ તો પૂછવાનું રહ્યું જ નહોતું; એની માગણી જ મીઠા ઉપકાર સમાન હતી. એ દઈને ગયો.

સાંજે આવીને વીરસુત જુએ છે તો એના તમામ ટ્રંકો બહાર તડકામાં ખુલ્લા તપતા હતા ને અંદર અવનવો ચળકાટ મારતા હતા. વીરસુત ઓરડામાં આવીને જુએ તો પલંગ ઉપર એનાં કપડાંની થપ્પીઓ સરખી ઘડ પાડીને ગોઠવાઈ હતી, ને બાજુના એક મેજ પર જે થપ્પી પડી હતી તેમાંના તમામ કપડાં કુથ્થો ખાધેલ, વાંદાએ બગાડેલ, જીવાતે ગંધવી મારેલાં હતાં, ટસરનાં ને ઊનનાં સુંદર સૂટનો ઓટલો વળી ગયો હતો.

'કેમ ભાભી! આ બધું શુ?' એમ બોલતો પોતે બાજુના ખંડમાં ધસી ગયો.

ભદ્રા બેઠી બેઠી એનાં ફાટેલાં ધોતીઆંને બારીક સાંધા કરતી હતી ને ઊન ટસરનાં કપડામાં પડી ગયેલા કાણાંને તૂંની લઈ દુરસ્ત કરતી હતી.

દિયર આવતાં જ એણે પોતાનો પહોળો પાથરેલો ખોડો સંકોડી લીધો ને મોંમા ઝાલેલી સોય હાથમાં લઈ લીધી.

'કંઈ નહિ ભૈ!' એણે ઊભા થઈ જઈને એક બાજુએ સંકોડાઈ ને કહ્યું: 'ઘણા દા'ડાથી કપડાંની ફેરવણી થવી રહી ગઈ હશે - તે એ તો કશું નહિ. હાથે સરખાં થાય એવાં તો મેં સાંધવા લીધાં છે, પણ બાકીનાં જે મેજ પર મેલેલ છે, તે સાંધવા કોઈક દરજીને બોલાવશો ને, તો હું એને સમજ પાડી દઈશ કે કેમ સાંધવાં.'

'દરજીનેય તમારે સમજાવવો પડશે?' વીરસુતે હાંસી કરી.

'સેજ અમસ્થું ભૈ! એ તો મૂવાઓ ખોટા રંગના થીગડાં મારી વાળે ખરા ને? એટલે હું આમાંથી જ સાવ નકામાં બનેલાં લૂગડાંનું કાપડ, ભળતા રંગનું, ગોતી કાઢી દઈશ.'

એમ બોલતી બોલતી ભદ્રા બે હાથની આંગળીઓ વચ્ચે ચમકતી નાની સોયને રમાડતી ઊભી રહી.

થીગડાંની પણ રંગમિલાવટ હોય છે એ આ રસાયણિક દ્રવ્યોની રંગમિલાવટમાં પાવરધા પ્રોફેસરે પહેલી જ વાર સાંભળ્યું.

'ઠીક, દરજી બોલાવી આપીશ. તમને ઠીક પડે તેમ કરજો.'

'આંહી બેસીને જે કોઈ કરી આપે તો વધારે સારું.' ભદ્રાએ જરાક દેરની સામે જોતે જોતે કહ્યું.

'આંહીં ક્યાં?'

'આપણો સંચો છે ને?' એક નવો નકોર અણવાપર્યો સંચો, જે કંચને એક દિવસ બજારમાં ઊભાં ઊભાં કલહ કરીને ખરીદાવેલો તે દીવાનખાનાના ખૂણામાં ગોઠવેલો ભદ્રાએ બતાવ્યો.

આજ સુધી તો એ સંચો કોઠારમાં બીજા બધા ઓજીસાળાની સાથે પડ્યો હોઈ વીરસુતે કદી જોયેલો નહિ. અત્યારે એ ઠેકાણેસર ગોઠવાયેલો, ઘસીને લૂછેલો, હસું હસું કરતા જીવતા કુટુંબીજન જેવો લાગતો હતો. સંચા પાસે જઈ જીવતા જાનવરને પંપાળે તેમ પંપાળતા પંપાળતા વીરસુતે પૂછ્યું: 'તમને નથી આવડતું સીવતાં?'

'ના ભૈ! ક્યાંથી આવડે બાપ! આપણા ઘરમાં તો......'

એ સહેજ હસીને બાકીનું વાક્ય હોઠેથી હૈયે ઊતારી ગઈ. એને કહેવું તો હતું કે આપણા ઘરમાં તમારાં જેવાં આ રેશમી અને ગરમાઉ સૂટ કોણ પહેરતું હતું તે સંચાની જરૂર પડે? અથવા કદાચ એને એમ પણ કહેવું હશે કે અમારાં જેવાં અભણ ગામડિયાં બૈરાં સંચા ચલાવવા જેવાં સુધરેલાં દેખાવા લાગે તો આજુબાજુનાં બૈરાં મશ્કરી જ કરે ને!

ત્યાં ઊભે ઊભે વીરસુતની દૃષ્ટિ આ ઓરડાની બાજુના બીજા ઓરડામાં પડી, ને એક કશીક સુપરિચિત સુગંધ પણ આવી.

'આંહીં આ શું ટાંગ્યું છે બધું?' એમ બોલતો બોલતો એ ત્યાં જઈને જુએ છે તો ત્રણ મોટા મોટા કબાટો ખુલ્લા પડેલા છે, ને તેની અંદર ટરપેન્ટાઈન ચોપડેલું છે. ઓરડાની અંદર લાંબી ને પહોળી વળગણીઓ બાંધેલી છે તે રંગબેરંગી કપડાંને ભારે લચી પડી છે. એ જાણે કપડાંની હારો નહોતી પણ ફૂલોની બાગ હતી. સાડીઓ, પોલકાં, ચણીઆ, ગરાસણીવેશના ઘેરદાર પોશાક, કણબણ-વેશનાં આભલે જડ્યાં વસ્ત્રો, સાવ સફેદથી માંડી છેલ્લામાં છેલ્લી ફેશનની રંગીન સાડીઓ, ખોટા અંબોડા, ખોટી વેણીઓ, હીરની નાડીઓ, ચોટલાંના પારંપાર ફૂમતાં, રિબનના ઢગલાં........

જોનારનું કલેજું હલી જાય તેટલી એ પોશાકી રિયાસત કોની હતી? કંચનની. ક્યારે આ બધું ખરીદ કરેલું? પ્રત્યેક ખરીદી વખતે વીરસુત સાથે હતો છતાં એ અત્યારે આભો બન્યો. એની આંખે જાણે ચક્કર આવ્યાં.

ને એ વણગણીઓમાંની એક વણગણી ઊંદરે ને જીવાતે ચૂંથી નાખેલાં ઘણાં કિંમતી અને ઊભાઊભ ખરીદાવેલાં વસ્ત્રોની હતી.

પોતે ટગર ટગર જોઈ રહ્યો. આ વસ્ત્રોની પહેરનારી ચાલી ગઈ હતી. પારકી થઈ હતી. ઘરમાં રહી ત્યાં સુધી પણ આ વસ્ત્રો પર એને પોતાપણું નહોતું. એ જેમ આવે તેમ પહેરતી, પહેરી પહેરીને ફગાવતી, ડૂચા વાળીને કબાટોમાં આ મહામોલાં લૂગડાં જ્યાં ત્યાં રઝળતાં; નહાવાની ઓરડીની ખીંતીઓ, દીવાનખાનાની ખુરસીઓ, અરે એકેય ખંડની ખીંતીય આ સ્ત્રીનાં રઝળતાં વસ્ત્રોથી મુક્ત નહોતી.

જોતાં જોતાં આંખોનો બોજ બેહદ વધ્યો. એ બોજ આંખોએ હૈયા ઉપર લાદ્યો, ને હૈયાએ કંઠમાંથી 'આહ!' શબ્દે એ બોજો બહાર ફગાવ્યો.

'આહ!' બોલી પોતે બહાર નીકળ્યો ત્યારે ભદ્રા પરશાળ સુધી આગળ ચાલી ગઈ હતી. જાણીબૂઝીને જ ભદ્રાએ એ કબાટોનાં વસ્ત્રાભરણો વિષે કશું પૂછ્યું નહિ. સાંધવા તૂંનવાની વાત પણ ઉચ્ચારી નહિ. સમજતી હતી પોતે-કબાટો જ્યારે ખાલી કરતી હતી ત્યારે પ્રત્યેક કપડું વાતો કહી રહ્યું હતું એને - આ રંગભભકોના અંતસ્તલમાં વહેતી

છેલ્લાં બે વર્ષોના લોહીઉકાળાની નદીઓની વાતો; રસિકતાનાં ઉપલાં પડો નીચે પડેલી શુષ્કતાની વાતો; આ સાડી પહેરવી નથી તે પહેરવી છે એવા નાના વાંધાઓ ઉપર મોટા કજિયા મચ્યા હતા તેની વાતો, અમુક ડીઝાઈન તો મદ્રાથી પણ વળતી ટપાલે મગાવી આપવાની વાતો, અમુક સાડી તો મુંબઈથી આવ્યે આઠ જ દિવસ થઈ ગયા પછી ફેશન બહાર ચાલી ગયાની વાતો - અર્ધી અર્ધી ને કોઈ કોઈ તો આખી રાતો પર્યંત વરસતાં રહેલાં આંસુડે ભીંજાયેલી સાડીઓની વાતો.... સેંકડો કલેજાંફાડ વાતો!

પોતાના ખંડમાં જઈને વીરસુતે એક વાર તો દેહને સોફા પર ઢગલો કરી દીધો. એક અકથ્ય નિષ્ફળતા-ખરચાય તેટલા પૈસા ખરચીને છેલ્લાં બે વર્ષોના દાંપત્યમાં 'કસૂંબી' પૂરવાના અને ઊઠે તેટલી તમામ ઈચ્છાઓને સંતોષવાના પ્રયત્નોની એક અકથ્ય નિષ્ફળતા તેની રગેરગના તારોને ખેંચી રહી.

બે વર્ષથી ઘરમાં બેઠેલી સ્ત્રીને ઘર પોતાનું લાગ્યું જ નહિ! ને આ હડધૂત, અપમાનિત, ભયધ્રૂજતી વિધવા ગામડિયણને આ ઘરની એકેય સાડી પહેરવી નથી, આ પોશાક પહેરનાર પુરુષને નિહાળી એકેય રોમાંચ અનુભવવો નથી, છતાં એ કોણ જાણે કયા મમત્વભાવે સાફસુફી કરવા બેઠી હશે!

ઊઠીને એ બહાર આવ્યો. 'ભાભી!' એણે ભારી કોઈ પ્રયોજનપૂર્વક તડામાર વાક્ય ઉચ્ચારી નાખ્યું: 'તમે એમાંથી શા માટે સાડીઓ ન પહેરો? પહેરો તમે તમારે.'

'ના ભૈ! હું તે શું પે'રું ભૈ? એમ બોલીને ભદ્રાએ જે હાસ્ય કર્યું તે હવામાં ઊડતા આકોલિયાના રૂના તાંતણાં જેવું હળવું હતું.'

'કેમ શો વાંધો છે? તમને રંગીન ન ફાવે તો સફેદ પહેરો.'

આટલાં વર્ષોનો કડકો ને ખિજાળ દિયર પોતાની નાસી ગયેલી પત્નીનાં હીરચીર મને મૂઈ કાળમુખી રાંડીને પહેરવા કહે છે! કેવી વિસ્મે વાત! બાપડાને વે'વારની ગતાગમ નથી, પણ ભોજાઈની દયા આવે છે. હવે વાંધો નહિ, હવે તો સસરાનું આખું માથું દુઃખે તોય શી ફિકર છે! ઘરના મોભીની દૃષ્ટિ અમિયલ બન્યા પછી હવે વાંધો નહિ.

ભદ્રાનું દિલ આવા ભાવે ભીંજાયું. એણે જવાબ વાળ્યો: 'ભાઈ! મારે તો માદરપાટની આ બે સાડીઓ પોગે છે. નહિ હોય ત્યારે પે'રીશ ભાઈ! એમાં શું! એક તમને ભોળો શંભુ હીમખીમ રાખે એટલે હાંઉ, લૂગડાં જ છે ને ભૈ!' ને પછી ઈસારારૂપે સહેજ ઉમેર્યું: 'કાંઈ વલોપાત ના કરશો ભૈ! એઈને સદૈવ આણંદ ઉછાહમાં રહીએ ને સૌનું ભોળાદેવ જ્યાં હોય ત્યાં કલ્યાણ કરો એવું માગીએ હોં ભૈ! સૌની વાંછા ફળો, ભૈ! બાકી સંસાર તો તરવો દોયલો જ છે તો ભૈ!'

સંધ્યા થઈ ગઈ. ટ્રંકો ઘરમાં ગોઠવાઈ ગયા, તેની અંદર કપડાં પણ અકબંધ ઘડી પાડીને ભદ્રાએ ગોઠવ્યાં. જે કોટ પાટલૂનના પોશાકની રચનાને પોતે જાણતી નહોતી તેનો પણ સાદી અક્કલ પ્રમાણે ઉકેલ કરીને ભદ્રાએ સૂટ પછી સૂટ ગોઠવ્યાં. એ ગોઠવણીમાં દોષ નહોતો.

વળતા દિવસે વીરસુતની ગેરહાજરીમાં એણે પ્રત્યેક ટ્રંક અને બેગ ઉપર ગુંદર વતી ચિઠ્ઠીએ ચોડી, જેના ઉપર પોતાને આવડ્યા તેવા અક્ષરે ‘‘ગરમ પોશાક" ‘‘સૂતરાઉ" રેશમી" ‘‘અંગરેચી પોશાક’’ "દેશી પોશાક" એવાં લેબલ લગાવ્યાં. બપોરે વીરસુતે આવીને એ દીઠું ને એની દૃષ્ટિ ભાભીના હસ્તાક્ષરો પર ઠરી. અક્ષરો બાયડીશાહી હોવા છતાં તેની જોડણી જરીકે ખંડિત નહોતી.

'ઓહો ભાભી! આ તો બહુ ઠીક કર્યું.' એ પાટલૂનનાં સસ્પેન્ડરને ખભેથી ઉતારતો ઉતારતો બીજા ઓરડામાં દોડતો જઈને અભિનંદી ઊઠ્યો: 'પણ આ તમને સૂજ્યું શાથી?'

ભદ્રા મોં મલકાવીને શરમીંદી બની નીચે જોઈ ગઈ, જવાબ ન વાળ્યો; વીરસુતે ફરી વાર પૂછ્યું: 'ત્યાં બાપુજીને આવું કરી આપો છો?'

'એટલા બધા ટ્રંકો ને લૂગડાં ત્યાં ક્યાં છે ભૈ?' ભદ્રાએ જવાબ દીધો, પણ ઊંચે જોયા વિના.

'ત્યારે?'

'અનાજના ડબાને અને અથાણાં મરચાંની બરણીઓને...'

એટલા જ જવાબથી એણે સસરા-ઘરના કોઠારમાં રહેતી સુવ્યવસ્થાનો ખ્યાલ આપ્યો. વીરસુત તરત પોતાન કોઠારમાં ગયો. જુએ તો પ્રત્યેક ડબાડૂબી પર લેબલ હતાં.

અનુક્રમ⇨

## પ્રકરણ ૨૪: માતા સમી મધુર

**સ્ત્રી** ઘરમાં હતી ત્યારનાં બે વર્ષો દરમિયાન એકેય દિવસ પતિને ઘરના ઓરડા જોવા મન થયું નહોતું. દીવાનખાનું અને શયન-ખંડ એ બે વચ્ચે એના સર્વ ગૃહસ્થજીવનને એને ઠાંસી દીધું. હવે તો એને રોજ રોજ જ નહિ, પણ દિવસમાં પોતે જેટલી વાર ઘરમાં આવે તેટલી વાર પ્રત્યેક ઓરડાઓરડી, ઓસરી, એકઢાળિયાં વગેરેમાં ફરવાની આદત પડી ગઈ, પ્રત્યેક વાર એ કંઈક ને કંઈક નવું નિહાળતો, પ્રત્યેક વાર એને પુનઃરચના જ લાગ્યા કરતી. ગમે ત્યાં રઝળતી પડેલી વેરણ છેરણ તસ્વીરો પણ ધીમે ધીમે દીવાલ ઉપર ચડતી થઈ ગઈ. બાપુજીની જૂની તસ્વીર, બાની, બહેનની, મામાની, કોઈ ગામડિયા પ્રવાસી ફોટોગ્રાફર પાસે ઈસ્વીસન પૂર્વે જેટલા જૂના કાળમાં પડાવેલી એ તસ્વીરો વીરસુતના સામાન ભેગી પિતાજીએ બે વર્ષ પર મોકલેલી. ને એક વાર એ દીવાલો પર ચડેલી પણ ખરી. પરંતુ કંચને તે ઉતારી નાખેલી.

આજે એ તસ્વીરો, બેશક દીવાનખાનામાં નહિ પણ ભદ્રા બેસતી સૂતી તે ઓરડામાં મંડાઈ ગઈ. એ સૌ તસ્વીરો પર ભદ્રાએ રોજેરોજ કરેલા કંકુના ચાંદલા પણ વીરસુતે જોયા. આ તસ્વીરો ભાળીને વીરસુતથી એટલું બોલી જવાયું: ‘પેલી એક... પેલી... એ ક્યાંઈ જડે છે?'

પણ ભદ્રાએ એનો જવાબ ન વાળ્યો. સાંજે જ્યારે વીરસુત ઘેર આવીને પોતાના ઓરડામાં બેઠો ત્યારે એને પોતાના ડ્રેસીંગ ટેબલ પર પોતાની ને કંચનની જે સહછબી ઉતારી દૂર ઊંધી મૂકી દીધેલી હતી તે જ છબીની હાથીદાંતની ફ્રેમમાં એક ઘણી જૂનવાણી, ઝાંખી પડી ગયેલી છબીને મઢાઈને મુકાયેલી દીઠી. છબીની બાજુમાં એક કાળી અગરબત્તી બળતી હતી.

પાસે જઈને એને છબી જોઈ: પહેલી વાર પોતે પરણેલો તે પછી તાજેતર દેવુની બા સાથે પડાવેલી એ છબી હતી. પોતે તેમાં અણઘડ અને અસંસ્કારી બાળક જેવો કઢંગો કઢંગો બેઠો છે: હાથમાં સોટી રહી ગઈ છે: ગજવામાંથી પોણો ભાગ બહાર દેખાતો ગુલાબી રૂમાલ છે: મૂછો હજી ફૂટી નથી: ધોતિયું પહેરતાં પણ આવડ્યું નથી: અંદરનું જાકીટ દેખાય તે માટે કોટ ઉઘાડો રાખેલ છે. એટલે ધોતિયાનો ગોડાયો આગળ ધસી પડેલો છે: ને માથે તેલ નાખ્યું હોવાથી વાળ સફેદ ઊઠ્યા છે.

એવા પોતાના વિચિત્ર સ્વરૂપની બાજુએ બેઠી છે દેવુની બા; તાજી પરણીને આવેલી નાની શી કિશોરી, સુકુમારી, છોભીલી, શરણાગતા: છતાં હસમુખી, ઓપતિની સમોવડ દેખાવા ઊંચી ટટ્ટાર કાયા રાખીને બેઠેલી, સહેજ નીચે ઢળેલ પોપચે વધુ રૂડી લાગતી.

આ પત્નીને આજે વીરસુતે ઓળખી, પોતાને પણ ઓળખ્યો. છબીની સામે બેસીને એ અનિમેષ નયને જોઈ રહ્યો.

'બરાબર દેવુનું જ મોં.' એનાથી બોલાઈ ગયું. 'આજે આ હોત તો ઘરને કુચ્ચે મેળવત કે ભાભીની જેમ સાચવત?'

અંતરનું આકાશ ખાલી હતું. એમાં દેવુની બાનાં સાંભરણાંનાં સ્વચ્છ ચાંદરણાં ચમક્યાં. એટલી છબીની મદદથી વીરસુતનું મન બગાડો પામતું બચતું હતું. જે શૂન્યતા એને પાપ તરફ ધકેલતી જતી હતી તે તો આ બધી ધમાલ થકી પુરાઈ જવા માંડી હતી.

'ભાભી, ભાભી!' એ દોડતો ગયો: સસ્પેન્ડર અર્ધ ઊતરેલાં: એક મોજું કાઢેલું. એક હજુ જેમનું તેમ! 'ભાભી! હું નહોતો પૂછતો કાલે, તે જ આ છબી. જોયુંને અમારું જોડું ભાભી?'

એટલું બોલીને એ પાછો ખંડમાં પેસી જતો હતો, ત્યારે ભદ્રા પછવાડેથી બોલી, 'જૂનાં દેરાણીએ જ મને લખતાં શીખવ્યું'તું.'

એવી કઢંગી છબીને મેજ પર કોઈ દેખે તેમ મૂકવાની એની હિંમત ચાલી નહિ. દિવસો સુધી એ સન્મુખને બદલે વાંકી, આડી અને ટેડી રાખતો હતો. પણ ભદ્રાના આ નાના પગલાંએ એને પોતાના ઘરની અંદર રહેલી ભાવનાસમૃદ્ધિ પ્રત્યે જોતો જર્યો. એ પરિવર્તન ધીરે ધીરે પણ ચોક્કસપણે થઈ રહ્યું હતું.

'આશું, આ તો મારી જૂની પીતાંબરીનું પ્રદર્શન!' પોતાના ખંડની એક ખીંતીએ રેશમી મુગટો જોઈને એ એક દિવસ હસ્યો.

જમવા તેડવા આવેલ ભદ્રાએ કહ્યું: 'ભૈ! એ જરીક પેરી લેશો?'

'શું વળી?'

'પીતાંબરી.'

'શા માટે?'

'ધોતિયે કોઈ કોઈ છાંટો પડી જાય છે ને ભૈ! તેનો પાકો ડાગ જતો નથી. આ રેશમ છે, પે'રવું ફાવશે, ને એને હું મારે હાથે જ ધોતી રહીશ ભૈ! ગંદુ નહિ થવા દઉં'

'તમે પણ ઠીક મને દીપડો બનાવવા માંડ્યો છે હો, ભાભી!'

આ શબ્દોમાં નવા જીવન-રસની સોડમ હતી.

ભાભી ઘરની રીતભાતમાં જે કાંઈ ફેરફારો કરાવતી હતી તે દેરને ગમતા ગયા. દેર એ કરતો ગયો તેમ તેમ ભાભીની પ્રસન્નતા વધુ વધુ કળા પાથરતી ગઈ. કંચનને રીઝવવા એણે જે જે કર્યું હતું તેના પ્રમાણમાં આ તો તુચ્છ હતું. કંચન પ્રત્યેક પ્રયત્ને વધુ અસંતુષ્ટ બનતી ત્યારે ભદ્રા તો થોડા પ્રયત્ને રીઝતી. પીતાંબરી પહેરવાથી જો ભાભી આટલાં પરિતૃપ્ત રહે તો મારા બાપનું શું ગયું! એમ વીરસુતની વિફલતાના અસીમ વેરાન ઉપર ભદ્રાની પ્રસન્નતાની હરિયાળી ક્યારીઓ જેવી ઊગી નીકળી. વીરસુત જો બેપરવા, તમ વગરનો લોખંડી પુરુષ હોત તો એને ભોજાઈની આ પ્રસન્નતા બહુ મહત્ત્વની ન ભાસત. પણ અરધો બાયડી જેવો એ પ્રોફેસર, બાયડીઓની પેઠે જ ભૂખ્યો હતો પોતાનાં સ્વજનોના સંતોષનો. માટે જ ભદ્રાને પોતે પીતાંબરી પહેરે રાજી કરી શક્યા પછી વળતા દિવસે જનોઈ

પણ મંગાવી લીધી, ને સ્નાન કરી પાટલે જમવા બેસવા નીકળ્યો ત્યારે ભોજાઈએ પેટાવેલા પાણીઆરા પરના દીવાને પોતે પગે પણ લાગ્યો.

આટલું થયા પછી ભદ્રા એક મોટી હિંમતનું પગલું ભરી શકી. જમતા દેરની એણે શરમાતે પૂછ્યું: 'ભૈ, તમારી રજા હોય તો એક હજામને બોલાવવો છે. કોઈ આપણો ઓળખીતો, પાકટ માણસ હોય તો સારું ભૈ! ને તમે હાજર હો ત્યારે બોલાવીએ.'

જમતાં જમતાં વીરસુતે વિચિત્રતા અનુભવીને ભોજાઈ સામે જોયું. નીચે જોઈ ગયેલી ભદ્રાની સાડીની મથરાવટીની નીચે એક સફેદ માથા-બંધણું હતું. વીરસુતને ભાન થયું કે આટલા વખતથી આવેલી વિધવાનું કેશ-મૂંડન થઈ શક્યું નથી.

'શી જરૂર છે?' વીરસુતથી વગર વિચારે બોલી જવાયું.

ભાભીનું મોં ભોંય તરફ હતું તે ચૂલા તરફ ફરી ગયું, ને એની પીઠને જાણે કે વીંધીને શબ્દો આવ્યા,' તો મને રજા આપો ભૈ, હું બાપુજી કને જઈને આ પતાવી પાછી આવીશ.'

'આંહીં ક્યાં આપણે કુટુમ્બ કે ન્યાતનો લોકાચાર રાખવાની જરૂર છે ભાભી? શા માટે તમારું માથું...' વીરસુત બધુ બોલતાં વળી કાંઈક ભૂલ ખાઈ બેસશે એવો ડર ખાઈ થોથરાતો હતો.

'લોકાચાર હું નથી કરતી ભાઈ!' ભદ્રાએ આ કહેતી વખતે, આટલા દિવસમાં પહેલી જ વાર દેરની સામે પૂરેપૂરો ચહેરો ધરી રાખ્યો. એનો ગભરાટ, એનો સંક્ષોભ, એનો થરથરાટ, બધાં કોણ જાણે ક્યાં ચાલ્યાં ગયાં હતાં; એ એકેય શબ્દનું ઉચ્ચારણ અસ્પષ્ટ રહેવા દીધા વગર બોલતી હતી: 'મારે માથે ભાર થયો છે. મને એ ગમતું નથી. આજે સાંજે હજામ જોશે ભૈ, વિસરી ના જતા.'

આ શબ્દો જરા પણ ઉગ્રતા વગર બોલાયા, છતાં તેની અંદર આજ્ઞાના ધ્વનિ હતા. ભદ્રા વીરસુતથી એકાદ વર્ષે નાની કે સમવયસ્ક હશે, પણ આ શબ્દો અને આ મોરો જોઈ વીરસુતે વિભ્રમ અનુભવ્યો, કે ભદ્રાનું વય પોતે ધારે છે તેથી ઘણું વધારે છે.

આજ સુધી એક વાક્ય પણ પૂરા અવાજથી ન બોલેલી ભદ્રા અત્યારે આ બે ચાર વાક્યોની આખી સાંકળ એકધારી સ્પષ્ટતાથી બોલી ગઈ તે આશ્ચર્યજનક હતું. એને ભાન થયું કે બધી જ બાબતો આ જગતમાં વિવાદ કરીને ગુણદોષ તોળવાને પાત્ર નથી હોઈ શકતી. શરીરની ચામડી કાળી હોય તો ઉતરડી નાખી નથી શકાતી. ચામડી સિવાય બીજી યે કેટલીક એવી બાબતો છે જીવનમાં, કે જેને ઉતરડવું ચામડીને ઉતરડવા કરતાં વધુ કઠિન છે.

તે ને તે જ સાંજે ઓરડામાં બેઠેલી ભદ્રાનું મસ્તક એક બુઢ્ઢા હજામના અસ્તરા સામે નીચે નમ્યું હતું. અસ્તરો ઝરડ ઝરાડ ફરતો બે તસુ જેટલા ઊગી નીકળેલા કાળા ભમ્મર વળનો ઢગલો નીચે ઢાળવા લાગ્યો. ઉઝરડા પાડતો અસ્તરો સ્વચ્છ મૂંડા ઉપર લોહીના ટશીઆ ટાંકતો હતો. અને ભદ્રા ફક્ત સહજપણે હજામને એટલું જ કહેતી કે 'અમારે વાઘા બાપા છે ને તેનો હાથ પણ તમારી જેવો જ હળવોફૂલ હો કાકા!' અને દેરે એ નજરોનજર નીરખ્યું ત્યારે એના હૃદયમાં ભદ્રા ભોજાઈ ન રહી, બહેન બની ગઈ, માતા સમી મધુર દેખાણી.

અનુક્રમ⇨

## પ્રકરણ ૨૫: 'હવે શું વાંધો છે?'

**સાંકડી** શેરીમાં અંધારી રાતે ચાલ્યા જતાં બે નાનાં છોકરાં જેવી આ દેરભોજાઈની સ્થિતિ બની ગઈ. બેઉના પેટમાં બીક હતી, છતાં બેઉ એક બીજાની ઓથે હિંમતવાન બની રહ્યાં. ભદ્રા પોતાના હૃદયના સુંવાળા સળવળાટોને દેરના ચારિત્ર્યનો ડર દેખાડી ડારતી ગઈ, ને વીરસુતના અંતરની ભૂતાવળોને વીરસુત હાકલ્યે ગયો કે શુદ્ધ સાત્વિક રંડાપો પાળનારી આવી ભગવતી ભોજાઈને જો આંહીં જરીકે પોતાનું અપમાન થયાનો વહેમ આવશે તો એ પાણી પીવા પણ ઊભી નહિ રહે. ને એ જશે તો આ સંસારની અધારગલ્લીમાં મારો એકનો એક સાથ તૂટી જશે.

નિર્ભય બનતી જતી ભદ્રા પરોડિયાની પૂજામાં પહેલાં જે શ્લોકો મનમાં મનમાં બોલી લેતી તે હવે સુંદર રાગ કાઢીને મોટેથી ગાવા લાગી. એના પ્રભાતી સૂરો વીરસૂતનાં લોચનો ઉપર મીઠી પ્રભાત - નિદ્રાનાં મશરૂ પાથરતા થયા.

મૂંડાયેલા મસ્તક પર ભાભીના વાળના નવા કોંટા, ચારેક દિવસના 'જવેરા' જેવડા દેખાયા ત્યારે અષાઢ મહિનો ચાલતો હતો. એવા એક દિવસે વીરસુત ઉદાસીભર્યો ઘેર આવ્યો. નમતા બપોર હતા. આકાશની વાદળીઓમાં કોઈક ઢેઢગરોળી જેવી જાણે નાની વાદળીઓ રૂપી જીવડાંને ગળતી હતી, તો કોઈક પાડો ને ભેંસ જેવી ભાગાભાગ કરી સૂર્યનાં કનકવરણાં ખેતરો ખૂંદી નાખતી હતી.

આવીને એણે ઓરડામાં જતાં જતાં ભાભીના સાંધણ સીવણના ઢગલા ઉપર એક ટપાલનું કવર ફેંક્યું ને એના ચઢેલા મોંમાંથી ફક્ત ત્રૂટક જ વાક્ય પડ્યું: ‘બાપુજીનો કાગળ...'

તે પછી કોણ જાણે શા યે બબડાટ વીરસુતને ઓરડે ચાલુ રહ્યા.

કાગળ વાંચીને ભદ્રાએ પાછી એની ઘડી કરી. ઘડી કરવામાં વીરસુતે ભૂલ કરી હતી તેથી મૂળ ઘડીઓ ને નવી ઘડીઓ વચ્ચે અડાબડ થઈ હતી. પરબીડીઆમાં કાગળ બરાબર સમાયો નહિ એથી ભદ્રાએ કગળ ફરી બહાર કાઢી એની અસલ ઘડીઓ મુજબ એને સંકેલ્યો, ને પછી કવરમાં મૂક્યો. સાંધણાં સાંધી રહી ત્યાં સુધી ઊઠી નહિ. વીરસુતના બબડાટો ચાલતા હતા તે તરફ કાન માંડી રહેલી ભદ્રાનું મોં ઘડીક મલકાટ કરતું હતું ને ઘડીક ઝાંખું બનતું હતું.

ચહાનો વખત થયે ચહા બનાવીને પોતે અંદર આપવા ગઈ ત્યારે એ ત્યાં ઊભી રહી. વીરસુતનું મોં મધમાખોએ ચટકા ભર્યા જેવું જાણે સોઝી ગયું હતું. ને એવા મોંએ વીરસુતની શકલ આખી બદલાવી નાખી હતી. એ મુખમુદ્રા કોઈ કૉલેજ ભણાવતા પ્રૌઢ પ્રોફેસરની કે કોઈ જીવનભગ્ન, હતાશ કટુતાભર્યા માનવીની નહિ, પણ રિસાઈને બેઠેલા કોઈ એક કિશોર બાળકની હતી. ચહા પી લીધા સુધી યે એ કશું ન બોલ્યો ત્યારે ટ્રે ઉપાડતી ભદ્રાએ જ વાતનો પ્રારંભ કર્યો: 'બાપુજીનો કાગળ મેં વાંચ્યો ભૈ!'

'ઠીક.' વીરસુત એટલું બોલી પોતે ઉતારી નાખેલાં ચશ્માં ચઢાવવા લાગ્યો, જાણે એનું કશુંક વાંચન ખોટી થતું હતું. પણ ભદ્રાના ધ્યાનમાં હતું કે એની નજીક એકે ય ચોપડી, છાપું કે પરીક્ષાનો જવાબપત્ર પડ્યો નહોતો.

'જવાબ કશો લખ્યો ભૈ?' ભદ્રાએ બોલતે બોલતે ચહાની ટ્રે બે હાથમાં ઝાલી હતી તેને, પૂજાનો થાળ કે પીરસણાનો ખૂમચો ઉપાડે એ રીતે પોતાના ડાબા હાથની હથેળીમાં ખભાને ટેકે ઉપાડી લીધો.

'જવાબ શું લખવો છે? તમે કહો તે દિવસની ગાડીમાં...'

એથી વધુ આગળ ન વધી શકેલું વીરસુતનું વાક્ય, માર્ગમાં રોદો આવે ને જેમ ભાર ભરેલ ગાડું ઊથલી પડે તેમ અટકી ગયું.

'મને લાગે છે ભૈ, કે અનસુ સંતાપતી હશે ને યમુના બેનનું બાપડીનું પાછું ઠેકાણું નહિ રહ્યું હોય. એ જ ખરું કારણ હશે. બાપુજીએ નીચે જે ટાંક મારી છે તેનું કશુંય એવું...'

ભદ્રા પણ વાક્ય પૂરું કરી ન શકી. એને લાગ્યું કે દેરનો અત્યારનો ગુસ્સો સસરાજીએ કાગળમાં નીચે મારેલી ટાંકને આભારી હશે. એ નીચે મારેલી ટાંક આ હતી: 'ગામલોકોને મોંએ પણ કાંઈ હાથ દેવાતો નથી ભાઈ! ભદ્રા તારા ઘરમાં એકલાં રહે તેની આપણાં જ્ઞાતિજનોને આંહીં બેઠે પણ ચિંતા થાય છે. આપણી ફરજ લોકાપવાદને વધુ કારણ ન આપવું તે છે.'

'મને કારણનું કાંઈ નથી.' મોં પર તો તોબારો ચડ્યો હતો તેને જ સુસંગત એવા અવાજે આ શબ્દો વીરસુતે ઉચ્ચાર્યા; ને ચોપડી લેવા એના હાથ ત્યાં બેઠે બેઠે આંબી શકે એવું ન હોવાથી એણે પોતાની હથેળીની રેખાઓ વાંચવી શરૂ કરી દીધી.

'એ તો હું બાપુજીને કહીશ ભૈ! કે તમે મારી પ્રતમ્યા જે રીતે સાચવી છે તે તો સગી માના જણ્યા જેવી... તમે... તો... મને આંહીકશી ફાળ ફડક ઓછી હતી ભૈ! પણ મારા પિયરિયાનાં પિત્રાઈઓ ત્યાં આપણે ગામ રહેવા આવેલ છે ખરાં ને ભૈ, એમનો મૂવાનો એવો સ્વભાવ છે વાંકું જોયાનો. એ વગર બીજું કોઈ બોલે તો નહિ. શરશતી કાકી વાતવાતમાં બોલ્યા હોય તો કોણ જાણે. બાકી રેવતી મામી કે લક્ષ્મી ભાભુ તો મને બરાબર જાણે છે, એ તો પોતાની જીભ કચરી નાખે તેવાં છે; હશે ભૈ, કોક બોલે તેનું તો કશું નહિ, પણ મારા માવતરને કેવાં ફફડાવ્યાં હશે! સારું થજો બોલનારનું. બીજું શું?'

બોલતી બોલતી ભદ્રાની આંખો ઊંચે સીલીંગની અંદર જાણે કે આંકા પાડતી હતી.

'પણ મેં કહ્યું ખરું ને ભૈ, ખરું કારણ એ નહિ જ હોય. એ તો બાપુજીને મારી અનસુએ ને કાં યમુના બેને અકળાવ્યાં હશે. મેં અનસુને પોરની સાલ જવેરા વાવી દીધાં હતા ને, તે આ વખતે પણ મેં અહીં એક વાટકી વાવ્યા ત્યારે જ મને થતું'તું કે અનસુ બાપુજીને રંઝાડી રહી હશે. એને મા તો શું સાંભરે બૈ! નાનું બાળક તો જેની જોડે હળે તે એની મા; પણ એને બરડામાં હાડકું વધે છે ને, તેની પીડા જ ઊપડી હશે. હાડકા માથે ચોળતી તો હું પોતે જ ખરીને, એટલે બાપુજીને બાપડાને ક્યાંથી ખબર કે ક્યાં કેટલું દબાવીને કઈ રગ ઉપર ચોળવું! ચોળવાનું તેલ પણ ખૂટી ગયું હશે, ને હું મૂઈ કોઈને કહીયે નથી આવી કે તેલમાં શી શી જણશ કકડાવવાનું મારી બાએ મને કહેલું. એટલે સૌ મૂંઝાયા હશે.'

આટલા લંબાણથી વાતની વિગતમાં ઊતરવાની ભદ્રાએ કોઈ કોઈ વાર વૃત્તિ થઈ આવતી. પણ એ જ્યારે કોઈ વાતની વિગતમાં ઊતરી પડે ત્યારે એનો સ્વભાવ જાણનારાં નિકટનાં સંબંધી શ્રોતાઓ સમજી જતાં કે વાતની વિગતે ચડવાનો એ પ્રયત્ન ગવૈયા પોતાના ગળાના તંગ બનેલા સ્વરતંતુઓને ઠેકાણે લાવવા જે રાગડા કાઢવાનું મંથન કરે છે તેને મળતો હતો. ભદ્રાને અનસુ એવી તો સાંભરી આવી હતી કે જો આટલી વિગતથી વાત કરવામાં એ ન ચડી ગઈ હોત તો અધરાત સુધી એનું રુદન વિરમત નહિ.

આ રહસ્યના અણજાણ વીરસુતે ધારાબંધી વાત કહ્યે જતી ભદ્રાને હોંકારો તો દીધો નહિ, પણ સામું સરખુંય ન જોયું. વાત પૂરી થઈ એટલે એણે પૂછ્યું: 'બોલો, કયા દિવસનું લખી નાખું?'

'પરમ દિવસનું લખો ભૈ! ના રહો, પરમે તો બુધવાર આવે છે. આપણે દેર ભોજાઈ દેખી પેખીને બુધવારે જુદા નહિ પડીએ. વળતે દા'ડે ગુરુવારે નહિ ને શુકરવારે...'

'આજે રાતે શો વાંધો છે?' વીરસુત કેમ જાણે ભદ્રાને કાઢી મૂકવા માગતો હોય તેવા તોછડા સુરે બોલી ઊઠ્યો.

'એમ કંઈ ઘર રેઢું મેલીને ચાલી નીકળાય છે ભૈ! હજુ બધું ઢાંકવું ઢૂંબવું છે, હજી સાંધવાન તૂંનવાના કપડાં બાકી છે, હજુ મેં નવાં મગાવેલાં અનાજને સાફ કરાવી વાળ્યાં નથી, ચૂલા તૂટી ગયા છે. તે નવા નખાવવા મેં એક ઠાકરડીને તેડાવી છે તે હજુ આવી નથી, હજુ રસોયાની તજવીજ કરવાની છે; એમ કાંઈ ઘરને રઝળતું મૂકીને ચાલી નીકળાય છે ભાઈ! ઘર છે, ધરમશાળા થોડી છે?'

કહીને ભદ્રાએ ચહાની ટ્રે પોતાના થાકેલા ડાબા હાથ પરથી જમણા હાથની હથેળી પર જમણાં ખભે ચડાવી.

'ઘર છે, ધર્મશાળા નથી,' એ શબ્દો પર આવતાં વીરસુતનાં મોંમાંથી રહ્યા સહ્યા કર્કશ શબ્દો પણ વિલય પામી ગયા. જાણે કે નદીમાં ઓચીંતુ પૂર આવ્યું ને વેકુરીમાં ઊભેલાં છોકરાં નાસી ગયાં. એણે ચશ્માંને નાક ઉપર સરખાં કરવાને બહાને બેઉ કાચ આડે હાથ છાવરી લીધા. પણ ભદ્રા વિધવા હતી ખરીને, એટલે સર્વને ભોટ લાગે તેવી અદાથી ચાતુરી ને સમયવર્તી સાવધાની તેણે કેળવી લીધી અહ્તી. એણે દેરની હથેળી પાછળનાં ચશ્માંના કાચ ને તેનીયે પાછળ રહેલી આંખોમાંથી દડ દડ વહેતી અશ્રુધારા કળી લીધી.

એણે દેરનાં આંસુનું કારણ સસરાના કાગળની નીચે ટાંક મારેલા વાક્યમાં કલ્પી લીધું, પણ એ વિષયને રોળી ટોળી નાખવા મથતો એનો સ્વર આ ઘરમાં પહેલી જ વાર ઉગ્ર બન્યો: 'રસોયાને તો ખોળી કાઢો! એ મૂવાને શું ખબર હશે કે તમને તુવેરદાળમાં કોકમ નથી ભાવતું ને લીંબુ જ ભાવે છે. એ તો મૂવો એની જીભના સ્વાદ સામે જોઈને રાંધણું કરશે, ને તમે મોં ફાડીને બોલશોય નહિ કે તમારે શાક દાળમાં મીઠું વધુ જોવે છે! એ મૂવો ખાખરા બનાવી જાણતો હશે કે નહિ. મારે એને બતાવવું તો પડશે ને!'

'મારે રસોયો રાખવો જ નથી. રસોડાની બધી ચીજો ઠેકાણે કરી જજો.'

'ત્યારે?'

'ફળ દૂધથી ચલાવી લઈશ.'

'ચલાવ્યાં એ ઓ! એવા છંદ કરવાના નથી. કહી રાખું છું.'

'તમારે શા માટે કહેવું જોવે?'

'ચૂલા માટે!'

એટલું બોલી ભદ્રા ત્યાંથી જરાક બહાર ખસી; ત્યારે વીરસુતનો સ્વર ઊઠ્યો: 'આંહી કોઈની જરૂર જ ક્યાં હતી? શા માટે આટલા દિવસ રહીને મને બધી વાતે પરવશતા શીખવી? હું મારું ગમે તેમ ફોડી લેતાં શીખી ગયો હોત ને! ફાવે ત્યાં જઈને ખાઈ પી લેત, ફાવે ત્યાં સૂઈ રહેત, ફાવે તે રીતે આનંદ મેળવી લેતે.'

ભદ્રાના ધીરાં ધીરાં પગલાં ખંડની સુંવાળી ફરસબંધીને જોરથી દબાવતાં દબાવતાં ચાલ્યાં ગયાં ને એ પોતાના ખંડમાં પગના અંગુઠા ઉપર ઊભી ઊભી કાન માંડી રહી. વીરસુતના ખંડમાં રૂદન નીચોવાતું હતું.

એકાદ કલાક પછી ધબધબ પગલે વીરસુત એકાએક રસોડાના દ્વાર પર આવ્યો, અને રાંધણું ચડાવતી ભદ્રા એનું આક્રમણકારી સ્વરૂપ જોઈ શકે તે પહેલાં તો એનાં મોંના શબ્દો સંભળાયા: 'તો પછી એમને બધાંને આંહીં આવીને રહેતાં શું થાય છે!'

ભદ્રાએ એ શબ્દો સાંભળ્યાં પછી જ દેરના મોં સામે જોવાની હીંમત કરી. એ મોં પર ગુસ્સો નહોતો; ભય, ચિંતા ને કચવાટ હતાં. એ મોં વીરસુતનું નહોતું રહ્યું, જાણે નાનો દેવુ વીરસુતની મુખમુદ્રામાં પ્રવેશીને અણુએ અણુએ વ્યાપી ગયો હતો.

એટલું બોલી એ ઊભો રહ્યો. એના ચહેરાની નસોમાંથી લાલ લાલ રંગજાને નીંગળતો હતો.

ભદ્રા આભી બની ગઈ હતી તે બદલાઈ જઈને હસું હસું થઈ રહી. 'બધાંને આંહીં આવીને રહેતાં શું થાય છે!' એ વાક્યની ખૂબી તો જો મૂઈ! એક મારી નાનકી અનસુને પણ આંહી ન લાવવા દેનારો આ દેર શું ઘરના બધાંને માટે આંહીં રહેવાની વાત મશ્કરીમાં કરે છે? કે ગંભીરપણે? કેમ જાણે પોતે સૌને તેડાવી તેડાવી ઊંઘો વળી ગયો હોય! મૂંઝાયેલી ભોજાઈ તરફથી કશો હોંકારો ન મળ્યો, ફક્ત ભદ્રાના હાથમાં જે ચીપિયો હતો તે જમીન પર હળવે હળવે પછડાઈને કોઈ વાજિંત્રના તાર પેઠે ધ્રુજતો રહ્યો. એ ચીપિયો પછાડતી પછાડતી ભદ્રા વારંવાર ઊંચેથી નીચે ને નીચેથી ઊંચે દેરના મોં સામે જોઈ રહી.

"આંહીં કંઈ હવે તો જગ્યાનો સંકોચ નથી.' પોતાની જાણે જ બોલવું ચાલુ રાખતા વીરસુતે 'હવે' શબ્દ પર સહેજ મચરક દઈને આગળ ચલાવ્યું: 'જ્યેષ્ટારામ મામાને રાખવા માટે ઓ પેલું આઉટહાઉસ રહ્યું ઘર પછવાડે. ને બાપુજીને તમારી ખબર રાખતા બેસવું હશે તો દીવાનખાનુંય હવે તો ખાલી છે.' ફરી પાછો 'હવે' શબ્દ, કથરોટમાં બાજરાના લોટનો લૂવો મસળાય તેમ મસળાયો; 'મારે કંઈ દીવાનખાનામાં કોઈ મહેમાનને ખાવા પીવા બોલાવવો નથી. ને આવશે તો પાછલી પરશાળમાં બેસશું ને હવે તો કોણ આવવાનો હતો! સૌ આવનારાઓને આકર્ષણ જોઈતું હતું.'

એ છેલ્લા શબ્દો બોલતો હતો ત્યારે વીરસુત ભદ્રા સામે નહિ પણ બાજુના પાણીઆરા પર નવી જ ચમક મારતા માટીના ગોળા તરફ ને એ ગોળા ઉપર ઢાંકેલા પીતળનાં માંજેલાં બુઝારાં તરફ જોતો હતો. પાણીઆરાને એનું પોતાનું અનોખું રૂપ મળ્યું હતું. અગાઉ કંચનના સમયમાં પાણીઆરા પર અજીઠાં ટૂથબ્રશ અને ત્રણદિવસનાં કોહેલાં દાતણ પડ્યાં રહેતાં ને લીલના પોપડા બાઝ્યા રહેતા.

'ને દેવુને ત્યાં શા સારું સડતો રાખ્યો છે ભૈ!' પાણીઆરાના બુઝારાં પર પોતાનું પતિબિંબ જોવા પ્રયત્ન કરતો કરતો એ બોલતો રહ્યો: 'મારું બગડ્યું છે તો ઠીક, પણ એ છોકરાનું ભાવિ શું કામ બગાડો છો બધાં?'

'બધાં નો ઉલ્લેખ કરનારો વીરસુત ભદ્રામાં વધુ ને વધુ હાસ્યની લાગણી ઉપજાવતો હતો. છોકરો આંહી આવ્યો હતો ત્યારે જ મને તો સાચોસાચ ખબર પડી, કેટલો બીકણ, કેટલો બધો દબાયેલો, ને કેટલો રાંક થઈ ગયો છે! આંહીં અમદાવાદમાં ભણે તો કાંઈક પાણીવાળો તો થાય. બાપની સાથે કાંઈક જીવ પણ મળે. અત્યારે તો હું એને દુશમન જેવો જ લાગું ને!'

એટલું કહીને એ પાછો ચાલ્યો, ચોગાનમાં જઈ ઊભો રહ્યો, ને વળી પાછો બોલ્યો: 'અનસૂનેય કોઈક વૈદ્ય દાક્તર પાસે આંહીં જ તપાસાવી શકાય ને! ત્યાં બેઠાં બેઠાં અનસૂથી કંટાળતા હોય તેમાં હું શું કરું? આંહીં બાલમંદિર પણ બંગલાથી દૂર નથી.

એટલું કહીને એણે માળીને બોલાવ્યો, આજ્ઞા કરી: 'જા તું પાછળનું આઉટ-હાઉસ ઉઘાડીને ભાભીને બતાવ. જોઈ લેજો ને પછી કહેજો, મામા ત્યાં રહી શકે કે કેમ?'

પછી પોતે આખા બંગલામાં તેમ જ બંગલા ફરતું ચક્કર લગાવ્યું, પાછો આવ્યો ને કમ્પાઉન્ડમાં ઊભો ઊભો જ બબડવા લાગ્યો;

'આંહીં તો જગ્યા ઘણી પડી છે. દેવુને ભણવાની પણ ઓરડી ઓ રહી! છતાં જો જવાનું બહાનું જ જોતું હોય તો ખુશીથી જાઓ. કોઈ રોકતું નથી - રોકી કોણ શકે? એ તો હું રહીશ એકલો, પડ્યો રહીશ આ ભૂતખાનામાં.'

'ભૂતખાનામાં' એ છેલ્લો શબ્દ જ્યારે ઉચ્ચારાયો ત્યારે વીરસુત પોતાના ખંડમાં પહોંચી ગયો હતો. દીવાનખાનાની બાંધણી બીજા ખંડો કરતાં વિશેષ પડઘાદાર હોવાથી 'ભૂતખાનું' શબ્દ હજુ એ ખંડમાં જાણે ઘૂમરીઓ ખાઈ રહ્યો હતો. ભદ્રા રસોડે બેઠી બેઠી, ચૂલા તરફ જોઈને ખૂબ હસતી હતી, અષાઢના ઘેરાયેલ દિવસે રસોડામાં અંધારું પાડ્યું હતું, એ અંધારે ભદ્રાના મૂંડેલા ચહેરા પર ચૂલાનો તાપ એવો તો ઉઠાવ પામી રહ્યો હતો કે એ લાલિમા કોઈ સીનેમાનો ઉદ્યોગપતિ ન જોઈ જાય એવું આપણાથી ઈચ્છી જવાય.

અનુક્રમ➪

## પ્રકરણ છવીસમું: અણધાર્યું પ્રયાણ

તે પછી વળતા દિવસે વીરસુતને એકલાને લઈને એક ભાડુતી ગાડી પિતાના ગામમાં ઘરને બારણે આવી ઊભી રહી. દ્વારમાં પેસતાં જ એણે પોતાનું અતડાપણું તોડવાનો યત્ન કર્યો. ભદ્રા ભાભીએ કરેલી છેલ્લી ભલામણ એ જ હતી કે'જોજો હો ભૈ! રૂડું આનંદભર્યું મોં રાખીને સૌને મળીએં હો ભૈ!'

કોઈ પણ ઈલાજે મોં હસતું રાખવું જ હતું. ગાંડી યમુના જ બારણું ઉઘાડવા આવી. યમુનાએ પોતાના નાનાભાઈ દીઠા, ઓચીંતા દીઠાં, ને મોં પર મલકાટ ધારણ કરતા દીઠા, એટલે કે યમુનાએ કદી ન કલ્પેલું વિચિત્ર દૃશ્ય દીઠું. અને એણે'એ-હે-હે-હે! નાનાભાઈ! એ-હે-હે-હે આવ્યા છે-એ-હે-હે-હે-હસે છે,' એવા ઉન્મુક્ત ગળાના ગેહકાટ કાઢ્યા, બોલતી બોલતી એ અંદર ગઈ, ને એણે એક નાના બાળકની રીતે આનંદ-ધ્વનિથી ઘર ગજાવી મૂક્યું, જાણે કોઈ ઉત્સવનો ઘંટ બજ્યો. ને નાનાભાઈ યમુનાના મામા પાસે, એટલે કે સોમેશ્વર માસ્તર પાસે જઈ બેઠા ત્યારે યમુનાએ પહેલું કામ ઝટ ઝટ વાટ વણીને દીવો પેટાવી તુલસીમાને ક્યારે મૂકવાનું કર્યું; દીવો મૂકતાં મૂકતાં બોલી:'હાશ! માડી! નાનાભાઈ હસ્યા, મને જોઈને હસ્યા, સૌને જોઈને હસે એમ કરજો હો મા! હો મા! હો-હો-હો?' કહેતે કહેતે એણે તુલસીની ડાળખી ઝાલીને ધુણાવી. કેમ જાણે માતાનો કાન ન આમળતી હોય!

વર્ષો પછી પહેલી જ વાર વીરસુતે પિતાને હસતા ને મોકળા કંઠના હોંકારા દીધા. વર્ષો પછી એણે ઘરના ખૂણા ને છાપરાના ખપેડા જોયા. વર્ષો પછી એણે રસોડા સુધી જઈ યમુના પાસે માગ્યું:'હું ભૂખ્યો છું, કંઈક ખવરાવ તો ખરી ગાંડી!'

'ગાંડી-હી-હી-હી-ગાંડી!' એવું હાસ્યભર બોલતી યમુના પોતાના મોં આડે સાડીનો પાલવ ઢાંકતી હતી. અને'ગાંડી' એ તો જાણે વીરસુતભાઈના મોંમાંથી પડેલો કોઈ ઈલકાબ હોય એવી લહેરથી નાસ્તો કાઢવા લાગી.

નાની અનસુ યમુનાની સાડીમાં લપેટાઈને ઊભી હતી, તેને ભાળી ત્યારે વીરસુતને એકદમ તો ભાન ન થયું કે આટલા સમયથી પોતાને ઘેર રહેલી ભદ્રા ભાભીએ કલેજું કેવી રીતે લોઢાનું કરી રાખ્યું હોવું જોઈએ. પણ યમુનાએ અનસુને કહ્યું:'કાકા છે, બા પાસેથી આવ્યા છે.' ત્યારે અનસુએ પૂછ્યું,' બા કાં થે? બા થું કલે થે? બા અનછુ અનછુ કહી લલે છે?' ત્યારે વીરસુતના હૃદયના સખત બંધો તૂટવા લાગ્યા. તોયે એને તેડી લેવાનું તો એકદમ મન થયું નહિ. દેવુ નાનો હતો ને પોતે કોક વાર પત્નીને મળવા માટે જતો ત્યારે એ લાંબા હાથ કરી કરી ઘોડિયામાંથી કરગરી રહેલા બાળકને જેણે એકેય વાર તેડ્યો નહોતો, તે જ વીરસુત એકાએક તો અનસુને એનાં શેરીમાં રમી રમી રજોટાયેલાં અંગો સાથે છાતીએ કેમ કરી લઈ શકે! પણ એને યાદ આવ્યું-અમદાવાદથી નીકળ્યો ત્યારે ભદ્રા ભાભીએ કહેલું વાક્ય કે'અને ભૈ! મોં ઓશિયાળું ન રાખજો હાં કે? મોં તો હસતું રાખીએ. હસવું ન આવે તો યે હસીએં હો ભૈ!' એ વાક્ય મુજબ જ પોતે બારણા ઉપર પહેલવહેલો ઊભેલો, ત્યારે હાસ્ય પ્રયત્નપૂર્વકનું હતું પણ એકાદ કલાકમાં એ હાસ્ય પરથી પ્રયત્નનો બોજો ઊતરી ગયો હતો. તે રીતે અનસુને તેડવાનો પ્રારંભ પણ એણે વહાલથી નહિ, પ્રયત્નથી કર્યો. પહેલાં એને ધૂળે ભરેલીને બે હાથે અદ્ધર ઉપાડી, છિ-છિ-છિ-છિ કર્યું, પછી તેડી, ને કહ્યું,'બા પાસે તને લઈ જવા જ આવ્યો છું અનસુ.'

'નહિ જવા દઉં.' યમુના બી ઊથી.

'તને પણ યમુના.'

'દેવુના બાપાને, મામાને, બધાને?'

'હા બધાને.'

'જૂઠું.' ગાંડી પણ વીરસુતનું આટલું પરિવર્તન કબૂલવા તૈયાર ન થઈ.

* * *

'એ કાંઈ નહિ. એ કાંઈ મારે સાંભળવું નથી. મને જીવતો જોવો હોય તો ચાલો બધાં.' એવા મક્કમ સ્વરે વીરસુતે પોતાના પિતાના તમામ વાંધાને કાપી નાખ્યા. પુત્રનું મોં એને ઓશિયાળું લાગ્યું. પુત્રના સ્વરમાં ધ્રૂજતું એકલતાનું આક્રંદ પિતાના તંબૂર-તાર ધ્રૂજાવી રહ્યું હતું.

'આ આખી વેજા છે ભાઈ! તને સુખે નહિ રહેવા આપે.'

પિતાના આ શબ્દો નકામા ગયા. વીરસુતનું પરિવર્તન એટલું બધું કષ્ટમય હતું કે પિતાની દલીલોના જવાબો દેવાને બદલે તો એ વડછકાં જ ભરવા મંડી પડ્યો:'હું તમારો એકનો એક પુત્ર છું. કંઈક ભાન તો રાખો?' પછી તો રાત્રિએ બચકાં બંધાવા લાગ્યાં. દેવુ વસ્તુઓ લેવા માટે બહાર દોડાદોડ કરવા લાગ્યો, ત્યારે આંગણામાં, પાડોશની શેરીમાં ને બજારમાં ચણભણાટ ચાલ્યો:'રાંડીરાંડ દીકરાવહુ ઘેર પાછી ન આવી ને દેર કેમ આવી ઊભો રહ્યો?'

'કેમ બધાં સામટાં અમદાવાદ ઊપડે છે?'

'અમદાવાદથી કદાચ આગળ તો જાત્રા નીકળવાની નહિ હોય ને?'

'હોય પણ ખરી.'

'એટલે પછી ભદ્રાને એવા ભાર ભરેલા શરીરે આંહીં શા સારુ આંટો ખવરાવે!'

ખુદ પિતાનું અંતર પણ વહેમાયું હતું. વીરસુતનું આ પગલું વિસ્મયકારી હતું. કુટુંબના શંભુમેળા પર એકાએક વહાલ આવી જવાનું કારણ કલ્પી શકાતું નહોતું. એણે ગામલોકોની ગિલાને જાણ્યા પછી પણ પોતાના મનને કહ્યું: મારા પોતાને બદલે કોઈ બીજા બ્રાહ્મણની વિધવા પૂત્રવધૂ અને પરિત્યક્ત પુત્ર વિષેનું આ પ્રકરણ હોત તો? તો હું પણ ગામલોકોની માફક જ એ બીજાંઓ વિષે વાતો કરત ના? વાતો ન કરત કદાચ, તો યે વહેમ તો હૈયામાં સંઘરત ને? શું હશે? ભદ્રાની જ કોઈ આપત્તિ હશે?

ઘરને તાળું દેતા પહેલાં દાદાજીએ તુલસી-રોપ બહાર લીધો, ને એ પોતે પોતાની સંબંધી સરસ્વતી બાઈને દેવા ગયા, કહ્યું,'રોજ લોટી પાણી રેડજો ભાભી.'

'સારું ભૈ! વેલાસર આવજો. ને હેં ભૈ!' એણે ફાળભર્યાં હેતાળ સ્વરે નજીક જઈને પૂછ્યું:'ભદ્રા વહુને શરીરે તો સારું છે ના? અંબાજી મા એને નરવ્યાં રાખે ભૈ! મારી તો બાપડી દીકરી જેવી છે. લોકોનાં વગોણાં સામે ના જોશો ભૈ! ને તુળસી માની કશી ચંત્યા કરશો નૈ.'

'ઝાડવું, તોય જીવતો જીવ છે ને ભાભી!' ડોસા સહેજ ગળગળા થયા;'એણે જ અમને આજ સુધી સાચવેલ છે. દીવો-બની શકે તો-કરતાં રે'જો ભાભી.'

'કરીશ જ તો ભાઈ! શા સારું નૈ કરું! આંગળીક ઘી પેટમાં નહિ ખાઉં તો ક્યાં દૂબળી પડી જવાની છું ભૈ!'

એનો અર્થ એ હતો કે ઘીનો દીવો કરવો ને ઘી રોટલા પર ખાવું એ બેઉ વાતો સાથે બની શકે તેવી આ વિધવાની સ્થિતિ નહોતી. એવાં નિરાધાર પાડોશીઓની સેવા કરવાનું છોડવું પડ્યું તેની વ્યથા સોમેશ્વર માસ્તરના મોં પર તરવરતી હતી. ભારી હૈયે એ સ્ટેશને ચાલ્યા.

આગળ'અંધા' જ્યેષ્ટારામ મામાને દોરી દેવુ ચાલતો હતો.

સ્ટેશને આખે રસ્તે અનેક આંખો ચોંટી રહી; એક જણે ઊભા રહીને કહ્યું,'આમ કેમ અણધાર્યું પ્રયાણ! નાશક-પંઢરપુર સુધી તો થતા આવશોને જાનીજી?'

કહેનાર થોડી વાર જવાબની રાહ જોતો ઊભો રહ્યો, કે તરત અંધા જ્યેષ્ટારામે દેવુનો હાથ છોડાવી, ચાર ડગલાં પાછાં ફરી, એ બોલનાર જ્ઞાતિબંધુની લગોલગ ઊભો રહી પોતાની આંખોનાં પોપચાં ઊંચાં કર્યાં ને ઉચ્ચાર્યું,'ઓળખ્યા! કોણ ભવાનીશંકર ને? જાત્રાએથી આવીને તમને ગોદાવરીનું તીર્થોદક ચખાડશું હો કે? નહિ ભૂલીએ! ઓળખ્યા! નહિ ભૂલીએ હો કે!'

જ્ઞાતિબંધુ ભવાનીશંકર ત્યાં ને ત્યાં થંભની માફક ખોડાઈ ગયો. એણે દીઠું-અંધની દેખતી બનેલ આંખોમાં પોતાના મુર્દાનું પ્રતિબિંબ. અમદાવાદના બંગલામાં ડોસાનો ફફડાટ આઠ દિવસે માંડ માંડ શમ્યો. દાતણ કરવાને ટાણે ભદ્રાની એક ઊલટીનો પણ અવાજ એણે સાંભળ્યો નહિ. વીરસુત એક પણ ગુપ્ત વાત કહેવા આવ્યો નહિ. દેવુને મોકલી મોકલી દાદાએ ભદ્રાએ વીરસુતની ગેરહાજરીમાં ચોગાનમાં બોલાવી પુછાવી જોયું:'કેમ રહે છે? કાંઈ નડરત તો નથી થઈ ને? શરીરે તો નરવાં છોને મોટાં વહુ? મને કહેતાં અચકાશો નહિ હો બેટા!'

લાજ કાઢીને ઊભેલી ભદ્રાના દેહે જ પોતાની સંપૂર્ણ સ્વસ્થતાનો જવાબ, ભદ્રાની જીભ આપે તે પૂર્વે આપી દીધો. ભદ્રાનાં શીલ અને ભદ્રાની ચેષ્ટાઓ, અરે ભદ્રાની ચાલી જતી આકૃતિના પગલાંની પાની પણ ડોસાએ વાંચી લીધી. તો પણ ખરાવી ખરાવીને પૂછી

જોયું,'ભાઈ તો ઓચીંતો તેડવા આવ્યો એટલે મારે હૈયે ફાળ પડી'તી બેટા! કે તમને શરીરે નરવાઈ નહિ હોય કે શું! નજરે જોઈને રાજી થયો કે કશું જ નથી.'

'દાદાને કહે દેવુ! કે ઈશ્વર સૌની લાજ રાખે છે. કશી જ ચિંતા કરશો મા.'

એ ભાષામાં વહુ ને સસરો બેઉ પરસ્પર સમજી ગયાં.

યમુના ગાંડીનો તો એક જ ધંધો થઈ પડ્યો: અનસુને લઈને તેણે બંગલાના ચોગાનમાં ફૂલો જ વીણવા માંડ્યાં. યમુનાને ઉઘાડું આંગણું, દિવસે ફૂલફૂલના ઢગલા ને રાત્રિએ સૂતેલાં ફૂલોની મહેક મહેક સુવાસ સાથે આભની ભરપૂર ફૂલવેલીઓ મળી. આટલું સ્વચ્છ આકાશ એણે ઉઘાડે માથે ઊભા રહીને અગાઉ કોઈ દિવસ ક્યાં જોયું હતું! ફૂલફૂલ પર ઊડતાં પતંગીઆંને ચુપકીદીથી જોઈ લેવા આટલી દોડાદોડ એ ગાંડીને અગાઉ કોણે કરવા દીધી હતી? ને આટલાં બહોળાં પાણીએ કપડાં ધોવાનું પણ એને કેચે દહાડે મળ્યું હતું? નાની અનસુએ ડુબાડું ડુબાડુ કરએએ એ નળ પાસેના પાણી ભર્યા પીપમાં ડબકાવતી હતી. ને આખો દિવસ બસ કપડાં જ ધો ધો કરતી, વાસણ જ માંજ માંજ કરતી. એનો પુરસ્કાર મોકળું ક્રીંડાંગણ હતું અને રોજ ત્રણ વાર નજીક થઈને જ પાવા વગાડતી સુસવાટ માર્યે જતી આગગાડી હતી.

## પ્રકરણ સત્તાવીસમું:'ચાલો અમદાવાદ'

**આજે** આંહીં સ્ત્રી-જાગૃતિની શાખા ખોલી છે, કાલે ત્યાં સભા રાખી છે, વગેરે વગેરે પ્રકારના સંદેશા છોડતું છોડતું ભાસ્કરભાઈ અને કંચન બહેનનું જોડલું દૂર દૂરનાં શહેરોમાં ઘૂમી રહ્યું હતું અને કંચન ઉપર ભાસ્કરે પોતાની સત્તા એટલી બધી જમાવી દીધી હતી કે કંચનની ટપાલ પણ પહેલી ફોડીને વાંચ્યા પછી જ ભાસ્ક્સર આપતો. શરૂ શરૂમાં થોડો વખત વાંધો લેતી કંચનને એને ખુલાસો કરેલો કે'તું ન સમજ બાપા! ન સમજ એમાં. તારા ઉપર કૈક માણસો દુષ્ટ કાગળો લખે, લોહી તપાવનારા કાગળો લખે, તે બધા જો તને આપું તો તો તું ઉશ્કેરાઈને અરધી જ થઈ જા ને!'

'પણ આવું બંધન તો વીરસુતે પણ નહિ રાખેલું.' એક વાર પોતાનો કાગળ ટપાલમાં નાખવા દેતી વખતે જ્યારે ભાસ્કરે વાંચવા માટે ખોલ્યો ત્યારે કંચને લગભગ રડું રડું થઈને કહેલું.

'હવે એ બેવકૂફના વખતની વાત શીદ કરતી હઈશ? મને મારી રીતે તારું શ્રેય કરવા દેને બાઈ!'

એ જવાબ ભાસ્કર તરફથી મળ્યા પછી કંચન વધુ ને વધુ બીતી. ને કયા પ્રકારે ભાસ્કરથી છૂટીને અન્ય સ્નેહીઓનાં ઘર ભેગી થઈ શકાય તેના વિચારો કરતી. પણ ભાસ્કરની ઉઘાડી દુશ્મનાવટ કરવાનું સલામત નહોતું. ભાસ્કર એની ખુશામદ કરે અને એ ભાસ્કરની કરે, એમ પરસ્પર ખુશામદને હલેસે હલેસે જ બેઉની નાવ ઠેલાયે જતી હતી. હવે કોઈ કોઈ વાર કંચનની કલ્પનામાં અણધારી એક તુલના, એક સરખામણી ઊભી થઈ જતી: હું જ્યાં હતી ત્યાં જેટલી દુઃખી હતી, તેથી હવે ઓછી દુઃખી છું કે વધારે? વીરસુતે અમુક વખતે અમુક પૂરતી સગવડ મને આપી હોત તો શું આટલું બધું પરિવર્તન કરવું પડ્યું હોત?

વીરસુતે મને શાંતિપૂર્વક અમુક પ્રસંગમાં સમજાવી લીધી હોત તો શું મારું મન કૂણું ન રહ્યું હોત?

'ના રે ના, વીરસુત સાથેનો સંસાર તો કદાપિ ન ચાલી શક્યો હોત. મેં કર્યું છે તે તો કર્યા વિના છૂટકો જ નહોતો ત્યારે જ કર્યું: ને હું હવે મુક્ત જ છું: એ તો હું ભાસ્કરભાઈને મારી સ્વેચ્છાથી મારા પર આ સ્નેહાધિકાર આપી રહી છું, નહિતર એ મને ક્યાં મારી નાખે એમ છે. એને તો હું એક સપાટે ઉઘાડા પાડી દઈ પછાડી શકું. હું તો સ્વાધીન છું.'

મનને આવા હાકોટા મારી મારીને કંચન પોતાના જીવન-પરિવર્તનનો બચાવ કર્યે જતી. અને'આ બધું પોકળ સાંત્વન શીદ લઈ રહી છે? તું તો હતી તેથી સવાઈ ગુલામ છે?' એવી કોઈ આતમવાણી અવાજ ધરીને ઉપર આવે તે પૂર્વે જ કંચન, નાનું બાળક બીજાની સ્લેટના લીંટા ભૂંસી નાખે તેમ ભેજામાંથી એ વાણીને ભૂંસવા મથતી.

એક દિવસ ટપાલ આવી તેમાંનો એક કાગળ વાંચેની મોં મલકાવતા ભાસ્કરે એ કાગળ કંચન તરફ ફેંક્યો,'લે, લેતી જા! તારું સામ્રાજ્ય તો બીજાઓએ સર કરી લીધું! તું રહી ગઈ! દોડ દોડ જલદી દોડ!' પણ ભાસ્કરની એ વિનોદધારા એ કાગળ વાંચતી કંચનના મોં પર મસળાતા લોહીના લેપને ન ધોઈ શકી. કાગળ એણે ફરી ફરી વાંચ્યો. ઘડીક મોં પર લોહી ધસી આવ્યાં તો ઘડી પછી પાછું હતું તે લોહી પણ ઓટનાં પાણી પેઠે પાછું વળી જઈને એના ગાલની વિસ્તીર્ણ રેતાળ ભૂમિને ઉઘાડી કરવા લાગ્યું.

જે કાગળ કંચન વાંચતી હતી તે અમદાવાદથી આવેલો હતો. એક સખીનો હતો. તેમાં લખ્યું હતું કે -

'વીરસુત કંટાળીને નોકરી છોડી નાસી જશે અથવા તને શોધતો આવશે એવી આપણી ધારણા ખોટી પડી છે. કોણ જાણે કઈ રીતે તારો બંગલો તો જીવતો બની ગયો છે. તારા ઘરની પાસે ફરવા જતાં અમે ત્યાં બે ડોસાઓને બેઠા બેઠા ચોગાનમાં તડાકા મારતા જોઈએ છીએ. એક મોટી ઉંમરનો છોકરો એક નાની છોકરીને રમાડ્યા કરે છે. ને બેતો જુવાન બૈરાંઓ ત્યાં નજરે પડે છે. એમને બેઉને સાથે લઈને વીરસુતને કાંકરીઆ તળાવે મોટરમાં આવેલો પણ અમે જોયો હતો. અમને લાગલી જ શંકા ગયેલી કે આ બેમાંની એકે જે સાડી પહેરેલી તે તારી જ હશે. પછી તો અમે તારા ઘરની ચાકરડીને બોલાવીને ખાનગીમાં બધું પૂછી જોતાં જાણી શક્યાં છીએ કે તારાં કબાટો ને ટ્રંકો, તારી બેગો ને પેટીઓ ખોલી ખોલી બધાં કપડાં ઉપાડી જવામાં આવ્યાં છે. વીરસુત પણ કૉલેજના કામકાજમાં ખૂબ ચિત્ત પરોવીને કામ કરે છે તેથી સૌને કશુંક અનિષ્ટ થયું હોવાની શંકા પડી છે. એના વર્ગના છોકરાઓ પણ વાતો કરે છે કે વિજ્ઞાનનો એ પ્રોફેસર વનસ્પતિશાસ્ત્ર વિષે શીખવતો શીખવતો વૃક્ષોનાં કુટુંબ-જીવનની સાથે માનવીના કુટુંબ-જીવનની ઝીણી ઝીણી સરખામણી કરવા માંડે છે. આટલો મોટો આનંદ એ ક્યાંથી મેળવે છે? તારા પરના જુલમોની વાત ઉચ્ચારતં જ એ ખિજાઈ સળવી ઊઠતો તેને બદલે હવે કેમ એ પરવા કર્યા વગર સાંભળી લે છે? કોઈ કહે છે કે એનાં એક વિધવા ભાભી તારા ગયા પછી એ ઘરમાં એકલાં રહ્યાં હતાં, તેની સાથે વીરસુતનો સંબંધ સારો બોલાતો નથી. આ તો સહેજ જ લખ્યું છે. તારે ને આ વાતને શો સંબંધ છે? આનંદ કરજે ને જ્યાં જાય ત્યાં ક્રાંતિ કરજે.'

કાગાળ વાંચી રહ્યા પછી મોંની કરચલીઓનો તંગ ઢીલો કરીને એણે ભાસ્કર પ્રત્યે કાગળ સામો ફગાવ્યો, ભાસ્કરે ટોળ કર્યું"

'કાં...આં! લેતી જા!'

'મારે એમાં શું લેતા જવાનું બળ્યું છે? મારે એ સાથે શો સંબંધ છે?'

એટલું બોલીને એ પાછી પેન્સીલ લઈ પોતાનો નવો કાર્યક્રમ કાગળ પર ગોઠવવા લાગી. ને ભાસ્કર પોતાની બીજી ટપાલ પર નજર ફેરવતો ફેરવતો સહેજ આટલું બોલી ગયો -

'ને એને એની ભોજાઈ મળી ગઈ તોય શું ખોટું છે? આ જગતનો મોટામાં મોટો પ્રશ્ન જે એકબીજા માણસોએ ગોઠવાઈ જવાનો જ છે. જેઓ સરખાં ગોઠવાઈ શકતાં નથી તેઓ જ સમાજ જીવનને કાયમ માટે સંક્ષુબ્ધ કર્યા કરે છે.'

એ બોલતો હતો ત્યારે કંચન એની સામે તાકી રહી હતી. પણ ભાસ્કરે તો કાગળ-વાચનમાંથી માથું કર્યા વગર જ એ ડહાપણની વાત ચલાવ્યે રાખી -

'સારું થયું. હું તો આ વાંચીને રાજી થયો. વીરસુત જો ઠેકાણે પડી ગયો હશે તો તારો પીછો કે તારા નામની ચૂંથાચૂંથ છોડી દેશે. આપણે એટલાં હળવાફૂલ બની જશું. તારા પર હજુ પણ એનો જે માલિકી-ભાવ રહ્યો છે તે ટળી જશે.'

'એક માલિકના હાથમાંથી છૂટીને...'

એટલા બોલ કંચનથી બોલી જવાયા. પણ એ વાક્ય ભાસ્કરે કાં સાંભળ્યું નહિ ને કાં સૂણ્યું નહિ ને સૂણ્યું અણસૂણ્યું કર્યું. બાકીની ટપાલ એણે વાંચી, જવાબો લખ્યા. વાંચી લીધેલા કાગળો, પોતે જાણે કશુંક રચનાત્મક કાર્ય કરી રહ્યો હોય તેટલી ઠાવકાઈ, સુઘડતા, સફાઈથી સરખે ટુકડે ફાડ્યા, એ ફાડેલા કાગળોની ગુલાબી, વાદળી તેમ જ સફેદ રંગની ઝીણી ઝીણી કચૂંબરનો ઢગલો પોતે એકાગ્ર દૃષ્ટે જોઈ રહ્યો. અને તે દિવસે જેમની જેમની સાથે વાતચીતો કરવાનો પ્રસંગ આવ્યો તે બધાને એણે જાણે કે અજાણે, બીજી ભિન્ન ભિન્ન વાતોમાંથી એક જ વાત પર લીધા, કે'ભાઈ જીવનમાં મોટામાં મોટો પ્રશ્ન ગોઠવાઈ જવાનો છે, ને જીવનનું જો કોઈ રૌરવ નરક હોય તો તે ગોઠવાઈ ગયા હોવાની ભ્રાંતિમાં પડ્યે પડ્યે વણગોઠવાયેલ દશાની બેહાલી ભોગવ્યે જવામાં છે.'

એકલાં પડ્યાં પછી ભાસ્કરને કંચને કહ્યું,'તમે કેમ મને દરેક માણસ સાથેની વાતોમાં એનાં એ જ ટોણા માર્યા કરો છો? મારે એ બાબત સાથે શો સંબંધ છે? મારે ને એ બંગલાને શું...?

'મેં ક્યારે ટોણાં માર્યાં? ને તું પણ કેમ વારંવાર એનું એ પોપટ-વાક્ય પઢ્યા કરે છે?'

'હું ક્યારે પઢી? મારો એવો ક્યો સંબંધ...'

'જો, જો, બોલી કે નહિ?'

કંચનને તે વખતે તો બહુ ચીડ ચડી. પણ પછી પોતાને ઊંઘ નહોતી આવતી ત્યારે પહેલું ભાન એ થયું કે પોતે જે સંબંધમાંથી મુક્તિ મળી ગઈ માને છે તે સંબંધ જાણે કે એના પગમાં વેલો બનીને અટવાતો થયો છે. રાતે એની આંખો મળી ત્યારે એને [૧૮૮]એવું સ્વપ્નું આવ્યું કે પોતે પોતાની જેઠાણી ભદ્રાનું ખૂન કરીને ભાગી રહી છે, ને પાછળ એ આખો બંગલો પોતાના બે હાથ લાંબા કરી, હાથમાં ફાંસીનો ગાળીઓ લઈ, એની પાછળ દોડી રહ્યો છે.

'આપણે અમદાવાદમાં બેસીને જ કેમ કામ ન કરીએ?' કંચને વળતા દિવસથી વાદ લીધો.'ત્યાં કામ કરવાની અનુકૂળતાઓ કેટલી છે! ત્યાં રહીએ તો કોઈ કશી નબળી સબળી વાતો ન કરી શકે. ત્યાં રહીએ તો ભાસ્કરભાઈ, તમે પણ મને એકને જ સંભાળવાને બદલે બીજાં અનેક કામો સંભાળી શકો.'

'તારી તો વાત જ નાદાની ભરી છે.' ભાસ્કરે કંચનને એક ઝટકે ખતમ કરવા ઈચ્છયું; પોતાના ગામમાં તું તારી છાતી પર આ આખી કર્મ-કથાનો ભાર લઈ શું કામ કરવાની હતી? એ ને એ જ બાબતો, એ જ બંગલો,એ જ બધાં...'

'એ બધાં સાથે મારે કશો સંબંધ નથી.' કંચને ઝટ ઝટ કહી લીધું.

'ત્યારે આપણે આંહી બહારગામ શું દુઃખ છે? દુઃખ હતું - વીરસુત તરફથી માસિક રૂપિયા અનિયમિત મળતા હોવાનું, તે પણ હવે તો ટળ્યું છે. છેલ્લા ત્રણ માસથી તો દર મહિનાની બરાબર દસમીએ મનીઓર્ડર આવીને પડે છે.'

'એ વાત સાથે-'

'એ વાત સાથે આપણે પૂરેપૂરો સંબંધ છે. તેના પૈસા મળે એવું કોર્ટ મારફત તને કરાવી દીધું તો જ આ મુસાફરીઓ થાય છે ને આ સાડીઓ પહેરાય છે.'

કંચન સામો જવાબ ન વાળી શકી કે'તારાં મુસાફરી ખરચો પણ તેમાંથી જ ઊપડે છે.' પણ કંચનને પહેલી જ વાર આટલું ભાન થયું કે વીરસુતનાં મનીઓર્ડરોની અનિયમિતતા એકાએક મટી જવાનું કશુંક કારણ અમદાવાદના એ બંગલામાં બન્યું હોવું જોઈએ; તે સાથે બીજું પણ એક ભાન ઊઘડતું હતું કે પોતાની આજીવિકા પોતે હજુ રળી લેતી નથી થઈ. ત્રીજું ભાન એ થયું કે પોતાનો રક્ષણહાર ભાસ્કર પણ પરોપજીવી જીવડો જ બનીને પડ્યો છે.

'ચાલો આપણે એકવાર અમદાવાદ જઈ આવીએ.' કંચને વારંવાર વાત મૂકવા માંડી. ને દરેકે વખતે ભાસ્કર'તું નાદાની કાં કરે છે!' એ જ બોલ બોલવા લાગ્યો. એક વાર તો એણે કહ્યું'તારા કાકા પાસે આંટો જઈ આવ, જા હું આડો નહિ પડું.'

કાકા પાસે જવાની જે ઝંખના આટલા મહિના સુધી રોજેરોજ ભાસ્કરના શબ્દમાં ચાંભા (ડામ) ખાઈ ખાઈને લોહીલોહાણ પડી હતી, એ ઝંખનાને આજે ભાસ્કરની રજા મળવાની સાથે જ અવસાન મળ્યું. હવે આફ્રિકા નથી જવું, હવે તો જવું છે અમદાવાદ.

'ચાલો અમદાવાદ!' ની આ મોંપાટ ભાસ્કરને અસહ્ય થઈ પડી.'ચાલો અમદાવાદ!' નો નાદ શા કારણે ઊપડ્યો હતો તે એને સમજાયું. ભાસ્કરને પોતાની ભૂલ માલુમ પડી. કંચનની ટપાલ ઉપર ચોકી રાખનારા ભાસ્કરે એક ગફલતનું ગડથોલું ખાધું. એણે કંચનને જે કાગળ નહોતો દેવો જોઈતો તે વાંચવા દીધો. કંચનને અમદાવાદ જવાની ધૂન પોતાનાં કપડાં લતાં ને દરદાગીના હાથ કરવાની છે એટલું જ પોતે સમજી શક્યો. પોતાને શિરે જ એ કામનો બોજો આવી પડ્યો. કંચન નહોતી સ્પષ્ટ કરતી છતાં સ્વયં-સ્પષ્ટ એ બાબત હતી. અમદાવાદ જતી ટ્રેનમાં બેઠાં બેઠાં એણે કંચનને કહ્યું,'તું ભલેને છુપાવે, પણ તારો જીવ એ ટ્રંકો કબાટો પર ગયો છે. પણ જોઈ લેજે, ભાસ્કર એ તારાં લૂગડાં ને ઘરેણાં તને જોતજોતામાં અપાવે છે કે નહિ! માત્ર હું કહું તેમ કરતી આવજે. મારી બાજી બગાડતી નહિ બાપુ!'

કશો જવાબ વાળ્યા વગર ઊઠીને કંચન કમ્પાર્ટમેન્ટની બંધ બારીઓ ઉઘાડવા લાગી. એના શરીરમાં સ્પષ્ટ અકળામણ હતી.

'પણ આ તો શિયાળાનો પવન સૂસવે છે, તું બારી ઉઘાડે છે શામાટે?' ભાસ્કરે પોતાના મોં આડા હાથ દઈ પવનને રોકતાં રોકતાં ચીડ બતાવી,

'મને ગરમી થાય છે.'

રેલવેના બીજા મુસાફરો આ ઊતરતા પોષમહિનાની ટાઢમાં ગરમી અનુભવતી સ્ત્રીને કૌતુકભર જોઈ રહ્યાં. કંચન બારી ઉપર જ ઊભી થઈ રહી. કમભાગ્યે ઘઉંના લીલા મોલ મોટા થઈ ગયા હતા, ને તેના ક્યારામાં જબ્બર સારસ પંખીઓની જોડીઓ ફરતી ફરતી ચણતી હતી. કંચનની એ વખતની મનોદશાને માટે આ દૃશ્યો અનુકૂળ નહોતાં.

મને તો આશ્ચર્ય થાય છે કંચન!' ભાસ્કર ધીમે અવાજે કહેવા લાગ્યો;'કે તારો જીવ એ જૂના સંસારની સાડીઓમાં ને દરદાગીનામાં કેમ પરોવાઈ રહ્યો છે! હજુ તો કાલે જ તું સ્ત્રીઓમાં ભાષણ કરતી હતી કે સ્ત્રીજાતિની ગુલામબુદ્ધિનું કારણ જ આ ઘરેણાં ને લૂગડાંની લાલસા છે.'

ભાસ્કર કશો જવાબ ન મેળવી શક્યો. કંચન જેવી શિક્ષિતા ને પ્રાણવંત સ્ત્રી ઘરેણાં લૂગડાંમાં મોહાઈ રહે એ એનું આશ્ચર્ય જૂઠું જ હતું એ કંચનને ખબર હતી: શણગાર કરીને સાથે બેસતી કંચન ભાસ્કરને ગમતી હતી. ને'જુઓ, આ કેવું લાગે છે?' એમ પોતે પૂછતી તે ભાસ્કરને બહુ ગમતું. નહોતું ગમતું ફક્ત ત્યારે જ કે જ્યારે કંચન શણગારો કરીને બીજા કોઈ લોકો જોડે ફરવા નીકળતી. ત્યારે ભાસ્કર બોલી ઊઠતો કે' આ વધુ પડતા ઠાઠમાઠ લોકોની નજરમાં ખૂંચતા હશે હો કંચન!' પણ ભાસ્કરને ખબર હતી કે સભાઓમાં પોણા ભાગનાં લોકો કંચનની વેશભૂષણની છટા પર જ લટ્ટુ થઈને આવતાં હતાં. એટલું જ નહિ પણ કેટલાંય ગામોમાં તો કંચન જોડે પરિચિત થઈ જનારાં કુટુંબો કંચનને પોતાનાં ઘરેણાં-વસ્ત્રોથી શણગારવાનો શોખ કરતાં. સારાં શહેરોના'સ્ટોલ' પર જઈને વસ્તુઓ પસંદ કરી કારવીને તેનાં બંડલો લઈ પગથિયાં ઊતરતી કંચન પોતાની જોડેના કોઈ ને કોઈ સાથીને કહી દેતી કે'એને જરા પૈસા ચૂક્વી દેજો ને, હું પછી આપી દઈશ.' પછી કોની મગદૂર હતી કે આનાકાની કરી શકે! એથી ઊલટું એ સાથી આવી તક મળવા બદ્દલ પોતાને બડભાગી માની પૈસા ત્યાં ને ત્યાં ચૂકવી દેતો.

થોડાક જ મહિનાના આવા જીવનનો કંચનને થાક લાગ્યો હતો તે સત્ય હતું. ભાસ્કરને એ સત્ય દેખાયું નહિ. ભાસ્કરનો માનેલો સાડીઓનો શોખ નહો પણ બનાવટીપણાનો થાક જ પોતાને અમદાવાદ તરફ લઈ જતો હતો. એમ કંચન માનતી હતી. કંચન અને ભાસ્કર બેઉ જ જૂઠાં હતા. કંચનના હૃદયમાં જે સળગી રહ્યો હતો તે તો વીરસુત પરનો રોષ હતો. વીરસુત'ગોઠવાઈ ગયો!' એ શબ્દો ભાસ્કરના હતા. એ શબ્દો બોલી ભાસ્કરે કંચનના હૈયામાં ઈર્ષ્યાનો હુતાશન ચેતવ્યો હતો.'વીરસુત ગોઠવાઈ ગયો! એ ગોઠવાઈ જ કેમ શકે? એ તો અસહ્ય છે! અક્ષમ્ય છે! મારા પ્રત્યે આચરેલા અન્યાયો ઉપરવટની આ તો કિન્નાખોરી છે! ચોરી માથે શિરજોરી છે. મને બાળી ખાખ કરવાની જ આ તો બાજી છે! એણે જે આચરણ કર્યું છે તેથી તો લજ્જિત બનીને જગતમાં મોં છુપાવી દેવા જેવું હતું. એને બદલે એણે તો આખા કુટુંબને મારી પીઠ પાછળ બંગલામાં વસાવી લઈ મને ઘા કર્યો છે.વગેરે વગેરે.'

વીરસુત પર લાગેલી એની રોષ-ઝાળો આગળ ચાલીને ભદ્રા પર, ગાંડી યમુના પર, દેવુ પર, સસરા પર, મામા પર, અરે નાનકી અનસુ પર સુદ્ધાં ફરી વળી. બધાં જ લુચ્ચા! બધાં જ પહોંચેલાં! ચુપચાપ પેસી ગયાં. રાહ જોઈને જ બેઠાં હશે.

## પ્રકરણ અઠ્ઠાવીસમું: ક્યાં ગઈ પ્રતિભા!

પણ તું સીધુ સામો જોઈને તો ચાલ! આમ ચકળવકળ શું જોયા કરે છે? આંહીં સ્ટેશન છે એટલું તો ધ્યાન રાખ.'

પણ ભાસ્કરના એ ઠપકાની કશી અસર કંચન પર ન થઈ. અમદાવાદ સ્ટેશન પર એ ઊતરી કે તરત જ એની આંખો ચોમેર શોધાશોધ કરી રહી; ક્યાંઈ વીરસુત છે? ક્યાંઈ દેવુ છે? ક્યાંઈ ભદ્રા કે સસરો છે? શૂન્ય નજરે જોતી એ રઘવાયા જેવી, બાઘોલા જેવી બની રહી.

પ્રેમીજનો ને શત્રુજનો, બન્નેની આવી લાગણી રેલવે-સ્ટેશનો પર એક સમાન હોય છે. તેઓ કશી સંભાવના વગર પણ પોતાનો પ્રેમ વા શત્રુતાનાં પાત્રોને સ્ટેશન પર શોધતાં હોય છે.

દરવાજા પર ટિકીટ આપી દેવાની હતી. ટિકીટોની શોધ માટે કંચને પોતાનાં સ્વેટરનાં ખિસ્સાં, નીચે પોલકાનાં ખિસ્સાં, હાથની બેગ વગેરે ઘાંઘી બનીને તપાસ્યાં, આખરે પોતાની બગલમાંથી નીચે સરી પડેલી ડીટેક્ટીવ નવલક્થાના બેવડમાંથી ટિકીટો બહાર આવી. (હમણાં કંચનને જાસુસી વાર્તાઓ જ બહુ ગમતી.)

'વાહ રે વાહ ઢંગ!' ભાસ્કરે વ્યંગ કર્યો, તે દરવાજે ઊભેલા ત્રણ ચાર ટિકીટ-કલેક્ટરોએ ને પોલીસે સાંભળ્યો.

મોટર કરીને ભાસ્કરના મકાને પહોંચતા સુધીમાં તો ભાસ્કરનો કંટાળો કંઠ સુધી આવી ગયો. એના સ્પષ્ટ મુરબ્બીભાવના ઠપકા સામે કંચન બૂમબરાડા પાડતી થઈ એટલે ઉઘાડા ઠપકાને બદલે મેંણા ટોણાં માર્યાં, પણ એ સર્વના માર્મિક જવાબો આપી ન શકવાથી કંચન વારે વારે આંસુ સારતી થઈ.

પહેલો જ સવાલ કંચનને ક્યાં રહેવું તેનો ઊઠ્યો. ભાસ્કરથી ત્રાસી ગયેલી એ તરુણીએ પોતાની સ્નેહી સંબંધી સ્ત્રીઓમાંની કેટલીએકને ઘેર રહેવાની ઈચ્છા આગળ કરી, પોતાના પ્રત્યે સન્માન ધરાવતા પુરુષ સ્નેહીઓને પણ ઈસારો કરી જોયો, પણ એને પોતાના ઘરમાં આશરો દેનાર કોઈ સ્નેહી કુટુંબ નીકળ્યું નહિ.

સ્ત્રીઓએ એકાંતે જવાબ આપ્યો:'શું કરીએ બા? પુરુષોનો કંઈ ભરોસો નહિ. વખત છે ને તારું અપમાન કે તારી બેઅદબી કરી બેસે તો અમે શું મોં બતાવીએ?'

પુરુષોએ પોતાની ટોપીઓ ચંચવાળતે ચંચવાળતે જવાબ દીધો કે'ઘરની સ્ત્રીઓ વહેમીલી ને ઈર્ષાળુ કંઈ ઓછી છે? જીવનને ઝેર બનાવી દેતાં વાર નહિ લગાડે. બાકી તમારે જે કંઈ મદદ જોશે તે અમે આપીશું, મૂંઝાશો નહિ.'

'તમારા પાડોશમાં કોઈ મકાન ખાલી હોય તો...' કંચને એક કરતાં વધુ સ્નેહીઓને પૂછી જોયું. જવાબમાં એ પ્રત્યેકનું મોં ઝંખવાયું. જવાબો એકંદરે ઉડાઉ મળ્યા. કોઈએ કહ્યું કે મકાનો છે જ નહિ; ને જેમની નજીક મકાનો ખાલી હતાં, તેમણે ઘરમાલિકો કજિયાળા હોવાનું કારણ આપી વાતને તોડી પાડી. આખરે એ ભાસ્કરને ઘેર જ સંઘરાઈ અને ભાસ્કરે પોતાને માટે બીજે રહેવાની ગોઠવણ કરી.

સ્નેહી પુરુષો એને ત્યાં આવીને મળી જતા, ખબર કાઢી જતા, જોતું કરતું આપી પણ જતા; ને રમાનો વર, લલિતાનો વર, મંગળાગૌરીનો વર, નેનીનો વર, પ્રત્યેક ત્યાંથી ઊઠીને જતી વેળા એક વાત'By the by' કહી લેતા કે'હું આંહીં આવું છું તે રમાને કહેવાની જરૂર નથી"લલિતાને કહેવા જરૂર નથી"મંગળાને..."નેનીને કહેવા જરૂર નથી.'

આવનારો પ્રત્યેક પરણેલ પુરુષ ફફડતો હતો, કેમ કે કંચનને કશું મદદ કરવાપણું હોય જ નહિ અને હોય તો તે મદદ સ્ત્રીઓએ જ કરવાની હોય એવું એ પ્રત્યેકની પત્ની મક્કમપણે માનતી. એવું એ પત્નીઓ માનતી તેમાં તેમની માન્યતાનો દોષ નહોતો. દોષ હતો કંચનની મુખ-મુદ્રામાં મઢેલી મોહભરી બે આંખોનો. ભાસ્કરે રડાવી રડાવી નીચોવી નાખેલી છતાં પણ એ આંખોમાં ઝલકતું જાદુ અખંડિત હતું. કંચનનું સ્ત્રીત્વ એટલાં ઊંડાં મૂળિયાં વડે એના દેહમાં બાઝેલું હતું કે એના જીવનનો આવો પ્રચંડ પ્રકમ્પ પણ એને ઉખેડી શક્યો નહોતો. પુરુષોનાં કાર્યો કરવા લાગતી સ્ત્રીઓના કંઠ બદલી જાય છે, લાવણ્ય લુછાઈ જાય છે, આંખો પણ નૂર અને નમણાઈ હારી બેસે છે એ ખરૂં, પણ કંચન તો કંચન જ રહી હતી. આઠ દસ મહિનાની ક્રાંતિદશા એના નારીત્વનો નાશ કરી મરદાઈનો એક પણ મરોડ એને આપી શકી નહોતી.

એટલે જ પરણેલી સ્ત્રીઓને પોતાના ઘરસંસારમાં એની હાજરી ચિંતાજનક લાગતી હતી. કંચન એમને ખપ્પરજોગણી જેવી દેખાતી. પુરુષોને ભરખી જવાની ગુપ્ત શક્તિ એ ધરાવતી હતી એમ માનનારી સ્ત્રીઓ, કંચન જ્યારે પોતાને ઘેર આવે ત્યારે પતિઓને કાં નહાવા, કાં ખાવા, કાં બહાર કશુંક ખરીદ કરવા વિદાય કરી દેતી.

પણ કંચનની તો કસ્તુરી-મૃગ જેવી દશા હતી. એને ખબર જ નહોતી કે પોતાની પાસે મોહિની છે. એ મોહનાસ્ત્રથી પરપુરુષોનો વિજય કરવા પણ નીકળી નહોતી. એનો સંગ્રામ જુદો જ હતો. એને વિષે જે મોટી મોટી માન્યતાઓ બાંધવામાં આવી હતી તેને તે સાચી પાડી બતાવી ન શકી. આઠ જ દિવસમાં એણે સ્ત્રીસેવાસંઘે સોંપેલાં સાત કામ બદલ્યાં, એક પણ કામ એને માફક ન આવ્યું ને દરેક કામ પર એ નાની મોટી ભૂલો કરી બેઠી.

'બસ, મને તો ખાનપુરના લતામાં જ નવું બાલમંદિર ખોલી આપો.'

એ કંચનની હઠ હતી અને બાલમંદિર ચલાવવાને માટે પોતાનામાં જે ગુણો છે તેનાથી વધુ લાયકાત હોવી જોઈએ એમ પોતે માનતી નહિ. વાત પણ ખરી હતી. વિધવા હોવું, ત્યક્તા હોવું કે ભાગેડુ હોવું, એ પ્રત્યેક સ્ત્રીને માટે બાલમંદિર ચલાવવાની ગનીમત લાયકાત ગણાતી.

પણ ખાનપુરનું બાલમંદિર તો ખોલી શકાયું નહિ, ને કંચનને છેવટે નિરુપાયે મજૂર-લત્તાની સંસ્થા ઉપર સંચાલક નિમાવું પડ્યું. આ નિમણૂક કરતી વેળા સ્ત્રીસેવાસંઘના સંચાલકો બબડતા તો હતા જ કે'નહિ ચાલી શકે!"કોણ જાણે ક્યાં ચાલી ગઈ એની પ્રતિભા!"પોતાને વિષે ઘણું વધુ પડતું માની બેઠેલ છે!' વગેરે.

'એ તો તમારી આખી જાતિનો જ ગુણ છે ને!' એક પુરુષ સંચાલકે ટોંણો મારી લીધો હતો, ને પરિણામે ત્યાં મોટો ટંટો મચી ગયો હતો. આખર એ પુરુષને માફી માગવી પડી હતી. મજૂર બાળકોની શાળા ચલાવવાનું બહાનું કંચનના સંતપ્ત આત્માને ઝાઝા દિવસ ઠેકાણે રાખી શક્યું નહિ. એની બુદ્ધિહીનતા જોતજોતામાં ઉઘાડી પડી ગઈ. એની સાથે કામ કરતો સ્ટાફ એની મશ્કરીઓ કરતો થઈ ગયો. ઘણો ખરો સમય એ ટેલીફોન પર જ કાઢવા લાગી. એ આને ટેલીફોન કરતી ને તેને ટેલીફોન કરતી. એ કોઈ સ્નેહીને'કાર' લઈને આવવા કહેતી ને કોઈને ટેલીફોનમાં પોતાની અગવડો તેમ જ માનભંગ સ્થિતિનાં રોદણાં સંભળાવતી. એ બધાં રોદણાંનું ધ્રુવપદ આ હતું કે'જો મને પહેલેથી આવી ખબર હોત તો...'

વાક્ય અધૂરૂં મૂકીને એ ટેલીફોનનું રિસીવર પછાડતી ને કોઈ કોઈ વાર જ્યારે એ વાક્ય અધૂરૂં મૂક્યા પછી રિસીવર કાને ઝાલી રાખતી ત્યારે સામી વ્યક્તિનો બોલ સંભળાતો:'કેમ જાણે અમારા વાસ્તે જ બાએ ઘર છોડ્યું હોય!...આવી ખબર હોત તો...'

એટલું બોલીને સામી વ્યક્તિ રિસીવર છોડી દેતી ને આંહીં રિસીવર પકડી રાખીને પલભર સ્તબ્ધ બની બેસી રહેતી કંચનની આંખોમાં છલછલ પાણી ઉભરાઈ આવતાં. જલદી જલદી એ આંસુ લૂછી લેતી, કેમ કે પોતાનાં સાથીઓની નજરે એણે પોતાની છેલ્લી નબળાઈ -આ આંસુ- હજુ નહોતી ચડવા દીધી. અત્યાર સુધી એનાં સાથીઓ તથા નોકરો ટેલીફોન પરથી પાછા આવતા એના લાલ લાલ ધગેલા ચહેરાનો ને એની સોઝી ગયેલી આંખોનો જ તમાશો જોવાની રાહ જોઈ બેસતા.

એક દિવસ એણે રિસીવર ઉપાડી નંબરનું ચક્ર ફેરવવા માંડ્યું. પ્રત્યેક આંકડાના ઘુમરડા સાથે આંગળી ઝણેણાટ અનુભવી રહી. છેલ્લો આંકડો ઘૂમી રહ્યો ત્યારે ઝણેણાટ વધ્યો. કાનમાં શબ્દ પડ્યો:'આ...લા...વ-કોણ છો? કોનું કામ છે?' એ અવાજ કૉલેજના બુઢ્ઢા પટાવાળા કરરુણાજીનો હતો. કંચને પૂછ્યું-

'પ્રોફેસર વીરસુત છે કે નહિ કરણાજી!'

'કરણાજી' એ પરિચિત શબ્દ બોલ્યા પછી એને પોતાની ભૂલ જડી. કરણાજી કૉલેજના પટાવાળાઓનો બુઢ્ઢો જમાદાર, જે આઠ મહિના થયાં આ કંઠનો સમાગમ હારી બેઠો હતો, તેને ઓચીંતો આ પરિચિત સ્વરનો સંપર્ક થયો, કરણાજીનું નામ ટેલીફોનમાં બીજું કોઈ પ્રોફેસર-કુટુંબ કદી લેતું નહિ.

'હા બા!' કરણાજીએ ઝટ ઝટ કહ્યું:'ઊભાં રહો, બોલાવી લાવું છું.'

કરણાજી દોડતો પ્રોફેસરોના ઓરડામાં ગયો. વીરસુત ત્યાં નહોતો. કરણાજી રોજની રસમ છોડીને વીરસુત જે વર્ગ લેતો હતો ત્યાં ધસ્યો. વીરસુતને શ્વાસભેર ધીરે રહીને કહ્યું,'ટેલીફોન છે.'

'પછી.' વીરસુતે કરડું મોં કરીને કહી દીધું.

'જરૂરી ટેલીફોન છે.' કરણાજીએ તાકીદ કરી.

વીરસુત દોડાદોડ ટેલીફોન પર આવ્યો ને રિસીવર લઈ ઘણું ઘણું'અલાવ' અલાવ' પુકાર્યું, પણ સામે કોઈએ જવાબ દીધો નહિ.

'કોણ હતું કરણાજી?' વીરસુત ચિંતાતુર સ્વરે પૂછતો હતો.

'સાહેબ!' કરણાજી સ્પષ્ટ કરવા મથ્યો,'મારું નામ કોઈ બીજું કદી ટેલીફોનમાં લેતું નથી. કોણ જાણે કેમ થયું. લાઈન કપાઈ ગઈ......પણ સાહેબ હું જૂઠું નથી બોલતો. મેં કાનોકાન સાંભળ્યું; ને મારી આંખે ભલે ઝાંખપ આવી, મારા કાન તો ઠાકરની દયાથી એવા ને એવા સરવા છે.'

'અરે ઘેલા!' પ્રો. વીરસુત હસ્યા:'તને મેં એ ક્યાં પૂછ્યું છે? હું તો પૂછું છું કે ફોન કોનો, ઘેરથી કોઈનો હતો?'

'ઘેરથી જ હતો સાહેબ! એજ ગળું. મેં ભૂલ નથી ખાધી સાહેબ!'

વીરસુતે પોતાના બંગલાની નજીક એક શેઠ કુટુંબનો ફોન હતો ત્યાં જોડીને ઘેરથી કોઈકને તેડાવવા કહ્યું. દેવુ તો નિશાળે ગયેલો ને દાદજી સૂતેલા એટલે ભદ્રા ભાભી ફોન પર આવ્યાં. કોઈ કોઈ વાર વીરસુત કહાવતો ત્યારે એ આવતી, ને એ આવતી તે બંગલાવાસી સ્ત્રીપુરુષોને ગમતું.

'હાં...કોણ, ભૈ?' ભદ્રાએ કશી શહેરી છટા વગર, તેમ જ કશી ગ્રામ્ય જડતા કે બનાવટી સંકોચ વગર સ્વાભાવિક લહેકે જ રિસીવર કાને માંડીને જવાબો વાળ્યા.

'ના ભૈ! અમે કોઈએ તો ફોન કરેલો નથી...ના ભૈ-અંઈ તો કોઈ આજે આવેલું પણ નથી...નારે ના ભૈ! એવું તે હોય કંઈ ભૈ!...કશું મનમાં ન રાખજો ભૈ!...કશું મનમાં ન રાખજો ભૈ!...અરે એમ કંઈ હોય ભૈ. અંઈ આવે તો હું ન બેસારું એમ કંઈ બને કે ભૈ!...ના, ના, ના ભૈ! એવો રોષ ના રાખીએ... ના મારા ભૈ! પોતાનું ઘર છે, પોતાનો વિસામો છે, ન આવે તો ક્યાં જાય મનુષ્ય?...સારું ભૈ, વેળાસર આવજો!'

રિસીવર પાછું મૂકવાની છટા માણસે માણસે જુદી હોય છે. કોઈ જોરથી પડતું મૂકે છે, કોઈ હીરામાણેકનું ઘરેણું હોય તેવી કાળજીથી મૂકે છે, કોઈ વળી ટેલીફોન કંપની પર ઉપકાર કરતા હોય તેવા તોરથી મૂકે છે, તો કોઈ પ્રણયી કેમ જાણે પોતાનું પ્રેમીજન સામે જોતું હોય તેના દિલ પર સારી છાપ પડે તેવી અદાથી મૂકે છે. મૂકવાની રીત પરથી માણસો વચ્ચે થયેલી વાતચીતનો પ્રકાર ને માણસના મિજાજનાં પરિવર્તનો અનુમાની શકાય છે. ને વાતો ચાલી રહી હોય તે વખતના મોં પરના હાવભાવ ને હાથપગની ચેષ્ટાઓમાં તો માણસનું સ્વરૂપ અવનવી વિચિત્રતાઓ બતાવતું હોય છે.

બંગલાવાસી ટેલીફોન કરતી વખતે ભદ્રાને અજબ રસથી નિહાળી રહ્યા હતા; ને ભદ્રાની મુખમુદ્રા પર સ્થિર ગતિ ને અખંડ ધારે રેલ્યે જતા ભાવ-રંગો એક સ્વસ્થ આત્માની કથા કહી રહ્યા હતા. બંગલાવાસીઓનાં હૃદયોને અકલિત ખેંચાણ કરતી ભદ્રા ઘેર ચાલી ગઈ, કૉલેજના ફોન પરથી ઊઠીને વીરસુત કરણાજી ડોસા સામે કંટાળાની નજર નાખતો વર્ગમાં ચાલ્યો ગયો, ને ભોંઠો પડેલો કરણાજી પોતાનું નામ દઈને બોલાવનાર એ નારી-કંઠના નવા'કૉલ'ની આશા સેવતો ત્યાં ને ત્યાં ઊભો થઈ રહ્યો.

પણ કંચને આફ્ળવ્યાફ્ળ બનીને છોડી દીધેલું રિસીવર ફરી વાર તે દિવસે ઉપાડ્યું નહિ. મજૂરશાળાથી ઘોડાગાડી ભાડે કરીને ઘેર જતી કંચન થડક થડક હૈયે કલ્પના કરતી હતી કે વીરસુત સામે ફોનમાં આવ્યો હોત તો શું થાત! પોતે શું પૂછત? શું બોલત? કઈ વાત કરત? સાડીઓની ને પોલકાંની?'મારાં કપડાં ને મારી ચીજો કેમ બગાડવા આપો છો?' એવા પ્રશ્નના જવાબમાં એને અપમાન સાંભળવું પડત તો? અપમાન કર્યા વગર એ રહેત ખરો? અત્યારે તો એની વારી છે! એનું ઘર ભર્યું છે! એને હવે કોની પરવા છે! એને તો ભદ્રા જેવી.....'

એટલા વિચારે એણે ઘોડાગાડીમાં બેઠે બેઠે દાંત ભીંસ્યા ને એના મનમાં ઉચ્ચાર થયો,'હું તો બધી બાજુથી લટકી પડી.' ને એ વિચારની છેલ્લી કોદાળી વાગતાં જ એના આંસુનો ડાર ભેદાયો. આંખો છલ છલ થતી હતી એટલે ઘોડાગાડીની બાજુમાં સહેજ પાછળ કોઈક સાઈકલ-સવાર છોકરો ગાડીને પકડીને પેડલ હલાવ્યા વગર ચાલતો હતો તે એને કળાયું નહિ. પણ એકાએક એણે'બા' એવો શબ્દ સાંભળ્યો, તે સાથે જ ઓચીંતો ગાડીએ એક ગલ્લીમાં વળાંક લીધો. સામે એક મોટર ધસી નીકળી. બરાબર ખૂણા પર મોટરગાડી અને ઘોડાગાડી, બેઉની વચ્ચે આવી ગએલી પેલા'બા' કહેનારની નાનક્ડી બાઈસીકલ ભીંસાઈ અને લોકોની તીણી, કારમી ચીસો પડી;'ઓ...ઓ...છોકરો મૂવો...અરરર!'

## પ્રકરણ ઓગણત્રીસમું: મરતી માએ સોંપેલો

**મોટરગાડી** અને ઘોડાગાડીની વચ્ચે પટકાઈ પડેલી સાઈકલનો કુચ્ચો થઈ ગયો હતો, ને તેની આગળ જે સાઈકલ-સવાર છોકરો પછડાયો હતો તેના માથામાં ઊંડો ચીરો

પડી લોહીધાર ચાલી હતી. એ લોહી નીકના પ્રવાહની ઝપટમાં ઓચીંતાં આવી પડેલાં કીડી મંકોડા અંદર તરફડતાં તરફડતાં બહાર નીકળવા ફાંફાં મારતાં હતાં.

પડેલા છોકરાની આસપાસ ચોપડીઓ વેરાઈ ગઈ હતી. ખુલ્લી પડેલી ચોપડીઓનાં ઉઘાડાં પાનાંમાં કોઈ ઠેકાણે કવિતા હતી, કોઈકમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું તલવારધારી ચિત્ર હતું, તો ત્રીજી ચોપડી ગણિતના કોઈક વિચિત્ર કોયડાવાળું પાનું ખુલ્લું કરી પડી હતી. એક ચોપડી તો હજુ ય એ પડેલા કિશોરની બગલમાં દબાયેલ હતી.

'ચાલવને તું તારે.' એમ કંચન કહેવા ગઈ, ત્યાં તો લોકોએ છોકરાના ઊંધા પડેલા દેહને ચતો કર્યો. પછી કંચન'ચલાવને' ન કહી શકી. એણે ચહેરો ઓળખ્યો.'બા'કાર યાદ આવતાં અને ચહેરો પ્રકટ થતાં એણે પોતાની સામે ચગદયેલો પડેલો દેવુ દીઠો. એની આંખોના ડોળા ફાટ્યા. એ નીચે ઊતરી. દેવુના હોઠ વચ્ચે હજુ ય જાણે'બા' શબ્દ, અધૂધડા દ્વારના ઊંબરમાં ઊભેલા કોઈ નાના બાળ શો, થોડુંક અંતર રાખી રહ્યો હતો. મોં બંધ થવાની વેળા નહોતી રહી. એની આંખો બિડાઈ ગઈ હતી. બાળક બેભાન બન્યો હતો.

એ દેવુને તપાસવા નીચે વળી. એની સફેદ સાડીની સોનેરી કિનાર લોહીનીનીકમાં ઝબકોળાઈ.

લોકોના ટોળામાંથી બોલાશ ઊપડ્યા:

'આ બાઈનો કોઈક લાગે છે. બિચારો વિદ્યાર્થી લાગે છે.'

'નવો આવ્યો હશે શહેરમાં. સાઈકલ ખોટી બાજુ હાંકતો હતો.'

'મેં મારી દુકાનમાંથી બેઠે બેઠે જોયું ને, એ ગાડીની બાજુએ ચડી આ બેનને કાંઈક કહેવા ગયો.'

'શું ભણતો હતો છોકરો? ક્યાંથી, બહારગામથી આવો છો બાઈ?'

'આ રહી અંગ્રેજી ચોપડી ત્રીજી.' એક માણસે વેરાયેલી ચોપડીઓમાંના એક ઉઘાડા પાઠ્યપુસ્તક પર વાંચવા માંડ્યું.'ને નામ પણ છે. દેવેન્દ્ર વીરસુત દવે. ખાનપુર.' એણે વાંચ્યું.

મોટરવાળાએ પોતાની મોટરમાં એ મૂર્છિત દેહને મુકાવરાવ્યો. એણે કંચનને પૂછ્યું'તમારો છે ને? ચાલો જલદી ઈસ્પિતાલે પહોંચીએ.'

કંચન પાછલી આખી બેઠકમાં દેવુના મૂર્છિત દેહને ખોળામાં લઈ ગુમસુમ બેસી ગઈ ને મોટર માલિકે આગળની બેઠકમાં બેસી પાછળ જોતો જોતે પ્રશ્નો પૂછવા માંડ્યું,'એ તમારો પુત્ર છે? કે કદાચ નાનો ભાઈ હશે?'

કંચનના મોં પર વધુ તપાસતાં એને લાગ્યું કે બાર વર્ષનો પુત્ર આવડી સ્ત્રીને ન હોઈ શકે. કંચન કશો જવાબ આપ્યા વગર દેવુના મોં પરથી લોહીભીની માટી લૂછતી હતી. ને સાથે સાથે એની નજર દેવુની ચોપડીઓ પર ભમતી હતી. ચોપડીઓ એને દેવુના મોં કરતાં વધારે જીવતી લાગતી હતી. ચોપડીઓ દેખી એની આંખોમાં પાણી આવતાં હતાં. ચોપડીઓના હાંસીઆ પર સુંદર ફૂલગોટા ચીતરેલા હતા. કોઈ કોઈ ખૂણે કોઈ સ્ત્રીમુખની અણઘડ રેખાઓ ખીંચેલી હતી.

ઈસ્પિતાલ આવી ગઈ. ઝોળી (સ્ટ્રેચર)માં દેવુનું શરીર ઓપરેશન-થીએટરની અંદર લેવાયું ને ડોકટરે તેને તપાસ કરીને તરત કહ્યું,'લમણાનો ભાગ જોખમાયો છે. એટલે ટેભા જલદી લેવા પડશે એ માટે વાઢકાપ પણ કરવી પડશે...' એમ બોલતે બોલતે એણે ઊંચે જોઈ પૂછ્યું:'કોણ છે આની સાથે?'

'આ કોઈક બેન છે.' મોટરના માલિકે કંચનને બતાવી.

'ઓ....હો'! તમને તો હું ઓળખું છું.' કહેતા ડૉક્ટરે કંચનને વધુ વિમાસણમાં પાડી. કંચન કશો જવાબ નહોતી દઈ શકતી.'આ કોણ છે, તમારો કોઈ સગો છે? ટેલીફોન કોઈને કરવો છે? જલદી કરો, હાં કે?'

એમ કહેતા જ એ બાંયો ચડાવી હાથ ધોતા ધોતા હથિયારોને શુદ્ધ કરવા ગરમ પાણી મુકાવવા ને બીજી સૂચનાઓ છોડવા લાગ્યા.

ને કંચન હજુ ય બાઘોલા જેવી એ આરસના મેજ પર સુવાડેલા અચેતન દેહ તરફ જોઈ રહી હતી.

'આખરે એ મૂકી દીધેલ ટેલીફોન ફરી વાર આજને આજ જ જોડવો પડશે? પણ હું શું કરીશ? કોને કહીશ? મેં આ બાળકને ચગદાવી નાખ્યો એમ જ મનાશે તો?' બાવળની સાંકડી કાંટાળી ઝાડીમાં ચાલતા મુસાફરને શરીરે ઉઝરડા ચાલે તેમ કંચનના વિચારો ચાલ્યા.

મુંઝાતી એ ટેલીફોન પર ગઈ ને એણે નંબર જોડ્યો. પાડોશી શેઠઘરના કોઈ કુટુંબીએ પૂછ્યું,'કોણ છો? કોનું કામ છે?'

પલવાર એ બોલી ન શકી. પછી કહ્યું'તમારી પાડોશમાં પ્રોફેસર રહે છે.....'

'હા, તેનું શું છે? તમે કોણ છો?'

'ઈસ્પિતાલનું માણસ છું. એન કહોને જલદી ઈસ્પિતાલે આવે.'

'કેમ?'

'એનો પુત્ર દેવેન્દ્ર ચગદાઈ ગયો છે-' આંહીં કંચને ટેલીફોન છોડી દીધો. કેમ કે એનો કંઠ રૂંધાતો હતો.

હિંમત કરીને એ ઓપરેશન-હૉલને બારણે ઊભી રહી. ડૉક્ટરે ધોયેલાં દેવુનાં લમણાં પર એણે જખમ દીઠો. મોટરના મડ-ગાર્ડે એનું લમણું ચીરી નાખ્યું હતું. ને લોહી બંધ થવાને પરિણામે એ ઊંડો ઘા વધુ ભયાનક ભાસતો હતો. અને દેવુના લલાટનો વિશાળ પટ વધુ વિશાળ લાગતો હતો. એ કપાળ પર લાંબા કેશની લટો નહોતી. એ કાઠિયાવાડમાં રહેતો ત્યાં સુધી એને ઝીણા વાળ કરાવી માથું બને તેમ ચોખ્ખું ને હળવું રાખવાની ટેવ હતી. અમદાવાદ આવ્યે પાંચ મહિના વીત્યા હતા, પોતે બાઈસિકલ શીખી જઈને નિશાળે બાઈસિકલ પર જતો થયો હતો, કોટ અને પાટલુન પણ પહેરતો, પણ વાળ લાંબા નહોતો વધારતો. ને એના મોંની ભરાવદાર સુંદરતાને ને સ્વચ્છ કાંતિને કેશના શણગારની જરૂર પણ ક્યાં હતી? એનું ખરું રૂપ એની પાણીદાર આંખોમાં ઝલકતી મોતી જેવી કીકીઓમાં હતું. એ રૂપ જોવાની નિરાંત કંચનને કઢંગી વેળાએ મળી.'બા' ઉચ્ચાર એણે આ છ મહિનામાં બીજી વાર સાંભળ્યો હતો, પહેલી વાર એ રાતરાણીના ઝાડને છાંયે પેલી કાળમુખી રાત્રિએ બોલ્યો હતો'બા'; ને બીજી વાર એ બોલવા આવ્યો હતો પણ બોલી નહોતો શક્યો - ગુજરાતના પેલા ગામમાં.

બારણા પાસે લપાતી લપાતી કંચન ઘડીક દેવુના દેહ સામે ને ઘડીક ઈસ્પિતાલના દરવાજા સામે જોતી હતી. વીરસુત આવતો હશે: હમણાં આંહીં મોટર લાવીને ઊભી રાખશે: મેં દિવસો સુધી મારા હાથે ચલાવેલી જ એ મોટર હશે!

એ મને આંહીંથી હટી જવાનું કહેશે તો? કહેશે કે તારે આ છોકરાના મૃત્યુ સાથે શી નિસ્બત છે, તો? એનો ચીડિયો, ઊતરી ગયેલો, શંકાશીલ આંખોએ અળખામણો બનેલો ચહેરો ક્યાં! ને ક્યાં આ એના જ બાળકની મુખમુદ્રા!

પણ એનું ધ્યાન જ્યારે આમ તેના પરિચિત રંગની મોટરની રાહમાં હતું, ત્યારે ઈસ્પિતાલની લાંબી પરશાળ ઉપર એક ડોસો ઊપડતે પગલે આવતો હતો તે એને કળાયું નહિ. ડોસો છેક પાસે, તે ઑપરેશન-રૂમના દરવાજા પાસે આવી પહોંચ્યો, ને એણે પૂછ્યું-કોને પૂછ્યું એ પ્રશ્ન મહત્વનો નહોતો - જે કોઈ ઊભું હોય તેને પૂછ્યું:'ક્યાં છે દેવુ? ક્યાં છે...'

પૂછતાં પૂછતાં જ એણે સહેજ આડે જોઈ ઊભેલી કંચન તરફ જોયું ને કંચન કેવળ યંત્રની પૂતળી જવાબ આપે તેમ બોલી નાખ્યું,'અંદર છે.'

એ ડોસા હતા દેવુના દાદાજી. એના માથા પર કાળી ટોપી હતી. શરીર પર પહેરંણ અન પહેરણ પર એક બગલથી બીજા ખભા સુધી લપેટેલી પછોડી: હાથમાં સીસમની લાક્ડી. કપાળે ત્રિપુંડ: ત્રિપુંડ નીચે સળવળતી કરચલીઓ.

'અંદર છે.' કહેનારી એ યુવાન સ્ત્રી પરથી ડોસાની નજર ઝપટમાં ફરી ગઈ ને એ પરિચિત ચહેરો કોનો છે તેટલી યાદ આવે તે પહેલાં તો એણે દેવુના દેહને ટેબલ પર દીઠો. જોતાં વેંત એણે હાક દીધી,'કાં બેટા, કેમ છે? શું થયું?'

દેવુ બેભાન હોવાની એને ક્યાં ખબર હતી? ડોક્ટરે નાકે આઅંગળી મૂકીને એને ચ્પ રહેવા કહ્યું.

'તમે કેમ?' બાંયો ચડાવી હાથમાં શસ્ત્ર લેતા ડોક્ટરે આ વૃદ્ધને ઓળખ્યા નહિ;'તમારે આ શું થાય?'

'મારો પૌત્ર.' એટલો ઉચ્ચાર જ આ વૃદ્ધ પુરુષના શિક્ષક-સંસ્કારને ઓળખાવવા બસ હતો.

ડોસા નજીક જઈ દેવુના હાથને પોતના હાથમાં લેવા લલચાયા, પણ ઓચીંતું એને પોતાના વર્તનનું ગેરવ્યાજબીપણું ખ્યાલમાં આવ્યું. એની આંખો, આટલા સ્પર્શની રજા માગતી, ડોક્ટર તરફ ફરી. ડોક્ટરે હસતે હસતે કહ્યું:

'અડકી શકો છો. ચિંતા કરશો નહિ. બ્રેઈન પર અસર થઈ જણાય છે. માટે એ મારે ખોલવુંપડશે. પણ ચિંતા ન કરશો. તમે કોણ, પ્રોફેસર વીરસુતના પિતા થાઓ છો?'

એ પ્રશ્નમાં ડોક્ટરનો અવાજ આ વૃદ્ધ પ્રત્યે સન્માનવૃત્તિ દાખવી રહ્યો. કાઠિયાવાડની શાળાનો એક સાધારણ પેન્શનર માસ્તર, પોતાના સ્વજનની આ દશા સામે જે ધૈર્ય દાખવી રહ્યો હતો તે ધૈર્યે એના વ્યક્તિત્વને એની સન્માનપાત્ર ભવ્યતા દીધી. ડોસાએ માથું હલાવ્યું ને કહ્યું'મારો આ પૌત્ર છે. અમે દેશમાં હતા, દીકરાએ આગ્રહ કરી આંહીં આણ્યાં. મારો દેવુ સાઈકલે ચડી સ્કૂલે જતો. ભૂલ કરે તેવો તો નહોતો. હરિ જાણે શું થયું?'

'પેલાં બેનને બધી ખબર છે. એ સાથે જ હતાં. આપ હવે બહાર બેસો. હું ઓપરેશન શરૂ કરૂં છું, ફિકર ન કરશો. આપ કેટલા પ્રશાન્ત છો! બીજા હોત તો દરવાજેથી રોકકળ કરતા આવત, બ્રેવ મેન!'

ડોસાનું માથું નીચે ઢળ્યું હતું એટલે એની પાંપણો પલળેલી હતી તે કોઈને દેખાયું નહિ. એ બહાર નીકળી ગયા. ઘડીક એણે સીસમની લાકડી પર ટેકો લઈ આંખો બીડી રાખી. પછી એણે પોતાની જમણી બાજુએ મોં અદીઠ રાખીને ઊભેલી કંચન તરફ જોયું.

ઘરમાં કંચનનો ચહેરો કદી જોયો નહોતો. જોયો હતો ફક્ત ગુજરાતના પેલા ગામની જાહેરસભાના વ્યાસપીઠ પર. પણ સભાસ્થાનોમાં દીઠેલા ચહેરાનાં દમામ અને દીપ્તિ ઔર હોય છે.વ્યાસપીઠો વામનોને ને વેંતીઆંને વિરાટરૂપે બતાવી જનતાની આંખોમાં જાદુ આંજતાં હોય છે. બુઢ્ઢાની યાદદાસ્તમાં કેટલાક અસ્પષ્ટ સળવળાટો થયા પણ એ

યાદદાસ્તના સ્ફૂને બુઢ્ઢાપાએ તેમ જ કૌટુંબિક દુઃખોએ કંઈક ઢીલા પાડ્યા હતા. એણે બીતે બીતે, શરમાતે શરમાતે, ઉપકારભાવ દાખવતા શબ્દોમાં કહ્યું'આને આંહી તમે લઈ આવ્યાં બાપા! તમારું કલ્યાણ થજો બેટા! ક્યાંથી ઊંચક્યો? કેમ કરતાં પડી ગયો? તમારી કૃપા થઈ બાઈ!'

સસરાના આ શબ્દોમાં કંચનને વ્યંગ લાગ્યો. સસરાએ પોતાને ઓળખી નથી, સસરા કેવળ ત્રાહિત ભાવે જ આ આભાર માની રહેલ છે, એ કંચન શાની સમજે? એણે પોતાનું મોં વિશેષ પાછળ ફેરવી લીધું ને ભાંગ્યાં તૂટ્યાં વેણ ઉચ્ચાર્યાં:'કાળુપુર પાસે, મારી ગાડી ને બીજી મોટર વચ્ચે -મને શો ખ્યાલ-મારી ગાડીને ઝાલીને આવતા હતા-'

'કાંઈ નહિ બાઈ! તમારો એમાં શો દોષ? દોષ તો અમારાં પ્રારબ્ધનો. તમારી આશિષ દેજો - એ જીવશે- જીવી જશે મારો દેવ. મારો તો દેવ છે દેવ, બાપા! બીજું તો કંઈ નહિ, એને મા નથી. એ પણ એક રીતે સારું જ છે હો બેટા! માનું હૈયું આવા ટાણે ફાટી જ પડત ના!'

આ શબ્દોમાં કંચનને વ્યંગ વધતો લાગ્યો. પણ આ વ્યંગ એવો હતો જેની સામે ધિઃકાર ન જાગી શકે. આ વ્યંગમાં કરુણતા અને લાચારી હતી.

'એની માએ મરતે મરતે મને સોંપ્યો'તો!' ડોસા હવે જે બોલતા હતા તે જાણે કંચનને સંભળાવવા નહિ પણ પોતાનાં હૈયાનાં પડો ઉખેળી, તેની નીચે બધું સલામત છે કે કેમ તે તપાસી જોવા બોલતા હતા:'દેવની બાએ પથારીએ પડ્યાં પડ્યાં, મને પાસે બોલાવી, પોતે પોતાનું મોં ઢાંકી રાખીને જ મને કહ્યું હતું કે બાપુજી, તમારો પગ મારા ખાટલા માથે લાવો, હું કહું છું ને, તમ તમારે મૂકો મારા ખાટલા માથે તમારો જમણો પગ: પરાણે મુકાવીને પછી એ માંડ માંડ મારા પગને અડકી'તી, બે હાથ જોડીને પગ અડકાડી રાખ્યા'તા: પછી કહ્યું'તું કે બાપુજી, દેવુની પળોજણ એમને, તમારા પુત્રને ન સોંપવી હો-આહા!'પુત્ર' શબ્દ એ મરતી મરતી પણ જેવા શુદ્ધ બ્રાહ્મણોચિત ઉચ્ચારે બોલી'તી! બોલી'તી કે તમારા પુત્રને પૂરું ભણવા દેજો, ને એ ભણી રહે તે પછી પણ બાપુજી! એમના નવા સંસાર પર દેવુનો ભાર નાખતા નહિ. બાપુજી, કોઈ બાપડી કોડભરી આવે તેને પારકા છોકરાની પળોજણ ન [૨૧૦]ભળાવાય. એને બાપડીને આવતાં વેંત હાથે પગે બેડી પડ્યા જેવું થાય હો બાપુજી! એને પરણ્યાનો લા'વો શો? ને એ બાપડી ગમે તેટલો સાચવશે તોય એનું ગણ્યામાં નહિ આવે, દેવનું આંખમાથું દુઃખશે તો એને બાપડીને-નવી આવનારને લોકો પીંખી મારશે. માટે બાપુજી! તમારા પુત્રને ને નવી આવનારને દેવલાની પળોજણમાં ન પાડજો. નહિ પાડોને? તમારી ચરણરજ લઈને કરગરું છું કે નહિ પાડોને? તમે જ સાચવશોને બાપુજી! - લો આમ કહીને એની મા ભેળવી ગઈ છે મને. એટલે જ મારા પેટમાં ફાળ પડે છે. તમે મને ને મારા દેવુને આશિષ દેજો હો બાઈ! ને તમે બાપુ, હવે શીદ ખોટી થાઓ છો? પધારો બેટા, તમારો શો અપરાધ?'

## પ્રકરણ ત્રીસમું: એ બરડો

**સસરાના** શબ્દે શબ્દે કંચનના મનનું ત્રાજવું ઝોલાં ખતું રહ્યું. થોડી વાર શંકા સજ્જડ બને છે કે સસરા મને ઓળખી કાઢીને જાણીબૂઝીને આ મર્મઘાતો કરી રહ્યા છે, તો વળતી ક્ષણે પલ્લું બીજી બાજુએ નમે, કે બુઢ્ઢાએ મને ઓળખ્યા વગર કેવળ પોતાની મૂવેલી પુત્રવધૂ પ્રત્યેના સ્નેહનો ને માનનો સંઘરો જ ઠાલવવા માંડેલ છે.

ત્રાજવાની દાંડી હાલકલોલ બનતી રહી અને છેવટે બેઉ પલ્લામાં કંચનની કલ્પના જીવતાં બે માનવીઓને જોખી રહી: દેવુની બા અને સસરો. જગતની એ પણ એક અપરૂપ જોડલી.

દેવુની બાની મરણ-પથારીનું એ ટૂંકું જ વર્ણન બસ હતું: મરતે મરતે પણ એ સ્ત્રીએ પોતાની શોક્ય બની આવનાર કોઈક અજાણી નારીની અગવડ સગવડ વિચારેલ હશે! આટલી ઝીણવટથી, આટલી ચોકસાઈથી!

એ જ સ્ત્રીનો જણ્યો મને પારકીને, મને અતડીને, મને ભાગેડુને, મને હરાયા ઢોરને'બા'કહી બોલાવતો બોલાવતો મૃત્યુ-મુખમાં ધસી ગયો. જવાનું મન નહોતું. દેવુના ઓપરેશનનું પરિણામ જોઈને જવું હતું. એવામાં ઓપરેશન-થીએટરનાં બંધ બારણાંની અંદર એક ધડાકો થયો. ધબાંગ દેતું કંઈક પડ્યું, વાઢકાપના હથિયારોનો મોટો ઢગલો જાણે નીચે વેરાયો હોય તેવા ખણખણાટો થયા. ને ઓપરેશન કરતા સર્જનની દબાયેલી, હળવી, છતાં ભયંકર લાગે તેવી ચીસ સંભળાઈ:

'ઓ માય ગૉડ! યુ બ્રુટ! જલદી નવું પાણી મૂકો, જલદી હથિયારો ફરી ઉકાળો, ક્લોરોફૉર્મ ઊતરી જાય છે, કેઈસ માર્યો જશે.'

'એ શું થયું!' ડોસા ચમક્યા "'દેવુને કાંઈ થયું! હેં? તમે કાંઈ સમજ્યાં? હેં મારા દેવુને-'

તેનો જવાબ કંચન કંઈ આપવા જાય ત્યાં તો દરવાજા બહારથી એણે અંદર આવતી એક મોટર દીઠી. દીઠા ભેળી જ, ગોવાળ જેમ ગાયને ઓળખે તેમ એણે મોટરને ઓળખી. હાંકી આવતા વીરસુતને પણ દીઠો.

સમસામા ઊભા રહેવાની છાતી છે? કલેજું તૈયાર છે? કાંઈક બોલાચાલી, કોઈ અપમાનજનક શબ્દોની ટપાટપી, કોઈ બેઅદબી, મજાક, અથવા છેવટે મૂંગું મૂંગું પણ પ્રત્યક્ષ થવું, એ સહી શકાશે? ધિ:કાર છૂટશે કે સ્નેહ!

એક જ ઘડી -અને કંચનનાં વિચારચક્રોએ આવા પચીશ-પચાસ આંટા લઈ લીધા. એનાં લમણાં ધડાક ધડાક થયાં, હમણાં જાણે ચામડી ચિરાશે ને આવેશોના અંગારા વેરાશે.

કંચન બાજુની પરશાળ તરફ સરકી ગઈ. એકદમ ઊપડતે પગલે.

મોટરમાંથી વીરસુત ઊતર્યો ત્યારે પિતા ત્યાં એકલાજ ઊભા હતા. આવીને એણે પૂછ્યું: 'કેમ છે? શી હકીકત છે?'

પિતા જવાબ ન આપી શકયા. ઓપરેશનના ઓરડામાં જાણે એકસામટાં એટલાં બધાં માણસોના શ્વાસ એકાએક રૂંધાઈ ગયા હતા. પિતા નયનો મીંચીને અસ્ત થતા સૂર્ય તરફ હાથ જોડી ઊભા હતા.પિતાએ જાણે કોઈ મૌનવ્રત ધારણ કર્યું હતું, વીરસુત કોને પૂછે? એકાએક એની આંખો જમણી બાજુ લંબાયેલી લાંબી લાંબી પરશાળ પર ચાલી. એક સ્ત્રી ઊપડતે પગલે સામા છેડાનાં પગથિયાં ઉતરતી હતી. એની પીઠ એક જ ઝબકારો કરીને અદૃશ્ય બની.

ઘણી વાર પીઠ પણ ચહેરા જેટલી જ પિછાન આપતી હોય છે. વીરસુતને થયું કે આ પીઠ ક્યાંઈક ખૂબ ખૂબ જોઈ છે. પીઠ તો કંચનની જ વધુમાં વધુ જોવી પડેલી ખરી ને! કેમ કે જીવનમાં વધુ ભાગ રિસામણાંએ જ ભજવ્યો હતો. બહાર ગયાં હોય ત્યારે પણ રિસાયેલી પત્ની આગળ ને આગળ ચાલી જતી, પાછળ પાછળ પતિનાં હતાશ પગલાં ઘસડાયે જતાં; એકને પોતાની રીસ પીઠ પર જ બતાવવાની આદત પડી હતી, બીજાને એ પીઠ સોંસરી

છૂરી ઘોંચી દેવા દિલ થતું હતું. ઘરમાં પણ રાતોની રાતો કંચન બરડો બતાવીને બેસી રહી હતી.

કંચન હશે! હો કે ના હો, મારે શું? હવે શો સંબંધ રહ્યો છે? આંહીં શહેરમાં પાછી આવી છે એ તો ખબર છે. છેલ્લા મનીઓર્ડરની પહોંચ પર પણ આંહીંની જ છાપ હતી. ને પછી એક પૂછડા-શીંગડા વગરનું પોસ્ટકાર્ડ આવ્યું હતું કે'હવે પછીનું સરનામું અમુક અમુક - અમદાવાદ.'

કુતૂહલને એ વધુ વારી ન શક્યો. પિતાને અસ્ત થતા સૂર્ય પ્રતિ મૂંગી વંદના કરતા છોડીને, દેવુની તબિયત માટે જાણવાની જિજ્ઞાસાને પણ મુલતવી રાખી, લાંબી પરશાળ પર પોતાનાં ટેનીસ-બૂટ વડે લસરતો જ્યારે એ સામેની પગથી પર પહોંચ્યો ત્યારે એ પરિચિત બરડાવાળી નારી દૂર દૂર પગલાં દઈ રહી હતી, વચ્ચે વચ્ચે થોડી થોડી વારે થંભતી હતી, પાછા ફરવું હોયની જાણે, પણ પરાણે કોઈ ધકેલી ઉપાડી જતું હોયની જાણે, એવો કોઈ ઉચ્ચાર એની ગતિમાં હતો-ને એની પીઠ જાણે દૂરથી કંઈ બોલું બોલું કરતી હતી.

ના રે ના! કંચનની તે આવી મુફલિસ દશા હોય! એની તો મોટરસવારી જ હોય. ને એ ચાલી જતી હોય તો સાડીનો છેડો એના માથા પર શેનો હોય? એ તો ગરદનથી નીચે ઢળતો હોય ને! અને ગરદન કેવી ઘાટીલી સંઘેડાઉતાર, કેવી ગુલાબી, કેવી માર્દવભરી દેખાતી હોય? ચોટલાની છૂટી વેણીને છેડે સોનેરીભર્યાં શ્યામ ઊનનાં ફૂમકાં કેવાં ફંગોળા લેતાં જતાં હોય!

હાય રે હતભાગી જીવ! આંહીં એક અજાણી નારીના બરડાની જિજ્ઞાસાએ દોડ્યા આવવાની કેવી પામરતા! ભાભી જાણે તો શું ધારે?

પરશાળ પર પાછો ચાલતો આવ્યો ત્યારે ભદ્રાના જ વિચારો આવ્યા. મર્માળું મોં મલકાવતાં ભદ્રા ભાભી તરવરી રહ્યાં. ભદ્રાના બોલના ભણકારા વાગ્યા:'થોડુંક ખમી ખાશો તો સૌ સારાં વાનાં થઈ રે'શે. ખીલે આવ્યા વગર ઢોર ક્યાં જઈ ઝંપશે? બે દા'ડા વે'લું કે બે દા'ડા મોડું ઈ તો, હો ભૈ! પણ એ આવ્યા પછી અમને તો કાઢી જ મેલશો ને હેં ભૈ!'

પણ આ વિચાર શા માટે? કંચન પાછી ફરે એ હવે જરૂરનું રહ્યું છે? હું શું આત્મતૃપ્ત નથી? ભદ્રા ભાભીમાંથી મને શું નથી સાંપડી રહેતું! એની અક્કેક મીટમાં મીઠો મહેરામણ લળકે છે ને! એનો દેહસ્પર્શ અશક્ય ભલે હો, એનો સ્નેહસ્પર્શ કંઈ ઓછો ઉષ્માવંત છે? એ સ્નેહ, એ મુખમલકાટ, એ હૈયા-હૂંફ, એ લાલન-વાણી, અને એ મીઠા ઠપકા -

ભાભીના ભાવમાં ભીંજાતો એ કંચનની સ્મૃતિને દૂર કરીને પાછો આવ્યો ત્યારે ઓપરેશન-રૂમનું દ્વાર ઊઘડ્યું હતું, ડોક્ટર રૂમાલ વતી મોં લૂછતા બહાર નીકળ્યા હતા. તેમણે વીરસુતને જોતાં જ કહ્યું -

'હલ્લો! તમારો પુત્ર છે ને? આભાર પ્રભુનો: મારા હાથ પર આજે મનુષ્યવધની કાળી ટીલી ચડી જાત.'

'શું થયેલું?'

'બરાબર છેલ્લી પળે જ ઓજારોનું તપેલું પડી ગયું, ને ક્લોરોફોર્મ ઊતરી જતું હતું. હવે લહેર કરો. છોકરાની જિંદગીની હું સોએ સો ટકા ગેરન્ટી આપું છું.'

'આભાર તમારો ડોક્ટર!'

'તમને બીજી બાબતનાં પણ અભિનંદન આપવાનું આજે અનાયાસે શક્ય બને છે. આપણે ક્લબમાં તો મહિનાઓ થયાં મળેલા નહિ એટલે ખબર નહોતી.'

'શાની?' ભદ્રામાં આત્મતૃપ્ત બનેલો વીરસુત ક્લબોમાં નહોતો જતો એ વાત ખરી હતી.

'તમારી ટ્રેજેડીના સુખદ'ટર્નની.'

'હું તો કશું જાણતો જ નથી ડૉક્ટર! આપ શું કહો છો?'

'અરે વાહ! મેં દીઠાં - કંચન બહેન જ આને ગાડીમાં લઈને આવ્યાં છે; ક્યાં ગયાં?' ડૉક્ટર ચોમેર જોવા લાગ્યા.

'તમારી શરતચૂક થતી હશે ડોક્ટર! કંઈ નહિ એ તો. તમારી લાગણી માટે આભાર.'

'પણ તો પછી તમને ટેલીફોન કોણે કર્યો?'

'ઘેરથી કહ્યું કે ફોન પર કોઈક ઈસ્પીતાલનું માણસ હતું.'

પિતા તો આ વાતો વખતે અંદર જઈ ઝોળીમાં મુકાતા દેવુના દેહને પડખે ઊભા હતા. એનો પ્રાણ હજુ પ્રાર્થનામય હતો. એને બીજું કશું ભાન કે જ્ઞાન નહોતું. પણ પેલી સ્ત્રી ચાલી ગઈ તેને તો એની આંખો શોધતી હતી. એ રહી હોત તો અત્યારે નિશ્ચિંત મને જઈ શકતને બાપડી! કોઈ ભલી બાઈ હતી. હું પણ બુઢ્ઢો કેવો નાદાન! એનું નામ ઠામ પણ પૂછ્યું નહિ.

'હેં બાપુ,' વીરસુતે દેવુના બિછાના વાળી ઓરડીમાં ગયા પછી પૂછ્યું:'કોણ આવ્યું હતું દેવુને લઈને? તમે આવ્યા ત્યારે કોઈ હતું ખરું?'

'એક બાઈ હતાં. એની જ ગાડી સાથે દેવુની સાઈકલ અથડાણી હતી. પણ હું એને ઓળખતો નથી. કોઈ અજાણી અને શરમાળ બાઈ લાગી. મોં સહેજ દેખાયું તે પરથી......કાંઈ નહિ! એ તો જીવ જ અભાગી છે......ભળતી કલ્પનાઓ જ કર્યા કરે છે. હશે બાપડા કોઈ સુખી ઘરની પૂત્રવધૂ.'

'પુત્રવધૂ' શબ્દ વીરસુતને ડંખ્યો. એ દેવુ તરફ જોઈ ગયો. ને વૃદ્ધ પિતાનું મન પેલી ચાલી ગયેલી સ્ત્રીની અધૂરી નિહાળેલી મૂર્તિ પાછળ વધુ ને વધુ આંટા મારવા લાગ્યું.

## પ્રકરણ એકત્રીસમું: ભાસ્કરનો ભૂતકાળ

મુડદાલ છે આ બધીઓ: આપણને હાંસીપાત્ર બનાવે તેવી છે આ તકવાદી નવીનાઓ.'

ભાસ્કરના ભેજામાં આ શબ્દો તે દિવસના નમતા પહોરે પછડતા હતા. એ પોતાને ઘેર ફક્ત નહાવા ધોવા ને કપડાં બદલવા જઈને પાછો ફર્યો હતો. કંચન હજૂ ઘેર નહોતી આવી, સારું થયું. એટલી રાહત મળી. છોકરીઓની હોસ્ટેલમાં સવારે ગયો હતો ત્યાંથી જબરો કંટાળો લઈને આવેલ હોવાથી એને કોઈ પણ સ્ત્રીને મળવા તે દિવસ ઈચ્છા નહોતી. સ્ત્રીઓ સામે વાદ કરવા બહુ બેસે છે! ચિબાબલાઈ બહુ બતાવતી જાય છે! હું જાઉં છું ત્યારે ફક્ત મારો વિનોદ કરવા માટે જ વિકટ પ્રશ્નો પૂછે છે. ને આજે તો આ છોકરીઓએ મારા પોતાના પૂર્વજીવનની માહિતીઓ માગી!

પોતાનું પૂર્વજીવન! એ વિનોદનો વિષય નહોતો. એ ચર્ચવાનો પણ વિષય નહોતો. એ તો મૂંગાં મૂંગાં ભોગવવાની જ વેદના હતી.

પોતાનું નાનપણમાં થયેલું વેવિશાળ એણે પોતે જ અઢાર વર્ષની ઊંમરે છોડી દીધું હતું. સસરા પર કાગળ લખીને જણાવ્યું હતું કે'તમારી પુત્રી તારાનો ભવ બગાડવા હૂં નથી માગતો, હું પુરુષાતનહીન છું.'

તે પછી એકાએક બાવીશમા વર્ષે એને ભાન થયું હતું કે પોતે પૂર્ણ પુરુષત્વમાં છે. એ ભાન અતિ મોડું હતું. તારા બીજે પરણી ગઈ હતી. ને પોતાની પુરુષાતનહીનતા જ્ઞાતિમાં તેમ જ સમાજમાં છતી થઈ ચૂકી હતી. પોતે સાબાશી પણ પામેલો કે એક બાળાના સંસારનું નિકંદન ન નીકળી જાય તે માટે થઈને આ ભાસ્કરે તો કોઈ ન કરે તેવું કરી દેખાડ્યું. પોતાની નાલેશી પોતે જ પ્રકટ કરી નાખી તેનું દુઃખદ ભાન ભાસ્કરને બાવીસમા વર્ષથી થયું.

પુરુષાતન હતું અને ચાલ્યું ગયેલું! કે ચાલી ગયેલું તે પાછું વળ્યું હતું! કે શું કોઈ માનસિક ક્ષોભના માર્યા એણે પોતાને વિષે આવું માની લીધેલું! એ ખબર એને પોતાને નહોતી પડી. તારા બાર વર્ષની થઈ ત્યારથી જ સીંગાપૂર એનાં માતાપિતા સાથે ચાલી ગઈ હતી. ભાસ્કર ત્યારે પંદર વર્ષનો હતો. નાનકડીને નબળા દેહવાળી તારાને પોતે જોઈ હતી. નજીકપણું પણ અનુભવ્યું હતું, ને ત્યારથી જ એની તારા પ્રતિની વૃત્તિ વિરામ પામી હતી. પછી તો તારા ત્રણ વર્ષ પછી લગ્ન માટે દેશમાં ઊતરી ત્યારે તેનો દેહ કોણ જાણે ક્યાંથી છલોછલ જોબન-છાબ લઈ આવ્યો હતો! તારાને જોઈને કોઈ પણ અચ્છો કવિ મસ્ત વાણીપ્રયોગોની ખુમારી અનુભવત, કહેત કે આ તે શું જોબન ટપકી રહ્યું છે? કે શું રૂપ નીતરી રહ્યું છે? કે શું હમણાં જ કોઈનો ઊનો હાથ અડકતાં ઓગળીને રેલો બની જાય એવી આ કોઈ મીણની પૂતળી છે?

આવો કોઈ ભાવ અઢાર વર્ષના ભાસ્કરે અનુભવ્યો નહોતો. એને તો તારાને જોતાં વેંત જ બીક લાગી હતી, ફાળ પડી હતી, કે આનો ઉષ્માવંતો સ્પર્શ જેને ન સળસળાવી શકે એવું કંઈક થીજેલું તત્ત્વ મારામાં ઠસાઈ ગયું છે. ભય-કેવળ ભય જ એ અઢાર વર્ષના યુવાન ઉપર જીવનભર ન ભુલાય તેવી મૂઠ નાખી ગયો. ભાસ્કર હેબતાઈ જ ગયો. હેબતે એને વધુ વધુ ધ્રૂજાવ્યો. એની નસેનસમાં રામ ઓલવાતા ચાલ્યા. એવી મનોવસ્થામાં એણે લગ્નની ના પાડી દીધી ને પોતે ગામડું છોડી દીધું.

બાવીશ વર્ષની ઉમ્મરે એણે તારાને શોધી: તારા કોને ત્યાં પરણી ગયેલી છે? પત્તો મેળવ્યો. છાનામાના એનાં સાસરિયાંને ગામ જઈ તારાને જોવાની તક લીધી ને તળાવની પાળે આભો બન્યો. તારા અલમસ્ત હતી. ચાર વર્ષોના લગ્ન-સંસારે તારાના દેહ ઉપર તો લાવ્યણ્યનાં એલીભરપૂર ચાર ચોમાસાં વરસાવી દીધાં હતાં. તળાવને આરે અસ્તવ્યસ્ત વસ્ત્રે લૂગડાં ચોળતી તારા, ધોઈ કરીને ધૂબકા મારી મારી નહાતી તારા, નહાઈ કરીને નવે વસ્ત્રે આરા પર પગ માંડીને ઠીકરા વડે મેલ ઉખેડતી તારા, આરા પરની દેરીએ દીવો કરી પગે લાગતી તારા, ને પછી પોતાની સામેના જ રસ્તા પર ગામ-ભણી જતી તારા અત્યારે પોતાની હોત! હાય હાય! આજે એ તારા પારકી છે.

એને માર્ગને કાંઠે ઊભેલો તારાએ દેખ્યો હતો. દેખતાં જ એ હેબત ખાઈ ગઈ, ગભરાઈ, ઉતાવળે પગલે ચાલી ગઈ હતી.

એ શા માટે બીની? હૂં એને સતાવવા ક્યાં આવ્યો હતો? મારે તો એને ધરાઈ ધરાઈને, નયનો ઠારીને નિહાળી લેવી હતી; મારે એને એને એટલું જ બસ પૂછવું હતું કે'કેમ સુખી તો છે ને!' મારે એની પાસેથી જાણવું હતું કે'મને ઓળખે તો છે ને?'

છતાં શા માટે એ બીને ભાગી? મેં એના સુખ ખાતર આબરૂ ગુમાવી તેની કોઈ ભીનાશ એના અંતરમાં નહિ હોય? પછી ભાસ્કરે એના સાસર-ઘરે જવાની પણ હિંમત કરી

હતી. એ ગયો ત્યારે કોઈ અપરાધી આવ્યો હોય, કોઈ કોહેલો સડેલો, કોઈ કોઢીઓ રક્તપીતીઓ આવ્યો હોય, કોઈ કાવતરાબાજ આવ્યો હોય, એ રીતે સૌ તેની સાથે (ઉપરછલો વિવેક રાખીને બેશક) વર્ત્યાં હતાં. ને એણે તારાના પતિને જ્યારે પૂછ્યું કે'કોઈ કોઈ વાર એને મારી ધર્મબહેન તરીકે મળવા આવતો રહીશ' ત્યારે એણે જવાબ વાળેલો કે'આજે આવ્યો તે આવ્યો, ફરી વાર આવ્યો તો ઢીંઢું જ ભાંગી નાખીશ.'

ભાસ્કરે કહેલું'શું મારો એના ઉપર હક્ક નથી? એક વખત એ શું મારી...'

જવાબમાં એણે તારાના વરની સમસમતી થપાટ ખાધેલી.

તેના જવાબમાં ભાસ્કરે ઘણા પત્રો લખેલા, જેની પહોંચ પણ મળી નહોતી.

પણ તે અનુભવે ભાસ્કરને હૈયે એક હુતાશન ચેતવી મૂક્યો હતો. એ હતો પારકી સ્ત્રીઓ પર સ્વામીત્વ મેળવવાનો ઈચ્છાગ્નિ. ને તેણે વીરસુતને માર મારવામાં વૈર વાળ્યું હતું - પેલા તારાના વરે મારેલ તમાચાનું.

કંચનથી કંટાળેલો ને નવા યુગની છોકરીઓથી ખીજે બળેલો ભાસ્કર એ દિવસની સાંજે જ્યારે અંદરથી કરકોલાઈ રહ્યો હતોં, ત્યારે એકાએક એને વીરસુતના ઘર તરફ આંટો મારવાનો મનસૂબો ઊપડ્યો.

આ મનસૂબો સાવ એકાએક ઊપડ્યો એ તો ન કહી શકાય. અમદાવાદમાં પાછા આવ્યા પછી એને કાને પણ વીરસુતની વાતો પડ્યા કરતી હતી. વીરસુતના સળગેલા સંસારમાં નવપલ્લવિત સ્થિતિ આણનાર પેલી વિધવા ભાભી ભદ્રા હતી તે જાણ્યા પછી ભદ્રાને જોવાનું એને દિલ થયું હતું. એ ગામડિયણ, મૂંડેલા માથાળી, ભીરૂ અને ભડકણ વિધવાને પોતે ચાર પાંચ વાર જોઈ તો હતી, પણ ચહેરો બરાબર યાદ નહોતો રહ્યો. ચહેરાની રેખાઓ યાદ કરવા એનું મગજ શા માટે મથ્યા કરતું હતું તે તો એના પોતાના મનથી જ એક કોયડો હતો. મૂંડાવાળી રૂઢિચુસ્ત ગ્રામ્ય રાંડીરાંડના મોંમાં કોઈ ખાસ આકર્ષણ હોઈ શકે નહિ. સળગી ગયેલા ઝાડના ઠૂંઠાને કશું વ્યક્તિત્વ હોઈ શકે નહિ. કંચન જેવી સુંદર અને ભણેલી યુવતીનું સ્થાન એક યુવાન વિદ્વાનના ઘરમાં આવી રંડવાળ્ય કઈ રીતે રોકી બેસે? ને વીરસુતની મુખમુદ્રા પર આવા પ્રફુલ્લિત રંગો એક રસહીન શુષ્ક વિધવા કઈ રીતે પૂરી શકી હોય?

વીરસુતને પોતે મળ્યો નહોતો, પણ જોયો હતો બે ત્રણ વાર. એ જાણે જૂનો વીરસુત જ નહિ! મોં ઉપર પ્રસન્ન સ્વાસ્થ્યના પૂંજેપૂંજ! કેમ કરીને, કયા જાદુઈ સ્પર્શથી વીરસુત આટલો બધો ઠેકાણે પડી ગયો? ચાલ જીવ, જઈને જોઉં તો ખરો? જોઈ કરીને રાજી થઈશ. ગમે તેમ તોય વીરસૂત મારો મિત્ર, મારા શિષ્ય સમો, મારો આશ્રિત; મેં જ એને સ્કોલરશિપો અપાવી હતી ને મેં જ એને લગ્ન કરાવી આપ્યું હતું. એનું સુખ નિહાળીને નયનો ઠારવાનો તો મારો ધર્મ છે ને!

ભાસ્કર ત્યાં ગયો તે એ જ સાંજ હતી, જે સાંજે દેવુ ઈસ્પિતાલે પડ્યો હતો. પુરુષો ઘેર નહોતા. મકાનની બહાર બારણા પાસે પાણીનાં ને ચણનાં કૂંડાં લટકાવેલાં હતાં. તે પર બેઠાં બેઠાં એક સૂડો ને બે કાબર સામસામાં માથાં ઉછાળતાં, પાણીમાં ચાંચ બોળતાં, ને પરસ્પર કોણ જાણે કેવાં ય મેણાંટોણાં મારતાં કૂંડાંને ઝુલાવી રહ્યાં હતાં પંખીડાંને પાણી પીવા માટે તો ચોગાનમાં નળની આખી કૂંડી ભરેલી રહેતી, છતાં આ નાનાં કૂંડાં લટકાવવાનો શોખ કોનો હતો? ભદ્રાનો જ હોવો જોઈએ.

સૂડાઓ ને કાબરોએ જે ચાવળી વાણી કાઢીને માથાં ઉલાળ્યાં તે ભાસ્કરને ગમ્યાં નહિ. એને છાત્રાલયની છોકરીઓએ ખીજે બાળ્યો હતો તેનો રોષ હજુ શમ્યો નહોતો. કાબરો

પણ જાણે એના ઉપર જ કશોક કટાક્ષ કરતી હતી. જુવાન છોકરીઓ અને કાબરો એની કલ્પનામાં એકરૂપ બની ગયાં. ને એને લાગ્યું કે આ સૂડો કાબરો સામે બેઠો બેઠો બેવકૂફ બની જતો હોવો જોઈએ! કાબરો સામે એ આટલો લટ્ટુ શા વાસ્તે બનતો હશે!

સૂડાએ પોતાની ભીની પાંખો ફફડાવી અને તેની ફરફર ભાસ્કરના મોં પર પડી.

ભાસ્કરે ટકોરીનું બટન દાબ્યું. બારણું ઊઘડ્યું. ઉઘાડનાર સ્ત્રી જ છે એટલો આછો આભાસ આવતાં જ ભાસ્કરે મોં પર સ્મિત આણ્યું. એક જ ક્ષણમાં એ સ્મિત, ચૂલાની આંચ પર પાપડ શેકાય તે રીતે સંકોડાઈ ગયું. પોતાની સામે ઊભી હતી તે ભદ્રા નહોતી, બીજી જ એક સ્ત્રી હતી. જાણે ધરતી ભેદીને, જાણે દિવાલ ફાડીને, જાણે બારણાંના લાકડાની પોલમાંથી બહાર નીકળીને એ સ્ત્રીની આકૃતિ ખડી થઈ હતી.

એ યમુના હતી. યમુના કાંઈ પૂછેગાછે તે પહેલાં તો કોઈ ન સમજાય તેવી લાગણીના આવિર્ભાવમાં ભાસ્કરની સામે સ્તબ્ધ બની ગઈ. બેઉની આંખો એકમેકમાં ખીલાની પેઠે ખૂતી રહી. અમાસની અરધી રાતે ભૂતિયા-કૂવામાંથી પાણી લેવા ગયેલો કોઈ ગામડિયો બહાદુર, એકાએક પોતાની પિછોડીનો છેડો જેમ કોઈ ઝાડની ડાળખીમાં ભરાઈ જતાં જીવલેણ હેબત ખાઈ જાય તેમ ભાસ્કર હેબતાઈને ત્યાં જડવત્ બન્યો. યમુનાના સૂકા શરીર પર ધગધગતો લોહીપ્રવાહ ચડતો હતો ને ભાસ્કરની દેહલાલી દોડાદોડ કોઈ ઊંડી ગુફામાં ઊતરી જતી હતી. છ મહિનાના તાવલેલા જેવો એ ત્યાં બે જ મિનિટમાં બની રહ્યો.

યમુનાની આંખો પ્રથમ તો તાકી રહી. પછી આંખોના ડોળા ચક્કર ચક્કર ફરવા લાગ્યા. એના પાતળા હોઠ પર પ્રકમ્પ ઊઠ્યો. એના દાંત બહાર નીકળ્યા ને દાંતના કચરડા બોલ્યા:'એ...જ-એ...જ-એ..જ આવ્યો! છાજિયાં લઉં એનાં! ઠાઠડી કાઢું એની!' એવી ચીસાચીસ પાડતી યમુના, છાતી પર ધડાક ધડાક પંજા મારતી પાછી દોટ કાઢી ગઈ, અને ભાસ્કર ત્યાંથી ખસી શકે તે પહેલાં તો ભદ્રા આવી પહોંચી.

ભાસ્કરને જોતાં જ ભદ્રા તો ઓળખી ગઈ.ભાસ્કરને ભદ્રાએ યંત્રવત્ કહ્યું:'આવો ભૈ.'

ભાસ્કર હજુ યમુનાના ખ્યાલમાંથી છૂટી નહોતો શક્યો. એ જવાબ ન આપી શક્યો. પણ એને નવાઈ લાગી કે દેરનું ઘર ભાંગનારને આ વિધવા આવકારો કાં આપે!

'એ તો જરી ગંડપણ છે એમને.' યમુના અંદરથી આવતા હાકોટા પર હાકોટાથી ચોંકી રહેલા ભાસ્કરને ભદ્રા ખુલાસો કરતી હતી. પણ ભાસ્કર તો યમુનાની બૂમો તરફ જ ધ્યાનમગ્ન હતો. આ માણસની આવી રીતભાત વિચિત્ર લાગવાથી ભદ્રા કંઈક સંદેહમાં પડીને બોલી:

'તમારે કોનું, ભૈનું કામ છે? એ તો બહાર ગયા છે.'

'મારે કોઈનું કામ નહોતું.' ભાસ્કર બોલ્યો ત્યારે એના કંઠે ખરેડી પડી. થૂંકનો ઘૂંટડો ગળીને એણે વિશેષ પૂછ્યું:'એ કોણ છે?'

'મારાં નણંદ છે. તમારે કોનું કામ હતું?' ભદ્રા સહેજ કડક બની.

'કોઈનું નહિ. હું તો ખબર કાઢવા આવ્યો હતો. એ તમારાં નણંદને ક્યાં પરણાવ્યાં છે?'

'જેપૂર. તમે દેવુની ખબર કાઢવા આવ્યા હો તો દવાખાને જાવ ભૈ. અહીં કોઈ નથી.'

'ના હું તો તમારી સૌની ખબર કાઢવા આવેલો હતો. બધાં મઝામાં છો ને? કંચન આવે જાય છે કે?'

'એ વાત કાઢશો નહિ ભૈ. એ વાત આંહીં અમે કરતાં નથી.' ભદ્રા બારણું બંધ કરવાની તૈયારી કરતી હતી.

ત્યાં તો ભાસ્કરે'થોડું પાણી લાવશો?' એમ કહી દિવાનખાનામાં એક ખુરસી પર આસન લઈ લીધું.

મને કમને ભદ્રા અંદર ગઈ ત્યારે એનો સ્વર સંભળાયો:'યમુનાબેન! આ શું કહેવાય બેન! ડાહ્યાં થઈને કોઈને ઓળખ્યા પાળખ્યા વગર ગાળો દેવાય?'

'ઓળખું છું...હું-હું-ઉં-ઉં-ઉં' યમુનાએ રૂદન માંડ્યું.

'પણ તમે તો કદી અમદાવાદ આવેલ નથી, જોયેલ નથી, એણે બીજાંને જે કર્યું તેમાં તમને આટલી શી દાઝ?'

ભદ્રા એવા ખ્યાલમાં હતી કે યમુનાએ આ માણસને કંચન પ્રત્યેનાં આચરણને લઈને ગાળો કાઢી છે. એ માન્યતા યમુનાએ ભેદી -

'જોયો છે, જાણ્યો છે, જેપૂરમાં જોયો છે - મારું નસીબ ફોડનાર છે, એ મને યાદ છે.' બોલતી બોલતી યમુના માવિહોણા નાના બાળકની ચીસો જેવી ચીસો પાડતી હતી.

એ શબ્દો ભાસ્કરને કાને પડ્યા. ભાસ્કરને પોતાની સ્થિતિ ભયમાં લાગી. ભેદ ફૂટવાની તૈયારી લાગી. એ ત્યાંથી ઊઠ્યો, ને ભદ્રા પાણી લઈ પાછી આવે તે પહેલાં ઝડપભેર ત્યાંથી નીકળી જઈ બાજુની ગલીમાં અદૃશ્ય બની ગયો.

જતો જતો એ ભદ્રાનો ચહેરો યાદ કરવા મથતો હતો, પણ એ ચહેરાની રેખાઓને ભૂંસી નાખતું યમુનાનું મોં આડે આવી ઊભું રહેતું હતું. એ ભૂતકાળનું એક છૂપું પાનું ઉકેલતો હતો.

જયપુરવાળી આ કોણ? જગદીશવાળી યમુના તો નહિ? જેનો મેં મનુ વેરેનો વિવાહ તોડી નખાવ્યો હતો તે તો નહિ! એના બાપ જયપુરમાં દાક્તર હતા ને!

દસ વર્ષ વીતી ગયાં હતાં એટલે યાદદાસ્ત સ્પષ્ટ થવામાં વાર લાગતી હતી.

પણ યમુના ગાંડી શા માટે થઈ ગઈ? ને અહીં વીરસુતને ઘેર ક્યાંથી? યમુનાને મનુ જાની સાથે પ્રેમ હતો, વેવિશાળ જેવું પણ કાંઈક થયું હતું. પણ મનુ તો આઈ.સી.એસ. થવા જવાનો હતો. એ સીવીલીઅન થઈને આવત ત્યારે બ્રાહ્મણની એ સાદી ગામઠી છોકરીની સાથે સંસાર કેમ કરી માંડી શકત? યમુનાને મેં તે દિવસોમાં રોજેરોજ સમજાવી હતી. છેવટે એની પાસે મેં હા પડાવેલી, કે ભલે, મનુ જાનીનો'કરીઅર' બગડતો હોય તો હું મારો પ્રેમ ભૂલી જવા તૈયાર છું. એ હા પડાવ્યા બદલ મેં યમુનાના નામ પર મનુ પાસેથી રૂ. આઠસો મૂકાવેલા, ને જગદીશ જેવો વકીલ વર શોધી આપ્યો હતો. તે પછી શું થયું હશે? પોતે ખબર રાખી નહોતી, પણ ઊડતા ખબર સાંભળ્યા હતા કે મનુ સીવીલીઅન થઈને પાછો આવેલો તે પછી એકાદ વર્ષમાં કોણ જાણે શું થયેલું કે જગદીશ વકીલે એની સ્ત્રી યમુનાને ત્યજી દીધી હતી. એની ખોરાકી પોશાકીનો કશોક કેસ પણ થયેલો ખરો!

પણ યમુના ગાંડી કાં થઈ ગઈ? એમાં એટલી બધી'સેન્ટીમેન્ટલ' (લાગણીપ્રધાન) બનવા જેવું શું હતું? સીવીલીઅન થઈને મનુ પાછો આવ્યો ત્યારે એની પાછળ ગાંડી બનવાનું શું પ્રયોજન હતું? જગદીશ વકીલ શું ખોટો હતો? પહેલી વારના ઉદ્ભ્રાંત આવેશોને ન ભૂલી શકનારી સ્ત્રીઓ દુઃખી થાય તેમાં નવાઈ પણ શી?

પણ યમુના આને ઘેર ક્યાંથી? વીરસુત તો હળવદનો રહીશ છે; ને યમુનાનો પિતા તો વર્ષોથી જયપુરમાં જ રહેતો. બેઉને કોઈ દિવસ કશી ઓળખાણ પણ હોવાનું મેં જાણ્યું

નથી. છોકરી જન્મીને ઉછરી હતી પણ જયપુરમાં. કશા પરિચય વગર એ વીરસુતને ઘેર ક્યાંથી?

ભાસ્કરને ખબર નહોતી કે યમુના વીરસુતના પિતાના દૂરદૂરના બનેવીની દીકરી હતી. ને બનેવીની પુત્રી અનાથ બની ગઈ હતી તે એક જ વાત એ અર્ધજૂના અર્ધનવા એવા મિશ્ર સંસારી માસ્તરને પીગળાવવા બસ હતી. દેવુના દાદાએ યમુનાને ગટરમાંથી ઉઠાવી લીધી હતી. વીરસુતને જ્યારે જ્યારે'પારકી પળોજણ ઘરમાં ઘાલવા' વિષે પિતાને ઠપકો આપેલ ત્યારે પિતાએ એક જ જવાબ વાળેલો તે વાચકને યાદ તો હશે, કે'કોને ખબર ભાઈ, કોના પ્રારબ્ધનો દાણો આપણે સૌ ખાતા હશું!'

ભાસ્કર એ આખા પ્રકરણને ઊર્મિહીન, સ્વસ્થ આદમીની અદાથી સંકેલી લેતો લેતો ચાલ્યો જતો હતો, ત્યારે સંકેલવાની ક્રિયા બરાબર થઈ શકતી નહોતી; ઘડીઓ બગડી જતી હતી; યમુનાનીગાળો ગાજતી હતી; ને એને એમ પણ લાગ્યા કરતું હતું કે યમુના આજે પણ તે દિવસે હતી તેવી ને તેવી નમણી તો છે જ.

પણ આ ખબર જો ભદ્રાને પડશે તો? યમુના ભદ્રા પાસે ધડાબંધી વાત મૂકશે તો? તો ભદ્રા મારા વિષે શો મત બાંધશે? કંચનનું પ્રકરણ હું કેમ કરીને ભદ્રાની સમજમાં ઊતરાવીશ?

'ભદ્રા શું ધારશે? આ પ્રશ્ન ભાસ્કરના મનમાં એકાએક કશા કારણ વગર ઊઠ્યો. ભદ્રાના અભિપ્રાયની ચિંતા પોતાને એકાએક કેમ જન્મી? પોતે હસ્યો. પાછો વળી એ જ વિચારે ચડ્યો. બે ચાર વાર એણે'ભદ્રા શું ધારશે'ની લાગણીની હાંસી કરી. પણ હાંસી લાંબી ન ચાલી. મંથન ચાલું થયું.

## પ્રકરણ બત્રીસમું: રૂપેરી પરદો

**ઓપરેશન** પછી પહેલી વાર દેવુએ જ્યારે દવાખાનાના ઓરડામાં આંખો ઉઘાડી ત્યારે એનાં ઓશીકા પર ભદ્રા ભાભુનું વાળ વગરનું માથું દેખાયું ને એના કપાળ પર ચૂડલી વગરના સ્વચ્છ, ભૂરી રૂંવાટીવાળા ઘઉંવરણા હાથ ફરતા હતા તે દેખાયા.

ઊંચકેલી પાંપણો નીચી કરીને એણે બાજુએ જોયું તો ભદ્રાના કરતાં ય વધુ શ્વેતવરણી, દક્ષિણી નર્સ એક હાથે એના હાથની નાડ દબાવતી ને બીજા હાથે થર્મામીટર મોંમાં મૂકતી ઊભી હતી.

ઘણી લાંબી મંજિલ ખેંચીને પોતે અનંત વેરાનમાંથી જાણે સૃષ્ટિમાં પહોંચ્યો હતો. આ દવાખાનાની દુનિયા એણે કદી દીઠી નહોતી. દવાખાનાનાં માનવીઓ, રૂપે રસે ને ગંધે સ્પર્શે સામાન્ય જગતથી જુદાં પડતાં હતાં. માંદગી અને અશક્તિને બિછાને પડ્યાં પડ્યાં આટાલા હસતા ચહેરા, આટલો ઉજાસ, આટલી રસાએલી સંધ્યા, ને આટલી, ઊજળી, સમદરનાં ફીણ શી પથારી મળે છે એવો અનુભવ અગાઉ કદી માંદા ન પડેલા દેવુને પહેલી જ વાર થયો.

પણ તેણે ફરીફરીથી ચોમેરે જોવા માંડ્યું. બારણા બહારથી પરશાળમાં પસાર થતી સ્ત્રીઓના ચહેરા શોધતો એ આંખો ખેંચવા લાગ્યો.'શું જોઈએ છે દેવ? આ રહી હું તો.' ભદ્રાએ ઊઠીને એની બાજુએ બેસી કહ્યું.

'ક્યાં-ક્યાં ગયાં?'દેવુનો દુબળો સ્વર નીકળ્યો.

'કોણ, હેં ભૈ?'

પોતાના અંતરમાં જે નામ રમતું હતું તે લેવામાં કોઈ અપરાધ હતો? કે પછી પોતાને જે યાદ આવતું હતું તે કોઈ ભ્રમણાજન્ય માનવી હતું? તેની ખાત્રી હજુ થતી ન હોય તેમ ભદ્રાના પ્રશ્નનો જવાબ દીધા વગર દેવુએ ચોમેર જોયે રાખ્યું ને પોતાના સુકાએલા હોઠ જીભ વડે વારંવાર ભીંજાવ્યે રાખ્યા.

રાત પડી. યાદ કરવા મથતો દેવુ માથાનો દુ:ખાવો અનુભવતો અનુભવતો ઊંઘી ન શક્યો. રાતવાસો રહેવા આવેલા દાદા, ભદ્રા વહુ વહેલા પ્રભાતે દવાખાને આવી પહોંચ્યાં એટલે એને હવાલો સોંપીને ઘેર જવા નીકળ્યા. નીકળતે નીકળતે એણે ભદ્રાને'આ તરફ આવજો તો બેટા!' કહી બહાર બોલાવી, લાજ કાઢેલ વિધવા પૂત્રવધૂ પ્રત્યે પોતાની અરધી પીઠ વાળીને કહ્યું,'હમણાં એને કશું પૂછતાં નહિ. કેમકે નહિ તો માથામાં લીધેલ ટેભા પર બોજો થશે.

'વારુ!' ભદ્રાએ કહ્યું.

કોણ જાણે શાથી પણ એ વૉર્ડની તેમ જ અન્ય વૉર્ડોની નર્સ બાઈઓ આ દેવુના ખંડમાં અકેક આંટો દઈ જવા લાગી. જુવાન અને આધેડ ડાક્ટરો પણ પોતાની ડ્યુટી હોય કે ન હોય તો પણ એ ખંડની આંટો મારી આવવાની ફરજ માનતા થઈ ગયા. એ સર્વને કૌતુક કરાવનાર પોતાનું વૈધવ્યવીંટ્યું રૂપ છે એવી ખબર ભદ્રાને જો પડી હોત તો એ કદાચ દવાખાને ફરી વાર આવવા ન ઈચ્છત. પણ ભદ્રાનું એ સુખ હતું. પોતાના રૂપમાં આટલા બધા માણસોને જોવા જેવું કાંઈ હોઈ શકે તેમ એ સ્વપ્ને પણ ખ્યાલ કરતી નહોતી. આવેતુ દાકતરો ને નર્સો-સૌ એને તો પોતપોતાની ફરજ જ બજાવતાં લાગતાં હતાં.

દવાખાના સાથે તબીબી વિદ્યાલય પણ જોડાએલું હતું ને તેમાંથી ટોળાબંધ મેડીકલ વિદ્યાર્થીઓ આંહીં ઘૂમતા હતા. આ દેવુના માથાના ફ્રેક્ચરનો સાદો કિસ્સો કોણ જાણે કેમ પણ તેમને'વેરી ઈન્ટરેસ્ટીંગ કેઈસ' લાગી ગયો ને તેઓ આ ખંડમાં આવી આવી દેવુ કરતાં ભદ્રાનું વિશેષ નિરીક્ષણ કરીને ચાલ્યા ગયા. ત્યાં ઊભા ઊભા અને બહાર જતે જતે તેમાંના બે ત્રણ જણાએ અંદર અંદર અંગ્રેજી વાતો કરી. એ વાતો આ વિધવાને વિષે જ હતી. એ વાતોમાં ભદ્રાએ પ્રો. વીરસુતનું નામ સહાસ્ય લેવાતું સાંભળ્યું. વાતોનો મર્મ એટલો જ હતો કે પ્રોફેસર વીરસુતની સ્ત્રી ચાલી ગયા પછી એના હૃદયનું સ્નેહસ્થાન લેનાર જ એની ગામડિયણ ભાભી છે ને, તે પોતે જ આ!

આ રહસ્ય-કથામાં વિદ્યાર્થીઓને રસ હતો તે સકારણ હતો. તેઓ કૉલેજમાં વીરસુતના હાથે રસાયણશાસ્ત્ર ભણીને હજુ તાજા જ આ લાઈનમાં આવેલા હતા. પ્રો. વીરસુતની ભણાવવાની શૈલીમાં નવીન રસ તેમ જ ઊંડાણ નીપજાવનાર જે એક નારી વિષે તેમણે સાંભળ્યું હતું તે આ પોતે જ હતી! પણ એ નારીને પોતાને ખબર જ નહોતી, કે પોતાને આટલી બધી મહત્તા આ હાડચામ ચૂંથનારા નિર્મમ દાક્તરી જગતમાં પણ અંકાઈ ગઈ છે.

વીરસુત આવીને જોઈ ગયો. સાંજે ડોસાએ આવી ભદ્રાને છૂટી કરી. ફરી પાછી ભદ્રાએ બપોરે આવી ડોસાને ઘેર મોકલ્યા. બપોર પછી મુલાકાતો શરૂ થઈ ત્યારે પાછો દેવુ બારણા બહાર ચાલી જતી માનવ-ધારા પર નજર ખેંચતો રહ્યો. ભદ્રા દેવુના આ મૂંગા તલસાટનું કારણ સમજતી નહોતી તેથી દેવુને વારતી રહી. મુલાકાતનો સમય પૂરો થવા આવ્યો. ટોળાંના પૂર ઓસરતાં ગયાં. ભદ્રાને ધરાઈ ધરાઈને જોઈ ગયેલા દાક્તરો પણ ચાલ્યા ગયા. દીવા પેટાયા. દૂર કે નજીકના ખંડોમાં કોઈ કોઈ રોગી-ચીસો દિવાલોમાંથી ગળાઈને આવતી હતી.'મેતરાણી"મેતરાણી'ની કોઈક કોઈક બૂમો પડતી હતી.'વોર્ડબોય'ને બોલાવતી અથવા તો પરસ્પર સાદ કરતી નર્સોના, કોઈક મોટા વાજીંત્રમાંથી છૂટા પડી

ગયેલા સૂર સમા સ્વરો છૂટતા હતા. તેમ જ તેમનાં બૂટ ચંપલના ટપાકા લાંબી લાંબી પરશાળની ફરસબંધી પર વાણી કાઢતા કાઢતા ચાલ્યા જતા હતા. એ ટપાકા પૈકીના કટલાક થાકેલા હતા, બીજા કેટલાક નવું કૌવત પુકારતા હતા. થાકેલા પગો દિવસભરની આકરી નોકરી પરથી ઊતરીને પોતપોતાની ઓરડીએ જતા હતા, ને જોરદાર ટપાકા કરતા પગો દિવસભરની નિવૃત્તિ પામ્યા હોવાનું સૂચવતા હતા.

એ અસૂરી વેળાએ જે એકાકિની સ્ત્રીનું મોં આ બારણામાં દેખાયું તેને જોવા દેવુ જાગતો નહોતો, થાકીપાકીને સહેજ જંપી ગયેલો. ખંડનો દીવો ઓલવી નાખીને ભદ્રા પણ સામી બારીએ ઊભી ઊભી, સામે ઝુલતા આકાશના ચંદરવા ઉપર એક પછી એક ટંકાતા તારાને નિહાળી રહી હતી. આકાશ પરથી ઊતરતી ઊતરતી એની આંખો દૂરનાં મકાનોની મેડીઓમાં થંભી રહી. કોઈ કોઈ ઓરડામાં વીજળી-દીવા ચેતતા હતા, કોઈકમાં બળી બુઝાતા હતા, કોઈ કોઈ એકાએક અજવાળાતા ખંડોનાં પતિપત્નીનાં યુગલો પાસોપાસ ઊભેલાં નજરે પડતાં હતાં, તે કોઈ કોઈ ઠેકાણે એવાં મિલનોને બધુ પ્રગાઢ બનવાનું હોઈ દીવા ઓલવાતા હતા. ક્યાંઈક પલંગોની સજાવટ થતી હતી, ક્યાંઈક સંધ્યાના શણગાર ચાલુ હતા.

કોઈ કોઈ નાની ઓરડીમાં બહારથી આવેલો પતિ કપડાં ઉતારતો હતો ને છોકરૂં એને ખભે ચડી બેસવા ધમપછાડા કરતું હતું તેથી અધૂરા ઊતરેલ પાટલૂને બાળકને તેડી લેવાની એને ફરજ પડતી. કોઈ ઠેકાણે બહારથી આવેલા પતિ અને એની સામે ઊભેલી સ્ત્રી વચ્ચે, સામસામા જુસ્સાભેર હાથ લંબાતા હતા તે બતાવતા હતા કે બે વચ્ચેનું આખા દિવસની જુદાઈ પછીનું મિલન પણ સમરાંગણ પરનું શત્રુ-મિલન હશે. દૂર દૂરનાં મકાનોની અંદર ચાલતી ક્રિયાઓના અવાજો નહોતા સંભળાતા, પણ દૃશ્યોની દરેક નાની મોટી ચેષ્ટા સ્પષ્ટ દેખાતી હતી. જાણે એ જગતનો સાચો ને સર્વશ્રેષ્ઠ રૂપેરી પરદો હતો.

કોઈ દિવસ ન જોવા મળેલું આ એકસામટા અનેક ગૃહસંસારોનું આંતર્દૃશ્ય નિહાળવામાં ભદ્રા એટલી તો તલ્લીન થઈ હતી કે તેણે પોતાની પીઠ પાછળ પ્રવેશ કરનારી સ્ત્રીનાં હળવાં પગલાંની મખમલિયા ચંપલો સાંભળી નહિ. એ સ્ત્રી છેક બિછાના પાસે આવીને સૂતેલા દેવુને નિહાળતી નિહાળતી, ભદ્રા જે દૃશ્ય જોતી હતી તે પોતે પણ જોવા લાગી.

એક મેડીમાં મચેલા મામલા પર બેઉની આંખો ખૂતી ગઈ. પત્ની એક લાંબા અરીસા સામે ઊભી ઊભી શણગાર કરી રહી છે: પતિ તેની પાછળ તેનાં ખભાં ઝાલી ઊભો ઊભો, પોતે ઊંચો હોઈ કરીને, આયનામાં પોતાનું પ્રતિબિંબ ભરચક કરી મૂકે છે: પત્ની એ તોફાન કરનાર ઊંચા મોંને પાછળથી બે હાથે ઝાલી, મચરક દઈ, પોતાના ગાલ પર નમાવે છે.

'હા-હા-હા-માડી રે!' ભદ્રા આંહીં ઊભી ઊભી હસી પડે છે. પણ પાછળ જોતી નથી. ત્યાં સુધી સલામત ઊભેલી પાછળની સ્ત્રી પણ એકીટશે જોઈ રહી છે એ જ દૃશ્ય, પણ તેના મન પર એ જોવાની અસર ભદ્રાને થયેલ અસરથી ઊલટી છે. એના મોંમાંથી નિ:શ્વાસ ઢળી પડે છે; ને ભદ્રા ચોંકીને બારી પરથી પાછી ફરી જાય છે ત્યારે બીજી સ્ત્રીની હાજરી જોઈ પોતે લજ્જિત બને છે. પછી પૂછે છે'કેમ?' પૂછતી પુછતી પોતે ઓલવી નાખેલ દીવાની ચાંપ દબાવે છે, ને કંચનની મુખમુદ્રા સ્પષ્ટ થાય છે. પણ દિગ્મૂઢ ઊભેલી એ બેઉ સ્ત્રીઓની વચ્ચે કશો વ્યવહાર થાય તે પૂર્વેજ ખંડમાં બે જણા પ્રવેશ કરે છે; ડોસા સોમેશ્વર અને વીરસુત: પિતા અને પુત્ર.

# પ્રકરણ તેત્રીસમું: સિદ્ધાંતને બેવફા

બાપ દીકરો દાખલ થયા-અને સાંજે ત્રણ ક્રિયાઓ એકી સાથે બની.

ભદ્રાએ સાડીનો છેડો ખેંચી સસરાની આછી લાજ કાઢી, કંચન ચમકીને આવનાર પુરુષોની સન્મુખ થઈ ગઈ, અને ઊંઘતા દેવુએ આંખો ઉઘાડી.

બાપ દીકરાની આંખોએ કંચનનું મોં જોઈ લીધું. ઝડપભેર કંચન પાછી દેવુના પલંગ તરફ ફરી ગઈ. દેવુ એ કંચનને દીઠી. દેવુનો દુબળો સ્વર બોલી ઊઠ્યો'બા!'

વધુ એ બોલી શક્યો નહિ. એના માથાનો પાટો દડ દડ પડતાં અશ્રુજળે પલળવા લાગ્યો.

દેવુના પલંગના સળીઆ પકડી લઈને કંચને આધાર મેળવ્યો. બોલ્યા વગર એ દેવુ તરફ જોઈ રહી.

ભદ્રા ક્યારની દેવુને બિછાને પહોંચીને નીચે બેસી ગઈ હતી. સસરા તરફ સહેજ અંતર્પટ કરી રાખીને કંચન તરફ તાકતી હતી ને કહેતી હતી ધીમા સાદે, કે'આંહીં આવો ને!' પણ કંચન જ્યાં ઊભી હતી ત્યાં જડાઈ ગઈ હતી. પલંગના સળીઆ છોડવાનું કામ સહેલું નહોતું, સળીઆમાં જાણે કોઈએ વીજળીનો પ્રવાહ વહેતો મૂક્યો હોય.

કંચનના મોં પર બાઘોલામંડલ ચિતરાયું હતું. એ મોં પર પ્રેમ નહોતો, લાગણી નહોતી, મમતા કે બીક નહોતી, મૂંઝવણ કે મનોવેદના નહોતી, રોષ કે વિષાદ નહોતો; હતું ફક્ત લાગણીહીન દશાનું બાઘોલામંડળ. બાઘોલી દશાનો બોજો અસહ્ય હોય છે.

'કોણ એ!' વીરસુતના પિતા બોલી ઊઠ્યા,'કાલે આવેલાં તે જ બેન લાગ્યાં. મારી આંખે ઝાંખપ ખરી ના, એટલે ઓળખાણ ઝટ પડે નહિ!'

વૃદ્ધનો આ ફક્ત એક પ્રયત્ન જ હતો, એ ઓરડામાં મચી ગયેલી વિચિત્ર મૂંઝવણમાં કશોક માર્ગ કાઢવાનો. એને વહેમ પડી ગયો હતો-દેવુએ'બા' એવો ઉચ્ચાર કર્યો તે સાથે જ. એ સંશય પાકો બન્યો હતો-ભદ્રા વહુએ કંચનને ઘૂંઘટની આડશ આડેથી મમતાભર્યું'આંહીં આવોને' કહ્યું ત્યારનો જ.

પણ અકથ્ય અવસ્થા તો વીરસુતની હતી. એનાથી તો કંચન થોડી જ અણઓળખાઈ હતી! એના મોંમાંથી તો થોડો જ કોઈ સ્વાગત -શબ્દ નીકળી શકે તેમ હતો! એને થોડી જ ખબર હતી કે કંચનના અંતરમાં કઈ લાગણી ઘોળાવા લાગી છે! ને એને ક્યાં ખબર હતી કે દેવુને થયેલા અકસ્માતનું નિમિત્ત પણ કંચન હતી ને દેવુને બચાવી લાવનાર પણ કંચન હતી!

કંચનું મોં ફક્ત એક જ પળ ઝબકી ગયા પછી અત્યારે તો એની સમક્ષ દેખાતી હતી કંચનની પીઠ. કાલે દૂરથી દીઠી હતી તે જ એ પીઠ! ક્ષીણ થઈ ગયેલી: ત્રેસર ગૂંથ્યા છૂટા ચોટલાને બદલે અંબોડો વાળેલો કેશકલાપ: અંબોડામાં પણ ફૂલ કે ફૂલવેણી નહોતાં. ઝીણી સાડીની આરપાર એ બધું જોઈ શકાતું હતું.

એ શું દુઃખી હતી? શણગાર શું રોળાયા હતા? ફૂલો શું કરમાયાં હતાં? કેમ આવી હતી? ફરી વાર પાછો નવો વર્તમાન શરુ કરવા? ભૂતકાળ પર પરદો નાંખી દેવા? કે કોઈ ભૂલથી? કોઈ ભ્રમણાથી? કોઈના મોકલાવાથી? કેવળ વ્યવહાર કરવા સારુ?

ઝબક! ઝબક! ઝબક! મેઘલી રાતમાં વીજળી સબકી સબકીને ચાલી જાય તેમ પ્રશ્નમાળા ઝબૂકી ગઈ. પણ ભૂલો પડેલો પ્રવાસી વીજળીના ઝબુકાટથી તો ભાળવાને બદલે ઊલટાનો વધુ અંજાય ને અંધ બને, તેમ વીરસુત ભ્રાંતિગ્રસ્ત બન્યો, ને શું કરવું તે ન સૂઝવાથી, નબળાઈની ક્ષણ આવી પડશે એ ભયથી પાછો ફર્યો, બહાર નીકળ્યો, ને'ચાલો ત્યારે ભાભી! હું નીચે છું.' એમ બોલતો એ નીચે ઉતરી જઈ મોટરમાં બેઠો. ચક્ર હાથમાં લીધું. પણ તે દિવસ એને ડર લાગ્યો કે કદાચ આજે'વ્હીલ' પર હાથનો કાબૂ ઘર સુધી સાચવવો અઘરો થઈ પડશે.

ક્યાં સુધી પોતે'સ્ટીઅરીંગ વ્હીલ'હાથમાં ઝાલીને બેસી રહ્યો તેનો ખ્યાલ ન રહ્યો. ગઈ તો હતી પાંચ જ મિનિટ, પણ ભદ્રા આવીને પાછલી બેઠકમાં બેસી કરીને જ્યારે બોલી કે'લ્યો ચાલો ભૈ!' ત્યારે એને લાગ્યું કે ભાભીએ જાણે સવાર પાડ્યું હતું, ને પોતે જાણે એક સપાટે નીંદર લઈ લીધી હતી.

એણે પાછળ નજર કરી. પાછળની બેઠકમાં એક નહિ પણ બે બૈરાં બેઠાં હતાં એવા પ્રથમ દૃષ્ટિના વિભ્રમ પછી ખાત્રી થઈ કે નહિ, ભાભી એકલાં જ હતાં. બહાર ડોકું કાઢી આગળ જોયું. કોઈ નહોતું. હોઠ પર પ્રશ્ન પૂછું પૂછું થઈ રહ્યો'કોઈ આવે છે ભાભી?' પણ મહેનત કરીને પ્રશ્ન રુંધ્યો. ગાડી દવાખાનામાંથી બહાર નીકળી, રસ્તે ચડી, તોય પોતે વેગ ન વધાર્યો.

કોઈ આવે છે? કોઈ અફળાય તેમ તો નથી ને? કોઈ આગળ પાછળ છુપાઈને જોવા તો ઊભું નથી ને? કોઈ હડફેટે આવીને ચગદાઈ તો જશે નહિ ને?

કોઈ? કોઈ એટલે કોણ? કોઈ એટલે એક જ માણસ: કંચન.

પણ કંચન ત્યાં નહોતી. કંચન હજુ દેવુની દર્શનલાલસાને પેટ ભરી ભરીને સંતોષાવા દેતી હતી. દેવુનો હાથ એણે પોતાના હાથમાં લીધો હતો. દેવુ એને પૂછતો હતો જાણે-સેંકડો ગાઉ છેટેથી એ પ્રશ્ન કરતો હતો:'બા, હાથ...માં...ચૂ...ડી કેમ.. ન...થી?'

પણ ત્યાં દવાખાને એવું શું શું બની ગયું તે સંબંધે ભદ્રા ચૂપ જ હતી. કાંઈક બોલશે, કાંઈક બોલશે, એવી વીરસુતની આશા રસ્તા પર વેરાયે જતી હતી.

ભદ્રા તરફ ગાડી વાળવાને વખતે એણે જોયું કે ગાડીની આગળ એક માણસ દોડતો જાય છે. પોતે હોર્ન વગાડ વગાડ કર્યું, પણ દોડતો માણસ ફરીને રસ્તા પર સામે જ ઊભો. ગાડી પણ કચરડડડ... કરતી રોષભરી ઊભી રહી. ઊભેલો માણસ, ગાડીની સખ્ત રોશનીના ઝળહળાટમાં અંજાઈ ગયો હતો. એણે કશી ઓળખાણ કર્યા વગર,હજુ તો અંજાયેલી આંખે જ કશું પૂરું ભાળ્યા વગર, આગળ દરવાજા પાસે આવીને હાંફળા ફાંફળા સ્વરે કહ્યું,'મહેરબાની કરીને મને જરા બેસારી લેશો? હું સંકટમાં છું. વાત કરવા વખત નથી. ખાનપૂર ઊતરી જઈશ.'

એને વીરસુત કશો જવાબ આપે તે પૂર્વે તો એ બારણું ખોલી વીરસુતની બાજુની બેઠક પર ચડી બેઠો. હા ના કશું કહેવાની વેળા મળે તે પહેલાં તો બેઉએ પરસ્પરને પિછાન્યા, ને એ ચડી બેઠેલા ભાસ્કરે કહ્યું'ઓહો! તું જ છે કે ભાઈ? સારું થયું. હાંક જલદી, પછી વાત કરું છું.

વીરસુતે ભાસ્કરને છેલ્લો જોયેલો તે પ્રસંગ એને તાદૃશ થયો: પોતાને ભાસ્કરે એને ઘેર ગડદા પાટુએ મારી અધમૂવો કરેલો તે પ્રસંગ: પોતાની પત્ની કંચનના હાથે એ માથામાં તેલ ઘસાવતો હતો એ પ્રસંગ: તે પ્રસંગ યાદ આવતાં વીરસુત ગાડી હાંકતે હાંકતે રોમે રોમ થરથરી ઊઠ્યો. બાજુએ ચડી બેઠેલો આ અસુર પડખામાં ચપ્પુ કે છૂરી ઘોંચી દેવા તો નહિ

આવ્યો હોય? પણ અટકી જવાની એનામાં હિંમત નહોતી. મોટરને ચલાવતા એના હાથ યંત્રવત્ બની ગયા હતા.

'હું જોખમમાં છું, વીરસુત!' ભાસ્કરના શબ્દો નીકળ્યા.'હું કદાચ પકડાઈ જઈશ, મારે જેલમાં જવું પડશે. ને મારે જામીન પર છૂટવું નથી.માટે જ મારે થોડો સમય મેળવવો હતો વીરસુત! મારે તારે ઘેર જ આવવું હતું, પણ મારે તને નહિ, તારાં ભાભીને મળી લેવું હતું. તું કદાચ મળવા દે કે ન દે એમ સમજી હું તારે ઘેર તું આવી પહોચે તે પહેલાં જ પહોંચી જવા દોડ્યો જતો જતો.'

પ્રત્યેક શબ્દ વીરસુતનાં આંતરડાંને જાણ કે શૂળી પરોવી ઊંચાં કરતો હતો. આ હેવાનને ખતમ કરવા ખાતર મોટરને ઊંચી વાળવાનું વીરસુતને મન થતું હતું. મારી પત્નીને છીનવી ગયાથી સંતોષ ન વળ્યો તે હવે મારી ભાભીને પણ ઝૂંટવવા, ફસાવવા, ભોળવી જવા મારે ઘેર ભમતો હશે!'તને ખબર નહિ હોય વીરસુત, પણ હું તારે ઘેર તારી ગેરહાજરીમાં આવી ગયો છું,' ભાસ્કર જાણે કે વીરસુતના મનમાં ચાલી રહેલ વિચારની સાથે સાથે જ ચાલી રહ્યો હતો, ભાસ્કર જાણે કે પારકા ઉરપ્રદેશની હરિયાળીમાં સરર સરર ચાલતો છૂપો સાપ હતો.'મારે તારાં ભાભીને કહી જવું છે એટલું જ વીરસુત!' ભાસ્કરે વીરસુતના બંગલાનો વળાંક આવ્યો ત્યારે પણ ચાલુ રાખ્યું:'કે આજે હું મારી પ્રકૃતિ વિરુદ્ધનું, મારા જીવનભરના સંસ્કારના વિરુદ્ધનું કામ કરી આવ્યો છું. મેં ક્લબમાં એક મોટા ગૃહસ્થને...શું કર્યું કહું? તને મેં શું કરેલું યાદ છે? તને મેં તે દિવસે જે લજ્જતથી ટીપ્યો હતો, તે જ લજ્જતથી એ ગૃહસ્થને ટીપેલ છે. ફેર એટલો કે તને લોહી નહોતું નીકળ્યું જ્યારે આને તો લોહીની નાખોરી ચાલી જાય છે. એ પડ્યો ક્લબમાં. એ તરફડે ગંભીર જખ્મોની વેદનામાં.'

આમ કહેતો કહેતો એ મોટરમાંથી ઉતરતો હતો. વીરસુત મોટરને ચાવી મારી લાઈટ ઓલવતો હતો. ને ભદ્રા થર થર કાંપતી પાછલે બારણેથી ઊતરતી હતી. એને એમ હતું કે પોતાને ભાસ્કરે જોઈ નથી. એ સરકી જવા લાગી ત્યારે ભાસ્કરે એને કહ્યું,'હવે થોડી જ વાત બાકી છે. ન ભાગો. સાંભળતાં જાઓ. ક્લબમાં ભજીઆં ને ચહા ખાતાં ખાતાં એ ગૃહસ્થે મને જોઈ વીરસુતની વાત કાઢી, ને એણે લહેરથી કહ્યું કે વીરસુતને તો વહુના બદલામાં ભોજાઈ મળી ગઈ છે. મેં કહ્યૂં, જુઠી વાત છે. મેં શા આધારે કહ્યું તેની ખબર તો મને પણ રહી નથી. મેં તો આટલાં વર્ષો સુધી હંમેશાં એક જ સિદ્ધાંત પાળ્યો છે, કે એ સ્ત્રીએ ને પુરુષે ગમે તેવા સંજોગોમાં પણ ગોઠવાઈ જવું; ગોઠવાઈ જનારાંના મેં સુચરિત્ર અને દુશ્ચરિત્ર એવા કૃત્રિમ ભાગ કદી પાડ્યા નથી. પણ આજે અરધા કલાક પહેલાં હું મારા સિદ્ધાંતને બેવફા બન્યો. મેં ગૃહસ્થની એ દલીલને, એ જીદને, તારી ભાભી માટેના અપશબ્દો બોલતી ચૂપ કરેલ છે. ને એ બેભાન પડ્યો છે. પોલીસને ટેલીફોન થઈ ચૂકેલ છે. બસ, જાઉં છું. આંહીં તારે ઘેર પોલીસની ખૂંદાખૂંદ ન ચાલવી જોઈએ. આંહીં તારી ભાભી વસે છે, ખબર છે!'

એમ કહીને એ સડસડાટ બંગલાની બહાર ચાલ્યો ગયો.

## પ્રકરણ ચોત્રીસમું: અણનમ

**ચાલી** નીકળેલા ભાસ્કરનું છેલ્લું સફેદ ટપકું અદૃશ્ય થયું તે પછી પણ વીરસુત બંગલાના ચોગાનમાં ઊભો હતો. એના દિલમાંથી સુખનું ચકલું ઊડી જઈ ને બહાર નીકરી

ગયું હતું. ભાસ્કર જે કહી ગયો તે વાત એને ખોટી કે બનાવટી નહોતી લાગી. સાચી લાગી માટે જ એના મનમાં સંતાપ ઊપડ્યો. ભાસ્કર આવો સારો માણસ બની ગયો તે એનાથી સહન ન થયું. ભાસ્કર દુષ્ટ અને ખલ રહ્યો હોત તો એ રાજી થાત.

ને ભાસ્કરમાં આ સુજનતા પ્રગટવાનું નિમિત્ત કોણ બન્યું હતું? ભદ્રા ભાભી? ભદ્રાની પવિત્રતા વિષે આટલું અભિમાન કરવાનો હક્ક ભાસ્કરને ક્યાંથી મળ્યો?

ભાસ્કર કહી ગયો કે પોતે અહીં આવતો હતો. ક્યારે? કેટલી વાર? કેવો પરિચય બાંધ્યો હશે? ભદ્રાના સ્ત્રીત્વનો ગર્વ કરવાની જાહેર હિંમત એ ત્રાહિત, એ દુર્જન કરી જ કેમ શકે?

વીરસુતના મનમાં ઈર્ષ્યાએ વાસો કરી લીધો. પોતાના સંસારસુખ પર ફરી વાર દુશ્મનના હાથનો પંજો પડ્યો છે, પોતાના નવા બાંધેલા માળામાં ફરી વાર જૂનો સાપ પ્રવેશી ગયો છે, એવા દિલડંખ અનુભવતો એ ઘરમાં પેઠો. એ જાણતો હતો કે પોતાનો ને ભદ્રાનો સંબંધ બહારની દુનિયામાં ચકચારનો વિષય થઈ પડ્યો હતો, પોતે એ પણ સમજતો હતો કે પોતે જે માટીનો બનેલો હતો તે માટી નબળી હતી. ભદ્રા એ જો સહેજ નબળાઈ બતાવી હોત અને સિવિલ મેરેજનાં બંધનોથી પોતે ન બંધાઈ બેઠો હોત તો પોતે ભદ્રા સાથે લગ્ન પણ કરી બેસત તેવી એના અંતરની કામનાને એ નહોતો ઓળખતો એમ કાંઈ થોડું હતું! પોતાની કમજોરી શંકાને પાત્ર બની હતી તેનો તેને અફસોસ નહોતો. પણ પોતાનો ગર્વ ફક્ત એક જ હતો કે ભદ્રાની શક્તિ અપરાજીત હતી.એવી અજીત નારીની અણઝંખવાયેલી નિર્મળતા પર લોકો સંદેહ લાવતા ત્યારે એને આનંદ થતો. કેમકે એ દુનિયાની તુચ્છતા, પામરતા, ક્ષુદ્રતાની ખદબદતી ખાઈ વચ્ચે એક અણડૂબ કાળમીંઢ ખડક પર ઊભા હોવાનો પોતાના અંતરમાં આનંદ હતો. આ ગુપ્ત આનંદ અને છાનો ગર્વ જ એની એક માત્ર જીવન સંપત્તિ રહી હતી. એ સંપત્તિમાં આજે કોઈ ચોર પડ્યો એમ એને લાગ્યું. એ ખડક ખળભળ્યો હોય એમ એને લાગ્યું. એ કરતાં તો વધુ એને એ વાત લાગી કે પોતે એકલો જે ખડક પર ઊભો હતો ત્યાં બીજો પણ એક માણસ ચડી ગયો ને ડૂબતો બચી ગયો.

કપડાં બદલાવી અને હાથપગ મોં ધોઈ વીરસુત પાછલી પરશાળમાં જઈ હિંડોળે બેઠો બેઠો આ વેદનામાં બળબળતો હતો ત્યારે એ રસોડાની બાજુએ વારેવારે કાન સ્થિર કરતો હતો. રસોડામાં સ્ટવ ચાલતો હતો. તેના અવાજ ઉપર ભદ્રાના બોલ સ્પષ્ટ અને સાફ છપાતા હતા. સ્ટવના ધમધમાટ પાસે બોલતી એ યમુના ને ભદ્રા બન્ને નિઃસંકોચ હતી કારણકે પોતાનું બોલ્યું ત્રીજું કોઈ નથી સાંભળી શકતું એવી સ્ટવ પાસે બેઠેલાં લોકોની ભ્રમણા હોય છે. એથી ઊલટું સ્ટવ પાસે બોલાતા શબ્દો ઘરની બીજી જગ્યાઓમાં ચોખ્ખા ફૂલ જેવા પહોંચતા હોય છે. ભાભીના મન પર ભાસ્કરની વાતો એ કેવી અસર પહોંચાડી છે તે જાણવા વીરસુત થનગની ઊઠ્યો. પણ ભદ્રાએ યમુના પાસે કરેલી વાતોમાં એ વિષે શબ્દ પણ ન પડ્યો.

ભદ્રા યમુના જોડે રોજની ખુશમિજાજી રાખીને તડાકા મારતી હતી. વચ્ચે વચ્ચે એનું હસવું કોઈ એકાકી ઊડી જતી ફૂલચકલીના ફરફરાટ જેવું રૂપ ધરી રહ્યું.

ભાભીને ક્ષોભ નહિ થયો હોય? હુ એને ને ભાસ્કરને માટે કોણ જાણે શું યે ધારી બેઠો હોઈશ એમ નહિ ભય લાગ્યો હોય? મને શંકામુક્ત કરવા કેમ હજી આવ્યાં નહિ હોય? શાક દાળમાં મીઠું વધુ ઓછું થયું હોય તો યે દયામણું મોં કરીને ખુલાસો આપવા ઊભી રહેનાર ભાભી આ બનાવ પરત્વે કાં બેતમા?

વિચારે વિચારે વીરસુતના પગ હેઠળથી પૃથ્વી સરતી ગઈ. હિંડોળાનાં કડાં હવામાં જડેલાં ભાસ્યાં

ભદ્રા આવી - કોફી ને શાક પુરીઓની થાળી લઈને. એને દેખી વીરસુત સ્વસ્થ બન્યો. ભદ્રા વાત કાઢે તો તેનો શો જવાબ દેવો તે પોતે મનમાં ગોઠવવા લાગ્યો. મનને પોતે ભલામણ કરતો હતો: ભાભી પ્રત્યે ઉદાર અને અશંકિત બનજે. ગમે તેમ પણ હજુ એ બાપડાંની ઉમ્મર કેટલીક? ભાસ્કર સરીખા પાજી લોકો એને ભોળવવા પહોંચી જાય એમાં નવાઈ શી?

પણ ભદ્રાની તે રાતની અક્કડાઈ અણનમ જ રહી. રોજના ક્રમ પ્રમાણે એણે મેજ લાવીને હિંડોળા પાસે મૂક્યું, ઉપર પાથરણું બિછાવી થાળી મૂકી. પાણીનો લોટો પવાલું પણ રોજ મુરાદાબાદી બનાવટનાં જ પોતે જે મૂકતી તે જ મૂક્યાં. ને દિયરના શાકમાં લીંબુની ફાડ પણ પોતે જ નીચોવી. પછી પોતે ઓરડાનાં બારણાં પાસે આસનીઉં પાથરીને રોજની અદાથી વીરસુતની સામે બેઠે બેઠી દેર માટે પાનપટ્ટી બનાવતી રહી. બેઠે બેઠે એણે ચોખાની કમોદ મંગાવવાથી માડીને'તમે કાલે વીશ કેરી ખાધી હતી ને આજે પંદર ખાવ છો એમ કેમ ચાલે!' ત્યાં સુધીની વાતો કરી. પણ કંચનના કે ભાસ્કરના બની ગયેલા પ્રસંગો વિષે એણે ધરાર હોઠ સીવી રાખ્યા.

તૈયાર કરી રાખેલી પાનપટ્ટી અને ચૂરો કરી રાખેલ સોપારી એણે ખાઈ રહેલા દેરને હંમેશની અદાથી રૂપાની રકાબીમાં પીરસી લીધાં. હાથ લૂછેલો નેપકીન ઠેકાણે મૂક્યો, માટલીમાં પાણી નવું ભરેલું છે કે કેમ તે પણ તપાસી લીધું ને પોતે થાળી લોટો ઉપાડીને પાછી જવા લાગી. ત્યાં સુધી વીરસુતે આશા છોડી નહોતી. પણ ભોજાઈ ચાલતાં થયાં ત્યારે એની ધીરજ ન રહી શકી. એણે ધીરેધીરે વિષયની પ્રસ્તાવના કે પૂર્વતૈયારી કરવાનો પણ વખત વિચાર્યા વગર સીધું કહ્યું,'પેલો ભાસ્કરીઓ જોયો ના ભાભી! તમને ય સંડો...'

એ વધુ બોલી શકે તે પહેલાં તો ભદ્રા માથાનો ધૂમટો નજીક ખેંચતી પાછી ફરીને બોલી,'હોય ભૈ! કેવા કેવા દખીઆ, કેવાય હૈયાના દાઝ્યા આ સંસારમાં પડ્યા છે ભૈ! એ તો અકળાય ભૈ! સૌને વિસમવા ઠેકાણાં ક્યાંથી મળે ભૈ! હોય એ તો.'

બસ, એમ બોલીને એ જ્યારે ઊભી થઈ રહી ત્યારે એની દૃષ્ટિ એણે પરશાળ બહાર સીધી દેખાતી ક્ષિતિજ પર ઠેરવી. અંધારી બીજનો ચંદ્રમા ઊગતો હતો. ખુલ્લી પરશાળ નવા ચંદ્રતેજે છલકાતી હતી. એ અજવાળાંની ઝાલકમાં ભદ્રા વિધવા કરતાં ગૌરી સમી સુંદર ભાસી. એની આંખોના ચકચકતા કાચ ઉપર પરશાળ બહારના ચોકનો મોટો વીજળી-દીવો જાણે કે કિરણો પાથરતો હતો. દેરે ઉચ્ચારેલા વિષયને ચાતરી-છટકી જવાનો જાણે કે ઈરાદો જ નહોતો. એવો ઈરાદો કલ્પનાર દેરની શંકાને જાણે પોતે વરતી ગઈ હતી. હજુય કોઈ પ્રશ્ન પૂછવો હોય તો પૂછી લ્યો એવું જાણે પોતે સૂચવતી હતી. વીરસુત હિંડોળા પર સ્થિર થઈ ગયો. એણે ભદ્રાની સામે જોઈ રાખ્યું પણ ભદ્રાએ ચંદ્રનું દર્શન કરતે કરતે જમણી જ ગમથી પોતાનો રસ્તો લઈ લીધો.

વીરસુતની રાત્રિભરની નીંદને ઉતરડી નાખતી એ વેદના ચાલુ રહી. ભાસ્કર દખિયો, હૈયાનો દાઝેલ ને વિસામા વગરનો માણસ છે એ ભદ્રાએ શા પરથી જાણ્યું! કેવડોક પરિચય? મુરખાને માલૂમ નહોતું કે પાણીકળો જેમ ધરતી પર કાન માંડીને કહી આપે છે કે ઊંડા તળમાં અખૂટ જળપ્રવાહ કયે ઠેકાણે વહ્યો જાય છે, તેમ નારી ફક્ત સાનથી સમજી જાય છે કે પુરુષના જીવનમાં વસમાણ (વિષમતા) કેટલેક ઊંડાણે પડી છે.

ભદ્રા જ્યારે ધારે ત્યારે વિચારોની તમામ પેટીઓ બંધ કરીને ઘોરી શકતી હતી, ને વિચારોની કોઈ એકાદ પેટી ઉઘાડીને એકાદ પ્રહર પડી પડી જાગવા ધારે ત્યારે જાગી પણ શકતી. એ એકાદ પહોરનું જાગરણ તે રાત્રિએ એને ભાસ્કર વાળા બનાવે કરાવ્યું. દેરની ને પોતાની વચ્ચેનો સંબંધ લોકોની- અર્થાત્ નવરા, ઊજળિયાત બંગલાવાસીઓની જીભ પર

ચડેલો છે તે તો ભદ્રા જાણતી હતી. પણ એ લોકાપવાદ એને નહોતો નડતો. ટેલીફોન કરવા એ પાડોશી શેઠને બંગલે જતી ત્યારે એની અદબ કેવી જળવાતી! એનો સહવાસ સૌ કેટલો કેટલો બધો ઈચ્છતા! તેમ સસરાજીની એક માન્યતા નિર્મળ હતી ત્યાં સુધી અન્ય કોટિ લોકોની એને શી પડી હતી! પણ એ ઈર્ષ્યાનું આકર્ષણ જ કંચનને કોઈક દિન દેરના ઘેર પાછી લઈ આવશે એવી એને આશા હતી. એ આશાએ ને દેરની પોતા પ્રત્યેની અદબભરી મમતાએ ભદ્રાને ઔર રંગભરી બનાવી દીધી હતી.

આજે એને જીવનની આ બધી સાર્થકતામાં એક અજબ ઉમેરો દેખાયો: એક લબાડ અને નફટ મનાતા માણસે પોતાના જેવી અજાણી નારીના સુનામ પર જિંદગી ધોળી કરી છે. કેવી અદ્‌ભૂત કથા! એક ગ્રામ્ય રંડવાળ્યના જીવનમાં કેવો એ રોમાંચકારી ઈતિહાસ! વૈધવ્યને-બામણીના વૈધવ્યને માથે કાંઈ જેવી તેવી વિભૂતિ ચડી! માડી રે! હું શું ખરેખર એટલી બધી ઊજળી રહી છું? માડી રે! નહિ બોલું, નહિ બોલું. ઈશ્વર જેની લાજ રાખે છે તેનીજ રહે છે. હે નારણ! મારે ઝેરનાં પારખાં નથી જોવાં. મારું માપ કોઈ દિ'નો કાઢજો હે તુલસી મા! ભૈની બાપડાની પાસે જતાં કેટલી કેટલી વાર મારા પ્રાણના ફફડાટનો પાર નથી રહેતો! એવી મારી, ખાસડે માર્યા જેવી જાત સાટુ કોઈનું લોહી રેડાય, ને કોઈ વળી કેદમાં જાય. ઓ મા! મને તો અંધારે અંધારે હસવું આવે છે મૂઈ!અને ભેળાભેળ રડવું ય આવે છે મૂઈ રાંડી! ગોદડાને ચોમેરથી દબાવીને સૂઈ જા મૂઈ! રાંડી! ઝટ ઝટ સૂઈ જા! ઘડી પછી એનાં નસ્કોરાંના પાવા બજતા હતા.

## પ્રકરણ પાંત્રીસમું: ઘાએ ચડાવેલી

**દેર** અને ભોજાઈ, બેઉની રાત કૈં કૈં વલોપાતમાં વીતી. સવારે ભદ્રા ચૂલા પર ચહાપાણી માટે બેઠી હતી ત્યારે એના ઉજળા ચહેરામાં રાતી આંખો, દેવીના મંદિરમાં હનુમાન ગણપતિના બે સિંદુરિયા ગોખલા જેવી હતી.

દૂધ ચહા પતાવીને એ દવાખાને ગઈ તે પછી એના સસરા દવાખાને રાતવાસો કરીને પાછા આવ્યા; આવીને એણે પાછલી ઓરડીમાં અંધ વેશધારી સાળો બેઠો હતો ત્યાં જઈ આટલા દિવસે પહેલી વાર આસન જમાવ્યું. અંધા જ્યેષ્ઠારામનો અમદાવાદના બંગલા ખાતેનો નિવાસ સ્વચ્છ અને સુઘડ બન્યો હતો. કેમ કે નહિતર વીરસુત કાઢી મૂકશે એવી એને ધાસ્તી હતી.

'ત્યારે બોલ્ય જાની!' બનેવીએ સાળાને પૂછ્યું:'વહુ સ્વેચ્છાથી આવતી હોય તો પાછી ઘરમાં ઘાલવી કે નહિ?

'હું તો કહી ચૂક્યો છું કે સળેલું ધાન નાખી દેવાય, સળેલું માનવી નહિ.' સાળો બોલતો બોલતો સુરજના તેજને જાણે કે ચીપી નાખવા માટે પાંપણોના પડદા પટપટાવતો હતો.

'પણ એક શરત હોય તો?'

'શી?'

'એને આવવું છે - પણ જો દેવુની સાથે રહેવાનું હોય તો; વીરસુત સાથે એને નથી રહેવું.'

'કારણ?'

'લેણદેણ; ઋણાનુબંધ; કુદરતી અણગમો.'

'કોણ કહી ગયું?'

'પોતે જાતે જ. ગરીબ ગાય જેવી બની ગઈ છે. થોડા દિનમાં વધુ પડતું ભોગવી ચૂકી લાગે છે. દેવુની પથારીએ બેઠી બેઠી પોકેપોક રોઈ છે. નર્સો બધી ભેગી થઈ ગઈ, બાજુનાં દરદી જાગી ઊઠ્યાં, માણસો દોડી આવ્યાં. એક જ વેણ કહ્યા કર્યું કે'દેવુભાઈ, દાદા રજા આપે, તો તું ને હું આપણે ગામ જઈ ને રહીએ. આંહીં તો હું પગ નહીં મૂકી શકું. દાદા નહિ સંઘરે તો હું......' વૃદ્ધ બોલતા બોલતા થોથરાયા.

'શું, હં.......! શું કરશે?' સાળાએ પૂછ્યું.

'એટલું કહીને અટકી ગયેલી.'

'શું સમજાણું?'

'આપઘાત કરશે.'

'બીજું કાંઈક પણ કાં ન કરે?'

'શું?'

'વેશ્યા ય બને!' અંધ જ્યેષ્ઠારામ લહેરભર્યા ગળે બોલ્યો.

'જા જા, દુષ્ટ!'

'હું ઠીક કહું છું. એને પાછા આવવાનું મન થયું છે તે ઉપરથી કહું છું. ભૂલી ગયા તે દિવસની સભા! એને માનપાન મળ્યું તે યાદ છે?'

'યાદ છે. તેથી શું?'

'એટલાં બધાં માન સન્માન પામેલીનો અત્યારે કોઈ ભાવ પણ નથી પૂછતું ને?'

'ના.'

'તો હાઉં.'

'શું હાઉં, તારૂં કપાળ, અંધા!'

'મારું નહી, તમારું કપાળ - સસરા તરીકે તમારું! પ્રારબ્ધની લેખણ જો દીકરાની વહુનું વેશ્યાપણું લખશે તો તે તમારે લલાટે લખશે. એ બાયડીને ઉપેક્ષાનો ડંખ લાગ્યો છે. ઉપેક્ષા કરનાર એની દુનિયા છે. એ દુનિયા પર હવે એ વેર વાળવાની. ને વેશ્યા બની જવા જેવું બીજું કયું મીઠું વેર દુનિયાને માથે દુનિયાની ઉપેક્ષીતા વાળી શકે?'

આટલું બોલી રહેલો અંધો એવી સિફતથી અટક્યો કે જાણે એક હરફ પણ બોલ્યો ન હોય. કેટલાક માણસો નિરંતર વાતો કર્યા કરવા છતાં મૌન જ ભજતા લાગે, ને કેટલાક પરાણે મૂંગા રહી રહીને છેવટે એકાદ વાક્ય જ સંભળાવે એટલે બોલ બોલ જ કરતા ભાસે છે.

'તારો શો મત છે?' સોમેશ્વરે પૂછ્યું.

'ન કહ્યું મેં? આપઘાત કરતી હોય તો મરવા દેવી, વંઠવા માગતી હોય તો રક્ષા કરવી.' એ અવાજમાં જાણે કોઈ ઊર્મિ જ નહોતી; આપઘાતની વાત જાણે એને નજીવી, ધ્યાન ન દેવા જેવી લાગતી હતી. એણે વિશેષમાં ઉમેર્યું, બેશક જરા ધીરેથી -

'એવી તો બેને આ હાથે ફેંસલ કરી નાખી છે. એ પણ કરતાં આવડે છે. આ તો અટાણે સહેજ સમો બદલ્યો. નીકર એમાં શું? પણ તમારો ને મારો મત ન મળે. તમે છો વહુઓના પગ ધોઈ પીનારા નીકર એ કામ કરતાં ય મને ક્યાં નથી આવડતું?'

'ચુપ થા, રાક્ષસ! ચુપ થા! સોમેશ્વરે સાળાનું મૂંડો કરવેલ માથું ઝાલીને, જેમ ઝાડની ડાળીને ઝંઝેડે તેમ હલાવ્યું.'તું શું લવરી કરી રહ્યો છે તેનું કાંઈ ભાન છે?'

'ના, એ તો હું સહેજ કહું છું, એમાં ક્યાં મેં બાંયો ચડાવી નાખી છે! આ તો એમ કે વીરસુતને માટે એ રીતે પણ રસ્તો ઊઘડે ખરો, છોકરો ફરીથી લગન કરી શકે ખરો. પણ એનું નવું લગન એટલે વળી પાછા નવા ગૂંચવાડા ને નવા ધમરોળ. એને એક આંખમાં અમીને બીજીમાં રતાશ બતાવતાં થોડું આવડવાનું છે? સાત જન્મેય આશા રાખવી નહિ ને? માટે જ આંહીં મેં કહ્યો તે રસ્તો ગ્રહણ કરવાની વાત નથી. માટે જ કહું છું કે આપમેળે જીવ કાઢતી હોય તો જુદી વાત છે, બગડતી હોય તો બચાવો. સરવાળે કો દિ' સંધાશે.'

'તો તો તારા મોંમાં સાકર, જ્યેષ્ઠા!' સોમેશ્વર માસ્તર એવી અદાથી બોલ્યા કે કેમ જાણે વહુ પાછી ઘરમાં આવી બેસી ગઈ હોય!

'ને પાછી મારી મતિ તો એમ પણ કહે છે દવેજી! અંધાએ આગળ ચલાવ્યું:'કે આ વાંદરીને -'

'જીભ સંભાળજે હો, જાની!'

'ઠીક લ્યો. આ છોકરીને જો વંઠવું હોત તો તો ક્યારની વંઠી ગઈ હોત; આપણી વાટ શીદ જોવત? પણ વંઠી જવું એમ રસ્તામાં નથી પડ્યું. શક્તિ જોયેં છે ભાઈ! વંઠવામાં ય શક્તિ જોયેં. અમારી જુવાનીના સમામાં અમારા ગામની બામણી રંભડી યે વહુવારૂ હતી, કમળાય વહુવારૂ હતી; બેય એક જ ઘરના બે દીકરા વેરે દીધેલી હતી; પણ જે દુઃખની મારી કમળા કૂવે પડી, એ જ દુઃખની દાઝેલ રંભડી પ્રથમ બાવાને ગઈ, પછી મેરને, તે પછી એક મિંયાણાને, અને અટાણે ઓ ફકીરણ બનીને છેલુશા પીરને તકીએ પચાસ વરસની ફાટલ આંટા મારે જૂનાગઢમાં. હવે એ દુઃખના મરને ડુંગરા ખડકાણા હોય, એક છોકરું થાત ને જો એ રંભડીને, તો ટાઢીબોળ બની બેસી રે'ત. એમ દવે મા'રાજ! આ તમારી વાં - ભૂલ્યો! વહુને પણ જોવે છે ખોળામાં છોકરું. એને બદલે આપણા વીરસુતે દીધો એના હાથમાં એકલો મોટરનો ડાંડો, ને આ ભણેલાંએ ભેળાં થઈને દીધાં એને દેવીનાં પદ. જોવે છોકરું, ને સાંપડ્યાં સભા સભલાં! મેં તો તે દિ'જ નહોતું કહ્યું! ને બાપલા મારા! સભાને લાયક આ ડાચું નોય: ને આ બાઈ ને સૌ મળી સરોજની નૈડુ બનાવે છે તે આંધળા હશે! મોઢું નથી જોતા? ચાલાકી છે કાંઈ? અંબાડ છે તેજના? બોલી શકતી'તી કાંઈ? મોંયેથી જે માખ ન ઉડાડી શકે, એને ચડાવી સરોજની નૈડુને ધાએ. ધાએ જ ચડાવી દીધી છે એને બાપડીને, દવેજી! બધા ભણેલાઓએ ભેળા થઈને તેજ કે વિભૂતિ જોયા ભાળ્યા વગર ધાએ જ ચડાવી દીધી. ને હવે સૌને એનો મોહ ઘટી ગયો. હવે એને જોવે છે ખોળામાં છોકરું. સીધેસીધી, કશા જ વાંકધોંક વગરની વાત છે. આજ તો એને દેવુથી રડશે, પણ પાંચ દા'ડે પાછું એનું હૈયું પેટનું છોકરું માગશે; દોટ દેતી આવશે તારા દીકરા પાસે, મનાવવા જાવું નહિ પડે. એક સાડી ય નહિ માગે.' સોમેશ્વર ડોસા તો આ અંધાની વાત પર સ્તબ્ધ થઈ ગયા; ભમરડો ઊંઘે એમ ઊંઘી ગયા. અંધાએ બોલવાનું પૂરું કર્યું ત્યારે માસ્તરને થયું કે એ વધુ વાતો કરે તો સાંભળતાં થાકું નહિ. ઉપરથી જંગલી ને નિષ્ઠુર ભાસતી આ વર્ણન-છટાની વચ્ચે મઢાઈ ગયેલું કંચન

વહુનું ચિત્ર વધુ ને વધુ કરુણાર્દ્ર, વધુ ને વધુ વાસ્તવિક, વધુ ને વધુ સુંદર બનતું ગયું. આજ પર્યંત એ અપરાધિની લાગતી, આજે એ'ધાએ ચડી ગયેલી', નિરપરાધી દેખાઈ. ને એને ધાએ ચડાવવાની પહેલ કરનારો કોણ? પોતાનો જ પુત્ર!

'ઉતાવળ ન કરવી દવેજી!' માસ્તર જ્યારે ત્યાંથી ઊઠ્યા ત્યારે અંધે ચેતવણી આપી; ચૈત્ર વૈશાખનાં દનૈયાં જેમ જેમ તપે છે ને ભાળ્યું, તેમેતેમ જ મે વધુ વરસે છે. માણસના હૈયાનું પણ એવું જ સમજવું. અમારે જુવાનીમાં વીરસુતની મામી રિસાતી, ત્યારે હું દનૈયાં તપવા દેતો, જો દવેજી! મારા બાપા જ વીરસુતની મામીને એને પિયરે મૂકી આવતા ને પછી દનૈયાં તપવા દેતા; પણ પાછા ઘોડીએ ચડીને વખતોવખત ખબર કાઢી આવતા: ભેંસના દૂધના ખાસા દૂધપેંડા વળાવીને ડબરો દઈ આવતા, એ બધું જ કરતા, પણ તેડી આવવાની વાત કરતા નહિ. સામેથી કહે તો જવાબ વાળે કે'એવી તે શી ઉતાવળ છે! હજુ તો બાપડી નાની છે, ભલેને માવતરના ખોળામાં બે મહિના વિસામો ખાતી!' આખર વીરસુતની મામી પોતે ધૂમટો કાઢી, બહાર રંગ ઊખડેલી ચૂડલિયાળા ને હાથ કાઢી, મારા બાપને હાથ જોડીને પગે લાગીને બોલી કે'બાપુજી! આવવું છે' - આ ત્યારે પછી લઈ આવ્યા. ને એમ પાછી આવેલી વીરસુઅતની મામી ઉમળકાની અટાણે હું શી વાત કરું! કેવી સુખી થઈને રહેતી! પણ મેં ય જો ધાએ ચડાવી હોત તો? તો શું થાત? કોણ જાણે? વિશંભરનાથ જાણે.' અટાણે તો એ આંહીં નથી, ઈશ્વરને ધામ જઈ બેઠી છે, પણ યાદ કરૂં છું ત્યારે સુખના શીળા શેરડા પડે છે, દવેજી! અમે કાંઈ માણ્યું'તું!''ઓ-હો-હો-હો-'

'લે હવે વાયડો થા મા વાયડો, જાની! મારાં સાળાંની જાની માતર વાયલ! એક રેલોય નહિ હોય, ત્યાં સો સાપ જોયાની વાતું કરનારા! ઠેક, પત્યું. જો ત્યારે, હું ઉતાવળ નહિ કરું.'

'તેમ પછા ટાઢાબોળ થઈને ચકલી ઊડી જાવા ય ન દેતા.'

'ડાયો કાંઈ !'

'આવડવું જોયે ભાઈ, દેખાવ કરવો સમતોલ ડાંડીનો, ને જોખી આપવી પાશેર ઓછી ધારણ, એજ ખૂબી છે ને ધંધાની.'

સોમેશ્વરે ચાલ્યા જઈ છાનામાનાં લપાઈને જોયું તો અંધાનાં નેત્રો આકાશ ભણી ઊંચાં થઈને બેઉ લમણે આંસુની દડ દડ ધારો વહાવી રહ્યાં હતાં.

માણસ જેવું માણસ: બગડેલું, સડવા માંડેલું ને ગંધ મારતું, તોયે માણસ: રખડુ ઢોર નહિ પણ રખડુ માણસ : અને પાછું મારા ઘરનું માણસ: અને તેય પાછું બાઈ જેવું બાઈ માણસ: એને હું સાજું નરવું કરીશ.

આવા વિચાર લઈને, બુઢ્ઢા સોમેશ્વર જ્યેષ્ઠારામ સાથે વાતો કર્યા પછીના વળતા સવારે દેવુની ઈસ્પિતાલનાં પગથિયાં ચડતા હતા.

બદબો આવતી હતી. પરૂ પાસનાં ડબલાં લઈ રૂપાળી નર્સોના સ્વચ્છ સુગંધી હાથ પસાર થતા હતા. મરવાની અણી પર સૂતેલાં રોગીઓને ઉપાડી ઝોળીઓ આવતી ને જતી હતી. ચીસો ઊઠતી હતી. રોગી સ્વજનોનાં બિછાનાં પાસે ઊભાં કે બેઠાં આપ્તજનો આંસુડાં પાડતાં હતાં. સુવાવડીઓના વેદના-સ્વરો, અકળ બિમારીમાં પિડાતાં બાળકોના આર્તસ્વરો, અને કેન્સર જેવાં અસાધ્ય દર્દોની વેદનામાં'મારી નાખો! ઝટ મને મારી નાખો ડાકટર!' એવો છુટકારો પોકારતાં બિમારોના હાહાકારો:-

તેની વચ્ચે દાક્તરો અને નર્સોના પ્રસન્ન ચહેરા ચાલ્યા જાય છે: સ્વસ્થતાપૂર્ણ પગલાં મડાયે જાય છે: બગડેલા હાથો ધોવાય છે: નાક મચકોડાતાં નથી: મોં સુગાતાં નથી: ચીડ

ચડતી નથી: બદબો અકળાવતી નથી: અને મરતાંને પણ આશ્વાસનો અપાય છે કે'મટી જશે હો કાકા! હવે તો દર્દ નાબૂદ થઈ જવા આવ્યું છે. ગભરાઓ ના હો કાકા!'.

ડોસો સોમેશ્વર જરાક ફિલસૂફ ખરો ને? એટલે એણે આ દેહના રોગવાળી વાત માનસિક રોગોને તત્કાળ લાગુ પાડી દીધી. પગથિયાં ચઢી રહ્યો તેટલી વારમાં તો એને કોણ જાણે કેવું ય અભિમાન ચડી ગયું કે એની વળેલી કમ્મર ટટ્ટાર થઈ. ને રોજ પોતાની રમૂજ કરનારી નર્સોને એણે આજ સુધી બહુ મન મોં નહોતું દીધું તેના બદલે આજે એ હાથ પગ જોડી પગે લાગ્યો: ને કહ્યું,'હદ કરો છો માતાઓ! તમે પણ અવતાર ધન્ય કરો છો. સડેલાંને સુધારો છો, મૂવેલાંને જિવાડો છો. અને અમે -અમે તો જરાક વહેમ પડ્યો કાંઈક- કાંઈક -થયું કે ભાગી છૂટીએ.'

'The old man seems to have gone crazy, No Lizzy!'એક ખ્રિસ્તી નર્સ, બીજાને કહેવા લાગી. (આ બુઢ્ઢાનું આજે ચક્કર ભમી ગયું છે, નહિ લીઝી?)

'નહિ, No crazy. Bravo to you all!' પોતાના ગામમાં પંદર વર્ષ પૂર્વે અંગ્રેજી પહેલી ચોપડી એ ભણવતા ડોસાએ તેનું કાળ કટાયેલું અંગ્રેજી માંડ માંડ પોતાની મદદે આણીને કહ્યું, અને ધન્યવાદ દર્શાવવા બે હાથના પંજા એ નર્સોના ખભા સુધી લઈ જઈ અડક્યા વગર પાછા ખેંચી લીધા.

'થેન્ક યુ દાદા! એ થાઉઝન્ડ થેંન્ક્સ!' કહેતી નર્સે તો ડોસાના ખભા પર પોતાનો હાથ થાબડી નાખ્યો ને ડોસા'નહિ, નહિ, હાં હાં.' કહેતા દૂર થઈ શકે તે પૂર્વે તો એક બીજી એન્ગ્લોઈન્ડિયન નર્સ ડોસાને'લેટમી કીસ યુ ઓલ્ડ મેન!' કહેતી પાછળ દોડી, - એ વિપત્તિમાંથી આ વૃદ્ધ વિધુર બ્રાહ્મણે પોતાના દેહને મહામહેનતે બચાવી લીધો.

પણ પોતે દેવુના ઓરડા પાસે ગયો કે તરત ખસિયાણો પડ્યો. દ્વારમાં જ ઊભી ઊભી કંચન આ તમાશો જોઈ ચૂકી હતી. એણે મોં ફેરવી લીધું. પણ પથારીમાં પડેલો દેવુ એ મોં પરની દીપ્તિને દેખી ક્ષીણ સ્વરે પૂછતો હતો કે'દાંત કેમ કાઢો છો બા?'

'તોબા બાપ! તોબા આ વાંદરીઓથી તો!' બોલતા બોલતા દાદા દેવુના ખંડમાં આવી પહોંચ્યા; અને પોતાની ખસિયાણી હાલતનો બચાવ કંચન પાસે કરવા માટે એની જીભ થોડાં ફાંફાં મારવા લાગી:'છે કાંઈ સૂગ એને! સૂગાય તો કાંઈ માણસોને જિવાડાય છે બાપુ! ધન્ય છે એની સહનશીલતાને! રંગ છે એના મનની મોકળાશને. ફૂલફટાકીઆ જેવી, પણ કેવી નરકમાં પોતાની જાતને રગદોળે છે!'

પછી તો દાણો દાબી જોવાની શરૂઆત માંડી:'દેવુ! તારી બા બહુ સુકાઈ ગયાં છે. મને કાંઈ આવું ગમતું નથી બાપુ! જુવાનજોધ માણસે સમાર્યે ખાવું પીવું જોઈએ. આવું શરીર કરી નાખીને આંહીં પડ્યાં રહે એનો ઠપકો પાંચ માણસ મને જ આપે ને! એને કોઈ નહિ કહે, કહેશે તો સૌ મને ને, કે તું ઘરડો આખો ઊઠીને પોતાના ઘરના માણસનું શરીર ન સાચવી શક્યો! તુંને શંભુ એ ઘડપણ દીધું છે શા સાટુ, પડ્યા પડ્યા વહુવારૂના હાથની ફળફળતી રસોઈ જ ખાઈ બગાડવા સારુ! તું ઘરડો આખો શું આંધળો હતો, કે દીકરાની વહુના શરીરની સુકવણી થતી'તી તોય જોઈ ન શકયો!'

દાદાના આ શબ્દોની જે રંઘોળી કંચનના ગાલ પર અને આંખોમાં પુરાયે જાતી હતી તે દેવુ પડ્યો પડ્યો નીરખતો રહ્યો. ને દાદા પોતાની પૂત્રવધુના મનોભાવોનું પ્રતિબિમ્બ, દેવુંની પથારીની પાંગતે બેઠા બેઠા, દેવુની આંખોમાંથી જ ઉકેલતા હતા.

દેવુની આંખો કહેતી હતી કે, નવી બા કોણ જાણે શાથી પણ ચમકી ઊઠેલ છે.

ડોસાની આંખો પણ કંચનના દેહ પર દોડી દોડી ચોમેરે તપાસ ચલાવ્યે જાતી હતી, ખૂણે ખાંચરે પણ પ્રવેશીને પાકી ચોકસી કરતી હતી, કંચનની સાડીનું ઝીણું પોત જેટલું જોવા દઈ શકે તેટલું જોઈ લેવામાં ડોસાનું દુન્યવી ડહાપણ લગીરે શરમ લેખતું નહોતું. આંખો એ શરીર પર એક જ સંદેશો વાંચી આવી કે કંચન કશીક ધાસ્તી સેવે છે.

'કહે તારી બાને દેવુ,' ડોસા પોરસવંતા સાદે પડકારી ઊઠ્યા,'કે કંઈ ડર ન રાખે. કોઈના બાપની ઓશિયાળ નથી. આપણે તો આપણા ગામમાં ખાસું મજાનું ખડકીબંધ ખોરડું છે. તે હું ત્યાં તુળસીનું આખું વન ખડું કરી દઈશ. બસ, પછી એ તુળસી માતાની મંજરીઓ ગળાઈને મળનારી હવા - શી વાત કરવી એ હવાની બેટા! મડાં પણ બેઠાં થાય. કોઈ તમને ટુંકારો ન કરી શકે. તુળસી માની રક્ષા હજો તમને, ને શરીર નરવું કરીને પછી તમે તમારે ઠીક પડે ત્યાં રહેજોને!'

કંચનના મુખ ઉપર આ વૃદ્ધને વેણે વેણે કોઈ અકળ કાળી છાયા ઘોળાતી હતી. એ હા કે ના ક્શું કહી શકતી નહોતી.એણે ફક્ત દેવુના મોં સામે જ ગર ટગર નિહાળ્યા કર્યું. દેવુ એને પૂછતો હતો તેનો એ જવાબ આપતી નહોતી. એના મોં પર બાઘામંડળ છવાઈ ગયું. તે દિવસ તો એ જવાબ આપ્યા વગર જ ચાલી ગઈ.

ત્રણ ચાર દિવસો ગયા, ડોસા રોજેરોજ એની એ વાત મૂકે, નિયમિત હાજરી આપતી કંચન એ સાંભળીને મૂંઝવણભર્યા મોંએ બેસી રહે. ન હા કહે, કે ન ના કહે.

પાંચમે દિવસે કંચન ફક્ત એટલું જ બોલી.'એમની રજા લીધી છે?'

'કોની વીરસુતની?' ડોસા હસી પડ્યા:'એમાં એની રજા શા માટે? મારે ઘેર - તમારે પોતાને ઘેર - તમને લઈ જવાં એમાં એની રજા! ના. ના. હું એવો પડી પેપડીનો ખાતલ બાપ નથી. હું કાંઈ એની કમાણી પર નીભતો નથી. ઘણું જીવો મારી સરકાર! તે મને પંદર રૂપિયાનું પેન્શન પૂરે છે. મારા ઘરનો હું મુખત્યાર, એના ઘરનો એ ભલે માલિક રહેતો. પૂછ્યું છે મારા ગામમાં કોઈ બે પગે હાલતલ માણસને, માસ્તર કેવા ગર્વિષ્ઠ માણસ છે? પૂછો તો ખરાં, તમારો સસરો પોતાના ગામમાં કેવો માનતંગી ગણાય છે! અરે આપણે સ્ટેશને ઊતરશું ને, કે તરત જ તમને જણાઈ આવશે, હું મજુરને એક આના વગર ઘા ન કરું! હું બીજા બ્રાહ્મણોની પેઠે મફત ન ઉપડાવું હો વહુ! હું દાગીને દાગીને ફદિયું ચૂકવવાની ધડ ન કરું. હું પેટમાં ભલે કોરું ખાઉં, પણ સ્ટેશનના મજૂરને તો ધડ દઈને દાગીને આનો ફગાવી દઉં. જોજોને તમે, સ્ટેશને સોમેશ્વરદાદાનો સામાન ઉપાડવા પચીસ બાઈઓની પડાપડી થાય છે કે નહિ?'

કંચનને સસરાની આ બાલકવત્ બડાઈખોરી બહુ જ ગમી ગઈ. ડોસો એને વધુને વધુ વહાલો થયો. પોતે પણ એવી જ ગમાર હતી તેથી? કે પોતે એક મા બનવા સર્જાયેલી સ્ત્રી હતી તેથી? પોતાના દેહમાં એવું શું સળવળતું કે જેના કારણે આ વૃદ્ધના બબડાતો એને પ્રિય લાગ્યા.

ડોસાએ ફક્ત એટલું જ જોયું કે કંચનનો દેહ જેમ સસલું કમ્પે તેમ સાડીની અંદર કમ્પતો હતો.

'હું તો કહું છું કે થઈ જાઓ તૈયાર!' ડોસાએ તડાકા ચાલુ રાખ્યા;'દેવુને આંહીંથી રજા મળે કે પરબારા આપણે પહોંચીએ સ્ટેશને. હું તો કહું છું કે એક વાર તમારા આ અડીખમ સસરાનો કેવો છાકો પડે છે તે તો જોઈ જાઓ! મારે કાંઈ દીકરાની સાડીબાર નથી, મને ઓરતો તો એટલો જ છે કે મારા દીકરાની વહુવારૂઓ મારી જાહોજલાલી અને મારી જમાવટ જોઈને આંખો ઠારતી નથી.'

## પ્રકરણ છત્રીસમું: કંચનને હમેલ!

કંચન તે દિવસે પણ ચાલી ગઈ. અને સાંજે જ્યારે ડોસા ઘેર જમવા ગયા, ત્યારે તેણે એક પોલીસ ઓફિસર જેવા દેખાતા મણસને ઘરની બહાર નીકળતો જોયો.

'આ તમારા પિતા કે?' બહાર નીકળતે નીકળતે એણે વીરસુતને પૂછ્યું.

'હા.'

'એમને પણ ચેતાવી રાખજો.'

'વારૂ.'

વીરસુત એને વળાવીને પાછો ફર્યો ત્યારે ડોસાએ હાથપગ ધોઈ કરીને પાછલી પરશાળની બેઠકમાં બેઠ બેઠે પુત્રને વત કરી.

'તેં સાંભળ્યુંને ભાઈ, વહુ હમણાં હમણાં દવાખાને રોજ બે વાર આવે છે.'

'હા!'

'શરીર બહુ નંખાઈ ગયું છે.'

'હશે!'

'મેં કહ્યું કે હવાફેર કરવા દેશમાં ચાલો, તો કહે વીરસુતની રજા જોઈએ.'

'તમારે શા માટે એ વાતમાં ઊતરવું જ જોઈએ?'

'ના-એમ કાંઈ નહિ- મારે તો કંઈ નથી - પણ-નરમ ઘેંસ જેવી થઈ ગઈ છે હો ભાઈ! ને તારો જનમારો આમ એકલપંડે ક્યાં સુધી કપાશે?'

'બાપુજી, એની વાત પર ચોકડી મારો.'

'એકડો મૂકી શકાય એવી મને આશા છે ભાઈ!'

'વધુ વાત નથી કરવી. આંહીં હમણાં જ પોલીસ અમલદાર અવેલો. તેણે શું કહ્યું ખબર છે?'

'શું?'

'ભયાનક! બાપુજી, છેટે રહેજો એ સ્ત્રીથી, નીકર ફસાઈ પડશો.'વીરસુતે પોતાના બે હાથનો ખોબો વાળી મોં પર ઢાંકી દીધો.

'પણ શૂં છે એવડું બધું.'

'એને ઓધાન છે ચાર મહિનાનું. ને એ પડાવવા મથે છે.'

વૃદ્ધનું મસ્તક, ગરદન પર કોઈકે ઝાટકો લગાવ્યો હોય તેમ, છાતીએ ઢળ્યું.

એકાએક આંખો પરથી હાથ ઉઠાવી લઈને વીરસુતે ઊંચે જોયું. એના મોં પર કુટિલ ઉલ્લાસ હતો. એ ઊભો થઈ ગયો. એણે ખીતી પરથી કોટ ઉતારી પહેરવા માંડ્યો. [ ૨૬૧ ]'ક્યાં જવું છે ભાઈ?' પિતાએ ચિંતાભેર પૂછ્યું.

'વકીલ પાસે. હવે મોકો આવી ગયો બાપુજી! મારા છુટકારાની ઘડી આવી પહોંચી. હું એની સાથેના લગ્નબંધનથી હવે કાયદાની મદદ લઈ છૂટો થઈ શકીશ. છુટાછેડાનો કાયદો જે એક જ વાત માગે છે તે મને મળી ગઈ.'

'ઊભો રહે, જરા થોભ. થોડી વાર હેઠો બેસ ભાઈ!'

'શું છે, કહો?'

'આપણે વિચાર કરીએ.'

'વિચાર તો હું એક વર્ષથી કરતો હતો.'

'એક બે દિવસ વધુ વિચાર કરીએ. આનાં પરિણામ વિચારીએ. આમાં કોની જાંઘ ઉઘાડી થાય છે, આપણી પોતાની કે બીજા કોઈની, તે વિચારીએ.'

'સડેલી જાંઘ હરકોઈની હોય, આપણી પોતાની હોય તો પણ ઉઘાડી કર્યે જ આપણું શ્રેય છે.'

'તારી ભૂલ છે ભાઈ! સડેલી જાંઘના ભવાડા ને દેખાડા ન કરાય. એના ઉપચાર એકાંતે અને ગુપ્તપણે જ શોભે.'

'હું આવાં લગ્નોની આખી સંસ્થા પરજ આક્રમણ કરવા માગું છું, બાપુજી! હું મારી જાતને જ દૃષ્ટાંત બનાવીને સૌને ચેતવનાર છું. આ સ્વયંવરની માછલાંજાળ, આ મિત્રધર્મની હરામખોરી, આ મુક્ત જીવનની દાંભિકતા, એ તમામને હું ઊઘાડાં પાડીશ.'

'રહેવા દે ભાઈ, રહેવા દે, એ વીરતા અહીં ઘરની અંદર જ સારી છે. દુનિયા વચાળે જઈને જેવો તું ઊભો રહીશ ને, તેવાં જ તારાં શૌર્ય હેઠાં બેસી જશે. ને મને તું મારી રીતે કામ લેવા દે, તારા જ્યેષ્ટારામ મામાને પણ પૂછી જોવા દે. એ ડાહ્યું માણસ છે; એ માર્ગ દેખાડશે.બાકી બાંધી મૂઠી ઉઘાડી પડી ગઈ, પછી દુનિયા તો ફરી તારી છાતી માથે જ ચડી બેસશે ભાઈ! એક વર્ષ પૂર્વેનો અનુભવ યાદ કર. આપણે જ્યેષ્ટારામને પૂછીને પાણી પીએ.'

પાછલી પરશાળ જમણા પાર્ટીશન પાછળથી એક અવાજ આવ્યો.'ગમ ખાવાની ટેવ નહિ ના! હે-હે-હે-હે-બધી વાતમાં તડ ને ફડ કરવાની જ ટેવ હે-હે-હે-હે.' આ હાસ્યભર્યો સ્વર અંધા દવે જ્યેષ્ટારામ મામાનો હતો.

'ઓ જો બોલ્યો તારો મામો. સાંભળી ગયો લાગે છે. બોલાવું? અલ્યા જાની, જરા આંહીં આવ તો.'

જ્યેષ્ટારામે હળવે પગલે, કશી જ ઉતાવળ વગર ખોટેખોટો હાથ દીવાલે મૂકતે મૂકતે, ને એક બે લથડિયાં ખાતે ખાતે, આવી પહોંચીને નીચે બેસી જઈ, અંધાપાનો વેશ કરતી આંખોના મચકારા મારીને પરભારી એક વાર્તાની જ શરૂઆત કરી દીધી-

'અમારા ગામમાં જુગલકિશોરની દીકરા-વહુને, દીકરો પાંચ વર્ષથી આફ્રિકા ગયેલો, તેની ગેરહાજરીમાં, આ જ રીતે પગલાં આઘાંપાછાં પડી ગયેલાં. પછી મને તેડાવેલો. આવી બાબતમાં આંધળા માણસનું ધ્યાન વધારે પોંચે. મને તેડાવ્યો ફાગણ શુદ પાંચમની રાતે, મારે જે સલાહ દેવી'તી તે દેઈને હું ઘેરે આવ્યો, ને વળતા દિ'ને પરોડિયે તો ભાઈ વીરસુત, તારી મામીને બાયડીઓ તેડવા આવી કે હાલો આભડવા, જુગલકિશોરના દીકરાનૂ વહૂ પાછી થઈ! મેં ઉચ્ચાર્યું કે'શિવ! શિવ! કેવી દૈવગતિ! બાપડીને પૂનમે તો ધણી પાસે આફ્રિકા મોકલવી હતી. પોટુગરાપ પણ લેવરાવી લીધો'તો, ને પાસપોટ પણ કઢાવી વાળ્યો'તો. આમ બોલીને હું પણ જુગલકિશોરને ઘેર જઈ પોકેપોકે રડ્યો'તો. બાઈ બાપડી મારેય નજીકની ભત્રિજી થતી'તી! શું કરીએ ભાઈ! માનવ-દેહ તો રામચંદ્રજીના કાળમાં ય ક્ષણભંગુર

હતો ને! જુગલકિશોરને પકડારીને મેં ઊભો કર્યો'તો તે દા'ડે, કે દીકરા જેવી વહુનું જીવતર ઊજળું હતું તેવું જ હવે તું બાપ ઊઠીને તેનું મૃત્યુ ઉજાળ મૂરખા! ખબરદાર, જો વહુની ચેહ પર છાણું લગાડ્યું છે તો. ઘીએ ને સુખડે બાળવાં છે. અને પુણ્ય કરવામાં પાછું ન જોતો હો જુગલા જાની! આ એમ કહી બે ડબા બાઈની ચિતા પર બળાવ્યા મેં, ને બે ડબા પોલીસ-થાણે પોંચાડ્યા. તેરમાને દા'ડે તો આફ્રિકે બેઠેલ દીકરાનું મોં સરખું ય જોયા વગર પચીસ ઘરનાં શ્રીફળ આવી ઊભાં. આમ. ભાઈને કહું કે રસ્તા તો અનેક છે, સમતાનાં ફળ મીઠાં છે, મૂળ વાત તો આપણા ઘરના માણસને હાથ કરી લેવાની છે. તે પછી આપણા ઘરને ખૂણે આપણે શું કરવું ને શું ન કરવું તે તો આપણા હાથની વાત છે ને! રસ્તા તો અનેક છે- એક જ રાતમાંય માર્ગ નીકળે, ને પંદર વીસ દા'ડાની મુદ્દત પણ નાખી શકાય.'

આટલું વ્યક્તવ્ય, બજારની વસ્તુના ભાવતાલની વાત કરતા વેપારીની ઠાવકાઈથી, એકસામટું પૂરું કરીને જ્યારે જ્યેષ્ટારામ મોંના દાંત ભીડીને હસતો હસતો ઊંચે જોઈ રહ્યો, ત્યારે એનાં ગલોફાંમાં દેખાતા રહ્યાસહ્યા દાંત ભોંયરામાં લપાયેલા ડાકુઓ જેવા ભીષણ ભાસ્યા.

'ઠીક જાની! બહુ થયું! જા ભા જા!' વીરસુતના પિતાએ મૂંગો ઠપકો દઈને સાળાને વળાવ્યો.

'ના રે ના, કાંઈ ફીકર નહિ, એમાં ક્યાં હું દૂબળો પડી જાઉં છું બાપા! ને વળી મેં એક નીદર તો કરી પણ લીધી છે. જરૂર પડે તો બોલાવજો. હું તો નાખોરાં ઘરડતો હોઉં ત્યારેય સાદ સાંભળી શકું છું. બિલાડીનાં પગલાંય મને ભરનીંદરમાં સંભળાય છે. ને કશી ફીકર નહિ. માણસને માણસનું કામ ન પડે ત્યારે કોનું, ઢોરનું પડે? સાદ કરજો તમતમારે. મારી ઊંઘની ચંત્યા કરશો નહિ.કહી રાખું છું.'

'ચાલ ભાઈ ચાલ, તને ઠેકાણે પહોંચાડી જાઉં, નીકર ક્યાંય અથડાઈ પડીશ.'

એમ કહીને સોમેશ્વર સાથે ગયા. પોતાને સ્થાનેપહોંચીને અંધાએ બનેવીને કહ્યું:'નરાતર જૂઠ હો દવે જી! અક્ષરે અક્ષર ગોઠવી કાઢેલો. પણ ભાણાને તો મધ જેવું લાગ્યું હશે ને!'

'જા જા રાક્ષસ! ભણેલા ગણેલા એ તારા ભાણેજમાંથી મનુષ્યત્વ જ નીકળી ગયેલું કલ્પછ?'

'કલ્પતો નથી. એ ભણેલો છે એટલે જાતે હત્યા કરી કે બીજા પાસે કારસ્તાન કરાવી શકતો નથી. પણ એના અંતરમાં તો ખૂન જ વરસતું હશે દવેજી! પૂછો જઈને કરો ખાતરી.'

'પછી?'

'ફકત કોરટે જતો અટકાવો, આપણે વહુને લઈને વતનમાં પહોંચીએ, પછી જોયું જશે.'

'તારી મતલબ શી છે?'

'પુત્રવધૂને પાછી સ્વસ્થાને સ્થપાયેલી જોવાની.'

'પણ આ એનું પાપ?''આ કાંઈ પૃથ્વી ઉપર પહેલું જ પાપ થોડું છે જાનીજી? મનુ મહારાજે સમાજરચના બાંધી તે પછીનું તો એક કરોડને એકમું પાપ હશે. એમાં ય પાછાં ઘણાંખરાં તો બામણવાડા ખાતે જ જમે સમજવાં. વધુ પાપમાંથી બચીએ છીએ તે તો અકસ્માત છે, સંજોગોના ભાવનું પરિણમ છે; સાંજોગો મળે તો તો તારો વીરસુત પણ વિચારવા રોકાય તેમ નથી.'

'શું કહે છે જૂઠાડા?'

'ઠીક કહું છું, દવેજી! મારી આંખોનો ઉજાસ કુદરતને હવાલે કરી મેં ખોટનો વેપાર નથી કર્યો. શંભુએ મને અન્ય પ્રકારે જરૂર કરતાં વધારે ઉજાસ દીધો છે.હું જાણું છું કે, તારી ભદ્રામાં જો જરીકે કચાશ આવી જશે તો તે દિવસે વીરસુત શું કરી બેસશે.'

'શું કહે છે?'

'ચમકવું શીદ પડે છે? મેં કાંઈ દુનિયાને પૂરી જોયા તપાસ્યા વગર આંખ મીંચી હશે! મેં ન કહ્યું તે દા'ડે, કે કંચન વેશ્યાના ગોખે નથી પહોંચી એ જ એની બલિહારી છે! એને હમેલ રહી ગયા એ તો મારા બાપલા! એક કુદરતના ઘરનો અકસ્માત છે. બાકી તો તું ને હું પણ કાંઈ ઓછા ઉતરીએ તેવા નથી.'

'અધમ નહિ તો?

'અધમપણાની તો હું વાત જ કરું છું ને!'

'મુદ્દાની વાત કરને ઝટ ભાઈ! શું કરવું? તું શું ત્યારે એમ ઈચ્છે છે કે વહુને હજુય બચાવવી?'

'જો એ ફરીને સાચેસાચ વહુ બનતી હોય તો.'

'ને વીરસુતનો વિફરાટ ન શમે તો?'

'એટલે એ શું કરે?'

'અદાલતે ચડે.'

'તો આપણે સાહેદી દઈએ.'

'કે?'

'કે આ બાળક બીજા કોઈનું નહિ પણ અમારા વીરસુતનું જ રહ્યું છે.'

'જૂઠી સાહેદી?'

'જગતમાં કશું જ સત્ય છે ખરૂં? આપણે તો વીરસુતને આટલો ડારો જ દેવાનો છે ને?'

'હું પૂછું છું હે જાની! તને કંચન વહુની આટલી દયા કેમ આવે છે?'

'દયા મને કદી આવે એમ તમે મારાં કામો ઉપરથી કલ્પી શકો છો દવેજી?'

'નહિ.'

'તો હાઉં! આ તો બધા બાપા! દિલને બહલાવવાના ખેલ છે. બાકી તો તમને ખબર નહિ હોય દવેજી, પણ એક વાત કરું, પેટમાં રાખજો એમ કહેવાનું કાંઈ કારણ નથી, કેમ કે ઘણા જાણે છે. વીરસુતની મામીને હું પરણી આવ્યોને, તે દા'ડે બાપડીને ત્રણ મહિના ચડેલા હતા. મારા બાપે જ મને કહેલું કે મૂંગો મૂંગો પરણી આવને ભાઈ! બામણીની દીકરીનો આત્મા આશિષ દેશે તો ઘરનાં તુળશી લીલાં રહેશે. આ એમ છે બધી બાબસ્તા. મને કે એને જાણે કોઈએ માર્યાં ઝૂડ્યાં? વગોવ્યાં? ગાળભેળ દીધી? નાતમાંથી તારવ્યાં? ચોળીને ચીકણું તો આપણે જ કરીએ છીએ ને પછી કહીએ છી એ અધધધ...........!

'ઠીક! મૂંગો મરી રે'જે હવે ભાઈ! ને વીરસુત ન માને તો મારી ભેરે રે'વા તૈયાર બેસજે.'

'બીજી કઈ તૈયારી મારે કરવી છે? આંહીં થૂંકું છું તેને બદલે હવે વળી તું લઈ જઈશ તે જગ્યાને બગાડીશ. મારે થોડું ઉપાડવુ છે! મને ક્યાં મૂતરાળાં ગોદડામાં નીંદર નથી આવતી? તૈયાર છું.'

## પ્રકરણ સાડત્રીસમું: અસત્ય એ જ સત્ય

દેવુને દવાખાનું છોડવાના પ્રભાત પૂર્વેની સાંજ આવી પહોંચી. તે દરમ્યાન એ ને કંચનબા બેઉ દોસ્તો જેવાં બની ગયાં હતાં. કંચન પોતાની નોકરી છોડી દઈને દવાખાને જ પડી પાથરી રહેતી હતી. પગથિયે પગ મૂકતાં જ એના ટાંટિયા ધ્રૂજતા, છતાં ત્યાંને ત્યાં જ આવ્યા કરતી. કારણ કે એને જવાનું કોઈ ઠેકાણું નહોતું. ઉપરાંત એને એમ જ લાગ્યા કરતું કે અમુક ચોકસ ચહેરાનો માણસ એ જ્યાં જાય ત્યાં એની પાછળ પાછળ ભમી રહ્યો છે.

સ્નેહીઓનાં ને શુભચિંતકોનાં ઘરોને ઊંબરે એનું જવું અણપવડતું બની ગયું હતું તેનું પણ એક કારણ તો આ જ હતું.જે ઘરમાં એ પેસતી એની સામેના ઓટલા પર, કોઈક ઝાડની છાંયડી નીચે, અથવા સામી સડક પર એનો એ આદમી આંટા દેતો.

જે સ્નેહી કુટુંબો કંચનની શરીરસ્થિતિથી અજાણ હતાં, તેમને કંચનની પાછળ કોઈ મવાલીઓ ભમત લાગ્યા, પણ તેમણે એ માનેલા મવાલીને ઠેકાણે લાવવાની હિંમત બતાવવાને બદલે કંચનનો જ સત્કાર ઓછો કરી નાખ્યો.'આવો!' એટલો બોલ બોલાતો બંધ પડ્યો એ તો ઠીક પણ'તમે છો જાણે નવરાં! એટલે અમે ય શું હાથપગ જોડીને બેઠા રહીએ!' એટલી હદ સુધીનો જાકાર સાંભળ્યો.

જેને પોતે ગાઢ સ્નેહીસંબંધી સમજતી તેવા એક દિલખુશભાઈના કુટુંબમાં જઈને કંચને ધ્રૂસકાં મેલી રડતે રડતે પોતાની સ્થિતિ પ્રગટ કરી.

આ ઘરનાં સ્ત્રી પુરુષ બેઉ શહેરના અનાથ-આશ્રમ સાથે સંબંધ ધરાવતાં હતાં અને તના સમારંભોમાં આવાં ભાષણો પણ કરતાં હતાં કે'માતાએ ગુહનો કીધો હોય, પિતાએ ગુહનો કીધો હોય, પણ નિર્દોષ જે બાળક ગર્ભમાં આવી બેઠું હોય તેનો શો અપરાધ! એવાં બાળકોની ગર્ભધારિણીઓએ તો છાતી કાઢીને પ્રકટ થઈ જવું જોઈએ. એવી સભર્ગાઓને કલંકિત કહી કહી બાળહત્યાને માર્ગે ધકેલવાને બદલે આશ્રય આપી પ્રસવ કરાવવો જોઈએ.' વગેરે વગેરે.

'હું પ્રક્ટ થઈ જવા માગું તો?' કંચને વરવહુનાં ઊતરી ગયેલાં મોં સામે દયામણી આંખે તાકીને પૂછ્યું:

'તે તો તમે જાણો બા! અમે કશી યે સલાહ ન દઈએ!' ઘરધણીએ બેઉ હાથને બની શક્યા તેટલા પહોળાવીને કહી દીધું.

'હું બીજું કશું નથી માગતી.' કંચને ગદ્ગદિત કંઠે કહ્યું,'મને આ પોલીસના છૂપા પહેરામાંથી બચાવો.'

'અમે શી રીતે બચાવીએ!' સ્ત્રી પણ અકળાઈને બોલી ઊઠી:'અમને જ તરત છાંટા ઊડે કે બીજું કંઈ!'

'હું જરા બહાર જઈ આવું.' કહીને દિલખુશભાઈ પોબાર ગણી ગયા. ને સ્ત્રી નાવા ગઈ ત્યાંથી કલાકે પણ પાછી નીકળી નહિ. કંચને ઘર છોડ્યું ત્યારે પાછાં પતિપત્ની મળિને પોતાનું વ્યાવહારિક જ્ઞાન મીંડવવા લાગ્યાં: એ વાતો કંચને બારી પાસે ઊભીને સાંભળી. પતિએ કહ્યું:

'આપણને કંઈ બીજો વાંધો નથી, આપણે કંઈ એને પાપિણી કહેતાં નથી, પણ આપણી સાથેનો જૂનો સંબંધ રહ્યો, એટલે તો આપણે જ ઝપટાઈ જઈએ ને!'

પત્ની બોલી:'અરે, તમે લગાર વધારે રસ લેવા લાગો એટલે સૌ એમ જ માની લેશે કે તમે જ જવાબદાર હશો!'

'બીજા તો ઠીક પણ તું પોતે ય વહેમાઈ પડે ને ક્યાંક! મને કંઈ બીજાનો ડર નથી.'

'બળ્યું! આપણે સ્નેહીસંબંધીઓના પ્રશ્નોથી છેટા જ રહેવું સારું. સેવા કરવી તો અજાણ્યાંની જ કરવી.'

'એ તો મેં પહેલેથી જ એ ધોરણ રાખેલ છે. જે આવે તેને કહી દઉં છું કે હું કશું ના જાણું. તમને સૂઝે તેમ કરો. ઓ રહ્યો અનાથાશ્રમનો રસ્તો. બીજી કશી લપછપ નહિ. ધરમ કરતાં ધાડ થાય બા!'

વાત પૂરી થઈ એટલે કંચને પોતાના દેહને ધકેલી ધકેલી રસ્તે ચાલતો કર્યો.

ધરમ કરતાં ધાડ થાય માટે ધરમ કરવો તો આવડતભેર કરવો, એવા સ્નેહી જનોના સિદ્ધાંતની નક્કર ભૂમિને આશરેથી પાછી વળેલી કંચન દેવુની પાસે જતી, અને દાદા તથા ભદ્રા બેઉ જ્યારે સાંજે ઘેર ચાલ્યાં ગયાં હોય ત્યારે દેવુના બિછાનાને પાછલે ખૂણે બેસીને પોતાની થેલીમાંથી છાનીમાની કંઈક ખાતી. એ વખતનો એનો દેખાવ કોઈ નીંભર, આત્મવિસ્મૃત, જડ ખાઉધરીનો બની જતો. જાણે કોઈ દુકાળિયું! પોતાની પાછળના ખૂણામાંથી દેવુને કોઈ વાર જમરૂખની વાસ આવતી તો કોઈ વાર મૂળાની. કોઈ કોઈ વાર ભજિયાં પણ ફોરતાં. ખાતી કંચનના મોંના ભયાનક બચકારા સંભળાતા.

દેવુને નવી બાના આ વિલક્ષણ સ્વાદોનું કુદરતી રહસ્ય સમજવાને વાર હતી. દાદા કે ભદ્રાબા આવે ત્યારે દેવું છાનોમાનો કહી દેતો કે'કંચન બા બહુ ભૂખ્યાં થતાં લાગે છે.'

ડોસાનું મગજ જ્યેષ્ટારામની સલાહ અને કંચન પ્રત્યેના તિરસ્કારની વચ્ચે ડામાડોળ હતું.એમાં જ્યારે એણે દેવુ પાસેથી આ સમાચાર જાણ્યા ત્યારે એને કાળ પણ ચડી ગયો. આટલી બધી નિર્લજ્જ! આંહીં બેઠી બેઠી આવી ચીજો ચાવે છે! પોતાના આચરણની એને લજ્જા કે સંતાપ પણ નહિ હોય?

પણ એક દિવસ ડોસા કવેળાએ આવી ચડ્યા. કંચન ખૂણામાં પીઠ વાળીને બેઠી બેઠી કશુંક બુચકાવતી હતી, ડોસા સ્તબ્ધ બનીને નિહાળી રહ્યા. એણે જગતની સકળ કરુણતાઓની અવધિ દીઠી. ગર્ભધારિણી યુવતી જાણે કોઈ ચોર, બદમાશ, ડાકણ જોય તેમ ચકળવકળ જોતી જોતી, ફડકો ને ફળ ખાતી ખાતી શું ચાવતી હતી? ગાજર ને મોધરી.

એકાએક એણે ડોસાનો શ્વાસ સાંભળ્યો. ઝબકીને પાછળ ફરી.ડોસાએ સન્મુખ નિહાળી. કંચન સીધી સટ સામે જોતી બેસી રહી.એના ચેરા પર જે શૂન્યતા હતી, જે જડતા ને નિષ્પ્રાણતા હતી, જે મરણિયો ભાવ હતો, તેણે જ ડોસાને પરાસ્ત કર્યો. વૃદ્ધ સોમેશ્વરે તે દિવસ રાતે વીરસુતની ગેરહાજરીમાં ઘર આગળ ભદ્રા વહુને પોતાની નજીક બોલાવીને બનાવટી હાસ્ય છોડતે છોડતે કહ્યું:

'તમે આટલાં ડાહ્યાં, આટલાં સુજાણ, પણ મને તો વાતે ય કરતાં નથી ના?'

'અનસુ!' ભદ્રાએ લાજનો ઘૂમટો આડો રાખીને, દૂર રમતી, પૂરી બોલી ન પણ જાણતી અનસુના ઓઠાને આશરે સસરાને જવાબ વાળ્યો:'પૂછ તો દાદાજીને, શેની વાત?'

'વીરસુત કંચન વહુને આંહી ક્યારેક ક્યારેક બોલાવે છે તેની! બીજા શેની વળી! તમે જ બેઉનાં મનનો મેળ જોડો છો ને મને પાછાં છેતરો છો કે બેટા? હે-હે-હે-હે.'

ભદ્રાને ખબર ન પડી કે સસરાના ઉદ્‌ગારો પાછળ શી મતલબ છે, શું તથ્ય છે, ઠપકો છે કે ધન્યવાદ છે!'

'ના, અહીં તો કોઈ દા'ડો કંચન આવ્યાં નથી.' એણે હેબતાઈને કહ્યું.

'નાદાન છો નાદાન, બેટા!' સસરા પોરસ ચડાવી રહ્યા:'તમે તો ઊંઘણશી છો કુંભકરણની બેન જેવાં! ઠીક, મૂકો હવે એ વાત, ને મન સંકોડ્યા વગર મને વધામણી આપો બચ્ચા!'

'પણ શાની, વધામણી બાપુને પૂછને અનસુ!'

'વહુને મહિના ચડે છે, છુપાવો છો શીદને! એમ મારાથી છુપાવ્યું છૂપશે કે? મારી તો શકરા-બાજની આંખો છે બચ્ચા! તમારે તો ઘણીય દેરાણીને ગાજતે વાજતે ઘેર લાવી કરીને પછી મને કહેવાની ગણતરી હશે, પણ હું કાંઈ ઓછો ખેપાન છું! હું તમારો બાપ: જેવી દીકરી દુત્તી એવો જ બાપ ખેપાન! હે-હે-હે-હે-હવે જુવો જાણે, મારા મનમાં જે છે તે તમને કહી દઉં છું. મારા હૈયામાં એક સજ્જડ વહેમ ગયો છે કે, કંચનની આગલી બે કસુવાવડો આંહીં થઈ ગઈ છે, આ ત્રીજીયે મારે બગડવા નથી દેવી.મને આ ઘરનો વહેમ છે. ગમે તેમ તોય બે ય જણાં અણસમજુ કહેવાય. વીરસુતની ય વિદ્વતા તો થોથાં પૂરતી, કેમ વર્તવું કેમ પાળવું એ એને રેઢિયાળને કાંઈ સૂઝે નહિ. માટે તો હું વહુને ઘરમાં પગ પણ મુકાવ્યા વગર કાલે બારોબાર આપણે ગામ લઈ જવાનો છું. છોકરાને મારા માથે ખિજાવું રિસાવું હોય તો છો ખિજાય, ખવરાવજો બે રોટલીઓ વધારે અહીં રહીને; કંચનનું તો મારે બાકીના પાંચ છ માસ શાસ્ત્રીય પદ્ધતિપૂર્વક જતન કરવું છે. જરૂર પડશે એટલે તમને તાર મૂકીશ. તે પૂર્વે તમારે આવવાનું નથી. મને ફક્ત એને માટે ઓસડીઆં તૈયાર કરવાનો ખરડો ઉતારી દો એટલે હું મારી જાણે બધું કર્યા કરીશ. બાકી તો કહી રાખું છું તમને ને વીરસુતને,કે આવેલી વહુને મારે ખોઈ નાખવી નથી. મારે હજુ દેવુ ને અનસુને વરાવવાં પરણાવવાં છે. મારે આપણી આબરૂ ઉપર થૂકનારી જ્ઞાતિની આંખો અમીથી આંજવી છે. ભલે ને બધા સ્ટેશનથી માંડી દવે-ખડકી સુધી ફાટી આંખે જોઈ રહેતા કે દીકરાની વહુને ક્ષેમકુશળ લઈને આવ્યો છે સોમેશ્વર ડોસો! ભલે સૌ આંખો ઠારતાં. દીકરાની વહુ મશલમાનને ગઈ ને કિરસ્તાનને ગઈ વગેરે ગપ્પાં ઉરાડનારાં આપણાં વાલેશરી બધાં ભલેને ખાતરી કરી લેતાં, કે મારી દીકરાવહુને તો તુલસીમા એ સમા હાથે દીધું છે. ને વંઠે ફીટે તે મારી પૂત્રવધૂ નહિ, કોઈક બીજાની.'

સસરાના વિચિત્ર લપસીંદરે ભદ્રાની જીભ જ તાળવે ચોંટાડી દીધી. ભદ્રાને સસરા પાસેથી પહેલી જ વાર આ સમાચાર લાધ્યા. એની અસર ભદ્રાના અંતર પર જુદા જુદા કૈંક પલટા લગાવી ગઈ. પ્રથમ તો એના કપાળ પર કરચલીઓના લિસોટા પડ્યા. કંચનને વીરસુતને સુમેળ? કોણે કરાવ્યો? ક્યારે? રાતમાં કંચનનો ઘરમાં પવેહ્સ? જોઈ જ કેમ શકે? હું કદી એવી કુંભકરણ-નિદ્રામાં ઘોંટી નથી બૈ! દેર તો એને મકાને નહિ ગયા હોય? ગયા વિના આમ બને પણ કેમ?

બનાવટ? બનાવટ હોય તો સસરા જેવો સસરો કેમ સપડાય? સસરા છેતરાયા હશે? દેરે છેતર્યા હશે? દેરને એવી શી જરૂર? પોતાની આબરૂ ઢાંકવાની?

મારે કંઈ નૈ બૈ! મંછા ભૂત ને શંખા ડાકણ! મારે રાંડી મૂંડીને વળી આ બધી લપાલપ શી? સસરો ઢાંકતા હોય, દેર પણ ઢાંકતા હોય, કંચન પોતે જ ઢાંકતી હોય, તો તારે રાંડને ઉઘેડીને શી કમાઈ કરવી છે મૂઈ! ઉઘાડાં ઢાંકિયે,ઢાંકયાં તે કોઈનાં કાંઈ ઉઘેડાય મૂઈ! ઉઘેડ્યાં કેનાં સુધર્યાં છે જે! ઉઘેડ્યે શી બહાદુરી બળી છે બૈ!

ઘૂમટાની આડશે પટ પટ થતા ભદ્રાની આંખોના પાંપણ-પડદા જોતો ડોસો, પોતે જેમાં ચાલી રહેલ છે તે પાણી કેટલાંક ઊંડાં છે તેનું જાણે માપ લઈ રહ્યો હતો. મનમાં તો ફડક ફડક થતું હતું. પોતે વેશ ભજવતો હતો તેનું ભાન જો આ યુવાન વિધવાને સવળી રીતે થઈ જાય તો તો તરી જવાશે, પણ એ જો અવળી રીતે વિચારશે તો તો પછી ઘરના સુખ સંરક્ષણનો રહ્યો સહ્યો ખૂણો પણ જમીંદોસ્ત થશે તેની પોતાને ખબર હતી.

'એમાં ઉચાટ શા માંડી દીધા તમે, દીકરા!' ડોસાએ વાતને બીજા પાટે ચડાવી:'વીરસુત ધંવાંફૂંવાં થશે તેનો ડર રાખો છો? રાખ્યો રાખ્યે એવો ડર! એ બેવફૂફ તો બધું પરવારી કરીને જ બેઠો હતો. એ તો તમે પાછું છાદ્યું બૂર્યું. એને કયાં સંસારનું ભાન છે? એ થોડો કબૂલ પણ કરવાનો કે જે બન્યું તે બન્યું જ છે! વટમાં ને વટમાં મરડાઈ જશે મરડાઈ! તીન પાંચ કરે તો કહી દેજો એને, કે હવે ઢાંકણ ઢાંકવાની તક જડી છે તો ઢાંકવા દે બાપ! હવે ઉઘાડવું રહેવા દે. અત્યારથી મારા દેવુના અને મારી અનસુના સંસારમાં આગ લગાડ મા. ઢાંક્યે લાભ છે તેટલો ઉઘડ્યે નથી દીકરી ભદ્રા! સાચું કહેજે.'

કડી મળી ગઈ. સસરો ઢાંકવા જ મથી રહેલ છે. ડોસો પોરસના પૂરમાં તરી રહેલ છે!-

'ગામની બજારમાં ઘોડાગાડી કરીને વહુને લઈ જઈશ ત્યારે અદાવતીઓના ડોળા ખેંચાઈને બહાર નહિ નીકળી પડે! વાર ક્યાં છે ઝાઝી, કાલ સાંજે ભલેને આભના તારા જેટલી આંખો કાઢીને ગામ જોવે. મારે મોંએ શું હું શાહી ઢોળીને ગામ સોંસરો નીકળીશ? વાર છે વાર! એક વાર જેણે મને ગામમાંથી નીકળતે ગાળ સંભળાવી છે, તેને ખોંખારો સંભળાવું ત્યારે જ હું ખરો તારો સસરો બચ્ચા! બાકી તો ઢાંક્યામાં જ બધો સાર છે.'

સસરો અને પૂત્રવધૂ, બેઉએ સમજી લીધું કે આખી ઘટના બનાવી કાઢેલી હતી. ભદ્રા સસરાની બનાવટ પામી ગઈ છતાં અજાણી અને અનુમોદન દેનારી બની રહી. સસરો પણ સમજીને જ બેઠો હતો કે વહુ પોતાની બનાવટને પામી ચૂક્યા પછીનો જ આ સભાન તમાશો હતો. જીવનનો આખરી નિષ્કર્ષ જ આ તમાશો હતો. કોઈ કોઈને છેતરતું નહોતું, બન્ને પાઠ ભજવતાં હતાં, ને બન્ને પરસ્પર એ કયો પાઠ ભજવાય છે તે જાણતાં હતાં: પ્રવંચના પોતે જ વસ્તુસ્થિતિ બની રહી. છેતરપીંડી પોતે જ પ્રમણિકતા બની રહી.

## પ્રકરણ આડત્રીસમું:'બામણવાડો છે ભા!'

વળતા દિવસે વીરસુત સૌને વળાવવા સ્ટેશને ગયો, પણ કંચન એના દીઠામાં આવી નહિ. ગાડી રવાના થયા પછી બીજા સ્ટેશને બુઢ્ઢા સોમેશ્વર કંચનને બાજુના ડબામાંથી પોતાના ખાનામાં લઈ આવ્યા.

અમદાવાદમાં ડોસા એ ભદ્રા પાસે બડાઈ તો મારેલી પણ દિવસ છતાં જન્મભૂમિમાં દાખલ થવાની એની હામ ચાલી નહિ તેથી તેણે વચમાં એક જંક્શન પર ઉતરી જઈ,

કંચનને વિશેષ મન-મોકળ કરાવી અને તે પછીની રાતની ગાડી પકડી. રાતને વખતે વતનમાં આવીને ડોસાએ ઘર ઉઘાડ્યું. પરોડ નહોતું પડ્યું ત્યાં એ ઊઠ્યો. ઝાડૂ કાઢવા માટે પોતે સાવરણી હાથમાં લીધી તે કંચને આવીને ઝૂંટવી લઈ વાળવા માંડ્યું.

'તમે વાળવા બેસશો તો પછી દેવુની પાસે કોણ રહેશે ભા?' ડોસાએ બડબડ કરતે કરતે ફાનસ નજીક લટકાવીને એક પટારો ઊઘાડ્યો, ને પટારામાંતી એક પેટી બહાર કાઢી, અને તેમાંથી પણ નાનક્ડી દાબડી કાઢીને કંઈક કાઢ્યું.

'આંહીં અવી જજો ભા જરા!' કહીને એણે કંચનને પાસે તેડાવી, કંચનને લાજ કાઢવાની ટેવ જ મૂળે નહિ હોવાથી એ પટારા પાસે આવીને પીઠ વાળી ઊભી રહી. 'આમ સામે ફરો ભા!' ડોસાએ દુભાયેલા સ્વરે કહ્યું:'હું કોઈ વાઘ દીપડો નથી. ગમે તેવો તોય માણસ છું. આ લ્યો. આ તમારું છે તે સંભાળી લ્યો. આંહીં અડવા રહેવું નહીં પાલવે. માણસો સવારે મળવા આવશે અને પાછાં જઈને કહેશે કે સૂમના પેટનો સસરો પહેર્યા ઓઢ્યા જેવડી વહુને સાધુડી બનાવી ને બેઠો છે.'

કંચને પોતાની સામે સોનાના દાગીનાની ડાબલી મુકાયેલી દીઠી. એને ગમ ન પડી કે ડોસો શું સૂચવે છે. એ તો દિગ્મુઢ બનીને ઊભી. એટલે ડોસા ફરી વાર કરડો સ્વર ધારણ કરીને બોલ્યાઃ-

'આ તમારા દીકરા દેવુનું છે. તમારે એની સાચવણ કરવી જોશે.ને પટારામાં બીજી જે જે ચીજ વસ્તુ હોય તેની પણ નોંધ કરી લ્યો.અજાણ્યાં ને આંધળાં બન્ને બરોબર કહેવાય. પોતાના દીકરાની માલમતા જો મા નહિ સાચવે તો કોને પાડોશીને ભળાવવા જવું પડશે?'

કંચન નીચે બેસીને દાગીના બહાર કાઢી જોવા લાગી. એ જ એ દાગીના, જે પહેરવાની ત્રણ વર્ષ પર ના પાડીને દેવુનું અને ભદ્રાનું મોં તોડી લીધું હતું. તે પછી અમદાવાદના સુશિક્ષિત સ્નેહી મંડળમાં તો સોનારૂપાના દાગીનાને અંગ પર ધરવાના જંગલીવેડાથી એને દૂર રહેવું પડેલું, અને ખોટાં એરિંગો, ખોટી બંગડીઓ વગેરે શણગારો એની અણપૂર લોલૂપતાના ખાડા કદી પૂરી શક્યા નહોતા.આજે આ ઘરેણાં દેખી એનું બાળક જેવું નારીહૃદય નિઃશ્વાસ નાખી ઊઠ્યું. આ દાબડીને કેવી રીતે સાચવવાની છે તેવો પ્રશ્ન કરી ન શકવાથી કંચન એને બંધ કરવા જ ચાળા કરતી હતી.

‘એ તો મને આવડે છે.' ફરી દુભાયેલા સાદનો ડોળ કરીને સસરા બોલ્યા.'ને મને જો ઈશ્વરે બૈરું બનાવ્યો હોત ને, તો હું કાંઈ તમને આ સાચવવા આપવા આવ્યો ન હોત. મારે ય ડોક છે, કાંડાં છે, પગ છે; ને ઓઢવા પેરવાની ઈચ્છા ય શું નહિ હોય અમારે? પણ શું કરીએ? જખ મારીને તમારી જાન આગળ રગરગવા આવવું પડે છે, એ કાંઈ ગમતી વાત નથી.'

તો પણ કંચન નિષ્ક્રિય રહી ત્યારે સસરાએ હાકોટો માર્યો.'કહું છું કે કૃપા કરીને પહેરી લ્યો.'

'ખરો! દવે ખરો!' એવો સાદ કાઢતો એક ઘોઘરો પડઘો ઘરની પાછલી પરશાળેથી પડ્યો, ને પછી તરત'જીભલડી રે તુંને હરિગુણ ગા...આ...તાં' એવું પ્રભાતિયું મંડાયું. એ સ્વર અંધા જ્યેષ્ટારામનો હતો.

દાદાનો ઉગ્ર અવાજ સાંભળીને દેવુ પથારી છોડીને આવી પહોંચ્યો. એને આવેલો જોઈ ડોસાએ કહ્યું:'દેવ, તારી બાને એમ હશે કે તારી મૂઈ માના દાગીના આપી દેવાનો મને શાનો હક્ક! ખરું છે, હું તો હવે આ ઘરમાં બધા જ હક્કો પરવારી બેઠો. મારી તો જાણે કોઈ

ચીજ ઉપર સત્તા જ ન રહી. ખેર ભાઈ, તો પછી તું પહેરાવ તારી બાને, તું વાલો થઈ જા,મારા હાથમાં તો જશની રેખા જ ક્યાં છે!'

'બા-બા-બા-પહેરો તો બા-બહુ સરસ લાગશે હો બા!'દેવુને એની નવી ઉર્મિઓ આવાં ત્રૂટક વેણો જ બોલવા દેતી હતી.

'અત્યારે જ પહેરું? પછી કાલે...'

કંચનના એટલાજ શબ્દો સામે સસરા તડુકી ઊઠ્યા:'હં-હં-એમ કે? બહારથી હમણાં જ આડોશીપાડોશી મળવા દોડ્યાં આવશે તેની સામે તમારે મારી આબરૂના તો કાંકરા જ કરાવવા છે ને! દીકરાની વહુને કાંઈ હું રઝળતી ભટકતી આંહીં હાંકી નથી લાવ્યો બાપ! દીકરાની વહુને કંઈ નધણિયાતા ઢોરની જેમ નથી ક્યાંઈથી હાથ કરી. દીકરાની વહુને તો મોંઘા પાડની તેડી લાવ્યો છું. ને હું તો ભરી આશાએ લઈ આવ્યો છું. મારો દેવુ એકનો એક છે તે દિનરાત જીવ ફફડ્યા કરે છે. હું આખો દિવસ કામધંધા વગર નિરુદ્યમી બનીને બેઠો રહી શકતો નહોતો એટલે તો તમને હું મોંઘાં કરીને તેડી લાવ્યો છું. સરકારનાં પેન્શન તો મારે દાઝ કાઢીને ખાવાં છે બાપા! બેઠા બેઠા વિચારવાયુનો ભોગ થઈ પડીને ઝટ ઝટ મરી નથી જવું મારે, પેલા ત્રિપુરાશંકરની પેઠે. મૂવો બાપડો! પારકાં છોકરાં રમાડી રમાડીને કદી જીવી શક્યો છે કોઈ પેન્શનર, તે ત્રિપુરો જીવે! એની દીકરાવહુનો દેહ કોઈ દા'ડો જવાબ જ ન દઈ શક્યો તો ભોગ એના! એમાં મારો શો દોષ! હું કાંઈ તમને રૂપાળાં જાણીને નથી લાવ્યો, મારે કાંઈ તમારા હાથના ફૂલકા નથી જમવાં, મારે તો પાંચ વરસ પેન્શન ચાવવા થાય તે માટે ખાલી ખોળો ખુંદનારૂં જોતું હતું તેથી જ તમને લાવ્યો છું ભા! આ લ્યો, તમને પેટની વાત ચોખ્ખે ચોખ્ખી કહી દીધી. બીજી એકેય બાબતે મારે તમારી ગરજ નહોતી.'

સસરાના આ શબ્દો પડતા હતા તે દરમ્યાન કંચનનું પ્રત્યેક રોમ ધ્રૂજી રહેલું. પોતાને આંહીં લાવનાર બુઢ્ઢો માણસ પોતાની શારીરિક સ્થિતિ જાણતો નથી તેથી જા ભૂલ કરી રહ્યો છે, અને એ જાણવા પામે તે પહેલાં જ પોતે તો અહીંથી ક્યાંઈક છટકી જનાર છે અથવા તો માર્ગ કાઢી લેનાર છે, એવી ગુપ્ત ગણતરી કરીને જ કંચન સસરા સાથે આવી હતી. માર્ગ નીકળશે કે નહિ તેનો એણે વિચાર જ કર્યો નહોતો. એને તો કેવળ છૂટવું હતું - એક સ્થિતિમાંથી છૂટીને બીજી સ્થિતિમાં દાખલ થઈ જવું હતું. એનું પ્રયાણ કેવળ આંધળું જ હતું. એનો મદાર સસરાના, પોતાની શારીરિક હાલત સંબંધેના અજ્ઞાન ઉપર હતો.એન તો ખાત્રી હતી કે પોતે સગર્ભા છે એવી જો જાણ હોય તો તો સસરો એની છાંય પણ ન લે, અથવા કદાચ ખલાસ પણ કરી નાખે. પણ આ તો સલામતીની જે કલ્પના-ડાળ પર પોતે અવલંબી હતી તે જ ફસકી પડી! અને એનો જીવ ઊડી ગયો. આઠ મહિનાથી પોતે ઘર છોડી ભાગેડુ બની છે એ વાતનું બરાબર જ્ઞાન ધરાવતો સસરો એવી ભ્રમણામાં કદી હોય જ શાનો, કે આ ગર્ભ એના પુત્રથી રહેલ છે! તો પછી આ શી કરામત ચાલી રહી છે! મારા પર હજુ શા શા સંસ્કારો આ અજાણ્યા સ્થાનમાં થવાના હશે!

કંચનના હાથમાં દાબડી થીજી રહી હતી. કંચનને એનાં વિચાર વમળો આડે પૂરું ભાન પણ નહોતું રહ્યું કે દેવુ એ દાબડીમાંથી ચંદનહાર કાઢીને બાને કંઠે પહેરાવતો બેઠો છે. અને ડોસા તો પાછ અપટારાની ચીજો ઊથલાવવામાં રોકાયા હતા. અંદરથી મોતીના વીંઝણા કાઢતા હતા, ભરેલાં તોરણો અને ગાલીચા બહાર ફેંકતા હતા-કહેતા હતા કે'લ્યો ભા! મૂકો ઠેકાણે, પડ્યાં પડ્યાં સડી જશે આ બધાં.'

એમ કહેતો કહેતો ડોસો પાછો ફરીને જોતો હતો કે વહુના ઉપર આ તર્કટની શી અસર થઈ છે. વહુના દેહ પરનો ગભરાટ એણે વાંચી લીધો, એ ગભરાટને મિટાવવાની તક જલદી લેવી જોઈએ એટલે એણે દેવુને'દેવ! તું માંદો માંદો આંહીં ન બેસ. નહિ ખોવાઈ જાય

તારી બા! જા બિછાને જઈ બેસ.' એમ કહી મોકલી આપ્યો અને પછી પટારાની વસ્તુઓ ઠેકાણે પાડતે કહ્યું-

'મારા તો શ્વાસ અધ્ધર ચડી ગયેલા. સારું થયું કે શંકરે મને સન્મતિ આપી કે, તમને ધૂત્કારી કાઢતાં પહેલાં મેં વીર- સુતને પૂછી જોયું. એ બેવકૂફ તો છે જ, પણ આટલો બધો હેવાન! પોતાની વહુ પાસે પોતે આવે જાય, અને અમને જ ભ્રમણામાં રાખે! હેવાન મને કહેતાંય ન લાજ્યો કે'બાપુ, વાત કરતાં મને ભોંઠામણ થતું'તું!' એના ભોંઠામણમાં ને ભોંઠામણમાં મારા તો બાર જ વાગી જાત ને! મારી પૂત્રવધૂને કૂલટા કહી ધુત્કારી કાઢ્યા પછી હું તો સદાય હાથ ઘસતો જ થઈ રહેત ને! મારાથી એને ભોંઠામણ આવ્યું, જોવો તો ખરાં! કલહ કરીને વહુને કાઢી મૂકી ત્યારે ભોંઠામણ નહોતું આવ્યું, કોર્ટે ચડેલો તેનું ભોંઠામણ નહોતું આવ્યું, અને ભોંઠામણ આવ્યું આવી કલ્યાણકારી બાબતનું! કેમ જાણે અમે તમારાં ને તમારાં પેટનાં દુશ્મન હોઈએ. કેમ જાણે મને પાંચ દસની વેજા વળગી ગઈ હોય! અમે જેના સારૂ તલખી તલખીને મરતાં હોઈએ તેના જ માટે અમારાથી દિલચોરી! એ તો ઠીક, પણ તમને હું આંહીં ન લઈ આવત તો એ હેવાનને હાથે હજુયે કોણ જાણે કેવી બરદાસ્ત થાત, અને આગલી બે વાર બની ગયું તેવું જ કાચું કપાત. ભલેને ફૂટે હવે માથું! હું તો ધરાર લઈ આવ્યો!'

કંચન આ બધું સાંભળતી સાંભળતી, એક બાજુ પીઠ વાળીને બેઠી બેઠી હાથમાં ને પગમાં, કાનમાં ને ડોકમાં દાગીના ચડાવતી હતી. ભદ્રાની ચાતુરી એનામાં નહોતી એટલે એણે તો સસરાના કહેવા પરથી સાચું માની લીધું કે આ ગર્ભાધાન માટેની જવાબદારી વીરસુતે પોતાના શિરે ઓઢી લીધી છે. એનો બધો ફફડાટ શમી ગયો. એણે હોંશે હોંશે શણગારો સજી લીધા.

ખાલી દાબડી જોઈને સસરાએ સમજી લીધું અને દૃત્તી નજરે પૂત્રવધૂની સાડીની આરપાર કંઠ સુધીની મુખમુદ્રા નિહાળી લઈ સંતોષ અનુભવ્યો કે દાગીના પહેરાઈ ગયા છે.'ઠીક ભા! ઉપકાર કર્યો મોટો! જાવ હવે.' એણે તોરથી કહ્યું'એઈને લહેરથી કામકાજ કરો, ને મળવા આવે તે બધાને તડાકાબંધ જવાબ દેજો. કોના બાપની મગદૂર છે કે આપણામાં રામ હોય ત્યાં લગી કોઈ એલફેલ વાતો પૂછી શકે! પૂછનારનાં મોઢાં રંગાઈ જાય એવા પાણકા જ ન છોડીએ મોંની ગોફણમાંથી! આ તો બ્રાહ્મણવાડો છે ભા! તાડુકતાં ય શીખવું જોશે. ફૂંફાડો ય મેલી દેનારો તો ફણીધર પણ સૌને ઠેબે ચડ્યો'તો ભા! બમણવાડો છે આ તો બાપા! આપણે જ જો કાચા કાળજાનાં થઈએ તો તો બામણો ઠોલી જ ખાય. આતો બામણવાડો છે ભા!

## પ્રકરણ ઓગણચાલીસમું: કેવો નાદાન પ્રશ્ન!

આઠ જ દિવસ માટે દેવુને માતાજીને પગે લગાડવાની માનતા કરવા જઈએ છીએ, એવું કહીને ગયેલા પિતાનો વીરસુત પર પંદરેક દિવસે કાગળ આવ્યો કે દશેરાનાં નિવેદ પણ ભેગાભેગ પતાવી આવીએ છીએ. દશેરા ગયા. દીવાળી પણ વતનમાં જ ઉજવી, છતાં પિતા અને દેવુ પાછા વળતા નથી.બીજી બાજુ વીરસુત છૂપી રીતે તો કંચનને પણ શહેરમાં ગોતાવી રહ્યો છે. એટલી જ ગંધ આવી કે હમણાં ક્યાંઈક બહારગામ છટકી ગઈ છે.

કોને પૂછે? મિત્રોસ્નેહીઓને પૂછતાં હામ કેમ હાલે? પોલીસમાં તપાસ કરૂં? પેલા બાતમી દઈ જનાર અમલદારને પોતે શોધતો હતો. થોડા દિવસે એ અમલદાર જ આવી ચડ્યો, ને બળાપા કાઢવા લાગ્યો:'આવો આકરો ઠપકો મને ખવરાવવો હતો ને સાહેબ! આપે સારા માણસે ઊઠીને મારી આટલી હદે ઠેકડી કરાવી, ને માર ઉપરીની આંખે ચડાવ્યો!'

'શી બાબત?' વીરસુતની કલ્પના કામ ન કરી શકી.

'આપે મને ચાહીને તપાસ રાખવા ન કહ્યું હોત તો હું આવા કામમાં રસ ન લેત, મારા ધરમના સોગન ખાઈને કહું છું હો સાહેબ, મને આવી બાબતનો શોખ નથી. પણ હું તો ઉલ્લુ બની બેઠો.'

'શાની વાત કરો છો?'

'આપનાં વાઈફની જ તો! બીજા કોની? જે દિવસે એ આંહીંથી આપના ડોસા જોડે આપને ગામ ગયાં......'

'શું કહો છો તમે?'

'હજુ ય મશ્કરી કાં કરો સાહેબ? તે દિવસે તે ટ્રેનમાં જ હું તો ચડ્યો, આપને ગામ પહોંચી આપના પિતાને વળતે દહાડે મળ્યો અને વાત કાઢી ત્યાં તો ડોસા મારી માથે કાંઈ ઉતરી પડ્યા છે! મારા તો માથાના વાળ જાણે ખરી પડ્યા એટલા મને લેતા પડ્યા, કે જોતો નથી, હું મારા ઘેર પહેલા પ્રથમનો અવસર આવે છે તે ઉજવવા અહીં આવેલ છું! હું તો માફ માગી પાછો નહાસી આવ્યો, પણ ડોસાએ ઉપર લખાણ કરી મને એક હાથ લાંબા તુમારીઆનો સરપાવ બંધાવ્યો મારા સાહેબ કનેથી.'

વીરસુતે એ આખી વાત પોલીસે જોડી કાઢેલી પરીકથા લાગી, એના મોં પરની એકેય રેખા પોચી ન પડી. એ કશો જવાબ વાળે તે પહેલાં તો અમલદાર ઊઠ્યો અને બોલ્યો,'રજા લઉં છું સાહેબ, પણ આવી આકરી મશ્કરી કોઈની ના કરશો હું તો જિંદગાનીમાં પહેલી જ વાર ભરાઈ પડ્યો.'

'ભાભી!'એણે જમ્યા બાદ પાછલી પરસાળમાં પાન સોપારી દેવા આવેલી ભદ્રાને પૂછ્યું,'આ સાચી વાત છે? કંચનને બાપુજી ઘેર તેડી ગયેલ છે?'

'હા ભૈ, તુળસીમાએ સંધાં સારાં વાનાં કર્યાં. ભૈ! ઈશ્વરે સામું જોયું.'

'તમે પણ આ તર્કટમાં ભળેલાં છો ભાભી? મને કેમ કોઈ કશી સ્પષ્ટતા કરતાં નથી? આ બધો મેળ અને મેળાપ ક્યારે, કેવી રીતે, ને ક્યાં થઈ ગયો?'

'મને ઘેલી કાં બનાવો છો ભૈ?' ભદ્રાનું તાજું મૂંડાવેલ માથું આ બોલ બોલતી વેળા સહેજ ખુલ્લું પડી ગયું.'બાપુજીએ તો બધી વાત તમારી કનેથી જાણી પછી મને કહી હતી. તમારી છૂપીચોરીનો તો ઊલટો બાપુજીને ધોખો થતો હતો ભૈ!' બોલીને યુવાન ભદ્રા બાજુએ વળી ગઈ.

'કંઈ જ સમજાતું નથી. કોઈ મને સ્પષ્ટ કરીને કહેતું નથી. મારી સામે આ કયું કારસ્તાન રચાઈ રહ્યું છે! હું આ કારસ્તાનને ભેદવા કેની કને જાઉં?"

'કોઈ કારસ્થાન નથી ભૈ! બાપુજી કંઈ અબૂધ છે કે ભોળવાઈ ગયા હોય?' ભદ્રાએ એને એકસરખા સ્વરે સમતાપૂર્વક કહ્યું.

'કઈ બુદ્ધિ કામ કરી રહી છે, તે તો કહો!' વીરસુતના મગજમાં ધમધમાટ હતો.

'એબ ઢાંકવાની બુદ્ધિ ભૈ! માણસ જેવું માણસ ઊઘાડું પડે એથી કોને લાભ ભૈ!'

'માણસ જેવું માણસ? કે સડેલું મુડદું?'

'બાપની બુદ્ધિએ તપાસી જોયું અને જીવતું જાણ્યું. છોને બાપુ ગંદવાડ ધોતા ભૈ! નિર્મળ ને નિરોગી બની શકશે તો સંસારમાં એટલી સુગંધ વધશે ને ભૈ! નરક અને વિષ્ટા તો સૌ રોજ વધારીએ છીએ! એમાં શી નવાઈ છે ભૈ!'

'અને એના પેટનું એ પાપ...'

'એને બાપડાને પાપ કાં કહો ભૈ? જ્ઞાની થઈને કાં ગોથું ખાવ છો બહિ?'

'પૂછું છું કે'બાપ' કોને કહેશે ભાભી?' વીરસુતના દાંત કચડાટી બોલાવતા હતા.

'તમે તમારે ન કહેવા દેજો ભૈ! અમે ય નહિ શીખવીએ. પણ એક વાત પૂછું ભૈ? ખિજાશો નહિ ને બાપા! પાપનું એવું ફળ અસ્ત્રીને બદલે પુરુષને લાગતું હોત તો ક્યાં મૂકી દેત? એ તો ભેળું જ ભેળું. બાપજી તો બે જીવને જીવાડી રહ્યા છે કે બીજું કશું? તમારે ના પોસાય તો ઘરમાં ના લેતા બહિ! પણ ભવાડો કર્યે શો લાભ? તમે જ જગબત્રીશીનો માર ખમી નહિ શકો બાપા! અમને સર્વેને તો તમારા જ જીવની ચિંતા લાગી છે, એથી જ બાપુ ઢાંકવા લાગી પડ્યા છે.'

થંભાવેલા હીંડોળાને ફરી થોડીવાર કિચુડાટે ચડાવીને વીરસુત વિચારે ચડ્યો. પછી એણે પૂછ્યું,'કંચન તમને મળી છે ભાભી?'

'દરરોજ મળતાં - છેલ્લા પંદર દિવસથી.'

'ક્યાં?'

'દવાખાને.'

'તો મને વાત કેમ કહેતાં નથી?'

'પૂછો ત્યારે કહું ને ભૈ? વણપૂછી વાત ક્યાંક ન ગમે તો?'

પછી ભદ્રાએ દેવુને કેવા સંજોગોમાં અકસ્માત થયો ત્યાંથી પ્રારંભ કરીને પૂરી સમજ પાડી. વીરસુતનું હૃદય વિસ્મયના તરંગો પર ડોલી રહ્યું.'તમને લાગે છે ભાભી, કે મારો સંસાર ફરીથી મીઠો થશે?' વીરસુત ફૂણો પડ્યો હતો.

'તુલસી માએ જ મીઠો કરવા ધાર્યો છેને ભૈ! નીકર બાપુજી આટલી આપદા ઊઠાવે કદી! બાપુજીને પેટના પુત્રનો અવતાર બગાડવો થોડો ગમતો હશે! પણ એકલદોકલ કાંઈ આખો અવતાર ખેંચાય છે ભૈ!"

'તમારા જેવી ગુણવાન કોઈ આપણી જ્ઞાતિમાંથી મને ન મળી રહેત, હેં ભાભી?' વીરસુતના આ પ્રશ્ન સામે ભદ્રા નીચે જોઈ ગઈ. ઘણી વારે એણે કહ્યું,'સમો બદલી ગયો છે ભૈ! ને તમે છો ભલા, હદ બેહદ ભલા હો ભૈ!ફરી ફરી આવું ને આવું થાય, તો તમારી દેઈ કંતાઈ જ જાય કે બીજું કંઈ? અસ્ત્રીની જાત જ ન્યારી છે ભૈ, ને એને કેળવવાની કળવકળ કોઈમાં હોય, કોઈમાં ન યે હોય; બધામાં કંઈ થોડી હોય છે ભૈ! ને એ કંઈ શીખવી થોડી શીખાય છે ભૈ? એ તો બપુજી બધું ય સરખું કરી દેશે, તમે શીદ મૂંઝાવ છો? પીડા બધી તો આંખનાં ઝેર છે. ઝેર નીકળી જાય એટલે પછે શું રહે છે ભૈ? મીઠપ જ ને!'

યૌવનનાં દ્વારે જ ઊભેલી ભદ્રા, જેણે પૂર્વે કદી વીરસુત સાથે આટ્લો લાંબો વાર્તાલાપ કર્યો નહોતો, તેણે કેમ જાણે ઈરાદાપૂર્વક જ લાંબા વાર્તાલાપને માટે સુરક્ષાકારી એવું વાર્ધક્ય ધારણ કરી લીધું. બત્રીસે દાડકમળી શા દાંતવાળું એનું એ જ મોં ઘડીભર

બોખું ભાસ્યું.ચકચકિત લાલ ગાલો જાણે કરચલીઓ ઓઢી ગયા. મોટી બે આંખો મનનશીલ બની રહી.

'ત્યારે તમને શું આશા છે ભાભી, કે આ ઘર ફરી વાર વસશે? એનો જીવ અહીં પાછો ઠરીને ઠામ થશે?'

'નહિ કેમ થાય ભૈ? બાપુજી બાજુએ જ છે ને!'

'ને તમે પણ ખરાંને?'

'મારું તો શું ગજું ભૈ! પણ તમે પોતે......'

'કેમ ખચકાયાં?'

'તમને ફાવટ આવી જાય ને ભૈ?'

'શાની ફાવટ?'

'છે તે - પોતાનાં માણસને ઠેકાણાસર રખવાની.....'

વીરસુત ચુપ થઈ ગયો. એને કંઈ સમજ પડતી નહોતી. એ તો માનતો હતો કે સારી ગૃહિણીઓ જ્ઞાતિમાં ને સમાજમાં તૈયાર કેરીઓ જેવી, દાબે નાખીને પકવેલી તૈયાર મળે છે. પુરૂષને સ્ત્રીનો જીવનદોર રસ્તાસર રાખવાને માટે આવડત, કૌશલ્ય, કળવકળ, વ્યવહારજ્ઞાન કે પાટવ જેવું કંઈ જોઈએ છે એવી એને ગમ જ નહોતી. બે શરીરોના સંલગ્ન થવા સાથે જ ઉર અને ઉર્મિની એકતા સંધાઈ જાય છે એવું માની બેઠેલો એ અલ્પજ્ઞ માનવી હતો.મોંમાગ્યાં સાધનોની સહેલી પ્રાપ્તિ અને પતિના પગારની રકમનો પ્રત્યેક માસે અપાઈ જાતો કબજો, એ જ એને મન જાણે કે સ્ત્રીની આત્મીયતા સ્થાપી દેવા માટે પૂરતાં થતાં સાધનો હતાં.

'કહો કહો તો ખરાં મને ભાભી!' વીરસુતે વધુ હિંમત કરી:'ઘરનું માણસ કઈ રીતે રીઝે?'

'જુવો તો ખરા!' એટલું બોલીને, મોં મલકાવીને, ને તે પછી તરત ગંભીર બનીને, બાળક જેવા દેરની દયાએ ઓગળતી ભદ્રા જવાબ વાળ્યા વગર જ ઘરની અંદર ચાલી ગઈ.એની સમજશક્તિ પણ અંધકારે ઘેરાઈ ગઈ. ઘરની સ્ત્રી કેમ કરીને રીઝે?

કેવો નાદાન પ્રશ્ન?

સ્ત્રી પુરુષનો જીવન-પ્રશ્ન શું રંજનનો છે?

એનું મન ગોથાં ખાઈ રહ્યું. એને એનો ત્રણ વર્ષ પર મૂએલો પતિ સાંભર્યો. વીરસુતને મુકાબલે તો અભણ લેખાય એવો પતિ, છતાં આજે એનાં મૃત્યુ પછી ત્રણ વર્ષે, એ જાણે જંગબારની ખેપે ગયો હોય ને પલેપલ પાછા આવવાની વાર હોય એવું કેમ થતું હતું?'આવું છું' એવા શબ્દો પવનમાંથી સંભળાતા હતા. જીવનભર ન આવે તો પણ'આવું છું, બિછાનું પાથરી રાખજે! એ સુરો લોપાશે નહિ.

શા માટે આમ?

એણે શું રિઝાવી હતી મન એ? એણે તો ઘણી વાર લાલ આંખો બતાવેલી. એક વાર કહ્યું હતું કે'લે આ કમાડ ઊઘાડી આપું છું, જા ત્યારે જ્યાં જવું હોય ત્યાં! ને એક વાર મને તમાચો ચોડ્યો હતો. ને યાદ આવે છે મૂઈ! એક વાર તો મેં ય એને ધમકાવીને એક લાપોટ લગાવી દીધી હતી, તોય એ ગરીબડા ગુનેગારની જેમ ગુપચુપ બેસી રહ્યા હતા! પ્રસંગ

શાનો હતો એ? હાં-હાં-યાદ આવ્યું, બાપુજીની પાસે એમણે મારો ચંદનહાર મને પહેરાવવા માગેલો; બાપુજીએ કહેલું કે વીરસુતની વહુની ડોકમાં નાખવા હું કંઈક કરાવી શકું એટલી વાટ જો. હું એ જોગ કરી જ રહ્યો છું. ચાર મહિનાનું પેન્શન આવી રહેશે એટલે પૂરો વેંત થઈ રહેશે. આમ છતાં એમણે બપુજી પાસે હુજ્જત કરી, મને ચંદનહાર લાવી આપ્યો,ને ઉપર જાતે બાપુજીનું મારી પાસે ઘસાતું બોલી પોતાની બડાઈ મારેલી. તે વખતે રાતના બે વાગેલા. યાદ છે મને, તે વખતે મેં એમને બરાબર ખિજાઈને લાપોટ ચોડેલી. ને કેવાં કડવાં વેણ સંભળાવેલાં! ને એણે સવારે ઊઠીને મને બે હાથ જોડીને એવું કાંઈ જ નહોતું કહ્યું એ'તારી વાત સાચી છે, હું ક્ષમા માગું છું.' એણ તો ચંદનહાર જ પાછો બાપુજી પાસે લઈ જઈ બાપુજીને પગે હાથ નાખેલો. પછી એ રાતે મેં એમને કેવા લાડ લડાવેલા! કેવી રસની હેલીમાં ભીંજવેલા! દરિયામાં જેમ મોટો મગરમ્ચ્છ ડૂબકી મારી જાય ને માથે પાછું જાણે કાંઈ બન્યું જ નથી એમ પાણી ફરી વળે, એવું જ થયું'તું અમારા તે દિ'ના સંસારમાં હેં મૂઈ! તે દિ' ફરીથી જાણે આવું આવું થઈ રહ્યો છે. જાણે એનાં જ પગલાં ગાજે છે'આવું છું! આવું છું!' એ અમારું એમ કેમ, ને આ દેરનું આમ શા માટે? કોણ કહી શકે? હું જ એને કહેત - જો મારા શરીર પર સૌભાગ્ય હોત તો: તો તો હું દેરને મારી પાસે બેસારીને અમારા સંસારની ખૂબીઓ સંભળાવત. તો તો હું એને એક પછી એક બધી જ ચાવીઓ -અસ્ત્રીનાં અંતરના તાળાં ઉઘેડવાની- બતાવત. પણ આજે મારા મોમાં વધુ સ્પષ્ટતા શોભે નહિ.આજે તો હું ડરૂં છું બૈ! ડગલે ને પગલે ફફડું છું!

## પ્રકરણ ચાલીસમું: 'શોધ કરું છું'

વળતે દિવસે સોમવારે કોઈક બાઈ માણસનો ટૌકો દ્વારમાં પડ્યો:'કાં, અલી ભદ્રી ઓ! ક્યાં મૂઈ છો તું બાઈ?'

'આ મૂઈ આ, કોણ છે એ ભદ્રીવાળું!'એમ કહેતી રસોડામાંથી બહાર નીકળેલી ભદ્રાએ પરોણાં દીઠાં. ને એ હાથ પહોળાવતી ચોગાનમાં દોડી.

'ઓહોહો! શરશતી બૈજી! રોયાં તમે તે આંહીં ક્યાંથી મૂવાં?'

'ક્યાંથી તે જમપુરીમાંથી તો થોડાં જ તો બૈ!' એમ કહેતી એ જર્જરિત વૃદ્ધા રસોડાને ઓટલે બેસી ગઈ અને હાથના લાંબા લહેકા કરતી બુલંદ સાદ છૂટો મૂકીને છલોછલ છાતીએ બોલવા મંડી:'તું તે મૂઈ ખડકીને શૂનકાર કરી મૂકીને ચાલી ગઈ,ને અમે તો રોજ પીપળા-ઓટે બેસીએ પણ તારા વન્યાની તો જાણે કશી ગમ્મત જ ના આવે. મારું તો કોણ જાણે શું થયું તે મારાથી તો બળ્યું રોઈ જવાતું'તું તારા વન્યા. ઓટો તો ઉજ્જડ મશાણ જેવો બની ગયો, ખડકી યે ખાવા ધાય; તાં તો હમણેં ફરી કંઈ ગમ્મત જામી છે મૂઈ! તે હું તને કહેવા આવ્યા વના ન રહી શકી. તારો સસરો આવ્યા, દેવુ આવ્યો, નાની વહુ પણ આવ્યાં, તુળસી માએ સમા દિ' દેખાડ્યા, ને મારો તો કોઠો ઠરી હીમ થ્યો બા! મલક કંઈની કંઈ વાત કરતું કે મઢ્યમડી વહુ, ને મશલમાનને ગઈ, ને' - ધીમેથી -'છોકરું પડાવ્યું -ને વાતો જ વાતો! પણ એ તો બધું જ તર્કટ. કંચન તો રૂપાળી અમારા જોડે બેસે છે. અમને અક્કેક રૂપિયાનું પગેપરણું કર્યું, ને અમારી જોડે તારી જેમ જ લાંબા હાથ કરી મધરાત લગી એવા તો તડાકા મારે છે બૈ! કે અમે તો હસી હસીને ઢગલો! ને એનું તો ડીલ વળે છે બૈ કંઈ ડીલ વળે છે! કુવાકાંઠે જાય તો ત્યાંયે સાને હસાવે, શિવાલયે આવે તો ત્યાં સઘળા બામણોની અચરજનો પાર નથી રિયો ઃ ડા'પણનો તો ભંડાર છે બૈ! હું ન'તી કહેતી તુંને રાંડી! કે બાપુ,

તારી દેરાણીને કાંઈક નડતર હશે, કાં ગોત્રીજ નડતા હશે ને કાં બેચરા માના દોષમાં આવેલ હશે, બાકી કશો જ વાંધો નહિ હોય. વિજુડી કાકી કૈક સાંધા કરતી'તી ને રાંડ જૂઠી પડી, ને હું રાંડ સાચી પડી કે નહિ? કેવી તો ગામની વાલી થઈ પડી છે તારી નવી દેરાણી! મન તો બીક જ લાગી કે એ બાપડી માથે મારી મૂઈની ક્યાંય ભારે નજર ન પડે! એટલે પછી મને થયું કે એક વાર તારી આગળ આવીને કોઠો ઠાલવી જઉં તો પછી મારી દૃષ્ટિનો ભાર નીકળી જાય. એટલા સારુ જાતે થઈને અહીં મારી ભણેજની ખબર કાઢવાને બા'ને નીકળી આવી. લે હાઉં? હવે મારો આતમો હળવો ફૂલ થઈ ગયો બૈ!'

એવી એવી વાતો કરીને વતનની પડોશણ સગી સરસ્વતી ડોશી જ્યારે'હવે તું જો આવી પોંચે તો તો પીપળાને ઓટે ખરી ગમ્મત જામે ને શેત્રુંજીમાં ગાગડીઓ ભળે - હે - હે - હે' એવા છેલ્લા બોલ લલકારીને ચાલી ગઈ ત્યારે વીરસુત રસોડા બાજુ નીકળ્યો.

ભદ્રાને ખબર હતી કે દેર ઘરમાં જ હતો, ને'શરશતી બૈજી'નો ઘાંટો પણ કોઈ લડાયક દેશના સરમુખત્યારની ઈર્ષ્યા ઊપજાવે તેવો હતો, એટલે દેરે શબ્દે શબ્દ સાંભળ્યો હોવો જ જોઈએ. એટલે ભદ્રા કશું જ ન બોલતાં દેરના જ બોલવાની રાહ જોઈ રહી.'ભાભી,' વીરસુતે કહ્યું:'ત્યારે તો મારી જ મતિ ભીંત ભૂલી ને?'

'કેમ ભૈ?'

'બામણવાડાની દવે-ખડકીને પીપળા ઓટે જેનું સાચું સ્થાન હતું, તેને મેં અમદાવાદની સડક પર મોટરનું સ્ટીઅરીંગ વ્હીલ પકડાવ્યું હતું.'

ચૂલો ફૂંકીને ભદ્રા એ દેર સામે જોયું. એ તાપે તપેલા હેમ સમા ચહેરા પર પ્રસન્ન અનુમોદનનો ભાવ સૂતો હતો.

'તો આપણે પણ હવે ઘેર જશું ભાભી?' વીરસુત્ને અધીરાઈ આવી, પીપળાના ઓટા પર ચાલતી રાત્રિની'ગમ્મત'ની ઈર્ષ્યા આવી, શીવમંદિરના બામણોનું અચરજ પાત્ર થઈ પડેલી કંચન પર મીઠો ગૂસ્સો ચડ્યો.

'હવે બાપુજી લખશે ત્યારે જ જવાશે ને ભૈ! નહિ તો ક્યાંક કાચું કપાશે!'

'સાચું ભાભી!'

એટલું જ કહીને વીરસુત પોતાના ખંડમાં ચાલ્યો ગયો અને ત્યાંથી આખી જિંદગીમાં કદી નહિ ગાયેલ એવી હલકે એણે કંઈક ગાયું - ગાયું કહીએ તો વૈજ્ઞાનિકને અપમાન્યો કહેવાય - એણે કંઈક આરડ્યું; જગતનું એક વિનાપરાધે તિરસ્કૃત થયેલું ચોપગું પ્રાણી આરડે છે તેવી જ રીતે અને તેટલું જ લાગણીભેર. અને એ ચોપગા પ્રાણીની તે વખતની લાગણી હર્ષની હોય છે કે શોકની, તેની તો કોઈને ગમ પડતી નથી, છતાં તેમાં પ્રાણ સમસ્તનું મુક્તકંઠીલું ગર્જન હોય એ. વીરસુતનું ગાન પણ તે પ્રકારનું હતું.

પણ અધીરાઈ અંકુશમાં ન રહી એટલે વીરસુતે ભાભી ન જાણે તેમ ઘેર કાગળ લખ્યો. ટપાલીએ કાગળ પિતાના હાથમાં મૂક્યો. સરનામું'શ્રીમતી કંચનગૌરી' એ નામનું હતું. પિતાએ પત્ર પોતાની પાસે મૂકી રાખ્યો. વીરસુતે ઘણી રાહ જોયા પછી બીજો, ને બીજાનો જવાબ ન આવ્યો એટલે ત્રીજો, એમ ત્રણ કાગળો લખ્યા. અને એ ત્રણે કાગળોને સંઘરી મૂકનાર પિતા પર ચોથો કાગળ ઠપકાનો લખ્યો, કે મારા ત્રણ ત્રણ કાગળનો જવાબ કેમ કોઈ દેતું નથી?

પિતાએ એકાંતે બેસીને લમણે હાથ મૂક્યા. ને પછી એણે હસી લીધું. એણે કાગળનો જ્વાબ વાળ્યો:'ચિ. ભાઈ, તારા ચારે કાગળો મળ્યા છે. પહેલા ત્રણ મેં સાચવી રાખેલ છે.

કેમ કે સરનામાવાળું માણસ હજુ મને પૂરેપૂરૂં મળ્યું નથી. હું એની શોધમાં જ છું. એનો પાકો પત્તો લાગશે અને મને ખાતરી થશે કે કોઈ ભળતું માણસ તારા કાગળોનું ધણી નથી બની બેસતું, મને પાકે પાયે જ્ઞાન થશે કે તારા કાગળનું સાચું માલિક પુરવાર થઈ ચૂકેલ છે, ત્યારે હું વિના સંકોચે એને એ કાગળ સુપરત કરીશ.

'કાગળના એવા સાચા ધણીની ગોતણ કરવામાં હજુ કદાચ એકાદ વર્ષ વીતી જશે. તે દરમિયાન તું ફોગટની લાગણીઓ ન ખરચી નાખે તે ઈચ્છું છું. તને કોઈ તક મળતી હોય ને ભારતવર્ષનાં સારામાં સારાં વિદ્યાલયોમાં, ભવનોમાં, અને વિજ્ઞાનવીરો પાસે આંટો મારી આવ તેને પણ હું ઈષ્ટ ગણીશ. તું તો છેલ્લામાં છેલ્લી ઢબનો વિજ્ઞાનવેત્તા છે, એટલે અનેક વૈજ્ઞાનિક રહસ્યો જાણતો હઈશ.હું તો જૂના જમાનાનો પંતુજી છું એટલે વિજ્ઞાનનાં થોડાં મૂળતત્ત્વો કરતાં વિશેષ ભણ્યો નથી.વીજળી એક મહાશક્તિ છે, પણ એ ક્યારે અજવાળે છે ને ક્યારે બાળી ખાખ કરે છે તેટલી મને ખબર છે. ભાઈ! તારો અલ્પજ્ઞ પિતા આવાં આવાં ચવાયેલાં સત્યોના ચૂંથા ચીતરીને તારી અધતન વિદ્યાનું અપમાન કરે છે એમ ન ગણીશ.

'જેને તેં મિત્રો અને જીવનના પથદર્શકો માનેલા તેમના શાસન તળે તેં તારો સંસાર શ્રદ્ધાપૂર્વક મૂક્યો હતો. આજે જેને તું પિતા માની રહ્યો છે (કેમ કે જીવનમાં બધો જ આધાર માન્યતા પર છે) તેને એક છેલ્લી વારનૂ મિત્રકાર્ય, બંધુકાર્ય, જે કંઈ કહેવાતું હોય તે કરવા દે. વધારે નહિ, એકાદ વર્ષની જ મુદ્દત હું મારા પ્રયોગ માટે માગું છું. તું પ્રવાસે જવાની તક મળે તો લેજે. અમદાવાદમાં જ રહેવું હશે તો એક વર્ષની મુદ્દત માટે કાગળો લખવાની કે મળવાની ઉર્મિ કાબૂમાં રાખવી પડશે.કદાચ એ તને મુશ્કેલ પડે મટે જ લાંબા દેશાટનની ભલામણ કરૂં છું.'

ભદ્રા જોતી હતી કે જમતાં કરતાં દેર કંઈક ને કંઈક છણકા કરતો હતો.પિતાના કાગળે એને માટે પ્રકટ કોઈ ફરિયાદ કરવાની સ્થિતિ રહેવા દીધી નહોતી. ભાભી પણ દેરની આપદાનું કશું કારણ પૂછતી નહોતી. તેથી દેરને ભાભી પર ઘણીયે રીસ ચડી પણ ભદ્રાએ પણ ભદ્રાએ એટલુંય ન પૂછ્યું'કેમ કંઈ તબિયત સારી નથી ભૈ? હેં ભૈ, શું કંઈ થયું છે?'

'હેં ભૈ' કહીને ભાભી જે લહેકાભર આવો સવાલ પૂછશે તે લહેકો પણ વીરસુતે હૈયામાં ઓઠવી રાખ્યો હતો. ભાભીનું મોં એ પ્રશ્ન પૂછતી વેળા જે ભાવોની ચુમકિયાવાળી ભાત ધારણ કરશે તે પણ પોતે કલ્પી રાખેલું; પણ આઠ આઠ દિવસ થયા તોય જ્યારે ભદ્રા મૂંગી મૂંગી પોતાનો રોજિંદો વહેવાર ચલતી રહી, ત્યારે પછી વીરસુત કૉલેજે જતી વખતે'લ્યો ભાભી! વાંચી રાખનો આ બાપુજીનો કાગળ!' એમ કહેતે કહેતે કાગળ ભદ્રા તરફ ફગાવી પોતે ચાલ્યો ગયો.

સાંજે પણ ભદ્રા વગરપૂછી કશું બોલી નહિ. વધુ જુસ્સો સંઘરતો વીરસુત છેવટે પોતે જ પ્રશ્ન કરવાની સ્થિતિમાં મુકાયો:

'બાપુએ મને દેશવટો દીધો છે, જોયું ને?'

'જઈ આવો ભૈ! બાપુ ઠીક લખે છે ભૈ! મન મોકળું થશે.'

'હા જ તો! તમારી મુક્તિ થશે, સૌનો મારાથી છુટકારો થશે.'

'જઈ આવો ભૈ! મને ય એ એક જ મારગ સૂઝે છે. ક્ષેમકુશળ દેશાટન કરી આવો ભૈ! બધાં રૂડાં વાનાં થઈ રહેશે.'

'ને રહીશ તો? તો શું બૂરાં વાનાં થશે?'

વીરસુતના એ દાઝેભર્યા શબ્દોથી ભદ્રા જરીકે ન તપી, ન બોલી. વીરસુતે ફરી પૂછ્યું:

'કહોને શું બૂરાં વાનાં થશે?'

'કહીને શું કરું ભૈ! તમને ક્યાં કોઈનું કહ્યું પોસાય છે?'

એ બોલમાંથી ભદ્રાનિ કંટાળો ખર્યો. વીરસુતે ભયના માર્યા પોતાનો રંગ બદલ્યો;'તમે કહો તે મુજબ કરવા માટે તો હું પૂછું છું.'

'ત્યારે તો જઈ આવો દેશાટને ભૈ!' ભદ્રા પોતાના લાલ લાલ નખનાં પદ્મોમાં પોતાનું પ્રતિબિમ્બ જોતી જોતી એકશ્વાસે એ વાક્ય બોલી ગઈ. એકશ્વાસે એટલા માટે કે એન વાક્ય વચ્ચેથી ત્રૂટી પડવાની બીક લાગી. એ બોલવાના વેગમાં ગુપ્ત વ્યથા હતી. જાણે કોઈ ઘોડાગાડીના વેગના સપાટામાં આવી ગયેલા નાના કુરકુરીઆનું આક્રંદ એ બોલમાંથી સંભળાયું.

'હવે થોડું પૂછી જ લઉ ભાભી! કે આમ શા માટે? મને પ્રવાસે કાઢવાથી શો અર્થ સાધવો છે?'

'ભૈ!' ભદ્રા બોલતાં પહેલાં ખૂબ ખચકાઈ;'સ્ત્રીનો સ્વભાવ જ એવો રહ્યો ને ભૈ! તેમાં કોઈ શું કરે? બાપુજી બીજું શું કરે?'

'સ્ત્રીનો સ્વભાવ! કેવો સ્વભાવ?'

'કંઈ નહિ હવે એ તો ભૈ!કંઈ કહેવા જેવી વાત નથી એ. તમે તમારે જઈ આવો. તુળસીમાના આશિર્વાદ હજો તમને ભૈ!'

એટલું જ કહીને ભદ્રા પાછી વળી ગઈ. ને વીરસુતને યાદ આવ્યું.

પોતાનું વધુ અભ્યાસ માટે બહાર જવાનું પરિયાણ બે વર્ષથી કંચનના ધમરોળને કારણે મુલતવી રહેલું.વીરસુત ભાભીના વારંવાર આગ્રહની અસરમાં મુકાયો. એણે જૂની યોજનાને ખંખેરી કરીને ગતિમાં મૂકી. એને વળાવવા માટે પિતા અમદાવાદ સુધી પણ ન આવ્યા. પણ એણે અમદાવાદ છોડ્યું તે પૂર્વેના પંદર દિવસમાં ડોસાએ ઘરની અંદરનું વાતાવરણ આવડતભેર તૈયાર કરી નાખ્યું હતું. કંચને જ્યારે દેવુની દ્વારા સસરા પાસે પોતાનો વીરસુતને મળવા જવાનો ઈરાદો આડકતરી રીતે જણાવ્યો ત્યારે પિતાએ કહ્યું,'તમે જાણે કે છો કુમળાં હૈયાનાં, ને ત્યાં લાગણીને કાબૂમાં રાખી નહિ શકો. દીકરો પણ અતિ પ્રેમાળ છે.તમારાં આંસુ દેખીને ક્યાંક ફસકી પડશે.હું ય છું પોચા હૈયાનો. જો વિદાયમાં વ્યથા થશે તો એ બાપડો ત્યાં જ ઈ ભણતરમાં મન શે પરોવી શકશે!'

## પ્રકરણ એકતાલીસમું: છૂપી શૂન્યતા

પ્રવાસે જતા દેરને વળામણાં દઈને ભદ્રા યમુના અને અનસુ સાથે કાઠિયાવાડ ચાલી. આટલા મહિનાથી સાચવેલું દેરનું ઘર એને આખી વાટ યાદ આવ્યા કર્યું. પોતે દેરના ઘરનો કયો કયો સામાન ઠેકાણે પાડવામાં ભૂલ કરી હતી, તે ઉપરા ઉપરી યાદ આવવા

લાગ્યું.જે કપડાં એને પોતને કદી પહેરવાનાં નહોતાં, તેની પેટીઓમાં ને કબાટોમાં ડામરની ગોળીઓ નાખવી રહી ગઈ તેથી ભદ્રા પરિતાપ પામી. કંચનને વાપરવા જેવી ચીજો પોતે સાથે લીધી હતી તેમાં પણ અમુક શણગાર ત્યાં ભૂલાઈ ગયા હતા.'મૂઈ રે હું તો હૈયાફૂટી!' એમ બોલીને મનમાં મનમાં બળ્યા કરી.'હૈયું જ કોણ જાણે કેમ ફૂટી ગયું રાંડીનું! દેરનો સામાન પેક કર્યો તેમાં ખમીસનાં બટન મૂકાયાં કે વીસરી ગઈ? દેરનાં બીજી જોડ ચશ્માં બહાર તો નહિ પડ્યાં રહ્યાં હોય! દેરને રસ્તે તાવ માથું કંઈ થાય નહિ અને દેરનું સર્વ પ્રકારે ક્ષેમકુશળ રહે તે માટે તુળસીમાની બાધાનો મેં દોરો કરાવેલો તે તો દેરને આપવાને બદલે મારી પાસે નથી રહી ગયો ને!' સંભારી સંભારીને શંકા પડતાં ભદ્રાએ રેલ ગાડીમાં પોતાની ટ્રંક પીંખી, બીસ્તર ફેંદ્યું, પોતાના કબજાનાં ગજવાં પાંચ વાર ફરી ફરીને, અને છઠ્ઠી વાર અવળાં કરીને તપાસ્યાં. દોરો ક્યાંઈ ન મળે. એક કલાક ખુવાર મળી. સામે બેઠી યમુના દાંત કાઢ્યા કરે પણ એને ગાંડીને ક્યાં ખબર હશે એવું તો હૈયે ક્યાંથી જ ચઢે? છતાં છેવટે ભદ્રાએ અનસુને પૂછ્યું,'અનસુડી તેં તો ક્યાંઈ નો'તો મૂકી દીધોને દોરો? એ પછી યમુનાને પણ પૂછ્યું,'યમુની! તને કંઈ ભાન છે દોરાનું!'

આવી તોછડાઈથી ભદ્રા નાની અનસુને ને ગાંડી યમુનાને કોઈક જ વાર બોલાવતી.એવી તોછડાઈ ભદ્રાના મોંમાંથી નીકળે ત્યારે એમ સમજાય કે અજે ભદ્રાબાની માનસિક અકળામણ્નો કોઈ પાર ન રહ્યો હોવો જોઈએ. આટલી તોછડાઈ સિવાય ભદ્રાના સંતાપને માપવાનું કોઈ પણ ચિહ્ન નજરે પડતું નહિ.

'બોલ તો ખરી ઓ ગાંડી! ઓ જમની!' મૂંગી યમૂનાને ભદ્રા એ એમ કહેતે કહેતે જરી હાથ અડકાડ્યો.

'કેમ મારો છો વળી?'

યમુનાએ ગાડીનો ડબો ગજવવાની તૈયારી કરી હોય તેવી બનાવટ ધારણ કરી. એણે તો એક સપાટે મોં રૅડવા જેવું કરી નાખ્યું.

'બાપુ! મારો દોરો...' ભદ્રા ઢીલી પડી ગઈ.

'મને ગળે ફાંસો દેવો છે શું દોરો લઈને?' યમુના હસવા લાગી.

'શીનો દોરો?'

'વીરસુત ભાઈને કાંઠે બાંધવાનો.'

'તમે એકને જ વાલા હશે કાં ને?

'ના બેન ના,' ભદ્રાની આંખો જળે ભરાવા લાગી;'સાને વાલા છે, માટે તો તુલસીમાની મેં રક્ષા મંતરાવી'તી. હીમખીમ એ પાછા આવે, પાછા આપણે અમદાવાદ રે'વા જઈએ.......'

'આવશે જ તો?"

'દોરા વગર?'

ભદ્રાના હૃદયમાં એવી જ એક છોકરવાદી વહેમજડતા ઘર કરી ગઈ કે પોતે કરવેલો દોરો જો વીરસુતને નહિ પહોંચ્યો હોય તો વીરસુતનૌં ક્ષેમકશળ ખંડિત થયા વિના રહેશે જ નહિ.

' તો તો આવશે જ! લ્યો હું કહું છું કે આવશે.' યમુના વિચિત્ર હર્ષચેષ્ટાઓ કરવા લાગી.

'પણ બેન! તને શું ખબર પડે! મેં જ રાંડીએ એમને દેશાટને જવા કહ્યું. મેં જ મૂઈએ એમને એમના ઘરમાંથી જાકારો દીધો. મેં જ મૂઈએ એમની અને એમના પિતાની વચ્ચે વછા પડાવ્યા, મેં જ એમને કંચનને મેળવી ન આપ્યાં, મારી તે કેવી ગફલતી!'

પછી એની વાણી પ્રકટપણું ત્યજી દઈને હૃદયના નેપથ્યમાં કમ્પવા લાગી. કોઈ બીજાને કાને ન પડવા દેવાય તેવી એ ગુહ્ય વાણી હતી. માનવ- હૃદયનાં, તેમાં પણ સ્ત્રીહૃદયનાં રહસ્યો જે વીણા પર ઝંકાર કરે છે - તે વીણા ઘનઘોર અંધકારની જ બનેલી છે. ચિદાત્માના દરબારને ઊંબરે એ વીણાનો બજવૈયો બેઠો છે. કલ્પના ત્યાં પહોંચી શકી નથી તો કાન ક્યાંથી પહોંચે? ભદ્રાના મનમાં મજુલ મૃદુ કોઈ રવ ઊડતો હતો:'આજે કેમ રડું રડું થ ઈ રહ્યું છે! એ ચીડીઆ, નાદાન, ધડા વગરના દેરનું ઘર ચલાવવા જવાની ભૂલ હું ક્યાં કરી બેઠી? એનું સાન્નિધ્ય મને રાત ને દિવસ ડરામણું ભાસતું તે છતાં આજે કાં એ સન્નિધ્યમાંથી મળેલા છૂટકારાને હું અંતરમાં અનુભવી શકતી નહિ હોઉં! ચિડાતો, અપમાન કરતો, ભય પમાડતો, ભૂલો કાઢતો, ને કદી કદી તો બેહદ અકળાઈને જાકારો પણ બોલતો એ દેર દૂર થતાં મારું આખું જીવન પૂર્વે કદી જ ન અનુભવેલી એવી શૂન્યતાને અવનવી વિકલતા કેમ અનુભવે છે! હે પ્રભુ, હે તુળસીમા, મન આમ કેમ થાય છે? કે જાણે દેરનું પ્રયાણ કોઈ કારણે અટકી પડે. તુલસીમા, મને એટલું બધું કાં થાય કે દેરને કોઈક અકસ્માત નડે તોય સારું!'

'અકસ્માત'ના વિચારે કલ્પનાની આખી પરંપરા ઊભી કરી:'મુંબઈમાં જ રેલગાડી પર જતે જતે કોઈ ટેક્સીમાંથી પછડાય, પછડાય પણ પાછું વાગે બહુ થોડું હો તુલસીમા! થોડું એટલે કેટલું? તે વખતે તો ન જ જઈ શકે તેટલું.એમનો તાર મળે, એ મને તેડાવે, હું મુંબઈ જઈ લઈ આવું પાછા. એના ઘરમાં રહી એને સાજા કરું, પણ પછી તો એન જવાનું જ ન બને તેવું કરી આપું: એને ને કંચનને હું ભેટાડી જ દઉં. પછી તો જવાનું કારણ જ શું રહે? એ જો કહે કે ભાભી! કોઈ રીતે મને દેશવટે મોકલતાં અટકો, તો હું શરત મેલું કે કંચનનો અને એના નાના બાળક સાથે જ સ્વીકાર કરી લો.એ જો હા પાડે તો હું બાપુજીને મનાવી લઉં. પણ પછી કંચન મને ઘરમાં રહેવા દે ખરી? દેર મને જ પૂછી કરીને પાણી પીવે તો કંચનને ઈર્ષ્યા ન આવે? પણ હું દેરને એમ કહું કે મને તમારે કશું ન પૂછવું, બેઉ જણાંએ સમજીને બધું કરવવું કારવવું, તો? તો મને ગમશે ખરું? શા માટે ન ગમે? મારે ને એને શું? હું તો મારી અનસુને ઉછેરીશ, મારા દેવુને મોટો કરીશ, મારા સસરાનું ઘડપણ સંભાળીશ.' એ કરવા તો પોતે પાછી વળી રહી હતી. છતાં દેરનું ઘર પાછળ પાછળ દોડ્યું આવતું હતું, પોતાની પાછળ જાણે કબાટો ને હિંડોળા, રસોડું ને પાણીના નળ હડી કાઢતા હતા. એ બધાંને પાછાં એકઠાં કરીને કોઈક બંગલામાં પૂરી દેતું હતું.'આવતે સ્ટેશને જ દેરનો તાર મળે, કે ભાભી આવજો, મને તાવ ચડ્યો છે......તો?'

તરત દોરો યાદ આવ્યો. દોરો દેરને દેવાનું ભૂલી ગઈ છે પોતે, તેથી શું થાય ને શું ન થાય!'હાશ, દોરો ભુલી ગઈ હોઉં તો તો બહુ સારું; તો તો કશુંક થશે ય તે - પણ થોડુંક જ થજો, હો તુળસીમા!'

દેરના ક્ષેમકુશળની અને પોતાના સ્વાર્થી સુખની, આ બે લાગણીઓ વચ્ચે તોફાન ચાલતાં પોતે પોતાની નબળાઈ અને વિચારહીનતા પર હૈયું ઠેરવ્યું. પોતે આવી આકુલતાના અનુભવ પર નિઃશ્વાસ નાખ્યો, અને જાણે દેવ પોતાના જીવનમાં પહેલી જ વાર કોપ્યો હોય એવો મનોભાવ થતાં ચોબાજુથી ઘેરાઈ ગહ્યેલ કોઈ વિષાદ્‌ગ્રસ્ત ધેનુની માફક અંતરમાં ભાંભરડા દેવા લાગી. રડી પડી. ત્યાં તો યમુના બોલી ઃ

'દીઠાં બહુ ડાયાં! રડવા બેઠાં. તમારો દોરો તો લઈ જઈને હું જ બાંધી આવું છું.'

'ક્યાં?'

'ભાઈને કાંડે.'

સામાન્ય સંજોગોમાં માનબવીને આવા સમાચાર મુક્તિની ને ચકિત આનંદની લાગણી કરાવે, પણ ભદ્રાના સંજોગો ક્યાં સામાન્ય રહ્યા હતા? એને ન ગમ્યું. દોરો તો દેરને કાંડે પહોંચી ગયો હતો, દેરની યાત્રા ક્ષેમકુશળ બનશે. એક વર્ષ સુધી તો દેર પાછા નહિ વળે! સાબરમતી નદી આવી - પુલ ઉપરથી ભદ્રાએ એક શ્રીફળ અને એક ચકચકતો નવો પૈસો નીચે વહી જતાં નીરમાં નાખ્યાં. એને ઘા કરવામાં પૂરી કાળજી હતી. રમતમેદાન પરના કોઈ ખેલાડીએ કદી કોઈ સન્નારી સામે આટલી હળવાશથી રબરના દડાનો'કેચ' નહિ નાખ્યો હોય. નદી એને મન સજીવ સત્ત્વ સમાન હતી.'મા! ભાઈની રખ્યા કરજો!' એવી ટૂંકી પ્રાર્થના એ શફળ અને પૈસાની સાથે સાબરમતીનાં જંપતા જળ ઉપર ઝિલાઈ. પણ એના અંતરના અણવદ્યા બોલ જુદા હતા,'ભાઈને કંઈક, થોડુંક કંઈક કરીને પાછા વાળજો. ભાઈને મેં કંચનથી વછા પડાવ્યા છે. હું અદેખી છું. ભાઈ પાછા અવે તેમાં મારો શો સવારથ છે? સવારથ તો છે જ ને રાંડી! જૂઠું બોલ છ કે? જૂઠું બોલતી હોઉં તો લો ખાતરી કરાવી આપું. ભાઈ જો પાછા આવે તો હું એને મારું મોં ય ન બતાવવા બંધાઉં છું.'

પણ સાબરમતીનો નિષ્પ્રાણ પુલ એવી એવી માનસિક લવારી સાંભળતો પાછળ રહ્યો. ગાડી સાબરમતી સ્ટેશને પહોંચી. યમુના રખે દેખી જાય તેટલા માટે જ ભદ્રા બારી પર મોં દબાવીને બેસી રહી. એની આંખોનાં પાણી વરસાદનાં ટીપાં સાથે મેળ કરીને બારીના પોલાણમાં ઊતરતાં હતાં.

## પ્રકરણ બેતાલીસમું: ભાસ્કરનો ભેટો

એનો ડબો જ્યાં ઊભો રહ્યો તેની સામે જ બે પોલીસની વચ્ચે એક માણસ કેદી વેશ વગર પણ કેદીની દશામાં ઊભો હતો. એ ડબો ઊભો હતો ત્યાં દીવા ઝાંખા હતા. કેદીને લઈને પોલીસે એ જ ડબાનું કે ખાનું રોકી લીધું.

કોઈ નીચે ઊભેલી સ્ત્રી એક બીસ્તર અને કે ખાવાનો ડબો ઊંચો કરીને એ ઊજળાં લાગતાં કપડાંવાળા સંસ્કારી કેદીને કહેતી હતી: (ને એના બોલ પરથી સ્પષ્ટ થતું હતું કે એ બુઢ્ઢી હતી, બોખી પણ હતી;)'લે ભાઈ, બેટા લઈ લે આ પાથરવાનું ને ભાથું.'

'નહિ બા, જરૂર નથી.' કેદી જવાબ વાળતો હસતો હતો.

ભદ્રાને કાને અવાજ અફળાયો. એનાં આંસુ થંભ્યાં. એનું મોં બારીનો ટેકો ત્યજી ઊંચું થયું.

'પણ બેટા, લાંબી મુસાફરી છે. હાડકાં દુઃખશે.' નીચે ઊભેલી બોખલી બુઢ્ઢી કેદીને ફરી ફરી આગ્રહ કરતી હતી.

'જનેતાઓનો આ જ તો ત્રાસ છે ના!' કેદી પોતાના સાથી સિપાહીને કહી રહ્યો હતો;'ભોંયમાં ભંડારી દઈએ, ઊપર પાંચ પચીસ વર્ષોની માટી વાળી દઈએ, તો પણ કોણ જાણે ક્યાંથી ધરતી ફાડીને એ નીકળી પડે છે.'

ભદ્રા પોતાની સામી બાજુના છેવાડા ખાનામાં ચલી રહેલ આ વાર્તાલાપ તરફ વધુ ને વધુ ખેંચાતી ગઈ.એને સ્વર કંઈક પરિચિત લાગ્યો. થોડો ફેર પડ્યો હતો, કંઠમાં દુર્બળતા હતી, પણ બોલવાનો ઠસ્સો બદલાયો નહોતો. કોનો હતો આ કંઠ? સામાન્ય સો સો કંઠથી જુદો પડી રહે તેવો એ ભરેલો હતો.

'લે દીકરા લે,' બિસ્તરનો ભાર ન સહેવાતાં ઘડીક નીચે મૂકતી ને પાછું ઉપાડી ઊંચું કરતી એ બુઢ્ઢીની ગામડિયણ જેવી ભાષા હતી.

'લઈ લોને યાર!' પોલીસ પોતાના કેદીને કહેતો હતો:'એ ડોકરીનો જીવ રાજી રાખો ને! એ દુવા દેશે તો તમે છૂટી જશો.'

'નહિ રે ભાઈ, નથી છૂટવું. છૂટીશ એટલે પછી શું હું આ માની સામે ય જોવાનો છું! એ ક્યાં પડી સડે છે તેની પણ ભાળ લેવા જવાનો છું! જા બા, મારે તારી આશિષો નથી જોઈતી.'

'લે ભાઈ લે...'

'બાઈ માણસનું માન રાખો ને યાર!' પોલીસનું જીગર દુબળું પડતું હતૂ.

'ત્યારે તમને ખબર નથી નાયક.' એ કેદી એ રણકો કરતા સ્વરે કહ્યું:'મેં આખી જુવાની બાઈ માણસોને રાજી રાખ્યા સિવાય બીજું કામ નથી કર્યું. ને હવે પાછો છૂટું તો એ કામ વગરનું બીજું કોઈ કામ મને સૂઝવાનું પણ નથી. પણ એ બાઈઓ આ બાઈથી બધી રીતે જુદી હતી. આ તો બુઢ્ઢી ને બોખલી મા છે. એને હું કદી રાજી રાખી શકું નહિ. એવો દંભ હું ઘડીભર કરું તો આ માને છેતરવા જેવું થાય. ને છેતરવું એ મારા સ્વભાવમાં નથી.' એમ કેતો કહેતો એ તોરમાં ને તોરમાં એક ટૂંકું અંગ્રેજી વાકય બકી ગયો:'To thy own self be finally true.'

'લે ભાઈ લે.' ડોશીનું રટણ ચાલુ જ હતું.

ત્યાં તો ગાડી ઊપડી. એ કેદીની કઠોરતામાં કશો ફેર પડ્યો નહિ. બુઢ્ઢીએ બિસ્તર અને ભાતાનો ડબો લઈ ને ચાલતી ટ્રેન સાથે દોડવા માંડ્યું. દોડતી દોડતી એ કરગરતી હતી:'ઓ ભાઈ! લેતો જા ઓ બેટા, લેતો જા ઓ ભાસ્કરીઆ - ઓ રડ્યા! ઓ દન ફરેલા! ઓ પથ્થર જેવા દીકરા!'

પણ વેગ પકડતી ગાડીના એ ડબાના છેવાડા ખાનામાં બેઠેલો એ કેદી જાણે કોઈ સ્થિતપ્રજ્ઞતાની મૂર્તિ હતો. એણે ગાડીમાંથી ડોકું કાઢીને પાછળ પણ જોયું નહિ. બાજુનાં મુસાફરોમાં જે કટાક્ષયુક્ત ટીકાઓ ચાલુ થઈ તેની પણ કશી અસર એણે મોં પર દેખાડી નહિ. ને વિદ્વત્તાયુક્ત ટીકા ન કરી શકતા પોલીસ નાયકે'અરે શૂં તમે તે યાર! ઈન્સાન છો કે નહિ' એવી જે ગૌરવભરી વાણી ઉચ્ચારી તેનો પણ જવાબ વાળ્યો નહિ. નજર પોતાની સન્મુખ ટેકવીને એ બેસી રહ્યો.મોં છુપાવવાની પણ એણે જરૂર ન માની. એના ચહેરા પર એક જ ભાવ લખાઈ ગયો હતો, કે મેં કશું જ નિંદ્ય કામ કર્યું નથી. મારો આમાં કાંઈ પણ દોષ થયો નથી. હું મારી જાતને વફાદાર એક પ્રામાણિક માણસ છું. હું દલીલો કરવાની જરૂર જોતો નથી.

'લઈ લે રોયા ભાસ્કરીઆ!' એવા એ બુઢીના આક્રંદ-શબ્દો ભદ્રાને કાને પડ્યા કે તરત એ કંઠ પરખાયો. યમુના અને અનસુ બેઉએ ઊંઘવું આદરી દીધેલું તેથી ભદ્રાને એકલીને આ ડબામાં ભાસ્કર હોવાનો તાત્કાલિક તો કશો ભય લાગ્યો નહિ. એકીટશે એ ભાસ્કર સામે જોઈ રહી. પંદરેક દિવસ પૂર્વેની રાતે ભાસ્કર વીરસુતની મોટર પર ચડી બેઠો હતો ને પછી બંગલે આવી જે વાત કહી ગયો હતો તેનું ભદ્રાને સ્મરણ થયું. ભાસ્કર પકડાયો હતો એ

વાત ઘરમાં એને કોઈએ કરી નહોતી. દેરને તો ખબર હોવી જ જોઈએ, પણ વીરસુત ભદ્રા પાસે ભાસ્કરની વધુ વાત કરવા ન ઈચ્છે એ દેખીતું હતું. એ તો ઠીક, પણ અમદાવાદમાં મોટૉ ને મહતવનો ગણાવો જોઈએ તેવો એ બનાવ હતો છતાં અમદાવાદની સંસ્કારપ્રેમી જનતામાંથી કેમ કોઈ કરતાં કોઈ અહીં આ કેદીને કશું આપવા, સાંત્વન દેવા કે વળાવવા હાજર નહોતું? એને કેમ કોઈ જામીન પર છોડાવનારૂં પણ જડ્યું નહોતું? ભદ્રાને ભારી કૂતુહલ થયું. બિસ્તર દેવા આવેલી તે શું ભાસ્કરની મા જ હતી! મા ક્યાંથી આવી ચડી? આને પોલીસ ક્યાં લઈ જાય છે? ભદ્રાનું કૂતુહલ પ્રબલ બન્યું, પણ ભાસ્કર એ છેવાડા ખાનાંમાં ચૂપ હતો.

વચ્ચેનાં ખાનાંમાં મુસાફરોએ આજના જમાના પર પ્રચંડ મીમાંસા માંડી દીધી હતી. આજના જમાનાના દીકરાઓ પર ફિટકાર તૂટી પડ્યો હતો ને માના ઉદરમાં નવ માસ વેઠાતા ભારવાળા મુદ્દા પર એટલો બધો ભાર મુકાઈ રહ્યો હતો કે ભદ્રાને હસવું આવતું હતું. એનં અંતર છાનું છાનું કહેતું હતું કે'નવ માસ ભાર વેઠવાની આટલી બધી નવઈ તે શી છે બૈ! વેઠે એ તો-કૂતરાં ય વેઠે ને બલ્યાડાં ય વેઠે.'

ઉતારૂઓએ જમાનાને નામે બોલીને ભાસ્કરને જેટલી ગાળો દઈ શકાય તેટલી દીધી.ભાસ્કર અબોલ રહ્યો તે પરથી વાતો કરનારાઓએ અટકળ કરી કે આ ઠપકો તેના પર અસર કરી રહ્યો છે. એટલે તો પછી બે પાંચ જણ એની સામે ફરીને'માને તો આમ રાખીએ ને તેમ સાચવીએ' એવી મતલબની શિખામણો આત્મીયજનોની જેમ દેવા મડી પડ્યાં હવે વધુ કહેવું રહેવા દો.' એક બેસારૂએ કહ્યું:'એ બાપડો રડી પડશે. કોને ખબર છે બાપડાને પારકી જણીએ જ બગાડ્યો હશે.'

પછી સૌ પરોપકારી લોકો કર્તવ્ય અદા કર્યાના સંતોષે નીતરતી પહેલી નિદ્રાનાં ઝોલાં ખાવા લાગ્યાં અને પોલીસો તથા ભાસ્કર વચ્ચેનો વાર્તાલાપ ત્રુટક ત્રુટક ભદ્રાને કાને પડવા લાગ્યો.

નાયકે કહ્યું:'બીજું કોઈ તમારો જામીન થવા ના અવ્યું ને આ ડોકરી આવી! એનો જમાન સરકાર શાની કબૂલે?'

સિપાહીએએ કહ્યું:'અરે યાર, ત્રણ દિવસથી એ ડોકરી જેલને દરવાજે પડી હતી.જામીન કેમ આપવો એની કશી ખબર ન પડે, ને એ તો એક જ જીદ લઈને બેઠી કે મારા દીકરાને બદલે મને કેદમાં રાખો.'

'માણસને બદલે માણસને તો કોણ રાખે?' નાયકે કહ્યું:'જમાન તો રૂપિયામાં જ જોવે ને?'

'ડોકરી પાસે કંઈ રૂપિયા રડા કે ઈસ્કામત તો હશે ને! હે માસતર?'

'નહિ રે!'

'કેમ, તમે આવું જબરૂં માણસ, અને માને કંઈ મૂડી નહિ રળી દીધી હોય?'

'એક પૈસો પણ નહિ.'

'ઓ તારીની! એક પૈસો પણ નહિ? તાણે મા ગુજારો કેમ કરતી હતી?'

'દળણાં દળીને.'

'અલ્યા! અલ્યા!' પોલીસે ઉદ્‌ગાર કાઢ્યો.

'તે આ વળી રાજકોટમાં વળી તમે બીજી શી બલા ખડી કરી છે યાર? એ નલિની કોણ છે?' નાયકે પૂછ્યું.

'વકીલની દીકરી છે.' ભાસ્કરે કશા વિલંબ વગર જવાબ આપ્યો.

'એમાં તમે ક્યાંથી સપડાયા?'

'ભણેલી હશે એટલે સપડાવે જ ને? પોલીસે અમર સત્ય ઉચ્ચાર્યું.

'મને કોઈ સપડાવી શકે જ નહિ.' ભાસ્કરે ખુલાસો કર્યો. પણ નાયકે પોતાની ધૂનમાં જ બોલવું ચાલુ રાખ્યું -

'એના માથેના તારા કાગલ પકડાયા એ બહુ બૂરી થઈ યાર! બીજું ચાય તે કરીએ, કાગલ તો ન જ લખીએ. કાગલ જ મોંકાણ કરે છે ને! મોંની હજાર વાતો કરી હોય તોય કહી શકાય, કે સાલો જાણે છે કોણ સુવ્વરનો બચ્ચો! લેકિન કાગલના ટુકડા પર ચીતરામણ કર્યું કે માર્યા ગયા!'

'અરે યાર! નાયક સાબ!' સિપાહીએ કહ્યું:'કાગલ તો કંઈકના દાટ વાલી દે છે. કાગલ લખવા બેઠો ઈસ્કી, એટલે પછી પૂરપાટ ઘોડો મારી મૂકે હો યાર! શરાબ જ પીધો જાણે. અગમનીગમની વાતો અડાવે. દિલની તમામ દાઝ કાઢી નાખે કાગલ ઉપર. આટલા વાસ્તે તો હું ખુદાને દુવા દઉં છું કે આપણી જાત ઓછું ભણે છે એ જ બહેતર છે.'

'એ તો ભૈ, હું બધું જાણું છું. રૂબરૂ મલીને વાતો કરી હોય, તોય મારાં બેટાં સવાર ના પડવા દે, બસ, બેસે કાગલ લખવા. પથારીમાં ગોદડું ઓઢીને લખે, બાથરૂમમાં લખે, આગગાડીને ટ્રોલીમાં બેસીને લખે, લખે લખે ને લખે જ. પોતાના હાથે જ પોતાની વિરુદ્ધનો પુરાવો બાળે! મેં તો એ વા કૈંક કાગલો વાંચ્યા છે આપની હાફીસના છૂપા દફ્તરમાં. કેવા કેવા આબરૂદારો, કેવા કેવા ખાદીવાલાઓ, કેવા કેવા આશરમવાલાઓના કાગલો! અહહહ ખુદા! ઓ ખુદા! તોબાહ!' એમ કહેતે કહેતે નાયકે આંખે હાથ દઈ દીધા:'વાંચીએ તો જીગર કામ ન કરે. આપણે વાંચતાં શરમાઈએ, ને એ બચ્ચાંઓ લખતાં ન લાજે, કેમ ભાસ્કરભાઈ, ખોટું કહું છું? કહેતો હોઉં તો મારૂં મોં ને તમારી ચંપલ!'

ભાસ્કરે ફક્ત મોં મલકાવ્યું.

'યાર પણ તમે પૂરા પક્કા આદમી આ શી બેવકૂફી કરી બેઠા?'

છૂપા પ્રેમપત્રોના વ્યવહાર પર નાયક અને સિપાહીના એ હાસ્ય કટાક્ષોનું નિશાની બની ગયેલો ભાસ્કર કશું જ બોલતો નહોતો, કશા ખુલાસા આપતો નહોતો. એની દૃષ્ટિ ડબાની બહાર ઘાટા બનતા જતા અંધકાર તરફ હતી. પોલીસોએ ફાવે તેવું બોલ્યે રાખ્યું. અને ગ્રામ્ય વિધવામાં ભાગ્યે જ સંભવે એવી હામ બીડીને ભદ્રા પોતાની બેઠકેથી ઊઠીને સામી બારી પર જતી, બહાર ડોકું કાઢતી, ને ધીમે ધીમે એક પછી એક બારી વટાવી ભાસ્કરવાળા ખાનાનાની સામેની (રસ્તા પરની) બારી સુધી પહોંચી હતી તેનું આ ત્રણમાંથી કોઈને ધ્યાન ન રહ્યું.

મોં બતાવ્યા વગર ભદ્રા પીઠ ફેરવીને ઊભી ઊભી પોલીસના તડાકા સાંભળતી હતી અને એ એક પછી એક ચકિત કરનારી વાતોની ભાસ્કરના મોં પર શી અસર થાય છે તે ચપળતાથી મોં ફેરવી જોઈ લેતી હતી. ભાસ્કરના ચહેરા પર અપમાન અને બેઈજ્જતીની નિસ્તેજી હતી, પણ એ નિસ્તેજીમાં ય એક પ્રકારની શોભા હતી. ભાસ્કરનો ચહેરો પૂર્વે જોયેલો ત્યારે ખાડાખબડીઆવાળો, ધામીઆંના દાગોથી ખરડાએલો ને ક્યાંઈક ક્યાંઈક ઊપસી આવેલી નસોથી ડુંગરાટેકરાવાળો દીસેલો. પણ એ રાત્રિએ આગગાડીના ડબામાં

દીઠેલ ચહેરા પર, બોરડીનાં જાળાં ખોદીને કોઈ ખેડૂએ સમથળ કરેલા ખેતરની સપાટી સમી કુમાશ હતી.

ઘડીભર તો ભદ્રાના મનમાં ગડમથલ ચાલી રહી:'આ માણસ પારકી બૈરીઓને ફસાવે એવો છે ખરો? અમારી બૈરીની જાત પણ ઓછી છે કંઈ બઈ?'

વિચાર આવ્યો કે તત્કાળ ભદ્રાએ પડતો મૂકી દીધો. એ વિચારવાટ એને વિકરાળ હીંસ્ર પશુઓથી ભરેલી લાગી. ને એણે પોલીસ નાયકનો નવો ઉદ્ગાર સાંભળ્યો:'ઓરત તો દગલબાજની પૂતળી છે હો માસ્તર! ઓરતનો કદી ઈતબાર ન કરવો.'

ઘીના રેવેલ ડબામાં કસ્ટમના સિપાહી સોયો ઘોંચે તેવી રીતે ભદ્રાના હૃદયમાં એ શબ્દો ઘોંચાયા. પલભર તો એ સંકોડાઈ ગઈ. પછી એણે તરત ભાસ્કરના મન પર એ શબ્દોની અસર નિહાળવા મોં ફેરવ્યું. ભાસ્કરે પણ એ વખત પહેલી જ વાર પોતાનું મોં બહારના અંધકાર તરફથી ફેરવી લીધું.એનો ચહેરો જોનાર કોઈ પણ કહી શકે કે એ મોં ફેરવવાની ક્રિયામાં કોઈ ચગદાતો કીડો દેહ આમળતો હોય તેવી વ્યથા હતી.

ફરેલી આંખોને એ કોનું દર્શન મળ્યું? અમદાવાદની ઓળખીતી આખી આલમ શું કોઈ એક જ નારીનું સ્વરૂપ ધરીને ખડી થઈ છે ઠપકો ને ધિક્કાર દેવા? મેણાંટોણાંને પથ્થરો મારવા? પોલીસની હાંસીમાં શામિલ થવા? કે કંચન અને યમુનાના જીવન-વિનાશ બદલનું કોઈ નવું તહોમતનામું પોલીસ પાસે દાખલ કરવા? ભાસ્કર હેબતાયો. એ ભદ્રા હતી. પણ પૂર્વે વીરસુતને ઘેર દીઠેલી તેવી ભદ્રરૂપિણી સૌમ્યા નહોતી. એની આંખો, પોતાની સમસ્ત શીતળતા સાચવીને પણ પોલીસોની આંખોનાં તળિયાં ઉચકાવી રહી.પોલીસનો પરિચય કે પ્રસંગ એને કદાપિ નહોતો પડ્યો. ઘરની ખડકી એણે અમદાવાદ આવ્યા પછી જ, દેવુના દવાખાને જવા પૂરતી વળોટી હતી. પુરુષ જાતિના એક પણ માણસ જોડે એ ઊંચે અવાજે બોલી નહોતી. એવા સંસ્કારોમાં પોષાએલી ભદ્રાનું હૈયું'કંઈક કહું! કંઈક કહું!' એવા શબ્દોએ ધબકતું ધબકતું, એક ઉચ્ચાર પણ કરી ન શક્યું.

પોતે કંઈ કહી નથી શકતી એ બાબતનો એને મનમાં આત્મતિરસ્કાર આવ્યો. પણ એને વધુ વેદનાની અગ્નિઝાળો વેઠવી ન પડી. એ આશ્ચર્યચકિત બની. ભાસ્કરને એણે સામે હાથ જોડી શિર નમાવતો જોયો.

ભદ્રા શરમીંદી બની. આવું નમન. પોતાનાથી પણ મોટી વયના પુરુષ પાસેથી પામવાનો આ પહેલો જ બનાવ એને ગૂંગળાવી રહ્યો. એની લજ્જાએ એના મૂડેલ મસ્તકને લાલ લાલ કરી મૂક્યું.

'સારું થયું કે તમે અહીં મળી ગયાં.' ભાસ્કરે ભદ્રાને પ્રસ્તાવનાના સંતાપમાંથી બચાવી લેવાની બુદ્ધિથી આમ પરબારી જ શરૂઆત કરી લીધી; ને સ્તબ્ધ બનેલા, બાઘોલા જેવા પોલીસોને વિચાર કરવાનો પણ સમય આપ્યા વગર એણે ભદ્રાને કહેવા માંડ્યું -

'નલિની નામની એક રાજકોટની વિદ્યાર્થિની અમદાવાદમાં મારા રક્ષણ તળે હતી. એના પિતા પણ નલિની પરની મારી દેખરેખ માગતા હતા. એ પરણી તે પછી તેના પતિએ પણ નલિની સાથે મારો સહવાસ ચાલુ રહેવા ઈચ્છા બતાવી હતી.પછી નલિની પતિને ઘેર ગઈ, ત્યાં કંચનને વીરસુતના ઘરમાં બન્યું તેવું નલિનીને બન્યું. મારી એણે કાગળ લખીને સલાહ પૂછી. મેં એને પતિનો ત્યાગ કરવાની સલાહ લખી, પણ પતિ પત્ની વચ્ચે મનામણાં થયા. મનામણાં કરવાની રીત રમૂજી હતી.પતિએ કહ્યું કે નલિની! તું તો નિર્દોષ ને ભોળી નારી છે. તું નિષ્પાપ છે. પણ ભાસ્કરે જ દુષ્ટે તને ફસાવી દીધી. એટલે નલિનીએ સંતુષ્ટ થઈને એના પતિ પાસે મારા કાગળો પ્રકટ કરી દીધા છે. મારા સામે નલિનીને ભગાડી જવાની કોશીશનો કેસ થયો છે. મને ત્યાં લઈ જાય છે. હું તમારા આશીર્વાદ માગું છું.'

'આશીર્વાદ-' ભદ્રાને ગળે થૂંકનો ઘૂંટડો ઊતરી ગયો. એ માંડ બોલી શકી:'આશિર્વાદ શેના ભૈ?' એ'ભૈ' સંબોધનના ઉચ્ચારમાં એનો એ જ થડકાર હતો, એજ રણકો અને કમ્પાયમાન ઝણકાર હતો, જે સગા દેર વીરસુત પ્રત્યેના સંબોધનમાં ગૂંજી ઊઠતાં. ખુદ ભદ્રાએ જ પોતાનો એ બોલ સાંભળ્યો, ને એને પોતાને જ નવાઈ લાગી. વીરસુત સિવાયના કોઈ પ્રત્યે આવો ઝંકાર એના કંઠે કદી કર્યો નહોતો.

'આશિર્વાદ એટલા જ કે મેં જેને મારી સચ્ચાઈ માની છે તેને હું છોડી ન દઉં.'

ભાસ્કરની વાણી ભદ્રાની સમજમાં ઊતરી નહિ.'સચ્ચાઈ' શબ્દ પારકી સ્ત્રીઓના સંસાર ભંગાવનાર પુરુષના મોંમાં વિચિત્ર જણાયો. ઓછામાં પૂરું પેલા બેઉ પોલીસ ખડખડ દાંત કાઢવા લાગ્યા ને દાંત કાઢતે નાયકનો જૂનો દમ ઊખળી પડ્યો. એની ભયાનક ખાંસીનો એ હુમલો પાંચ મિનિટ સુધી ચાલુ રહ્યો, અને કેમ જાણે કોઈ બાકી રહેલા કામની વચ્ચે વિક્ષેપ પડ્યો હોય, એવી ભ્રાંતિથી ભદ્રા ત્યાં થંભી રહી, પણ નાયકનો દમ સહેજ શમતો હતો ત્યાં તો પોલીસે ફરી હસવું શરૂ કરી'દેખ લો નાયકસાબ ઈનકી'સચ્ચઈ!' એમ કહીને નાયકને ફરી વાર બેફામ બનાવ્યો.'એક વાત સાંભળી લો ભૈ નાયક ને ભાઈ કોન્સ્ટેબલ!' ભાસ્કરે શાંત શબ્દોમાં પિછાન દીધી:' આ કોણ છે તે જાણો છો? લો હું તમને જણાવી દઉં, એટલે તમારે કેટલું હસવું તે નક્કી થઈ શકે. આ એ ઓરત છે કે જેના નામની ગંદી વાત કરનાર માંધાતાને મારે મહાવ્યથા કરવી પડી ને આ કેદમાં આવી તમને સૌને તકલીફ આપવી પડી. મારું ચાલે તો હું તમને વધુ તકલીફ દેવા નથી માગતો. તમે ના પાડશો તો હું એની સાથે વાત કરતો અટકી જવા રાજી છું. પણ હું ને એ વાત કરીએ એવી જો તમારી મરજી હોય તો એમની જાતની અદબ પાળવી તમારી ફરજ છે. નહિ તો પછી પછળથી મને એમ કહેવાની વેળા ન લેશો કે અરે યાર, અરે માસ્તર, તમે તે યાર શું બદલી બેઠા ને ધડોધડ બસ અમને લાફા જ લગાવવા લાગી પડ્યા!'

ભાસ્કર સંપૂર્ણ સ્વસ્થતાથી બોલી ગયો. પોલીસો ખસિયાણા પડી સાંભળી રહ્યા. ભાસ્કરની કદાવર કાયા અને લાફાના ધમધમાટા સંભળાવતી એની ટાઢીબોળ વાણી આ બે જણાનો વધુ મશ્કરી કરવાનો ઉત્સાહ ઉતારી નાખવા માટે બસ હતી.

'ના રે યાર! ખુસીસેં કર લો ને બાતાં. અમારી તો માબોન બરાબર છે. બેસો બેન બેસો!' એમ કહીને પોલીસનાયકે ભદ્રાને જગ્યા કરી દીધી.

'બેસશો ઘડીવાર?' સત્તાની વાણીમાં બોલવા ટેવાએલ ભાસ્કરે ભાગ્યે જ આવી કાકલૂદી અન્ય કોઈને કરી હશે.

ભદ્રાએ પોતાની સાડી સંકોડી. એક વાર પોતાના ખાનાં ઊંઘતી યમુના અને અનસુ તરફ જોઈ લીધું, તે પછી એ ત્યાં બેઠી. કદી ન અનુભવેલી સંકોચની ને સંક્ષોભની લાગણી ભાસ્કરે તે વખતે અનુભવી. એણે પોતાની બેઠક પર પોતાનાં કપડાં સંકોડ્યાં. ને કહ્યું,'હું તો કંચનને ઠેકાણે ન પાડી શક્યો. મને લાગે છે કે એ રઝળી રઝળીને પાછી તમારે જ ઘેર આવશે. એને તરછોડશો નહિ."કંચન તો ઘેર ક્યારનાં આવી ગયાં. અમારે ગામ રહે છે મારા સસરા પાસે.' ભદ્રાએ માણસને માર વાગે એવા શબ્દોમાં કહ્યું. શબ્દો તો સાદી વાત કહેનારા હતા, પણ બોલવાનો લહેકો ને બોલતી વેળાનો સીનો ભાસ્કરને ડાંભે તેવાં હતાં.

'તે તો હું અત્યારે જ જાણવા પામું છું. હું જેલમાં હતો ખરોને.'

'ને કંચનગૌરી સભર્ગા છે.' ભદ્રાએ એ કૃત્ય ભાસ્કરનું ગણેલું એટલે આ કોરડો વીંઝવાની તક જતી ન કરી.

'તે તો આનંદના સમાચાર.' ભાસ્કર જે સરલતાથી બોલ્યો તે ભદ્રાને નિષ્પાપ લાગી. ભાસ્કર તો જરીકે થોભ્યા વગર આગળ વધ્યો:'એ બાપડી એટલી અપંગ છે કે બાળકનો ઉછેર પણ કરવો એને વસમો બની જશે. તમે એની સહાયે જ રહેજો.'

ભદ્રા અંદરખાનેથી ચીડે બળી રહી. આ માણસ નફ્ફટ હશે તેથી શું ચમક્યો નહિ હોય? કે નિર્દોષ હશે તેથી?એ તે શું પોતાની બહેન કે દીકરીની ભલામણ કરી રહ્યો છે? ને કેમ જાણે મારા પર એનો અધિકાર પહોંચતો હોય એવી રીતે ભલામણ કરે છે!

'એ ઘેલીને - એ મૂરખીને મારા સમાચાર તમારે આપવા કે ન આપવા એનો મને વિચાર થાય છે.'

ભાસ્કર ધૃષ્ટતાથી બોલતો હતો. પણ કેટલાક લોકોને ધૃષ્ટતા કોઈ ગુણ સમી શોભે છે. નમ્રતા જો તેઓ ધારણ કરે તો તેઓનું સ્વરૂપ ઊલટાનું બિહામણું લાગે. ભાસ્કરની ધૃષ્ટતા ભદ્રાને ગમી.'કંઈ નહિ.' ભાસ્કર બે ઘડી વિચારીને બોલ્યો:'કહેશો નહિ. અને હું જેલમાં પકડાયો ત્યારે એ મને મળવા પણ ન આવી? બેવકૂફ છે બેવકૂફ!'

'દેવી બનાવવી'તીને?' ભદ્રા લાલચોળ થઈને બોલી. પણ બોલ્યા પછી પલમાં જ એ સ્તબ્ધ બની. એનું મન બોલ્યું: આટલી છૂટ આ કોની સાથે? આ બેઆબરૂ, કેદ પકડાએલા, પરસંસારના ભાંગણહાર ભાસ્કર સાથે?

'હું તો હજુ ય થાક્યો નથી.' ભાસ્કરે ભદ્રાનો ટોણો સમજ્યા વગર કહ્યું:'હું તો એનું ઘડતર કરતાં કદી ન થાકત. એ તો એ થાકી ગઈ.'

ભદ્રા ત્યાંથી ઊભી થઈ ગઈ એટલે ભાસ્કરે કહ્યું:'હા, હવે તો તમે સુખેથી જાઓ. હમણાં વીરમગામ આવી પહોંચશે. આપણી બેઉની ગાડીઓ પણ જુદી પડશે. વીરસુતને કહેજો, કે મેં એને મારેલો એનો બદલો લેવા જેવી શરીર-શક્તિ એ જમાવે તો હું ખૂબ ખુશ બનું. એક વાર એ પણ મને મારી મારી લોથ બનાવે એવો દિવસ કાં ન આવે! હે- હે- હે!' એ હસ્યો.

'એ તો ગયા સમુદ્રપાર.' ભદ્રાના મનમાં બાકી રહેલો શબ્દ હતો'તારે પ્રતાપે!' ત્યાં તો ભાસ્કર બોલી ઊઠ્યો:-

'તો તો હું સાચો પડીશ. એ શરીર સુધારીને આવશે, ને હું થોડાં વર્ષોને માટે જીવનપાર જાઉં છું. બહાર નીકળીશ ત્યારે મારૂં શરીર વીરસુતની લાતો અને થપાટો ખાવા જેવું ક્ષીણ તો થઈ જ ગયું હશે એમ કહેજો - અરે લખજો વીરસુતને.'

એટલું કહી એણે ફરીથી વિદાયનું વંદન કર્યું. ઝડપભેર ચાલી ગયેલી ભદ્રાએ યમુનાને અનસુને જગાડી બિસ્તર પાગરણ બાંધતે બાંધતે અંતરમાં ઝણઝણાટી અનુભવી. એ ઝણેણાટ અનુકમ્પાનો હતો, ધિઃકારનો હતો, કે તાજ્જુબીનો હતો? ભદ્રા ન સમજી શકી. એને આવો જીવનપ્રસંગ કદી સાંપડ્યો નહોતો. આ માનવીની વિચિત્રતા પણ વ્યવસ્થિત હતી. આ પુરુષના માનસિક કુમેળમાં પણ કશોક સુમેળ હતો. આ રોગીને રોગ શું કોઠે પડી ગયો હતો? એના જીવનમાં શું કોઈ રસતત્ત્વ ખૂટતું હતું જેને પરિણામે આ રોગ થયો હશે? પાપનો પણ શું પ્રતાપ હોય છે?

રાતના અગિયાર વાગે ગાડી બદલાવતે બદ્લાવતે આ ગામડિયણ વિધવાને ભાસ્કરની સમસ્યાએ વ્યથિત કરી મૂકી અને એની જૂની સ્મૃતિ કડીબંધ જાગી ઊઠી.પોતે અમદાવાદ ગઈ તેના પહેલા જ દિવસની રાતે દેરના નિર્જન ઘરમાં ભાસ્કર ઓવરકોટ લેવા ઘૂસેલો ને પોતે ફફડી ઊઠેલી છતાં ભાસ્કર પગલું ચાતર્યો નહોતો. ફરી પાછો ઘણા મહિને ભાસ્કર સાંજ ટાણે ઘરમાં આવ્યો, યમુનાએ ચીસો પાડી, ભાસ્કર શાંતિથી ચાલ્યો ગયો, તે

પ્રસંગ પણ નજર સામે તરવરી ઊઠ્યો. ભાસ્કરની આંખ બદલી નહોતી. પછી કેદ પકડાવાની રાત્રિએ એણે દેરની મોટરમાં ચડી ઘેર આવવાની ધૃષ્ટતા કરી તે પ્રસંગમાં પણ કોઈ મેલું તત્ત્વ હતું? ને આજે ટ્રેનમાં થયેલો મેળાપ પણ એટલો બધો સ્વચ્છ હતો!

ત્યારે શું આ માનવી ઘાતકી ને પ્રપંચી નહિ? પ્રામાણિકતા આટલાં વિલક્ષણ રૂપો ધારણ કરતી હશે? ને કંચનના સગર્ભાપણાની વાત એણે સાવ સ્વાભાવિક ગણી સ્વીકારી લીધી તે વિચારમાંથી ન ખસી શકે તેવું દૃશ્ય હતું. એ પોતે જો કંચનની આ દશા માટે જવાબદાર હોત, તો ચમકી ન ઊઠત! વીરસુતનો ત્યાગ કરી બેઠેલી કંચન આ દશાને પામે તેનો સીધો જુમ્મેદાર બીજો ગમે તે હો, પણ તેનો મૂળ જવાબદાર તો પોતે જ છે, એ વિચારે પણ એ કેમ ન ચોંકી ઊઠ્યો? કે શું કંચનના ગર્ભાધાનની મુદ્દતનો હિસાબ જ એના મગજમાં નહોતો? શું એ જડતા હશે? કે નિર્દોષતા?

નવી ગાડીમાં ગોઠવાએલી ભદ્રાએ પાછલી રાજકોટ જનાર ગાડીની રાહ જોતા પ્લેટફૉર્મ પર ઊભેલા ભાસ્કર તરફ ધીરીધીરીને બારીમાંથી જોયા કર્યું. ભાસ્કર એના તરફ જોતો નહોતો. એક વાર એ જુએ, જોઈને એક વાર પાછો નજીક આવે, તો હજુ એકાદ માર્મિક પ્રહાર કરી લેવાનું ભદ્રાનું દિલ હતું. ચાલતી ગાડી પરથી ગાળ કે ઠપકો દેવાની અથવા પથ્થર લગાવવાની વૃત્તિ ઘણામાં હોય છે. કેમકે એમાં સલામતી છે. ભદ્રાની અંદરનું ગ્રામ્ય સ્ત્રીત્વ એ તક દેખી સળવળી ઊઠ્યું.પણ ગાડી ભદ્રાને લઈ ચાલી નીકળી.ખેપેખેપે હજારો નિગૂઢ માનવ-સમસ્યાઓના બોજ ખેંચી જતી ગાડીને ભદ્રાનો એકનો આજનો અંતર-બોજ ભારી પડ્યો હોય કે નહિ, પણ ભદ્રાને ગાડીનાં પૈડાં માંડ ફરતાં લાગ્યાં.એણે આખી રાત અજંપો અનુભવ્યો. ભાસ્કર જેવા અજાણ્યા, અન્ય પંથે વળેલા, લગાર પણ નિસબત વગરના માનવીનું આ ચિંતન અકારણ હતું છતાં કેમ એ ચિંતન કોઈ રાત્રિકાળે દીવો બળતાં ઘરમાં ભૂલથી આવી પડેલ ચામાચીડિયાની જેમ આમ તેમ ગોથાં ખાતું હતું!કયા સ્નેહદાવે કે સંબંધદાવે ભાસ્કરે નલિનીના કિસ્સા વિષેનો ખુલાસો મારી પાસે ઠાલવી નાખ્યો? અથવા મારી નજરે ખાનદાન ને નિર્દોષ ઠરવાની આ વૃત્તિ લોખંડ જેવા ભાસ્કરને કેમ થઈ?

રાત્રિનાં હૈયામાં જેટલાં ચાંદરણાં હતાં તેટલા જ નાનકડા ને અલ્પપ્રકાશીત વિચારો ભદ્રાના અંતરને ભરી રહ્યા. એ બધા મળીને જો કે અંતરના તિમિરપટને અજવાળી ન શક્યા, તો પણ એણે ભદ્રાને રાત્રિ જેવી શાંત, સુંદર ને રહસ્યમય તો જરૂર બનાવી.

## પ્રકરણ તેતાલીસમું: 'બડકમદાર!'

સ્ટેશને દેવુ સામે લેવા આવેલો. એના મોં પર લાલી ચડી હતી.'ઓ અનસુ!' એક કહી એણે અનસુને બાથમાં લઈ એ ચીસ પાડે ત્યાં સુધીની ચીપ દીધી ને અનસુને રીઝવવા એ ભાત-ભાતની પશુ-વાણી કરવા લાગ્યો. એણે યમુના બહેનની પાછળ છાનામાના જઈને ચીંટી ખણી. કોપેલી યમુના પાછળ ફરી જૂએ તો દેવુ મોં ફેરવીને સાવ અજાણ બની ઊભેલો. યમુનાનો કોપ મસ્તીરૂપમાં ફેરવાઈ ગયો. યમુનાએ દેવુના બરડામાં એક ધબ્બો દીધો.

સામાન ઉપડાવતી ભદ્રાએ આ તોફાન મસ્તીમાં દેવુનું ને યમુનાનું નવું જીવન નાદ કરતું દીઠું. કોઈકને ધબ્બો મારવાનું દિલ તો એને ય થઈ આવ્યું. પણ એનો ધબ્બો સુસ્થાને

શોભે તેવો કોઈ બરડો ત્યાં નહોતો. કિશોર છોકરો કે ગાંડી બૈરી બની જવા એનું મન ઝંખી ઊઠ્યું.

'ફટવ્યો લાગે છે તારી બાએ!' રસ્તે ટપામાં ભદ્રાએ દેવુને અભિનંદન આપ્યાં

'ફટવે જ તો! શા માટે ન ફટવે?' દેવુનાં ગલોફા ફૂલ્યાં. ભદ્રાએ અંતરથી આશિષો દીધી ને કહ્યું:'મારી ગેરહાજરીમાં ઘી ગોળ કેટલાં ઉડાવી ગયો તેનો હિસાબ દેજે જલદી ઘેર જઈને, રઢિયાળા!'

'ચોરીને ખાધું તેનો હિસાબ હું શેનો દઉં? ચોરને પકડવા આવનારે જ એ તો શોધી કાઢવું રહ્યું.'

ભદ્રાને આ જવાબો સુખના ઘૂંટડા પાતા હતા.'હાશ બૈ!છોકરાંના મોં માથેથી મારી કે કોઈની ઓશિયાળ તો ગઈ! હું કેટલું ખવરાવતી તો ય કદી લોહીનો છાંટો ય ડીલે ચડ્યો'તો! હે તુળસી મા! મારો ભાર તમે ઉતાર્યો.'એણે પૂછ્યું:' બા શું કરે છે?'

'નજરે જોજો ને! ઘર ક્યાં દૂર છે? જોઈ જોઈને દાઝજો!'

'જોઉં તો ખરી! મને દઝાડે એવો તે કયો અગ્નિ પેટાવેલ છે તારી બાએ?'

એમ કહેતી ભદ્રા ઘરમાં દાખલ થઈ ત્યાં તો એણે અનાજની ગુણીઓ ઠલવાએલી દીઠી. ચોખા ને ઘઉંના ડુંગરા થયા હતા. સોવાનું ને ઝાટકવાનું કામ ધમધોકાર ચાલતું હતું. સાફ થયેલા અનાજને એરંડિયું ચડાવવાની ક્રિયા થઈ રહી હતી.બે મજૂરણોના હાથમાં સૂપડાં ને ચાળણીઓ ચાલી રહ્યાં હતાં.ને એ ઓરડા વટાવી ભદ્રા બીજામાં ગઈ તો એણે'બડકમદાર! બડકમદાર!' એવા શબ્દો સસરાના ગળામાંથી પૂર્ણ છટા સાથે છૂટતા સાંભળ્યા ને ત્યાં એણે પીંજારાની તાંત ચાલતી દીઠી.

બાપુજી ત્યાં બેઠા બેઠા ઘરનાં જરીપુરાણાં ગાદલાં ઉખેળાવી અંદરનું રૂ પીંજાવતા હતા. એણે ઊઠીને તરત કહ્યું:'પહોંચ્યાં ને તમે? વાહ! બડકમદાર...! હાશ, હવે હું તો છૂટવાનો. આ કંચને તો મારા માથે કેર ગુજાર્યો છે. લાવી દો એરંડિયું! લાવી દો સામટા દાણા! લાવી દો નવું રૂ! આ રૂ સારું નથી, ને આ એરંડિયું દાણામાં ચડાવવા નહિ ખપ લાગે! આ ખાટલાની પાટી ભરનાર્ને તેડાવો ને પેલા ખાટલાને વાણ ભરાવી દો. મને તો પગે પાણી ઉતરાવ્યાં છે, બાપ! આ તે દીકરાની વહુ કે કોઈ નખેદ દીકરો! મને બેસવા દેતાં નથી. તેમે હતાં તો કેવું સુખ હતું મારે! દશ દસ વરસ પહેલાનાં દેવુના મૂતરેલા ગાભા જેવાં ગાદલાં, એઈને મક્ષાથી ચાલતાં ને પંદર વરસથી પાટી ધોયા વગરના ઢોલિયામાં ય ઘસઘસાટ ઊંઘ આવી જતી. ને વળી મહિને મહિને દાણો લાવીને ખાતા તેને ઠેકાણે આ તો ઘરમાં મોટી રાજક્રાંતિ થઈ રહી છે! મને શી ખબર કે તમારી દેરાણીને તમે આવડાં પહોંચેલાં કરી નાખ્યાં હશે! નહિતર તમને હું દૂર રાખત શા માટે? હવે તો બાઓ, તમારી સત્તા આ ઘર માથેથી ગઈ છે. ઘરનાં ખરાં માલિક આવી પહોંચ્યાં છે. હું સાચવવાનું કહેતો, ત્યારે આકરૂં લાગતું તો હવે લેતાં જાઓ, તમારી સત્તા જ ઝૂંટવાઈ ગઈ. હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.'

'દેવુ!' ભદ્રાએ પીઠ ફેરવી સસરો સાંભળે તેમ કહ્યું;'બાપુજીને કહે કે મને બનાવો છો શાને? તમે જ ઉપર રહીને કંચનની મદદથી મારી સામે આ કાવતરું રચ્યું છે ના! એટલા માટે જ એને લઈને તમે આંહીં આવ્યા હતા. પણ એ ગઈ ક્યાં?'

એમ કહેતી ભદ્રા બીજે ઓરડે દોડી, ને ત્યાં એણે કંચનને પીંએલા રૂના પૉલ પાછળ છુપાએલી પકડી પાડતાં સામસામી હસાહસ મચી રહી.'કાવતરાબાજ!' કહી ભદ્રાએ એના કાન આમળ્યા. ભર્યો ભર્યો કંચનનો દેહ અંદરથી કોઈ અજબ સ્ફૂર્તિથી ઊછળી રહ્યો. એના અંગેઅંગમાં જીવન કોઈ લાસ્ય-નૃત્ય ખેલી રહ્યું. તેની માછલી જેવી ગતિમાન કાયા ભદ્રાના

હાથમાંથી સરી જવા લાગી. પીંજેલું રૂ પડ્યું હતું તેના સફેદ સુંવાળા પૉલને બથમાં લઈને કંચન બોલી ઊઠી:'ખરેખર ભાભીજી, આજ સુધી બબે મોટાં ગાદલાંમાં સૂતાં છતાં આ તો કદી ખબર જ નહોતી. મને તો એવું થાય કે રોજેરોજ નવાં ગાદલાં ભરાવ્યા જ કરૂં, રોજેરોજ નવું નવું રૂ પીંજાવ્યા જ કરૂં. ને સાંભળો તો, આ પીંજારાની તાંત શું બોલે છે?' એમ કહેતે એણે તાંતના ઢેં-ઢેં-ઢફ-ઢફ-ઢફ એવા અવાજોના ચાળા પાડી હાથની ચેષ્ટા માંડી.

ભદ્રા સમજી ગઈ. આ સર્વ સ્ફૂર્તિની ભૂખ એના શરીરની ગર્ભવતી સ્થિતિને આભારી છે. ભદ્રાએ એને મસ્તકે હાથ મૂકીને ફક્ત એટલું જ કહ્યું:'હિલોળા જર તું તારે બેન! હિલોળા જ કર. આ ઘર તારું જ છે.'

'ને બાપુજી તો કાંઈ છે ને ભાભીજી!' કંચને વાત આદરી!'હું જે કહું તે કરવા કડે પગે બડકમદાર! ગાદલાં માટે નવું કાપડ લાવો, તો કહે કે બહુ સારૂં, બડકમદાર! જે મગાવું તે લઈ આવી દેવા માટે બસ બડકમદાર! એ બોલે છે ત્યાઅં તો મારાથી હસી પડાય છે. એ'બડકમદાર' બોલે છે ને મારા તો પેટમાં જ ભાભીજી, કંઈક ઊછળવા લાગે છે.' એમ બોલતી કંચન, જેણે ત્રણ ત્રણ કસુવાવડો જ જોઈ હતી, જેને સાતમા ને આઠમા મહિનાની સગર્ભાવસ્થાએ અનુભવાતો સ્વાદ કદી ચાખ્યો નહોતો, તે આ નવા અનુભવની કથા કહેતાં નીચે જોઈ ગઈ. એના પેટમાં બાળકનું સ્પન્દન ચાલતું હતું.

ભદ્રાએ એનું મોં ઊચું કર્યું ને એથી આંખોમાં પલ પૂરર્વેના થનગનાટને બદલે ગ્લાનિ ને વિષાદ, ભય ને ચિંત નિહાળ્યાં. એનો પણ મર્મ ભદ્રા પારખી ગઈ.કંચનનાં નેત્રો એકાદ મહિના પછીની કટાકટી પર મીટ માંડી બેઠાં હતાં. એ ટાણે, એ પ્રસવની ચીસો ટાણે, એ શિશુના પહેલા રૂદનને ટાણે, આના આ જ સસરાના કાનમાં શું થશે? આ ભદ્રા, આ પાડોશીઓ, સુયાણી વગેરે સૌ શું કરશે? કોઈને કંઈ આડું અવળું કરવાની સૂચના તો નહીં થાય? એ કલંકનો નિકાલ તો કોઈને નહિ ભળાવાય?

એ એકેએક મનોવેગને ભદ્રાએ પકડી પાડ્યો.ને એણે કશું જ બોલ્યા વગર, કંચનના રૂના પૉલ પર ઢળેલા ચહેરાની જમણી આંખને ખૂણે આવેલું આંસુનું ટીપું હળવી આંગળીએ ઉપાડી લીધું.

ત્યાં તો સસરાનો શબ્દ સંભળાયો:'બડકમદાર! હું શાક લેવા જાઉં છું. ગાદલાના ગલેફનું કાપડ લેતો આવું છું. બીજું કાંઈ જોવે છે બડકમદાર? ઠે..ક! અત્યારે યાદ ન આવતું હોય તો પછી કહેજો - બડકમદાર! કરમીની જીભ અને અકરમીના ટાંટીઆ! અલી ઓ અનસુ! બડકમદાર! યમુના, બદકમદાર!' એમ બોલતા સોમેશ્વર માસ્તર રૂપેરી હાથાવાળી સીસમલાકડી વીંઝતા, ઘરમાં છુપાઈને હસતી યમુનાના માથા પર લાકડી અડાડતા કહેતા ગયા કે'બડકમદાર! કોણ કહે છે તું ગાંડી? - બિલકુલ ગાંડી નહિ, બડકમદા...ર!'

'બડકમદાર' શબ્દ કોઈ મંત્ર કે સ્તોત્ર સમો બન્યો હતો. એ ઉચ્ચાર આખા ફળીમાં જીવન પાથરતો હતો.એ શબ્દ વાટે એક વૃદ્ધની સ્ફૂર્તિ ને શક્તિ હવામાં લહેરીઆં પાડતી હતી.ચાલ્યા જતા સસરાની પાછળ શેરી પણ ગાજતી ગઈ -'બડકમદાર!'

ભદ્રાએ એનો મર્મ પણ કલ્પી લીધો, કે સસરા જાણે કોઈક અપૂર્વ આપત્તિના કસોટીકાળને માટે કૃત્રિમ હિંમતનો સંચય કરી રહેલ છે. એવો અર્થહીન ઉચ્ચાર પગલે પગલે કાઢવાનો એ વગર બીજો હેતુ ન હોય. ને કસોટીનો કાળ ક્યાં દૂર હતો? એક મહીના પછી એક પ્રભાતે કંચનની એ પ્રસવ-ચીસોનો પ્રારંભ થયો. એના ખાટલાને ઝાલીને ભદ્રા સુયાણીની સાથે બે રાતથી બેઠાબેઠ હતી. વેદના અસહ્ય હતી. કંચનને વેદના પીવાની ટેવ નહોતી, એને તો જાણે કોઈએ અગ્નિકુંડમાં ઝીકી દીધી. એને ચીસોને દાબવાની શક્તિ હતી તેટલી ખરચી. પણ છેવટે હોઠની ભોગળો ભેદતો ભેદતો સ્વર છૂટ્યો, - કોના નામનો સ્વર?

કોને તેડાવતો પોકાર? કોને બોલાવતી ચીસ? એનું કોણ હતું? એને મા નહોતી, બહેન નહોતી, ભાઈ નહોતો, ને એક પણ એવી બહેનપણી નહોતી - એક પણ નારીસન્માનનક પુરુષમિત્ર નહોતો; ભરથાર હતો પણ નહતા જેવો, દરિયાપાર બેઠેલો, રૂઠેલો, પોતે જ ફગાવી દીધેલો. કોનું નામ પોકારે? કોના નામનો આકાર ધર્યો એ વેદનાની આર્તવાણીએ?

'બાપુજી! બાપુજી! ઓ મારા બાપુજી.. જી - જી!' એમ પુકારત એના દાંતની કચરડાટી બહાર બેઠેલા સસરાએ સાંભળી. કંચનને મન પોતાનો પરિત્રાતા, પોતાને માટે જમની જોડે પણ જુદ્ધ માંડનાર આ એક જ પુરૂષ હતો ઃ સસરો સોમેશ્વર હતો; એણે પુકાર્યું -

'બાપુજી! ઓ મારા બાપુજી...ઈ...ઈ ઈ -'ને દાંતની કચરડાટી પર કચરડાટી.'તુલસી મા! હે તુલસી મા! તુલસી મા સારાં વાનાં કરશે બેન!' બેઠી બેઠી ભદ્રા, કંચનના લથડતા, કકળતા, ભાંગી ટુકડા થતા શરીરને ટેકવતી બોલતી હતી.

સોમેશ્વર માસ્તરનો એ સૌથી બધુ કપરો કસોટીકાળ હતો. ગઈ કાલ સુધી એણે વૈદ્યને બોલાવેલા, ઓસડીયાં ખવડાવેલાં, સુવાવડનો ઓરડો સ્વચ્છ કરાવી ત્યાં ઢળાવવાના ખાટલામાંથી વીણી વીણીને માંકડ કાઢેલા, ધૂપ દેવરાવેલો, ઓરડાને ગૌમૂત્ર છંટાવેલાં ને પૃથ્વી પર મહેમાન બનનારા મટે નાની મંચી, પોચી ગાદલી, અરે બાળોતિયાંના ટુકડા પણ પોતે ચીવટ રાખીને તૈયાર કરેલા.

એ જ ડોસાએ જ્યારે પ્રસવ સામે દીઠો ત્યારે એક ધ્રુજારી અનુભવી. એનું હૈયું પાછું પડ્યું. એની અંતર-ગુહામાં બેઠેલો સંસારી બોલી ઊઠ્યો: અલ્યા એઈ! પણ આ બાળક કોનું? ને આ શી વાત! અલ્યા આ દીકરાની નામરદાઈનાં નગારાં વગડાવછ! અલ્યા આ ચીસો પાડનારી લગીરે લજવાતી નથી!

ઝાઝા વિચારોએ એને જાણે પીંખી નાખ્યો. એને સ્વેદ વળી ગયો ને આજના એક મહિનાથી જે શૌર્ય-શબ્દ'બડકમદાર' એના મોંને જંપવા નહોતો દેતો તે એના ગળાની નીચે રોકાઈ ગયો.

'બાપુજી! બાપુજી! ઓ મારા બાપુજી ઈ-ઈ-ઈ.' ચીસો ઊઠતી રહી, ચીસ પાડનારી રાહ જોતી રહી કે હમણાં પડકારશે ડોસા,'બડકમદાર!' એટલે હું માનીશ કે મારા સસરા મારી વહાર કરવા, મને દાનવોથી રક્ષવા આંહીં જ બેઠા છે, પણ કોઈ ન બોલ્યું'બડકમદાર!'

સોમેશવરને લજજાએ, નબળા વિચારોએ ને આ ચીસોની નફટાઈએ ભાંગી નાખ્યો. એણે કાન આડી હથેળીઓ દીધી. એણે વહુના પ્રસવ-ખંડની પરશાળ છોડી દીધી. એ જાણે કે નાઠો, પણ નાસીને જાય ક્યાં? નાસીને જવાનું એક જ ઠેકાણું હતું: પાછલી પરશાળે પડેલો અંધા જયેષ્ઠારામનો લબાચો.

સોમેશ્વર સરકીને ત્યાં પહોંચ્યા, એણે જઈને જયેષ્ઠારામના હાથ ઝાલી લીધા, એના મોંમાંથી'કરમ! કરમ!' એવા ઉદ્ગાસર નીકળ્યા.

જયેષ્ઠારામે ઘરમાં જાણે કશું જ બનતું નથી એવા મિજાજે કહ્યું:'કાં દવેજી! આજ તમારૂં'બડકમદાર' ક્યાં તબડકાવી ગયું?'

'ચુપ રહે ભાઈ! બોલ મા!' સોમેશ્વરે સાળાનો પંજો દાબ્યો.'હું હાર્યો છું. મેં આ શું કર્યું? રેં આ શી સલાહ દીધી'તી મને?'

'શું છે?' જ્યેષ્ઠારામ હસ્યો.

'આ કોનું સંતાન! હેં? આ કોનું હશે?'

'એ તો ખબર નથી દવેજી! પણ તમને કંઈ ખબર છે કે હું મારી માને પેટે કોનો જન્મ્યો હતો? હેં દવે, પાકી ખબર છે તમને કે હું મારા બાપનો જ છું, હેં?'

એવા બોલનાં તાળાં સોમેશ્વરની જીભને દેવાય તે પૂર્વે તો અંધાએ આગળ પ્રશ્ન કર્યો,'ને તું પંડે તારી માને પેટે કોનાથી, તારા બાપથી જ પાકેલ તેની તને ખાતરીબંધ ખબર છે કે દવે! એંશી એંશી વરસના આપણા ન્યાતીલાને પૂછી જોશું હેં દવે, કે મારી ને તારી માના પેટે હું ને તું કોનાથી પાક્યા'તા?'

સોમેશ્વર ચૂપ બન્યો-થોડી વાર એ મૌન ટક્યું- એ મૌનને વીંધીને બૂમ પડી'ઓ બાપુજી! ઓ મારા બાપુજી! ઓ...ઓ...ઓ...'

'જાઓ દવે!' અંધાએ કહ્યું,'ને મને ય લેતા જાવ. કોઈએ સંતાન કોનું છે એવું પૂછવા જેવું નથી.તે પૂર્વે આપણે આપણી જાતને પૂછવું કે હું પોતે કોનો હોઈશ? માટે ચાલો. એને હિંમત આપો પરશાળમાં બેસીને.'

બીજાને હાથે દોરાતો અંધ તે ટાણે સોમેશ્વરને દોરી પ્રસવ-ખંડ પાસે લઈ ગયો ને ઊભો રહ્યો તે પછી પ્રસવની ભયંકર વાણ્ય આવી. ચીસ પડી!'બાપુજી, ઓ મારા.......'

'હો બચ્ચા! આ રહ્યો હું બચ્ચા! બડકમદાર!' એ શબ્દો કંચને સાંભળ્યા. ને તે પછી બીજી જ ક્ષણે વિશ્વની પરશાળે, બ્રાહ્મણવાડાને ઓરડે, તુલસીને ક્યારે, પ્રભુઘરના પરોણલા શી એક બાલિકા ઊતરી પડી. સુયાણીએ બહાર આવી ખબર દીધા:'દાદાને ઘેર લેણિયાત આવી!'

'બડકમદાર!' એ બોલ બોલી સોમેશ્વર માસ્તર ગદ્ગદિત બન્યા. એ તુલસી-ક્યારે ગયા. ત્યાં યમુના અનસુને લઈ ચુપચાપ બીડેલી આંખે બેઠી કંઈક પ્રાર્થના લવતી હતી; અનસુને પણ એણે હાથ જોડાવ્યા હતા.

## પ્રકરણ ચુમાલીસમું: બાકીનું તપ

૧૯૩૯ના ઓક્ટોબર મહિનામાં લડનની પાસપોર્ટ-કચેરીમાંનાં પગથિયાં ચડનાર એક એવરકોટમાં લપેટાએલા યુવાનને તમે જોયો હોય તો તમે તો શાના ઓળખો! અરે ભદ્રાએ જોયો હોય તો ભદ્રા પણ પહેલી નજરે તો ભાગ્યે જ ઓળખી શકે કે એ પોતાનો દેર પ્રોફેસર વીરસુત છે. ને ભદ્રા તો એને ભાળે તે પળે જ બોલી ઊઠે કે'આ હા હા ભૈ! આ તો તમને ચોખ્ખેચોખ્ખી ભાસ્કર ભૈની આશિષો ફળી છે હોં ભૈ. પણ આપણે કોઈની જોડે બાઝવું કરવું નથી. હોં ભૈ!

દારૂગોળા અને દાવાનળના ઝેરી ધુમાડાથી ખરડાયા પહેલાંની ઇંગ્લાંડની આબોહવાએ ને ધરતી મૈયાએ, પોતાની નિત્યની ખાસિયત અનુસાર આ સુકલકડી હિંદી યુવાનના દેહને પણ પોતાની તંદુરસ્તી ને સુરખીમાં લેટાવ્યો હતો. પાંચ મહિનાના એ વસવાટે એના ગાલના ખાડા, આંખોના ગોખલા, મોં પર પડેલી દાઝો, અને કરચલિયાળી ચામડી પર ગુલાબોની જાણે પૂરણી કરી દીધી હતી.

પાસપોર્ટ-કચેરીનાં પગથિયાં ચડતાં ચડતાં એને પોતાને જ પોતાના દેહ પ્રત્યે આશ્ચર્ય ઊપજી રહ્યું હતું. હિંદમાં હતું ત્યારે જે શરીર ફાટેલી સાદડી પેઠે અથવ જર્જરિત છત્રીની જેમ કાગડો બનીને કઢંગી ઢબે ઊડવા જેવી ચાલે ચાલતું તે જે શરીર હવે તો પૂરા

નિરમે દરિયાનાં નીર પર મલપતા જતા વહાણ જેવો આનંદ પોતાની તોલદાર ગતિમાં અનુભવી રહ્યું હતું.

ને એ પગથિયાં ચડતાં ચડતાં એને ઘેલી એક બીક પણ લાગતી હતી: હું હિન્દમાં ઊતરીને ઘેર પહોંચીશ તે દરમિયાનમાં આ લાલી, આ ગુલાબી, આ સીનો ને આદેહ-ભરપૂરતા કોઈ માયવી સૃષ્ટિની માફક વિલય તો નહિ પામી જાય ને?

એમ વિચારતો વિચારતો એ પોતાના કોટના ઊંડા ગજવામાં ડાયરીની અંદર દાબી મૂકેલા એક કાગળ પર મીઠાશથી પંજો ચાંપતો હતો.

પાસપોર્ટ-અમલદારની મુલાકાત મળતાં પહેલાં એને બહાર લાંબો સમય ઊભા થઈ રહેવું પડ્યું. હિંદમાં પાછા જવાની પરવાનગી મેળવવા મુલાકાતે આવેલાઓની સંખ્યા ક્યાંય માતી નહોતી. દરેકને વારાફરતી મુલાકાત મળતી હતી.ત્યાં જામેલી કતારમાં કેટલા ય ચહેરા પર વ્યગ્રતા, શૂન્યતા અને પાસપોર્ટ પર સહી મળવાની નિરાશા લખાએલી હતી. ત્યારે એની વચ્ચે વીરસુત મલકાતો ઊભો હતો.

એની નજીકમાં બેઠેલાં અન્ય ગોરાં સ્ત્રીપુરુષોનીવચ્ચે જે હળવી વાતચીતો ચાલી રહી હતી તે સાંભળ્યા પછી તો એની આશાનો પારો એકદમ ઊંચે ઊતરી જવા લાગ્યો ને એને અતિ હર્ષાવેશમાં એવું લાગ્યું કે રખે ક્યાંક પોતે પ્રાપ્ત કરેલૂં ગુલબદન એકાએક ઓગળી જાય.

એને કાને બીજાંઓનું કલ્પાંત પડતું હતું. કોઈ બાઈનાં છોકરાં હિંદમાં હતાં, ને એમાણા એકને ટાઈફૉઈડ થયો હતો  એટલે જલદી જઈ પહોંચવું હતું. કોઈનો ધણી ટ્રેનના અકસ્માતમાં ચગદાઈ મૂઓ હતો. પોતાનો જર્મન પતિ હિંદમાં કેદ પકડાયો છે એ જાણીને એક આયરીશ અયહુદી સ્ત્રી હિંદને કિનારે પહોંચવા તલસતી હતી.

એવાં તો કૈંક ત્યાં રૂંધાઈને ઊભાં હતાં. કેમ કે ટ્રાફીક ખેડનારાં જહાજો ઓછાં થયાં હતાં, પાસપોર્ટો મંજૂર કરવા પર સખત કાબૂ મૂકાયો હતો.પાસપોર્ટ અધિકારીની ઑફિસમાંથી એક પછી એક બહાર નીકળતાં મોઢાં પર નિરાશા હતી, આંસુ હતાં, ગુસ્સોને રીસ હતાં. અંદર બેઠેલો માણસ કેવો શાપિત હશે? કોઈનો કિસ્સો રાજકારણી શંકાને પાત્ર ગણીને એ અદિકારી પાસપોર્ટ કરી આપવાની ના કહે છે, કોઈને એકેય જહાજમાં જગ્યા મળેલી નથી તેથી એને બહાર ધકેલે છે.

ધરપત ફક્ત એક વિરસુતને હૈયે છે. એ અઠવાડિયે જ ઊપડતી ચોક્કસ સ્ટીમરમાં એક જગ્યા એને માટે મુકરર થઈ ચૂકી છે.પેસેજની ટિકીટ પોતાના ખિસ્સામાં છે, પોતે સરકારી કૉલેજનો અધ્યાપક છે. બિનરાજદ્વારી માણસ વિદ્યાને માટે દેશાટને નીકળેલો હોવાનાં પોતાનાં ગજવામાં પ્રમાણો છે.અછી કોણ એને પાછા વળવાની મના કરી શકે તેમ છે? ચાર દિવસ પછી સ્ટીમર ઊપડશે. તે પછી વીસેક દિવસે પોતાના પગ માતૃભૂમિ પર હશે, ન એમુંબૈથી પોતાનું ગામ પૂરા ચોવીસ કલાકને પલ્લે પણ નથી.કંચન ત્યાં દયામણું મોં લઈને, રહણે ઝૂકતી, પ્રયશ્ચિતનાં આંસુ પાડતી તે જ રાત્રિએ મને એકાંતે મળશે.. એ આખો ચિતાર નજરમાં ગોઠવી વીરસુત ઊભો હતો. એ ચિતારને રજેરજ આધાર આપતો એક કાગળ એની ડાયરીના બેવડમાં પડ્યો હતો. એનો પંજો ફરી ફરી એ કાગળવાળી જગ્યા પર જતો હતો. પણ પોતાનો વારો આવવાને વાર લાગતી ગઈ તેમ તેમ વીરસુતને આ નિરાશ પગલે બહાર નીકળી ચાલ્યાં જનારાંઓ પરની સરસાઈની મીઠાશ કંઈક કંઈક ઓછી થતી ગઈ. એનું કારણ બહુ વિચિત્ર હતું.

એ ઈમારતના માથા પરનું વાદળ વેદનાભર્યું હતું. વિમાનોની પાંખો ગાજતી હતી. દૂર દૂરના ધડાકા વાયુમંડળને કમ્પાવતા હતા. જગતનો વ્યવહાર તૂટતો હતો. માનવપ્રેમના

કેડા રૂંધાતા હતા. દુર્ભાગીઓની સંખ્યા વધી રહી હતી.ને સેંકડો ભાગ્યહીનો હતભાગીઓની વચ્ચે એકાકી સુભાગી બનવામાં બ્લકુલ રસ નથી બળ્યો હોતો એનું ભાન વીરસુતને આંહીં થતું આવતું હતું.

આમ જ્યારે વીરસુતે પોતાના જીવનને બીજા હજારો લાખો જનોની સરખામણીમાં નિહાળવું શરૂ કર્યું ત્યારે એને આખા જીવનમાં કશું ક નવીન લાગ્યું. લડાઈનો એ કાળ એક નાની બારી જેવો બની ગયો. એ બારીમાંથી જાણે વીરસુત બહાર ડોકિયું કરતો હતો. પોતે ઊંચો અને સલામત ઊભો હતો, બીજાં સેંકડો નીચે ભીડાભીડમાં ચાલ્યાં જતાં હતાં, એકબીજાંથી ચગદાતાં ને વિખૂટા પડતાં. જાણે દોડાદોડ મચી હતી, ને મા બાળકોથી, પતિ પત્નીથી, બાપ બેટાથી છૂટાં પડીને એ બેશુમાર ગીરદીમાં અલોપ થતાં હતાં.

મનના તરુવર પર એક મોરલો થનગનતો હતો - ઝર ઘેર પહોંચી સ્વજનોને ભેટવાનો ઈચ્છામોરલો. કોઈએ જાણે એ મોરલાને પાણો મારીને ઉડાડ્યો. પછી એ મોર પાછો એની એ જ તરુ-ડાળે આવીને સ્થિર ન બન્યો. ચોખ્ખાચણાક ઉર-આભને છેલ્લે આરે તલના દાણા જેવડી જાણે કાળી બાદળી વરતાઈ. વીરસુત વ્યથિત બન્યો.

એણે આજુબાજુ નજર કરી. પોતાની જેવો એક જુવાન ઊભો હતો. કપડાં મેલાં હતાં. સુકાએલાં મોં પર વધુ પડતો ચળકાટ મારતી લલી હતી. ડોળા ઊંડા ગયેલ. પણ વધુ નિહાળીને બે વાતની શક્યતા લાગે: થોડા જ વખત પૂર્વે એ શરીરે ને સંસારે સુખી હોવો જોઈએ. વીરસુતનો રસ તીવ્ર કૌતુકની પરિસીમાએ પહોંચ્યો. એણે સવાલો પૂછ્યા. પહેલાં તો યુવાને વાર્તાલાપમાં ઊતરવાની દાનત ન બતાવી, પણ છેવટે વીરસુતે આટલો જવાબ મેળવ્યો:-

'હિંદી છું, મુસ્લિમ ડૉક્ટર છું. આંહીં અભ્યાસ વધારવા આવેલો એમાં એક શ્રીમતનંદિની ગોરી સ્ત્રીનો મેળાપ થયો. ઘેર બુઢ્ઢા બાપ છે, મા છે ને બે બાળકોવાળી બીબી છે. બીબીને તો આંહીં બેઠે તલાક દઈ દીધા ને આ ધનિક ગોરી સ્ત્રી સાથે નિકાહ કર્યા. મને મનથી ને શરીરથી ચૂસી લઈને મને તલાકની હાલતમાં ઉતારી મૂક્યો છે. આંહીં પ્રેક્ટીસ સારી ચાલતી, પણ હવે તો જવા ચાહું છું. મેં તલાક આપેલી બીબી બીજે ક્યાંય પરણી નથી ગઈ.મારા પિતા એને પાળે છે. મારી એક બેટી અને એક બેટો મેં છેલ્લાં છોડ્યાં ત્યારે બહુ નાનાં ને અણસમજણાં હતાં. આજે દીકરો દસ વર્ષનો થયો હશે.સાત વર્ષથી આંહીં છું. બેટાના હસ્તાક્ષરનો પહેલો કાગળ, એની માએ લખાવેલો, તે મને મળ્યો તે પછી અહીં દિલ ઠેરતું નથી. ગાગે છે કે હું મરી જઈશ તો એક કામ બાકી રહી જશે. એ કામ બીબીના કદમોમાં પડી માફી માગવાનું છે.'

આમ કહીને એણે પહેલી જ વાર મોં મલકાવ્યું. એટલા ના હાસ્યમાં એના ચહેરા પરની ખાડો, કરચલીઓ વગેરે થોડી ઘણી ડૂબી જઈને પાછી વધુ ઉઘાડી પડી ગઈ. વીરસુતે પૂછ્યું –

'કેમ કહો છો કે તમે મરી જશો?'

'હું દાકતર છું તેથી.'

'શું છે?'

'મને ક્ષય છે. એને ઘોડાપુર સ્વરૂપ ધરવાને હવે વાર નથી. મન એવહેલું જવા મળ્યું હોત તો બીબીના પગે પડીને ઓઅછી બીજી જ પલે મરવા તૈયાર રહેત, પણ એવા કોલ પર કોઈ સ્ટીમર કે વિમાન કંપની થોડી જ પેસેજ આપે છે!'

એમ કહીને બીજી વાર જસ્યો ને તેણે ખાંસીને રૂમાલથી દાબી. રૂમાલ તેણે પાછો ગજવામાં નાખ્યો ત્યારે એ લોહીમાં રંગાયો હતો. વીરસુઅતને ખાતરી થઈ કે આ માણસને પૂરપાટ ક્ષય વધતો જાય છે.

એટલી વાર થઈ ત્યાં મુલાકાત માટેનો વીરસુતનો વારો આવ્યો. અંદર જઈને એ થોડી મિનિટે પાછો આવી પેલા ક્ષયગ્રસ્ત મુસ્લિમ ડોક્ટરને પોતાની સાથે અંદર લઈ પાછો ગયો. ત્યાંથી બહાર નીકળી એ બેઉ બહાર નીચે ઊતર્યા ત્યારે બેઉની સ્થિતિ બદલાઈ ગઈ હતી. વીરસુતની માગણી મંજૂર રાખી પાસપોર્ટ અધિકારીએ વચન આપ્યું હતું કે, પોતાના નામનો પેસેજ જો પોતે આ મુસ્લિમ ડોક્ટરના નામ પર કરાવી શકેતો એ ડોક્ટરના પાસપોર્ટ પર સહી થતાં વાર નહીં લાગે.

પણ સાથે સાથે વીરસુતને અધિકારીએ પ્રશ્ન કર્યો હતો કે'તમારો પેસેજ ગુમાવીને તમે ફરી શૂં જલદો નવો મેળવવાની આશા રાખો છો?' એનો જાવાબ વાળતાં પહેલાં વીરસુતની આંખે અંધારાં આવેલાં; પોતે આ શું કરી રહ્યો છે! ઘેર જવાની તાલાવેલીને કેટલીક દબાવી શકશે! કાલે પસ્તાશે તો!

પણ એણે આંખો ખોલીને ઝટપટ કહી દીધું:'કંઈ ફિકર નહિ.'

'સંસારથી કટાળ્યા છો કે શું? પરણ્યાંને ઘણાં વર્ષો થઈ ગયાં છે? ડઝનેક છોકરાં છે?' એવી થોડીક મજાક અમલદારે કરી લીધી.

વીરસુત એ પી ગયો હતો.'ચાલો.' વીરસુતે બહાર આવીને એ હિંદીને કહ્યું,'આપણે એ સ્ટીમર કંપનીની ઓફિસે જઈ આવીએ. મારા આ પેસેજની બદલી તમારા નામ પર કરાવી દઉં.પછી તમારો મુકામ જોઈ લઉં એટલે ચોથે દિવસે હું તમને ડૉક પર લઈ જઈશ.'

મુસ્લિમ ડોક્ટરે વીરસુતનો હાથ પકડ્યો. પણ તરત પાછો છોડી દઈ કહ્યું'દરગુજર કરજો. હું ક્ષયરોગી છું, ભૂલથી હાથ લેવાઈ ગયો. પણ હું પૂછું છું, તમારી રાહ જોનારાં ઘેર હશે તેનું શું થશે?'

'રાહ જોનારાં તો સાત સાત વર્ષ પણ રાહ જોઈ શકે છે ને?' વીરસુત ડોક્ટરની જ કહેલી આત્મકથાને ઉદ્દેશીને બોલ્યો. એ બોલ ડોક્ટરના ક્ષયગ્રસ્ત મોં પર ફૂલોની ઢગલી પાથરી રહ્યા.

'પણ ભાઈ!' દોક્ટર બોલ્યો: એની સિંધી જબાનના મરોડો અંગ્રેજીમાં અનોખી રીતે ઊતરી રહ્યા:'તમને આથી શું રસ પડે છે?'

'નવા મળેલા સુખને થોડી કરુણતા વડે ભીંજવવાનો રસ.'

'લડાઈના સંયોગો વિફરી રહેલ છે,જાણો છો તમારે કેટલું ખેંચવું પડશે?'

'કદાચ વર્ષ બે વર્ષ. કદાચ એ દરમિયાન કંઈ થાય તો અનંતકાળ!' વીરસુત બોલતે બોલતે દિવ્ય બન્યો.ચાલો ચાલો.' એણે પોતાના ઉપકારપાત્રને ટેક્સીમાં લઈને વધુ વાત કરતો રોક્યો ને રસ્તામાં કહ્યું,'તમે ત્યાં જઈ સાજા થાઓ એટલે એક કામ કરજો ને!મારે ગામ કાઠિયાવાડમાં જઈ મારી બીબીને મળી આવજો, ને કહેજો કે મેં વધુ હકદારને ન્યાય કરવા મારી તક જતી કરી છે.'

ચોથા દિવસે પોતે જાતે ડોક્ટરને ઘેર જઈ, એનો સામન બાંધી આપી, એને સ્ટીમરમાં વિદાય દીધી. વીરસુત પાછો વળ્યો ત્યારેએને ઘડીભર એવી ભ્રમણા થઈ કે જાણે રસ્તે ચાલતાં તમામ માણસો એની પાસે આવી, એની સાથે હાથ મિલાવી, એને ધન્યવાદ દેતાં હતાં.

એક રેસ્ટોરાંમાં ખૂણાની કૅબીન ખોળીને એ બેઠો, ને એણે પોતાના ગજવામાં દબાઈ રહેલો કંચનનો કાગળ લગભગ પંદરમી વાર વાંચ્યો. એમાં છૂટક છૂટક આવું આવું લખ્યું હતું કે -

'બાપુજીની પરવાનગી મળ્યા પછી જ આ લખું છું. બાપુજીએ તમારા પાંચ છ અસામટા કાગળો મને ગ કાલે જ આપ્યા. પોતે સ્પષ્ટ કર્યું કે પોતે જ એ કાગળને રાખી લીધા હતા. પોતે સાચા ધણીની ગોત કરતા હતા. કાગળનું ધણી પોતાને મળી ગયું છે એટલે હવે તો આપણ બેઉની વચ્ચે એકલો ટપાલી જ હશે એમ પોતે મને કહી દીધું. ટપાલનાં કવરો ટિકીટો પણ લાવી આપ્યાં છે.

'પણ પ્રથમ મને કહો તો ખરા વહાલા, કે તમે આટલી બધી શક્તિને અંદર ક્યાં સંઘરી રાખી હતી? આટલી શક્તિ હતી તો મને વેળાસર કેમ ન બચાવી લીધી? મને ભેખડાવા દીધી કેમ? મને રસાતાળ મોકલી જ શાને?

'બાપુજીને અને ભદ્રા ભાભીને જે ભ્રમણા તમે કરાવી છે, તે કોઈ દિવસ ભાંગશો તો નહિ ને? નવું બાળ તમારૂ જ છે એવી એ ભ્રમણા તમે જો ન કરાવી ગયા હોત તો હું આજે ક્યાં હોત? કદાચ જીવનને પાર હોત. હું આ જીવતા જગતમાં, ને જેટલું વાંચ્યું છે તે સાહિત્ય જગતમાં, વાર્તામાં, કવિતામાં, બધે ય તપાસી રહી છું, કે પોતાની બગડી ગયેલી પત્નીને માટે આવી રક્ષણકારી ભ્રમણા કોઈ પતિએ ઊભી કરી છે ખરી?'

આંહીં વીરસુતથી થંભ્યા વગર ન રહેવયું. આંખોનાં પાણીએ ચશ્માના કાચ બગાડ્યા હતા ને પોતે વિચારતો હતો. બાપુજીએ ને ભદ્રા ભાભીએ મને મહાનુભાવ બતાવવા માટે પોતાન અજાણપણાનું કેવું અદ્ભૂતત તર્કટ આ સ્ત્રીના અંતરમાં ઊભું કર્યું છે. એ તર્કટનો ભેદ કંચન સમક્ષ ખુલ્લો કરીને હું મારી મહાનુભાવતાને ભોગે બાપુજીની અને ભાભીની ભવ્યતા પ્રકટ કરી શકીશ ખરો કોઈ દિવસ?

ચશ્માં લૂછીને એણે કાગળ આગળ વાંચ્યો -

'એ ભ્રમણા કરાવીને તમે સદાને માટે તો નથી ગયા ને? પાછા આવવું તો છે ને? ક્યારે આવવું છે? મને કે વાર ધરાઈ ધરાઈને રડી લેવા ક્યારે દેવી છે?

'પણ અરેરે! ઘણી વાર એમ થાય છે કે તમે પોતે એ ભ્રમણા કરાવનાર, તમે તો સત્યના જાણભેદુ છો, એટલે કેમ કરીને આંહીં આવી સુખ પામી શકશો?

'છોકરી - મારૂં પાપ, કમભાગ્ય જે કહો તે -ને ખોળામાં લઈને ભદ્રાભાભી જ્યારે જ્યારે બોલે કે'અસ્સલ જાણે ભૈનું જ મોં!' ત્યારે મને શું થતું હશે, કલ્પી શકો છો?

'છોકરીને ધવરાવવાનું દિલ થયા વગર તો શાનું રહે? થોડાક દિવસ તો મનને દબાવી દબાવી મારાં સ્તનો સૂકવી દેવા મથેલી, પણ બાપુજીએ એવી ભ્રમણા પાથરી દીધી છે કે હું જ ભાન ભૂલી ગઈ છું. બાપુજી એવું એવું બોલે છે કે મને કલાકે કલાકે પાનો ચડે છે.ને છોકરી તો રાભડી રાભડી બની રહી છે.

'તમે એને જોશો ત્યારે શું થશે, એ બીકે કમ્પું છું. આ કંપારીનો સારો કે માઠો અંત ઝટ આવે તો સારું.માટે જ માગું છું કે વહેલા પાછા વળો!

'દેવુને માટે મેં એક કન્યા ગોતી રાખી છે. દેવુને તો ખબર પડવા દીધી નથી. બાપુજીને પણ મારે કોઈક દિવસ એ ક્ન્યા બતાવીને ચમકાવવા છે. અત્યારે તો હું ભદ્રા ભાભીને પણ કહી દેતી માંડ માંડ બચી છું. પણ એ કન્યાને માટે થઈને મેં એનાં માવતર

સાથે ખૂબ સંબંધ કેળવવા માડેલ છે. ભલે ને છ વર્ષ પછી વેવિશાળ કરીએ! તમે આવો તો હું તરત બતાવું.

'યમુના બહેનને તેડવા એના વર કોણ જાણે ક્યાંથી ઓચીંતા ફાટી નીકળ્યા! આવીને કહે એ ગાંડી હશે તો યે હું મારાં આંખ માથાં પર રાખીશ.કોણ જાણે કેમ થયું તે ત્રણ દિવસમાં આંહીં બેઉનાં મન મળી ગયાં, તો પણ બાપુજી જમાઈને કહે કે એમ હું નહિ ફસાઈ જાઉં. તું અહીં એક મહિનો મારા ઘરમાં રહે, ને હું ઝીણામાં ઝીણું પણ દુઃખ ન જોઉં તો જ મારી યમુનાને મોકલું.કારણ કે કોને ખબર હું મારી યમુનાના જ પ્રારબ્ધનું ખાતોપીતો હઈશ તો! યમુનાને હું ધકેલી મોકલું ને પાછળથી મારા ઘરમાંથી સૌભાગ્યદેવી પણ પલાયન કરે તો? માટે નહિ મોકલું: બડકમદાર! બડકમદાર શબ્દ તો બાપુજી ડગલે ને પગલે બોલે છે હો! એને એ બોલ સાંભળવા તો આવો. તમે ગમે તેટલું મથો તોય બાપુજી જેવું'બડકમદાર' ન જ બોલી શકો ને? જો બોલી શકો ને, તો તમે કહો તે હારૂં! ઠીક ઠીક, હું તો ઘેલી બીજી વાતે ચડી ગઈ.એક મહિને બાપુજી સંતોષ પામ્યા. ને યમુના બહેને વિદાય લીધી ત્યારે અમારાં કોઈનાં હૈયાં હાથ નહોતાં રહ્યાં. એણે તો જતાં જતાં તુલસીનો ક્યારો આંસુડે ભર્યો હતો.

'ભદ્રા ભાભી કોઈ કોઈવાર શૂન્યકાર બની જાય છે, ને ગણ્યા કરે છે: એક, બે, ત્રણ, ચાર, પાંચ ને છ. મને લાગે છે કે તમને ગયાને જેટલા મહિના થયા તે પોતે ગણે છે.

'પણ હું નથી ગણતી. ગણવાનો મને હક્ક નથી. મળવાની હું અધિકારિણી નથી. મને તો હજુ પણ મનમાં ખાતરી થતી નથી કે તમારો મેળાપ વહેલો વાંચ્છું કે મોડો! કેટલું તપ તપું તો ફરીથી મારે, તમારે, દેવુને ને અની ભવિષ્યમાં આવનારી વહુને, ભદ્રાબાને, યમુનાબાને, બાપુજીને, ને મામજીને પણ આવાં વીતકો વેઠવાં ન પડે?

'રાતમાં ઝબકું છું. ઝબકે ઝબકે તમે આવ્યા હોવાના ભણકારા ઊઠે છે. ખાટલાની ઓશીકાની બાજુએ તમે જાણે આવીને બેસો છો. પણ હું સવારે ઊઠીને તુલસીક્યારે એટલું જ પ્રાર્થું છું કે એ બધું હું જ વેઠીશ: પણ ફરી વાર અમારે આવા વિજોગ ન પડે તેટલું તપ તો મારી પાસે જરૂર તપાવી લેજો હો તુલસીમા!

લી. તમારી છું

એમ કહેતાંય લજવાતી

**કંચન'**

તે પછીથી ઘેરથી નિયમિત અનિયમિત બીજા પણ કાગળો આવતા રહ્યા. યુદ્ધ વધુ દારુણ બન્યું. પોતાની તક એ મુસલમાન ડૉક્ટરને આપ્યા પછી બીજી તક મેળવતાં વીરસુતને મહિના પર મહિના વીતવા લાગ્યા. વીરસુતે પણ પોતાના હૃદયને તુલસીક્યારે કંચનની જ પ્રાથના રટ્યા કરી કે'હે જગજ્જનની! જેટલું તપાવવું હોય તેટલું તપ અત્યારે સામટું તપાવી લેજો. પણ મારા દેવુના સંસારમાં અમારી વિષવેલડીનું ઊંડે ય મૂળિયું ન રહી જાય એવું કરજો.'

## સંપૂર્ણ